

# લોકમુદ્રા.

2-6-0

B T Desai
16-1-25

BALUBHAI T. DESAI
No. 370
Date 16.1.25
H. C. PLEADER BOMBAY.

# આ ગ્રંથકર્તાનાં પુસ્તકો.

( *સંજ્ઞાવાળાં પુસ્તકો આ ગ્રંથકર્તાએ જાતે લખેલાં નથી. )

| | | | રૂ. આ. |
|---|---|---|---|
| **સરસ્વતીચંદ્ર** | ભાગ ૧ | ( આઠમી આવૃત્તિ. ) | ૨–૮ |
| * ,, | ,, | ( મરાઠી ભાષાંતર. ) | ૧–૧૨ |
| ,, | ભાગ ૨ | ( પાંચમી આવૃત્તિ. ) | ૨–૪ |
| ,, | ,, | ( મરાઠી ભાષાંતર. ) | ૧–૪ |
| ,, | ભાગ ૩ | ( પાંચમી આવૃત્તિ. ) | ૨–૮ |
| ,, | ભાગ ૪ | ( ચોથી આવૃત્તિ. ) | ૫–૮ |
| **સ્નેહમુદ્રા** (કાવ્ય) | | ( ચોથી આવૃત્તિ. ) | ૨–૦ |
| ***સ્નેહમુદ્રાની ટીકા.**—સ્વ. જયંતિલાલ મગનલાલ દેશાઈ બી. એ. કૃત. ( જુદી છપાઈ છે. ) | | | ૧–૦ |
| ***શ્રી ઈશાવાસ્ય** તથા **કેન ઉપનિષદ્**, સટીક (ભાષાંતર કરનાર **સ્વ. શાસ્ત્રી** જીવરામ લલ્લુભાઈ.) | | | ૦–૪ |
| **યુરોપ, એશિયા** વગેરે ખંડોમાંની મહા પ્રજાઓમાં જનસ્વભાવનાં લાક્ષણિક દૃષ્ટાંત. | | | –મળતી નથી. |
| **લીલાવતી** જીવનકલા. | | ( ચોથી આવૃત્તિ. ) | ૧–૮ |
| **દયારામનો** અક્ષરદેહ | | ( કપડાનું પુઠું. ) | ૧–૪ |
| ,, | | ( કાચું પુઠું. ) | ૧–૦ |
| **સાક્ષરજીવન** | | ... ... | ૨–૦ |
| The Classical Poets of Gujarat. | | | 0–6 |
| Conflict of Laws between Converts and Non-converts in India. | | | 1–0 |
| Marriage forms under Ancient Hindu Law | | | 0–12 |
| ***શ્રીયુત ગોવર્ધનરામ**–એમના જીવનની ટુંકી જીવનકથા અને તુલના. (લેખક–પ્રૉ. કાન્તિલાલ છગનલાલ પંડ્યા, એમ. એ.) ( કાચું પુઠું ) ૦–૧૨ | | ( કપડાનું પુઠું ) | ૧–૦ |

**મુંબાઈ—એન. એમ. ત્રિપાઠી ઍન્ડ કંપની.**

પ્રિન્સેસ સ્ટ્રીટ, કાલબાદેવી રોડ પોસ્ટ નં. ૨.

**બ્હારગામ**—અમદાવાદ, સુરત, રાજકોટ, ભાવનગર વગેરે શહેરોના પ્રસિદ્ધ બુકસેલરો.



સ્વ. રા. ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી, બી. એ., એલએલ. બી.

જન્મઃ સંવત્ ૧૯૧૧ વિજયાદશમી.
તા. ૨૦ મી ઑક્ટોબર ૧૮૫૫.

અવસાનઃ સંવત્ ૧૯૬૩ પોષ વદ ૫.
તા. ૭ મી જાન્યુઆરી ૧૯૦૭.

મનોરંજન પ્રેસ, મુંબાઇ.

# સ્નેહમુદ્રા.

અથવા

## હૃદયમાં મુદ્રાંકિત થતા સ્નેહની છાયા-કાવ્ય

અને

## हृदयरुदितशतकम्

( સંસ્કૃત કાવ્ય ).

રચનાર


**સ્વ. સાક્ષરશ્રી ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી,**

બી. એ., એલ્એલ્. બી., વકીલ, મુંબાઈ હાઇકોર્ટ.


**व्यतिषजति पदार्थानान्तरः कोऽपि हेतुः ।**
**न खलु बहिरुपाधीन् प्रीतयः संश्रयन्ते ॥**

( भवभूतिः )


**ચોથી આવૃત્તિ.**



સર્વ અધિકાર સ્વાધીન.



પ્રકાશક,

**રમણીયરામ ગોવર્ધનરામ ત્રિપાઠી.**

**મુંબાઈ.**

**મુખ્ય એજંટ્સ-એન. એમ. ત્રિપાઠી ઍન્ડ કંપની.**

સંવત્ ૧૯૮૦. ] [ ઈ. સ. ૧૯૨૪.

મૂલ્ય રૂપીઆ બે.

| | | | | |
|---|---|---|---|---|
| પ્રથમ આવૃત્તિઃ | સં. ૧૯૪૫; | ઈ. સ. ૧૮૮૯. | પ્રત. ૧૦૦૦. |
| બીજી | ,, | સં. ૧૯૫૬; | ઈ. સ. ૧૯૦૦. | પ્રત. ૧૦૦૦. |
| તૃતીય | ,, | સં. ૧૯૬૫; | ઈ. સ. ૧૯૦૯. | પ્રત. ૧૦૦૦. |
| ચોથી | ,, | સં. ૧૯૮૦; | ઈ. સ. ૧૯૨૪. | પ્રત. ૧૦૦૦. |

Printed by Ramchandra Yesu Shedge, at the Nirnaya-Sagar Press, 23, Kolbhat Lane, Bombay.

and

Published by Ramaniyaram Govardhanram Tripathi, at Morarji Gokuldas Chawls, Girgam, Bombay No 4.

# ચોથી આવૃત્તિની પ્રસ્તાવના.

ઇ. સ. ૧૮૮૯ માં એટલેકે આજથી બરાબર પાંત્રીસ વર્ષ ઉપર આ પુસ્તકની પ્રથમ આવૃત્તિ પ્રસિદ્ધ થઈ હતી. આ લાંબા ગાળામાં ફક્ત ત્રણ આવૃત્તિ ને દરેકની હજાર નકલો એટલે કુલ ત્રણ હજાર નકલો વેચાઈ છે અને આજે એની ચોથી આવૃત્તિ, એના વિદ્વાન્ કર્તાના અવસાન પછી સત્તર વર્ષે પ્રજાની પાસે, રજુ કરાય છે.

આ આવૃત્તિમાં સ્વ. ગોવર્ધનરામે એમનાં પ્રથમ પત્ની સ્વ. સૌ. હરિલક્ષ્મીને અંજલિરૂપ લખેલું સંસ્કૃત શ્લોકોનું કાવ્ય **हृदयरुदित-शतकम्** ઉમેરવામાં આવ્યું છે. સન ૧૮૭૫ ના વર્ષમાં એટલે કર્તાની ૧૯ વર્ષની વયે આ શતક લખાયું છે. આ શ્લોકો શૃંગારથી ભરપૂર છે. કર્તાની અપ્રસિદ્ધ કૃતિઓ ગુજરાતી પ્રજાની પાસે રજુ કરી દેવાની અગત્ય વિચારી એ શતક સ્નેહમુદ્રાની સાથે જ પ્રસિદ્ધ કરવું ઠીક લાગ્યું છે. એ સંબંધમાં પ્રૉ. બળવંતરાય ઠાકોરે શુદ્ધ સહૃદયતાથી અને સંસ્કૃતના અભ્યાસી રા. ભાઈ ગોવિન્દરામે મ્હને આપેલી સાહાય્ય માટે હું એ બન્ને વિદ્વાન મિત્રોનો જાહેર ઉપકાર માનવાની અત્રે અગત્ય વિચારૂં છું.

'સ્નેહમુદ્રા'નું નામ આપતાં પહેલાં કર્તાએ 'વિપ્રલંભમુદ્રા' પસંદ કર્યું હતું. પણ પાછળથી એને ઠેકાણે 'સ્નેહમુદ્રા'નું નામ વિશેષ યોગ્ય લાગવાથી એ પસંદ કરાયું છે. 'સ્નેહમુદ્રા' સૌથી પ્રથમ ૧૮૭૭ માં એટલે લેખકની એકવીસ વર્ષની વયે શરૂ કરવામાં આવી હતી અને ૧૮૮૭ માં સમાપ્ત કરવામાં આવી હતી. આ દસકો કુટુંબની દુર્દશાનો હોઈ લેખકે અનેક વિધ ન્હાના પ્રકારની ચિન્તાઓ અને આપત્તિઓમાં પસાર કરવો પડ્યો હતો.

ગિરગામ, મુંબાઈ,
૧ લી અકટોબર ૧૯૨૪.

રમણીયરામ ત્રિપાઠી.

# નિવાપાંજલિ.[1]

નહી "થયું" "નહીં થયું" થશે, નહીં "દીઠું" "ન દીઠું" થાશે,
જીવતાં મરતાં મોહ[2] ધર્યો તે "નહી ધર્યો" નહીં થાશે. ૧
પડી ગયું પ્રતિબિમ્બ[3] ભુસાયું "નહી પડ્યું" નહીં થાશે,
ખરી ખોટી રતિ[4] ધરી ઉરેઃ—તો લજ્જા[5] તે શા માટે? ૨
જેનું જે તેને તે દેવું,[6] નવાઈ એમાં શાની?
ગયો જીવ જીવતે ઉર રહી લેઃ—વાત એવી પળ માની.[7] ૩
કંઈક ભુલાયું, કંઈક રહ્યું, રહી ગયું ચમત્કૃતિ ધારે;[8]
વર્તમાનમાં ભૂતકાળના ભણકારા નહીં ભાગે. ૪
થયું, દીઠું, ધર્યું, ભુલાયું, ભણકારા શુણી ચમકાયુંઃ[9]
કાળક્રમે ધપતું આ નાટક[10] માયાએ ભજવાવ્યું! ૫

---

૧. શ્રદ્ધાથી થાય તે શ્રાદ્ધ. મરી ગયા દેખાતા, પણ શ્રદ્ધાથી જીવતા લાગતા, અમર જીવના તર્પણસારુ એટલે એ જીવની તૃપ્તિસારુ શ્રાદ્ધરૂપે ઉદક-અંજલિ અપાય તે નિવાપાંજલિ. સ્નેહ અથવા સંબંધ હોય ત્યારે જ આ શ્રદ્ધા અને શ્રાદ્ધનો સંભવ છે. ઇંગ્રેજીમાં "Inscribed to the memory of" એ આકારના ગ્રન્થાર્પણનું આ નિવાપાંજલિ રૂપાન્તર છે. નિવાપ એટલે તર્પણસાર આપેલું પાણી.

૨. ભોગ, શોક, ઇત્યાદિરૂપે જ્ઞાનનું આવરણ તે મોહ, સ્મૃતજન જીવતાં મરતાં થયેલો.

૩. સંબદ્ધ જીવ, સંસાર ઇત્યાદિના ભાનરૂપે સ્ફુરવા પામેલું.

૪. એક હૃદયની બીજા હૃદય સાથે રમવા રૂપી ગાંઠ; સ્નેહ, રતિ એ શબ્દનું મૂળ 'રમ' ધાતુ છે.

૫. મનુષ્યવ્યવહાર વસ્ત્રોથી ઢંકાઈ ચાલેછે; અને હૃદય પોતાની ગુપ્ત ઉઘડતાં સ્વાભાવિક રીતે લજ્જા પામેછે. એવી ગુપ્ત ઉઘાડવાનો અત્રે પ્રસંગ છે. (જુવો શ્લોક ૯.)

૬. સંબદ્ધ અવસ્થામાં મળેલા તર્પણને સાટે સંબંધ છુટતાં અપાતું પ્રતિતર્પણ તે જ નિવાપાંજલિ; તે જ એક ઋણથી મુક્ત કરેછે. તેમ જ સંબદ્ધ જનથી રોપાયલા સ્નેહાદિ સંસ્કારનું બીજ, પદાર્થોથી પોષણ પામી, અન્યતરુ રૂપે વિકાસ પામી, પરોક્ષ થયેલા રોપનારનું પુષ્પફળવડે તર્પણ કરે તેથી ઝાડ ઉછેરનાર મૂળ રોપનારના ઋણમાંથી મુક્ત થાય છે.

૭. શ્રદ્ધાને લીધે "પળવાર વિરહમોહમાં શ્રદ્ધા થઈ કેઃ પ્રેત જીવ જીવતા હૃદયમાં વસી આપેલું સ્વીકારે છે–માટે તેને તેનું લ્હેણું આપવું."

૮. કાળક્રમે કેટલુંક ભુલાતા છતાં હૃદયમાં રહી ગયેલું (સ્મરણ-આદિ સંસ્કારશેષ) ચમત્કૃતિને ધારે=ધારણ કરે, એટલે ચમત્કારનો ઉપભોગ કરેછે.

૯–૧૦. પ્રથમની લીટીયોમાં દર્શાવેલી ક્રિયાઓનો ઉપસંહાર ગુંથી આ લીટીમ મુકેલો છે; તે સર્વ ક્રિયાઓ મળી થયેલું તે એક નાટક.

ભર્યો મોહરસ અંકે અંકે, વિવર્ત[11] ભિન્ન દશાના;
ભુલી નાટકતા નાટકની, ઉર[12] ગ્રહે મોહ માયાના. ૬
એક મોહ-મણિ સ્વરૂપ જુજવાં ડાંક[13] પ્રમાણે ધારે,
મણિ-કોયલાતણો અભેદ[14] ન જોતી આંખ[15] સ્વીકારે. ૭
આંખ હઠીલી, ઉર હઠીલું, ખસી ન ખોટી માયા;
કંઇકિ જાગતા સંસ્કારો પણ સ્વપ્નખાંડથી પાયા.[16] ૮

---

११ एको रसः करुण एव निमित्तभेदात्
भिन्नः पृथक्पृथगिवाश्रयते विवर्तान्
आवर्तबुद्बुदतरंगमयान् विकारान्
अंभो यथा सलिलमेव तु तत्समग्रम् ॥

એ ઉપરથી સૂચિત. નાટકમાં મોહરસ એક અને દશા જુદી જુદી. વિવર્ત એટલે ભેદ.

૧૨. માયા-કવિના રચેલા નાટકમાં 'ઉર' એ એક વેશધારી તે માયાના "મોહરસ"-માં નાટક ભજવતાં તન્મય થાય છે અને નાટકતા ભુલી જાય છે.

૧૩. મણિની નીચે મુકેલી ડાંકના રંગ જેવો મણિનો રંગ લાગેછે. ડાંક, **Foil.** મોહ અને મણિનું સાદૃશ્ય એ કે ઉભય તેના દેખાતા તેજસ્વીપણાનેલીધે પ્રિય અને મૂલ્યવાન લાગેછે. 'ડાંક'નું ઉપમેય દશા છે. દશા પ્રમાણે મોહનું સ્વરૂપ બદલાય છે. સંયોગ-દશામાં ઉપભોગ, વિયોગમાં શોક, પારકીય મૃત્યુ સમે સંબંધ પ્રમાણે મન ઉપર યમની છાયા, કાળ જતાં સ્મરણને ન છોડતું વિસ્મરણ-ઇત્યાદિ મોહના પ્રકાર છે, મોહસમે મોહ પ્રિય લાગેછે; જેમકે:—

O sorrow, cruel fellowship,
O Priestess in the vaults of Death!
O *sweet* and bitter in a breath!

એમાં 'શોક'ને 'મધુર' ગણ્યો છે.

૧૪. મણિ અને કોયલાનું સત્વ એક જ "કાર્બોન" છે. કોયલાનું ઉપમેય—મોહની નિઃસત્વતા.

૧૫. જોતી આંખઃ-ચર્મચક્ષુ પોતાના અનુભવને સાચો માને છે અને મણિને કોયલો માનવા-મોહને નિઃસત્વ માનવા-ના પાડેછે. જેમ કે કૃષ્ણનું સર્વવ્યાપી પરમાત્મસ્વરૂપ જાણી તેનો વિરહ નથી એવી ઉદ્ધવે આપેલી બુદ્ધિ ન સ્વીકારવાનું કારણ યશોદા આપેછે કેઃ—

"અમો અજ્ઞાનીનાં મન છે કાળો કામળો રે!
"તેને ચ્હડે ન બીજો રંગ કે પ્હેલી શ્યામતાને.
"ગુણહીન ગોવાળીયા લોક જ્ઞાન નથી પામતારે."—ભ્રમરપચીશી.
પ્રેમાનંદકૃત.

૧૬. તે સ્વપ્નસમયે કેટલાક 'જાગતા સંસ્કારો' પણ હતા. તે 'કંઇકિ' હતા એટલે તે અનિર્વચનીય અર્થાત્ કહી ન શકાય એવા હતા. પરંતુ તે સમયે તે સંસ્કારો પણ 'સ્વપ્ન-ખાંડથી પાયા હતા' એટલે તેનો બાહ્ય સ્વાદભોગ સ્વપ્ન જેવો જ લાગતો હતો.

સ્વપ્ન સ્વપ્ન સમજાતાં[૧૭] જાગૃત તેય સ્વપ્નમય લાગે;[૧૮]
સ્વપ્નવાત ગ્રથતાં[૧૯] ભૂત–દેહલી ભણી[૨૦] ઉર દૃગ[૨૧] નાખે. ૯
ઉભેલી માયા[૨૨] ખસી ગઈ, ઉર–આંખે હઠને છોડી,
નિવાપ–બિન્દુ પડે હોય ઘડી લજ્જા–ભય તરછોડી. ૧૦

---

૧૭. મોહ–સ્વપ્ન કાળવશાત્ ખસી જતાં સમજાયું કે અનુભવેલાં સ્વપ્ન તે સ્વપ્ન તેજ હતાં. જાગૃત અવસ્થાએ સ્વપ્નાવસ્થાની અસત્યતાનું ભાન આપ્યું.

૧૮. 'સ્વપ્ન સ્વપ્ન સમજાતાં' એટલે ભૂત–અનુભવ સ્વપ્ન જેવા લાગતાં તે જ જ્ઞાનબળે એવી બુદ્ધિ આપી કે એ જ ન્યાયથી જાગૃત લાગતુ વર્તમાન પણ સ્વપ્ન જ છે.

૧૯. ગુંથતાં, ગ્રન્થરૂપે રચતાં.

૨૦. ભૂતકાળરૂપ મન્દિરના દ્વારનો ઉમ્મર; દેહલી=ઉમરો, ઉમ્મર.

૨૧. દૃગ=દૃશ=દૃષ્ટિ, નજર. ભૂતદેહલીની માંહલી પાસ હૃદય નજર નાખેછે.

૨૨. જે કારણથી મોહ–સ્વપ્ન ખસ્યું તે જ કારણથી અર્થાત કાળવશાત્ માયા ખસી ગઈ. એ માયા કઈ? ખસતાં સુધી દૃષ્ટિ આગળ ઉભેલી હતી તે.

# અનુક્રમણિકા.

(સન ૧૯૦૧ ની સાલમાં સ્કૂલફાઈનલ પરીક્ષા માટે નીમેલા કાંડ–cantoes–ની સંખ્યા આ અનુક્રમણિકામાં મ્હોટે અક્ષરે છાપેલી છે.)


| કાણ્ડ. | | પૃષ્ઠ. |
|---|---|---|
| ૧ | પ્રસ્તાવના. ... ... ... ... ... | ૧ |
| ૨ | રુરુદિષા. રોતારાગની મૂર્છના. ... ... ... | ૨ |
| ૩ | અરણ્યરુદિત, જડમાં ચેતન. ... ... ... | ૫ |
| ૪ | ઉત્સવ, પ્રમોદ, નિઃશંક અને નગ્ન હૃદય. ... ... | ૬ |
| ૫ | લક્ષ્મી, રતિ, સાત્વિક આનંદ, અને તન્મયવિશ્વ. ... | ૯ |
| ૬ | પ્રફુલ હૃદય, સમાધિ, જીવત્સાયુજ્ય. ... ... | ૧૬ |
| ૭ | નિશામાં દીપ. ... ... ... ... ... | ૧૮ |
| ૮ | સ્વાગત, વિરહાન્ત. ... ... ... ... | ૨૦ |
| ૯ | ઉભરા, રસવમન. ... ... ... ... | ૨૧ |
| ૧૦ | રસપાન, ઘૂર્ણન. ... ... ... ... | ૨૩ |
| ૧૧ | સંગત સંસાર. ... ... ... ... ... | ૨૫ |
| ૧૨ | ઉત્સાહ. ... ... ... ... ... | ૨૬ |
| ૧૩ | અનુકમ્પ. ... ... ... ... ... | ૨૭ |
| ૧૪ | સતી. ... ... ... ... ... ... | ૩૦ |
| ૧૫ | સ્નેહનિદાન. ... ... ... ... ... | ૩૧ |
| ૧૬ | વત્સલતા. ... ... ... ... ... | ૩૩ |
| ૧૭ | હીન્દી સ્નેહ. ... ... ... ... ... | ૩૫ |
| ૧૮ | સ્નેહમાં વટ અને પુનરુદ્ધાહ. ... ... ... | ૩૭ |
| ૧૯ | પક્ષપાત. ... ... ... ... ... | ૪૦ |

| કાણ્ડ. | | પૃષ્ઠ. |
|---|---|---|
| ૨૦ | મર્મદ્વાર. | ૪૨ |
| ૨૧ | હૃદયભૂત, ઇન્દ્રજાલ. | ૪૪ |
| ૨૨ | હૃદયગન્ધ. | ૪૬ |
| ૨૩ | પ્રમાદ, મદનગન્ધ. | ૪૭ |
| ૨૪ | સંસ્કારવિરોધ. | ૪૮ |
| ૨૫ | પ્રગલ્ભ મદન. | ૪૮ |
| ૨૬ | નિશાચર મદન. | ૫૦ |
| ૨૭ | સ્હેલ કરવા નીકળી પડેલ વંઠેલાઓ તથા ગણિકાઓ. | ૫૦ |
| ૨૮ | ઉપાધિહીન પ્રિયસ્વરૂપનું દર્શન. | ૫૩ |
| ૨૯ | રસસંક્રાન્તિ. | ૫૫ |
| ૩૦ | સંક્રાંતરસ. | ૫૬ |
| ૩૧ | રસપાન અને મોહ. | ૫૭ |
| ૩૨ | અભિસારિકા. | ૬૨ |
| ૩૩ | પક્ષપાત. | ૬૬ |
| ૩૪ | મદન; નિર્વેદ. | ૬૭ |
| ૩૫ | દીનતા; મદન સંબંધ. | ૬૮ |
| ૩૬ | વિપન્ન સંસાર. | ૭૦ |
| ૩૭ | રતિસુરત. | ૭૧ |
| ૩૮ | હૃદયદંશ. | ૭૨ |
| ૩૯ | ચિત્તભ્રમ. | ૭૩ |
| ૪૦ | સ્વરપ્રભાવ. | ૭૪ |
| ૪૧ | ચક્ષુપ્રભાવ, તારામૈત્રક, નિર્લજ્જતા. | ૭૫ |
| ૪૨ | નવીન વિયોગ. | ૭૭ |
| ૪૩ | ઘુવડ. | ૭૭ |
| ૪૪ | ઉત્સવપ્રાયન. | ૭૯ |
| ૪૫ | અનુશય. | ૮૧ |
| ૪૬ | નદી. | ૮૨ |
| ૪૭ | શોકસ્વીકાર. | ૮૪ |
| ૪૮ | પ્રતિધ્વનિ. | ૮૬ |
| ૪૯ | પ્રતિબિમ્બદર્શન. | ૮૭ |
| ૫૦ | સ્વપ્નમાધુર્ય. | ૮૭ |
| ૫૧ | અન્યોક્તિ; સ્વપ્નભોગ. | ૮૯ |

| કાણ્ડ. | | પૃષ્ઠ. |
|---|---|---|
| ૫૨ | ઝાકળ. ... ... ... ... ... | ૯૧ |
| ૫૩ | વૃષ્ટિ. ... ... ... ... ... ... | ૯૨ |
| ૫૪ | સ્નેહસંસારનું દર્શન. ... ... ... ... | ૯૪ |
| ૫૫ | પ્રભાકીટ. ... ... ... ... ... | ૯૬ |
| ૫૬ | વીજળી. ... ... ... ... ... | ૯૭ |
| ૫૭ | ગર્જના. ... ... ... ... ... | ૯૯ |
| ૫૮ | નિરાશ વિરહ. ... ... ... ... ... | ૧૦૧ |
| ૫૯ | આકાશગંગા. ... ... ... ... ... | ૧૦૨ |
| ૬૦ | હૃદયપ્રલય. ... ... ... ... ... | ૧૦૩ |
| ૬૧ | આકાશ. ... ... ... ... ... | ૧૦૩ |
| ૬૨ | રાત્રિના અંધકારમાં રસ્તાવચ્ચે એકલો ઉભેલો શ્વાન. ... | ૧૦૮ |
| ૬૩ | પરિચિત–વિપર્યય. ... ... ... ... | ૧૦૯ |
| ૬૪ | અન્ધતિમિર. ... ... ... ... ... | ૧૧૦ |
| ૬૫ | શીયાળ. ... ... ... ... ... | ૧૧૩ |
| ૬૬ | હૃદયોદ્દીપન. ... ... ... ... ... | ૧૧૩ |
| ૬૭ | અરણ્યોદર. ... ... ... ... ... | ૧૧૪ |
| ૬૮ | શોકતિમિર. ... ... ... ... ... | ૧૧૫ |
| ૬૯ | શ્મશાનરુદિત. ... ... ... ... ... | ૧૧૬ |
| ૭૦ | મધ્યરાત્રિયે ઝુમખાં મચી રહેલા તારા. ... ... | ૧૧૮ |
| ૭૧ | આંસુનો પડદો. ... ... ... ... ... | ૧૧૯ |
| ૭૨ | નિદ્રા. ... ... ... ... ... ... | ૧૧૯ |
| ૭૩ | દુર્લભ પ્રાર્થના. ... ... ... ... ... | ૧૨૧ |
| ૭૪ | શોકની સુન્દરતા. ... ... ... ... | ૧૨૧ |
| ૭૫ | આકાશોદર. ... ... ... ... ... | ૧૨૩ |
| ૭૬ | સિંહ.... ... ... ... ... ... | ૧૨૩ |
| ૭૭ | સિંહધ્વનિનો પ્રતિધ્વની. ... ... ... ... | ૧૨૪ |
| ૭૮ | પુરુષાર્થસાધન સમયે સહચરણ. ... ... ... | ૧૨૫ |
| ૭૯ | આશાભંગ. ... ... ... ... ... | ૧૨૬ |
| ૮૦ | આકાશમાં ચ્હડી આવતા માળામેઘ. ... ... | ૧૨૭ |
| ૮૧ | પ્રાણનાશ. ... ... ... ... ... | ૧૨૯ |
| ૮૨ | શરીરયન્ત્ર. ... ... ... ... ... | ૧૨૯ |
| ૮૩ | સંસારવિરસતા. ... ... ... ... ... | ૧૩૩ |

| કાણ્ડ. | | પૃષ્ઠ. |
|---|---|---|
| ૮૪ | તમરું. ... ... ... ... ... ... | ૧૩૩ |
| ૮૫ | દૂરક્ષિતિજમાં સમુદ્રગર્જન. ... ... ... | ૧૩૬ |
| ૮૬ | ધર્મિત્વબંધનથી મોક્ષ. ... ... ... ... | ૧૩૮ |
| ૮૭ | વનસમૃદ્ધિ. ... ... ... ... ... | ૧૩૯ |
| ૮૮ | પર્વત. ... ... ... ... ... | ૧૪૨ |
| ૮૯ | વૈરાગ્ય. ... ... ... ... ... | ૧૪૪ |
| ૯૦ | થોડેક છેટે બળતી ચિતા. ... ... ... | ૧૪૫ |
| ૯૧ | જડગ્રન્થિનો છેદ. ... ... ... ... | ૧૪૬ |
| ૯૨ | આકાશમાં અદ્ધર લટકતી પ્રકાશમાન અને પોતપોતાની જુદી જુદી સુન્દરતાથી લલચાવતી અનેક હાવભાવ કરતી અનેક અપ્સરાઓનાં હૃદયભૂત પાસે ધસી આવતાં સુખ. ... ... ... ... | ૧૪૮ |
| ૯૩ | “એક અને અમર અનન્ય.” ... ... ... | ૧૪૯ |
| ૯૪ | પાસેના જંગલમાં ગર્જતો વાઘ. ... ... ... | ૧૫૦ |
| ૯૫ | અતીન્દ્રિયસાથે ઐક્ય. ... ... ... ... | ૧૫૨ |
| ૯૬ | પ્રભાતશુક્ર. ... ... ... ... ... | ૧૫૩ |
| ૯૭ | કુક્કુટ. ( કુકડો ). ... ... ... ... | ૧૫૫ |
| ૯૮ | ઉદાસીનતા. ... ... ... ... ... | ૧૫૭ |
| ૯૯ | નિશાન્તે એક પછી એક અદૃશ્ય થતા તારાઓનું વન.... | ૧૫૮ |
| ૧૦૦ | પ્રભાતમાં થતો લય. ... ... ... ... | ૧૫૯ |
| ૧૦૧ | પ્રિયસંસારની અવસાનસમયે વાસના. ... ... | ૧૬૦ |
| ૧૦૨ | પવનલહરી. ... ... ... ... ... | ૧૬૧ |
| ૧૦૩ | વિશ્વની સુપ્રત. ... ... ... ... ... | ૧૬૩ |
| ૧૦૪ | પ્રિયવાસનાપ્રતર્પણઃ ઉદ્ધાર. ... ... ... | ૧૬૫ |
| ૧૦૫ | સ્નેહ—સાયુજ્યનું સંસારદૃષ્ટિમાં પ્રતિબિમ્બ. ... ... | ૧૬૭ |
| ૧૦૬ | હૃદયપ્રત્યાઘાત; ઇન્દ્રજાલશાન્તિ. ... ... ... | ૧૬૮ |
| ૧૦૭ | આકાશવાણી; સાયુજ્યદૂત. ... ... ... | ૧૬૯ |
| ૧૦૮ | ઉષા. ... ... ... ... ... ... | ૧૭૦ |
| ૧૦૯ | સાયુજ્ય, અરુણોદય. ... ... ... ... | ૧૭૨ |
| ૧૧૦ | ચક્રવાકી. ... ... ... ... ... | ૧૭૪ |
| ૧૧૧ | **हृदयरुदितशतकम्** ... ... ... ... | ૧૭૭ |

But oh ! how grateful to a wounded heart
The tale of misery to impart—
From others' eyes bid artless sorrows flow
And raise esteem upon the base of woe !

—*Shaw.*

And I too dreamed, until at last
  Across my fancy, brooding warm,
The reflex of a legend past,
  And loosely settled into form,

—*Tennyson's Day-Dream.*

So word by word, and line by line,
  The dead man touch'd me from the past,
  And all at once it seemed at last
The living soul was flashed on mine,
And mine in this was wound, and whirl'd
  About empyreal heights of thought
  And came on that which is, and caught
The deep pulsations of the world.

—*Tennyson's In Memoriam.*

My love has talked with rocks and trees ;
  He finds on misty mountain-ground
  His own vast shadow glory-crown'd ;
He sees himself in all he sees.

—*Ibid.*

# સ્નેહમુદ્રા.

# સ્નેહમુદ્રા.

## ૧. પ્રસ્તાવના.

તજી કોષ[1] દ્વિજ[2] અવનિમાં ધરે નવો અવતાર,
ખાતાં ઉડતાં શીખીને તજે જનકનો સાથ. ૧

એકલડું આશા[3]વીંશે ઉડે કરી કરી જોર,
ઉંચે જુવે તો આભ[4]માં ચળકે રમ્ય અપોર. ૨

જેમ જેમ ઉંચે ઉડે ત્યમ મન મ્હોટું થાય,
આશાના સાગરવીંશે તરંગનો નહીં પાર. ૩

ઉત્સાહી[5] બહુ આગ્રહે પડી ઉડે બહુ વાર,
રુવે, હસે, ને વળી રુવે, પણ પુરી આશ ન થાય. ૪

સાગરમાં તરતાં પથિક[6] કંઈક એકઠા થાય,
વાત કરે સુખદુઃખની, ઉર ઉરમાં લપટાય. ૫

એક દિશામાં જાય જે, તેના દૃઢ સંયોગ;
એક બને પક્ષી હૃદય, ને રમે રતિ[7] બહુ ભોગ. ૬

જડ જાળે લપટાઈ ગયાં ચેતન અણુનાં વૃન્દ[8]
ઘોર નિશામાં એકલાં પડ્યાં કરે આક્રન્દ. ૭

અંધારે સ્વર સાંભળી પુછે, "કોણ તું? ભાઈ?
"મુજપેઠે તું પણ રખે રહ્યો હોય રીબાઈ!" ૮

સમ-સ્થિતિ તેની શુણી પરિચય કરે અધિક,
શૂન્ય હૃદયમાં આખરે પ્રકટે સ્નેહપ્રદીપ. ૯

તે દીપથી જડ રાત્રિમાં અપૂર્વ થાય પ્રકાશ,
અન્યોન્યાશ્રયથી તરે સ્નેહી જનો સંસાર. ૧૦

---

૧. ઈંડું, ગર્ભનું પોષણસ્થાન. ૨. બે વાર જન્મ પામનાર, પક્ષી, પુનઃ સંસ્કારવડે પ્રથમ ગર્ભાવસ્થા તજી નવી અવસ્થા લેનાર. ૩. આશા, દિશા. ૪. ક્ષિતિજ, આકાશ. ૫. ઉંચે જવાની બાથ ભીડનાર, Aspiring. ૬. મુસાફર. ૭. સ્નેહ. ૮. ટોળાં.

સુખદુઃખે સમભાગી તે એક જીવ થઈ જાય,
વિધિયે નિર્મી ભિન્ન તે ભિન્ન એકલી કાય. ૧૧
સમધર્મી સમરસ થયાં ભેદ ન દેખે ક્યાંય,
ડુબા, લપટાઈ, લદબદ થયાં ચેતન રતિરસમાંહ્ય. ૧૨
એ સંયોગ થકી અને ચેતનચિત્ર અપૂર્વ,
રતિરવિ હૃદયઑલોરને કરે રંગભરપૂર. ૧૩
સૃષ્ટિ રમ્ય તેનાથકી અવનવી પેદા થાય,
પણ તેમાં રમનાર વણ અન્યથી ના દેખાય. ૧૪
હૃદયવીણાથી નીકળે રોતા હસતા રાગ,
સ્નેહી આંગળીથકી જ જ્યાં કંપે એના તાર. ૧૫
રોતા રાગ તણે બળે ત્રુટતાં કંઈ કંઈ તાર,
મધુરા કંઈ સ્વર નીકળે તેનો કરું અનુકાર. ૧૬

---

## ૨. રુરુદિષા.[1] રોતા રાગની મૂર્છના.[2]

(કલાપક ૧-૩.[3])—"દીસે આ શું સર્વે? તિમિર બધું આખા ભુવનમાં!
"ઉરે ભાર્યો અગ્નિ ભડભડ બળે! હાય! શું જ એ?
"નહી લાગે કાંઈ રમણીય, વળ્યો શોધી સઘળું,
"દીસે ખાવા ધાતું નયનવિષયે જે જગ વસે. ૧
"અંગે અંગે વિષમ પ્રકટ્યો શાથી આ દાહ ભારે?
"ભ્રાન્તિ પામી નયન ક્યમ આ જાય મીંચાઈ આજે?
"કમ્પું શાથી અવશ થઈને? શું થયું આ જ હોશે?
"શાથી આવા હૃદય નિશદી ઉષ્ણ નિઃશ્વાસ નાંખે?" ૨
ઘણુંક જલ્પતો[4] એવી રીત કો,
વનવીશે ભમે પાન્થ[5] એકલો;

---

૧. 'રોવાની ઇચ્છા' કાવ્યના વાર્તારૂપનો આ સ્થાનથી આરંભ થાય છે. ૨. ગાનને આરંભે પ્લુત "'આ'......' જેવો ઉચ્ચાર ગવાય છે તે મૂર્છના. ૩. જે શ્લોકસમૂહમાં એક જ વાક્યનો સમાસ હોય તે 'કલાપક.' જે જે શ્લોકમાં કલાપકનો સમાસ હોય તેની સંખ્યા 'કલાપક' એ શબ્દની જોડે મુકી છે. ૪. શકતો, લવતો. ૫. પ્રવાસી, મુસાફર.

હૃદયશૂન્ય તે કાંઈ ના જુવે,
નયન મ્હાવરું અન્ધ થઈ ફરે. ૩

ઉદક ત્યાંથી ના વહી વહી ખળે,
કર શ્રમે રુવે લોહી લોહી તે;
લથડતો ઘણું આથડી પડે,
ચરણ ચાળણી કંટકે કર્યાં. ૪

ઉર-તુફાનમાં ઊર્મિ ઉછળે,
ચ્હડી જ તેતણે શિર, એ પડે;
વણસુકાની ને નૌપતિવિના,
ભરતુફાનમાં નાવતુલ્ય એ. ૫

ઘડીક નીચું ને ઘડી ઉંચું જુવે,
ઉછળીને ફરી હસ્ત બે પડે;
પવનનૃત્યમાં વૃષ્ટિના સમા
શરીરમાં નહી ચ્હેન કો સ્થળે. ૬

દીઠો કોઈ ગિરિપતિ, સમય એ, માર્ગે ઉભો એકલો;
તેને પૂજ્યપદે મહાનદી દોડી વ્હેતી ઘણા જોરથી;
ખોળ્યું મૂળ નદીતણું, ગિરિતણી ટોચે મળ્યું તેય, ત્યાં
ધાર્યું નેત્ર ઉંચે હશે જ નગનું,[1] ત્યાંથી વહે વારિ આ." ૭

મન વિચારતો, "દુઃખ શું હશે
ગિરિપતિસમા રત્નનાથને?"
વળી વીમાસતો ચિત્ત-"એહને
"નહીં પ્રિયા દીસે, દુઃખી તેથી એ."

શક વળી ધરે-"મિત્રહીન એ,
"સ્વજન ના દીસે પાસ એનો કો,
"શરણહીન એ તેથી એકલો
"મુજપઠે રખે ગિરિપતિ રુવે!"

---

૧. પર્વતનું.

બકી આવું ઝાઝું, ગિરિશિખરકેરી ઉપર એ
ચ્હડ્યો ધીમેધીમે ડસડસી રહેલા હૃદયથી;
ન દેખે નેત્રો, ને બધિર શ્રવણો બે થઈ ગયાં,
ઉભો આવી જ્યાં રૂહે જલદપૃતના[1] છાવણી કરી. ૧૦

વળી બેઠો ત્યાં તે ગુરુ મુકી જ નિઃશ્વાસ મુખથી;
મુક્યો માથે ડાબો કર, વળી ભીડ્યો વક્ષશું બીજો;
મીંચાઈ નેત્રો બે ઘડીક, પછી પાછાં ઉઘડીયાં,
જુવે ઠાલે વ્યોમે–"સુખ કંઈ વસે કે દુઃખ જ સઉ?" ૧૧

વળી બોલેઃ "મ્હારા પ્રિય મન! શું છે દુઃખ તુજને?
"તુંને શાની ઇચ્છા? સમ મુજ તુને છે, કહી જ દે;
"સઉ સૃષ્ટિમાં તું પ્રિયતમ મને સાર સઉમાં;
"કહે સાચું, કોણે દુભવીયું? મુકી દે શરમ તું. ૧૨

"સઉ સૃષ્ટિમાં તું ગુરુતમ! શું છે મ્હોટું તુજથી?
"નહી ત્હારા જેવું બળ ભુવનમાં ક્યાંય નીરખું,
"પ્રતાપી તું જેવો નહીં–નહીં–દીસે ભાવ[2] નયને,
"નિધિ રત્નોના વા સુખ સઉતણા તુજ જ વીશે! ૧૩

"અહો ત્યારે ત્હારે ન્યૂન શું જ? શું છે દૂર તુજથી?
"ધરે તું જ્યોતિ ત્યાં જગત સઉ ઝાંખું થઈ જતું!
"કહે, આવે ઓછું અતિશય તુંને તો ક્યમ જ આ?
"મને યે એકાંતે કહીશ નહીં તો તું કહીશ ક્યાં? ૧૪

"થતાં અંગે વ્યાધિ જન જઈ નમે વૈદ્યચરણે;
"નહી એવું ત્હારે, શરણ તું જ પોતાતણું દીસે;
"તું જો ત્હારી નાડી, નીરખી પછી આધિ, કર કંઈ
"ઉપાયો, ત્હારામાં શું નથી સઘળો ઔષધિનિધિ?" ૧૫

---

૧. જલદ એટલે વાદળાં તેની પૃતના એટલે સેના. ૨. પદાર્થ.

## ૩. અરણ્યરુદિત, જડમાં ચેતન.

[1]એવું એવું બકીને ઘણું મુકી એણે તો દોટ,
શોકમાં મન ડુબતાં પડે વિવેકની ખોટ. —એવું૦ ૧

દોડ્યો દોડાયું તેમ એ, મન ઉંઘી ગયું'તું,
અશરણ અન્ધને રક્ષવા નહી કોઈ રહ્યું'તું. —એવું૦ ૨

કેળ હતી એક પાસ ત્યાં તેને જઈને એ આઝ્યો,
મડાગાંઠ સમી જ પડી દીસે; ભવ[2] કઠિન જ ઝાઝો. —એવું૦ ૩

એકલડું વનમધ્ય એ ચેતન તો રોંબાતું,
દેખી નહી જડ ભવતણું કાળજડું કપાયું! —એવું૦ ૪

હૈયે કોયે પારકાતણા દુઃખથી થાય હાય?
સઉ સઉનું જગમાં રુવે, પણ બ્હેરા જ કાન. —એવું૦ ૫

પારકે દુઃખે વળે ઘણી દાનવને તો હાશ!
બીજા કંઈ તો ન દેખતા, દેખી મીંચે વા આંખ. —એવું૦ ૬

પારકા દુઃખને જાણતી એકલી રતિ રાણી,
પરદુઃખ પોતાનું ગણી આંખે આણતી પાણી. —એવું૦ ૭

ચેતનને જડપર રતિ. રતિ જડને ન હોય,
એક પાંખે ઉડતી રતિ પડે પાછી જ ભોંય. —એવું૦ ૮

ચેતન-પથિકતણી રતિ ઉછળી એવું જોઈ,
હૃદય તજ્યું મુખદ્વારથી પોકનું રૂપ લેઈ. —એવું૦ ૯

ઉચ્ચસ્વરે ઠુઠવો મુક્યો, જડ-હૃદય ચોરાયું,
દીપ પ્રકટીયો ત્યાં સ્નેહનો, તેજ જળહળ જાગ્યું. —એવું૦ ૧૦

ચેતનસમ જડ ભવ બની અનુકંપવા લાગ્યો,
પરદુઃખ જોઈ એના અંગમાં રતિરસ મ્હસ જાગ્યો. —એવું૦ ૧૧

શીતપવન મન્દ નીકળી ચુમ્બે પથિકનું અંગ,
પેંશી પેંશી રોમકૂપમાં કરે હૃદયનો સંગ. —એવું૦ ૧૨

ઝરમર ઝરમર મેહુલો અભિષેક[3] કરાવે,
શેલે ટપકતાં બિન્દુનો સ્વર કર્ણ ઉઘાડે. —એવું૦ ૧૩

---

૧. સુખદુઃખ મનમાં ન આણીયે—એ રાગ. ૨. જગત; Nature. ૩. સ્નાન.

પુષ્પોતણો જ પરાગ, ને ગન્ધ ગન્ધવતી[1]નો,
પેઠો જઈ નાસિકાવીંશે—જયકેતુ[2] રતિનો. —એવું૦ ૧૪

શીતળ ને મૃદુ કેળનો સ્પર્શ પેઠો ત્વચામાં,
પ્રસરી શીતળતા પથિકને અંગે અંગે બધામાં. —એવું૦ ૧૫

તાપ શમ્યો જ હૃદયતણો એથા એક ઘડીમાં,
દુઃખતિમિર નાશ પામ્યું, સુખ ઉગ્યું ભૂમિમાં. —એવું૦ ૧૬

રતિદીપ જોવા જડતણો ચિત્ત ઉંચું ઉડીયું,
એના બળથી કમાડ ફડાક જ લોચનનું ઉઘડીયું. —એવું૦ ૧૭

સ્નેહશિખા આખી સૃષ્ટિમાં સ્પર્શી સર્વ ઇન્દ્રિયે,
પોતે પણ પછી ગ્રહી જ્યોત પોતાના ચિત્તે. —એવું૦ ૧૮

---

## ૪. ઉત્સવ, પ્રમોદ, નિઃશંક અને નગ્ન હૃદય.

[3]ઝળળળ વિશ્વ[1] જ્યોત જ પ્રકટી જોઈ જોઈ ચેતન રાચે રે !
રતિ પણ હૃદયે પાછી આવી થેઈ થેઈ છન્દે નાચે !
ચેતન રાચે રે ! ૧

કુંકુમથાપા હૃદયદ્વારપર દઈ ઝટ માંહિ ચાલી રે;
'ઉત્સવ! ઉત્સવ!' સર્વ શરીરે; રમ્ય રચી જ દીવાળી. —ચે૦ ૨

નયનયુગલમાં જઈને ઉભું તેજ અપૂર્વ પ્રકાશી રે;
પલક પલક મલકાતે મુખડે દિવ્ય રમા[4] કંઈ રાજી. —ચે૦ ૩

ગલ્લસ્થળને ખંજન કંઈ કંઈ રંગવિલાસ રમાડે રે;
ભવ્ય લલાટે અવનવું કાંક જ, નામ ન સ્મરણે આવે. —ચે૦ ૪

હૃદય ફુલ્યું ને ફુલે તેથી ધડક ધડક ઉર થાયે રે;
તોય નહી ત્યાં વધતો વધતો આનંદાબ્ધિ સમાયે. —ચે૦ ૫

બાકી રહ્યું હજી કાંઈ હોય તો ચરણ અને કર નાચે રે;
રોમ રોમ આનંદરાજનાં દુન્દુભિ મનહર વાજે. —ચે૦ ૬

---

૧. પૃથ્વી. ૨. જયધ્વજ (ગંધરૂપ).

૩. ધીરસમીરે યમુનાતીરે વસતિ વને વનમાલીરે એ ઢાળ છે.

૪. લક્ષ્મી.

ચૈતનપથિકની હૃદયવાટિકાવીંશે વસંત જ ફાલ્યો રે;
સકળ અંગ ચૈતનમય કરીને સ્નેહ વિલાસી મ્હાલ્યો. —ચૈ૦ ૭

પથિક ઓચારો કંઈ નવ સમજે, વિસ્મિત બની વિમાસે રેઃ
"શોક અકારણ શો જ હતો? શો હર્ષ અકારણ આ છે?" —ચૈ૦ ૮

ઘણુંક વિચારી વિચારી નાઠો, જઈ બેઠો ગિરિતીરે રે;
ચાર દિશા, નભ, ભૂ, ને હૃદયે આનન્દલહરી હીસે[1]. —ચૈ૦ ૯

વિશ્વ હતું જે ખાવા ધાતું, ઘોર હતી જે આશા રે;
રમણીયતા વર્ષી રહી ત્યાં, ને નાચે રતિ મુકી માઝા. —ચૈ૦ ૧૦

મિત્ર થયું જ ભુવન સઉ ભાસે, ચૈતન બહુ આનન્દે[2] રે;
પ્રથમ રીસાયો હતો જ ભવ તે પ્રણયકલહને ફન્દે. —ચૈ૦ ૧૧

સમજ્યું ચૈતનઃ " સંતાકુકડી રતિ એ તો રમતી હતી રે;
"એમ ન જો, તો કેમ ભુવનમાં લક્ષ્મી દીસે ફરી ફરતી?" —ચૈ૦૧૨

"ઓ રતિ! ઓ રતિ! આ તું દીસે! આ પદપક્તિ[3] જ ત્હારી રે!
"તું વણ કોપર[4] આમ જાય મુજ હૃદય, કહે, કદી વારી? —ચૈ૦ ૧૩

"ઘણા કાળથી શોધી તુજને, વિયોગ ઝાઝો સાલ્યો રે;
"પ્રિયે! વેશ પરિહાસતણો કદી ક્રૂર ન આવો ભાળ્યો. —ચૈ૦ ૧૪

"રે, સ્મર! સ્મર! પ્રિય પ્રાણસમી! શો તુજ પાછળ એકાંતે રે;
"ભમ્યો નવોઢા[5] હતી તું જ્યારે મુગ્ધવેશ તે વારે? —ચૈ૦ ૧૫

"યુવાવસ્થ હું, યુવતિ, તુજને રાખી હૃદયે રાચ્યો રે;
"સ્વર્ગસુન્દરી! મોહાસવ મ્હેં ત્હારો ત્યારે ચાખ્યો. —ચૈ૦ ૧૬

"પિતામાતના સ્નેહની છાયે ન્હાનપણે હું છવાયો રે;
"મિત્રવર્યને હૃદયે મુજને ધાઈ ધાઈ ઝાઝો સ્હાયો. —ચૈ૦ ૧૭

"પ્રિયાસાથ હું મદનઅશ્વપર બેસી ઘુમ્યો રતિરાજ્યે રે;
"પળ પણ સુખથી વિરામવા મ્હેં દીઠો ન એકે ત્યારે. —ચૈ૦ ૧૮

"રહ્યો થઈ થનથન રતિરંગે જનહિતસારુ કેવો રે?
"મન ધાર્યું, પ્રિય, દેશી જનને ચખાડું રતિનો મેવો. —ચૈ૦ ૧૯

---

૧. હૃષ્ ઉપરથી લગ્નાદિ પ્રસંગે ગીતમાં વપરાતો શબ્દ. ૨. આનન્દ પામે.
૩. પગલાંની હાર. ૪. કોના ઉપર. ૫. નવી પરણેલી.

“આમ કરી, વળી આમ–વિચાર્યું–દુઃખ સઉ તેનાં ટાળું રે;
“ઉર મુજ તેના સુખથી સુખી ને દુખથી થતું દુખવાળું. —ચે૦ ૨૦

“હે રતિ! ત્હારું હૃદય અને રૂપ આમ કરી કરી પીધું રે;
“હાય! હાય! પણ કદી મન ઇચ્છ્યું નહીં આલિંગન લીધું! —ચે૦ ૨૧

“યૌવનમદિરા પીને તુંમાં આશ ધરી મ્હેં ઝાઝી રે;
“તુજને જાણી, શૂન્યાકાશશું હું તો પડીયો બાઝી? —ચે૦ ૨૨

“ન્હાણું વાતાં આ મુજ સ્નેહી નલિની[1]ને કરજાળે રે;
“નિકસાવું–વિકસાવું–પળમાં વ્યોમશિર ચ્હડી કાલેઃ[2] —ચે૦ ૨૩

“યૌવનરાત્રે એવું એવું બહુ મ્હેં સ્વપ્ને ઝાંખ્યું રે;
“આંખ ઉઘાડી પણ નિદ્રાવશ રહી ઘણું ગાંડુ ભાખ્યું. —ચે૦ ૨૪

“જાગૃત જન શુણી શુણી સઉ હસતા, દયા ધરી વળી બોલ રે;
“અંડ તજ્યાવણ બાળ શી રીતે જગત ખરેખરું તોલે? —ચે૦ ૨૫

“સુખ પ્રિયા ને મિત્રતણાં સઉ ચંચળ ચપળા[3] જેવાં રે;
“તેમાં સ્નેહ ધર્યે સુખ ક્યાંથી? મૃગજળ સાચાં કેવાં? —ચે૦ ૨૬

“**જનહિત! જનહિત!**— શું આ કરતો? ભૂત ભરાયું શાનું એ?
“સુખદુઃખ ભોગવવું એ તો પડ્યું જેશું જેને પાનું. —ચે૦ ૨૭

“સઉ સઉની સંભાળો, ભાઈ, પારકી પીડ શી વ્હોરો રે?
“થશે આપણો પ્રવાસ સર્વે પુરો હવે ઘડી સોરો.” —ચે૦ ૨૮

“શુણી સર્વ આ હસતો હું ને કાન ઉપર નહીં લેતો રે;
“પણ વિધિયે કીધ બોલ તેમનો ઉપર, મને મુકી વ્હેતો. —ચે૦ ૨૯

“સ્નેહીજનોનાં સુખ જોવાને બદલે દુઃખ મ્હેં જોયાં રે;
“રતિરૂપ હસવાને બદલે સઉ હૃદય ચીરી ચીરી રોયાં. —ચે૦ ૩૦

“દુઃખ દુઃખ સઉ પાસે વર્ષે, રાત્રિ ઘોર બની ગાજે રે;
“નિષ્ફળ લોચન થઈ ગયાં, ને હૃદય પડ્યું મુજ ત્રાસે. —ચે૦ ૩૧

“હૃદયધમણુથી “હાય! હાય” એ એક શબ્દ સંભળાયરે!
“સંચો સર્વ પડ્યો ધીમો ને અંગારા હોલાય! —ચે૦ ૩૨

---

૧. કમલિની. ૨. બોલનાર પોતે સૂર્યની ઉપમા લેછે. ૩. વીજળી.

"દુઃખ નહી પોતાનું મુજને, પણ સ્નેહીનું સાલે રે;
"દેખી શકું નહીં અશ્રુધારા મુજ પ્રિયજનને ગાલે. —ચે૦ ૩૩
"પ્રીતિ પણ મુજ સઉ ચેતનપર, સ્નેહીં, સબન્ધી,[1] દેશી રે,
"ને પરદેશીનાં સુખદુઃખો ર્‌હે મુજ ચિત્ત પ્રવેશી. —ચે૦ ૩૪
"દૂર સ્થળે ને કોક અજાણ્યો હોય સુજન કદી દુઃખી રે;
"તો તેને સુખ દઈ સુખ લેવા રતિ મુજ થાતી ભુખી. —ચે૦ ૩૫
"દુઃખી જગત નીરખી નિરુપાય હું ચિત્ત વીશે બહુ દાઝું રે;
"બીજું દુઃખ પણ જે મુજ ચિત્તે, હાય! તે ય પણ ઝાઝું.—ચે૦ ૩૬
"કોની આગળ પણ તે બોલું? સાંભળનારું કોણ રે?
"અસુર દીસે સઉ ચિત્ત જ આજે, રતિરત તેમાં કોણ?—ચે૦ ૩૭
"વિચાર મ્હારા સર્વે સમજે, અભિલષે મુજ પેઠે રે;
"રતિમન્દિરમાં જઈ ને નાચે લીનહૃદય વણવેઠે. —ચે૦ ૩૮
"મિત્ર નહી કો એવું દેખું હું તો સકળ ભુવનમાં રે;
"તો શું અથિર જગતમાં બોલું? રાખી મુકું દુખ મનમાં. —ચે૦ ૩૯
"પણ આજે કંઈ અવનવું ભાસે, રતિ પ્રકટી જડ ભવમાં રે;
"મિત્ર થયું સઉ વિશ્વ જ મ્હારું, દુઃખ ઉછળીયું પળમાં!—ચે૦ ૪૦
"કોઈની આગળ નહીં ક્‌હેતો તે બકી દીધું જડ પાસે રે;
**"એ જડમાં પણ ચેતન ભાસે, રતિ મુજ ત્યાં ઉલ્લાસે!**—ચે૦ ૪૧
"**રતિ રતિ** વણ હું કંઈ ના દેખું, **રતિ** માંહ્ય ને બ્હાર રે;
"હસતી હસતી લક્ષ્મી આજે વિશ્વવીશે નહીં માય." —ચે૦ ૪૨

શોકસાગરે ડુબતાં ચેતન જડસાથ સ્નેહ કરી જ તરે,
તો પછી સમરસ ચેતનતણે હૃદય લપટાઈ શું ન કરે? ૪૩

---

## ૫. લક્ષ્મી, રતિ, સાત્વિક આનંદ, અને તન્મય વિશ્વ.

લક્ષ્મી જોઈ જડચિત્ત ઉઘડ્યે, ભોગલંપટ પડી જ મોહમાં,
લક્ષ્મીવાસ[2] પર ગુંજતો અલિ, સ્નેહ ધારી, ભમતો ઘણું ઘણું. ૧

---

૧. સમાન બંધથી બંધાયલાં, દયા સ્નેહઆદિથી બંધાયલાં. ૨. કમળ. સૃષ્ટિ પણ લક્ષ્મીવાસ છે.

લક્ષ્મી જોઈ જડ સૃષ્ટિમાં ઘણી, ભુલી ભાન, ભુલી અન્ય સૃષ્ટિને,
સ્નેહપાશવશ પાન્થ ચેતન રાચી રાચી જડસૃષ્ટિને સ્તવે:— ૨

(કટાવ) "ધન્ય ધન્ય ઓ ચિત્ત મુજ તું! ભાગ્યશાળી ના
તું જેવું કો મ્હેં તો દીઠું; ભમી ભમી દુઃખ-
પારાવારે[1], દુસ્તર વીચિ[2] ઘણી તરીને,
દિવ્ય દેશને કાંઠે આખર આવ્યું છે તું;
રાચ! રાચ!–રતિ સજી રે! વિશ્વમાં રતિ ઘણી હજી રે! ૩

"ગિરિવરકેરે શૈલે શૈલે, વૃક્ષમાત્રને
પત્રે[3] પત્રે, નદીની ઉર્મિ[4] ઊર્મિ ઉપર,
વાયુની લહરી લહરી સાથે, પશુપક્ષીને
અંગે અંગે—શબ્દે શબ્દે, મેઘમાળને
ખંડે[5] ખંડે, અંશુનાથ[6]ને કિરણે કિરણે,
નાચે લક્ષ્મી વિવિધવેશથી વિવિધરંગમાં
ચંચળ ચપળા હાવભાવ કરી રમણીય કેવા?
જોની જોની–રતિ સજી રે! —વિશ્વમાં૦ ૪

"વ્યોમ[7]હૃદયપર દિનમણિ[8] નિર્મળ વિલસે છે આ
સૌમ્યકાન્તિ[9] બની; અર્ધ બિમ્બ આ મેઘશકલ[10]માં
છવાયું અર્ધું બ્હાર લટકતું, મન્દહાસ્ય કરી
મધુર રાજતું સ્નેહથકી સઉ હસતી સૃષ્ટિપર;
પરિવેષ[11] આ આસપાસ જો! પ્રસરે કેવો?
વારિરાશિમાં કટાક્ષ શશીના પ્રસરે તેમ જ
સૂર્યતેજ પણ સકળ સૃષ્ટિમાં પ્રસરે સ્નેહે;
ભ્રાન્તિ પમાડી સલિલગર્ભ આ મેઘ નયનને
દેખાડે આ બે ત્રણ બિમ્બો[12] તેજકુંડનાં
ન્હાનાં મ્હોટાં તરલ[13] અતિશય; આસપાસ આ

---

૧. મહાસાગરમાં. ૨. મોજું. ૩. પાંદડે. ૪. મોજું. ૫. કકડાઉપર. ૬. સૂર્ય. ૭. આકાશ. ૮. સૂર્ય, દિવસનો મણિ. ૯. જોઇ શકાય એવા શાંત તેજવાળો. ૧૦. મેઘનો કકડો. ૧૧. (સૂર્યની) આસપાસ દેખાતો તેજગોળ. Halo. ૧૨. પર્વત-શિખર આગળ જળથી ભરેલા મેઘમાં સૂર્યનાં પ્રતિબિમ્બ પડે છે ૧૩. ચંચલ.

તેતણી, ચળકે સ્ફટિકતીર સમ વ્યોમ અનંત જ;
સ્નેહરાજનો પ્રભાવ એ સઉ, કહે કોણ ના?
રાચ, જીવ, રતિ સજી રે! —વિશ્વમાં૦ ૫

"સ્નેહતણો આવ્યે ઉમળકો નભ-નારી ગઈ
ભુલી ભાન ને સંભ્રમવશ[1] થઈ, તેથી જ એના
અર્ક[2]બિમ્બરૂપ ગૌરસ્તનથી સરી પડ્યું જરી
સ્તેનોત્તરીય[3] શું કરચલીવાળું થઈને ઝાઝું
સૂક્ષ્મ જાળીનું ને વળી ઝીણું સુપારદર્શક
મેઘરૂપ આ? કેટલું રાચું? કેટલું નાચું
જોઈ જોઈ સઉ—
હા! હા! હા!—રતિ સજી રે? —વિશ્વમાં૦ ૬

"વળી અગાડી પેલા મેઘો—કંઈ સોનેરી,
કંઈ રુપેરી, શ્વેતવર્ણ કંઈ હીરા જેવા,—
ચળકે; ને કંઈ લાલ લાલસમ, અકીક જેવા
કંઈ વળી ભાસે, કૃષ્ણમૂર્તિસમ સ્નિગ્ધકૃષ્ણ[4] કંઈ,
કંઈક ગુલાબી, કંઈક મોગરાપુંજ[5] સમાન જ;
વિવિધ રંગ એ, સૂર્યકિરણ ને વારિ સાથ રતિ
કરી, ગ્રહેલા,—ઘડીમાં ઘેરા, ઘડીમાં આછા
થાય, ઘડીમાં ફેરવાય, વળી, પાછા આવે,
એકબીજાશું જાય ભળી વળી, જુદા થાય ફરી;
એ સઉ વિલાસ કરતી લક્ષ્મી, સ્નેહતણા ગ્રહી
હાથ, કુંદડી ફરતી શી આ! બહુ બહુ રાચું!
હવે શું જાચું? રાચું કેવો
રતિ હૃદે સજી રે! —વિશ્વમાં૦ ૭

"અહો! રતિ જડ જળધરગણમાં શી આ દેખું—
નહીં ચેતનમાં જે કદી દીઠી! ઉંઘુંઘું કે

---

૧. ઉતાવળ તથા ગભરામણને વશ. ૨. સૂર્ય. ૩. કાંચળી. ૪. પાણીને લીધે ઝળહળાટ મારતા અને કાળાશવાળા. ભામિનીવિલાસમાં કાળી રામમૂર્તિને યમુના સાથે સરખાવી છે તે આ જ કારણથી. ૫. મોગરાનો હગલો.

જાગુંછું આ? વિવિધ રૂપ લઈ વારિપુંજ઼ એ,—

કંઈ હાથી બની શુણ્ડ ઉછાળી ગંભીર ગાજે;
વ્યાઘ્રાકારી પુચ્છ પછાડી દોડે પેલો;
માનવરૂપ ઉભો હય ઉપર હાથ લઈને
બરછો, પણ એ નથી મારતો કોને નક્કી;
પણે કેશરી કેશર ઉંચી કરી ઉભો છે;
હરિણ હરિણી સાથ રમે ઓ; આ વળી નગ[1] સમ—
પણ છે શાથી ગતિમાન એ? પક્ષધારી શું
પર્વત ઉદધિ તજી ઉડ્યો ફરી? પણે સર્પ સમ
સ્ત્રીની કેડે વીંટાઈ ચુમ્બે સ્તનચૂચુક, પણ
ઝેર લાગતું નથી શું એને જે એ હસતી
હસતી ચાલી પેલી દિશામાં! ચાપબાણ લઈ,
ગદાધારી વળી રાક્ષસસેના ઓ આ આવે
ઘણા બરાડા પાડતી, ત્હોયે રમે સર્વની
સાથ સ્નેહથી; પણે બ્રાહ્મણો યજ્ઞ કરે શું
જે ધુંમાડાતણા ગોટ આ નભ સઘળુંયે
વ્યાપી લેછે? સભા મેઘની સર્વાકારી,
અહો, બની શી? એક બીજાશું હળી મળી, કંઈ
તાળી પાડતી, કંઈ નાચતી, કંઈ બાઝતી
સુરતહર્ષમાં, કંઈ ચક્ર બની ગરબા ગાતી,—
બીજી ક્રિયા પણ કેટલી કરતી અવનવી!! નક્કી,
રતિ વર્ષતી સઉને ચિત્તે! રહે શોક શો
તો મુજ ચિત્તે? નહી રહું હું; હસી હસી ઘણું,
ઓ રતિ! તુજને આ આલિંગન મ્હેં તો દીધું!
તું પણ મુજને ગાઢ બાઝજે! શિથિલ પડીશ માં!
સ્મિત કર, પ્યારી! ઉભાં રોમ આ
થયાં રતિ સજી રે! —વિશ્રમાં૦ ૮

---

૧. ગતિહીન; પર્વત.

"વળી પણે શી સુન્દર જાળી શ્વેત મેઘની
પડી રહી છે! વળી અગાડી ધીર સમીરે[1]
સરવર ઉપર રમ્ય રચેલી નાજુક લહરી
વાંકીચુકી એકબાજાની આગળ પાછળ
કંઈ સંધાતી, કંઈ ત્રુટતી, ધીમે ધીમે
પ્રસરે, તેવી જ પાડી મેઘમાં ભાત શી દીસે
લહેરીયાંની આ! સ્તમ્ભ સમાંતર મ્હોટ મ્હોટ બની.
વ્યોમઘુમટને ધરી રાખવા પણે રહ્યા છે,
પણ એ પાછા ગતિમાન આ થયા જ દીસતા
રવિરાજની પાસે આવે ગજગતિથી ગજ—
ચરણસમાન શું? પણ અંધારું આગળ આ શું
થતું દીસે છે? હાં હાં—એ તો સલિલભારથી
શ્યામ ચળકતો, મૃદંગ સ્વર્ગના–નાકર રતિની—
બની ગાજતો મન્દ્ર[2] મનોહર, પવનપીઠપર
બેસી દોડે સાર્થ[3] પયોધર, બીજા મેઘને
ભેટી કરતો લીન સ્વહૃદયે, થાકી ગયેલા
ઉષ્ણરશ્મિને[4] ખભે સુવાડી, વધ્યો અગાડી,
દિગન્ત સર્વ દીધા જ છાઈ! મેઘ સર્વ, રવિ,
તારા, ને નભ, સર્વ આજ રતિ હ્રદયે ગ્રહીને
એકરૂપ જે થયાં જ તેનું દિગન્તવ્યાપી
શરીર જળધર કૃષ્ણવિષ્ણુરૂપ આ છે નક્કી!
સ્નેહ એકલો એને ચિત્તે–સ્નેહ એકલો
એને ચિત્તે–તે જ સ્નેહને દેખી મ્હારા
ઉરથી ઉછળ્યો સ્નેહ નક્કી આ! સ્નેહ, લક્ષ્મી, ને
આનંદની આ ત્રિપુટી આજે એકબીજાને
બાઝીને વા એકબીજામાં લીન થઈને
એક બીજામાં શીવાઈ[5] જઈને આજ રહી છે!

---

૧. વાયુએ. ૨. ગંભીર, ઉંડું. ૩. સાર્થક, અર્થવાળો; પયોધર એટલે પાણી ધારણ કરનાર એ અર્થ સાર્થક કરનાર મેઘ. ૪. સૂર્યને. ૫. લીનેવ × × સ્યૂતેવ પ્રિયા ઇત્યાદિ માલતીમાધવમાં છે તે ઉપરથી.

નથી હૃદય મુજ ભુવનથી જુદું, નથી ભુવન વા
મુજથી જુદું! એક, એક, આ સર્વ ભુવન છે.
ભુવન, લક્ષ્મી, આનંદ, એકઠાં ગાનયોગમાં
લીન બની જશ રતિના ગાતાં! નહીં હું પણ કંઈ
મુજને દેખું! અન્ધ બની રતિ-કીર્તિ ગાઉંછું!
ગાઉં છું રતિ સજીરે!—વિશ્વમાં૦ ૯
" વળી વીજળી એ જ મેઘમાં શી આ રમતી?
મુજ ચિત્તમાં ઘડી શોક, ને ઘડી હર્ષ, ઉઠી,
સકળ ભુવનને નિજ રંગથી રંગે તેમ જ,—
ચપળા[1] આ પણ, રસધરઉરમાં તિરોહિત થઈ,
અંધકાર ભરી ઘોર દશે દિશ, વળી અચિન્તિત
કરી ચમકારો, મેઘકોયલા પર ભભકાથી
સળગી ઉઠી, દિશાસગડીમાં રમણીય ભડકો
બની અધઃશિખ,[2] મેઘતિમિરથી રાત્રિ થયેલી
તેનો મધ્યદિવસ કરી નાંખી, તથાપિ રવિ હજી
અસ્ત નથી ને કિરણ તેતણાં રસળે ભુવને
તેથી ઝાંખી દિવસચંદ્રની પેઠ દીપતી,
શાન્ત થઈ ગઈ શી એ પળમાં! તિમિર સાથ એ
આલિંગન દઈ નક્કી પેઠી હૃદય તેતણે!
જો! જો! જો! આ ત્રુટી પડ્યો શો મેઘ જોરથી
નભકટિપરથી,[3] પ્રસારી લાંબા ધારાકરને
ધરતીને ઝટ બાઝી પડવા! અહો પવન પણ
વચમાં આવી સુ સુ સુ સુ કરતો ઝટ ઝાપટી
ગભરાવી લઈ લેઈ બાથમાં ધારાપટને
શો આ દોડે હા હા હા હા કરીને હસતો

૧. વીજળી. ૨. અગ્નિની શિખા—જ્વાળા—ઉંચી જાય છે; અત્રે નીચી છે. ૩. આકાશરૂપી ધાત્રીની કેડઉપર વર્ષાદરૂપી બાળક બેઠેલું તે ધરતીરૂપ માતાપાસે જવા હાથ લાંબા કરે છે. તેને એ માતાનો સગો પવન વચમાંથી ઉપાડી દોડી જાય છે અને જરા રમાડી તે બાળકને પાછું ધરતીઉપર મુકી દે છે, એ અલંકાર આ અને પછીની લીટીયોમાં છે.

ઉચ્ચ સ્વરથી ! અરે, મુકી આ પાછો દેઈ
તેને ચાલ્યો અવર દિશામાં માતરિશ્વ,[1] ને
મન્દ ઝાપટું પડી ગયું ને રુમઝુમ રુમઝુમ
રુમઝુમ કરતું થાકીં હાંફતું હળવે હળવે
પાછું પડી એ જાય ભૂમિભણી. જીવતો રહેજે !
જીવતો રહેજે અગણિત વર્ષા વીશે તું રસધર !
સ્નેહગર્ભ તું ત્હારી પેઠે, જોને, આજે
ભુવન સર્વ છે, અમીદૃષ્ટિ તે ઉપર કરી તું
રાચ ! રાચ રતિ સજી રે !—વિશ્વમાં૦
"પડી રહ્યો એ મેઘ એટલે શાં ખેચર[2]નાં
ટોળે ટોળાં સ્વતંત્ર થાતાં સ્વસુખ[3]કેરા
અંક[4] વીશે ફરી કલોલથી કોલાહલ કરતાં
આવે પાછાં ! હર્ષ-પ્રમત્ત બનીને આવે
એક બીજાને અંટીવાળે, ઉડે ઉપર ને
નીચે પાછાં ! ચક્રગતિ કરી, રાસ રમી, ગીત
મનહર ગાઈ, આણી મુકયું વૃન્દાવન આજે
વિષ્ણુપદ[5]માં શું આ પાછું ? અહો ! પણે પણ,
જોને, અધિક જ કૌતુકકર્વિ થાય શું પેલું ?
સ્નેહવિષ્ણુરૂપકૃષ્ણમુકુટશિખીકલાપકેરી[6]
કમાન સુંદર ! આછી આછી દિવસદીપસમ
પ્રથમ ભાસતી ! વધ્યો પ્રકાશ ! વધ્યા વળી રંગ !
વિલાસી બન્યા રતિમૂઢ કરાકર[7] સૂર્યતણા
જલદોદરમાં પ્રસરી નવરૂપ ગ્રહે અતિસુંદર;
નામ કહે જન "અમ્બુદચાપ,"[8] અને પણ લાગતા
સ્નેહકમાન વીંટી સઉ ભૂમિ અને નભને
લઈ લેતી સ્વગોળવીશે જયિની; મન જો ! મન જો !

---

૧. પવન, "ધરતી (માતા)માં શ્વાસરૂપ." ૨. પક્ષી. ૩. પોતાનું (સ્વ, ખેચરનું) શોભાવાનું (સુ) આકાશ (ખ). ૪. ખોળો. ૫. આકાશ. ૬. સ્નેહ એ વિષ્ણુ, તેનો કૃષ્ણાવતાર તેના મુકુટની મોરપીંછની. ૭. કિરણસમાજ. ૮. મેઘધનુષ્ય.

રતિ રંગ કરે ઇતરેતરશું બહુ આજ સઉ;
નીલ, લાલ, પીળો, વળી ચાર બીજા, રમી એકબીજા—
તણી સાથ રહ્યા; કરઅશ્વઉપર રવી બેસી ફરે,
સુખ સપ્ત ધરે [1]હય તે જ ! તું તે, મન જો ! મન જો !
ફરી જો ! ફરી જો ! પણ એ[2] ભળી ગઈ નિજ મૂળવીશે
રતિ ગાઢ ધરીઃ—પ્રભુ સ્નેહતણી અકળિત લીલા
મન ત્હેં પરખી,—નીરખી લઈ લઈ—નીરખી પરખી
લીધ ! લીધ રતિ સજી રે !—વિશ્વમાં૦" ૧૧

---

## ૬. પ્રફુલ્લ હૃદય, સમાધિ, જીવત્સાયુજ્ય.

[3]"રતિરાણી ! રમી લે વિલાસો ભવનાથ સાથે એક વાસો ! ( ધ્રુવ )
"ભૂનભના અન્તરાળ પ્રદેશે ધારી અન્યોન્યને બાથે
સૂર્યપ્રભા ને સતતગતિ[4] એ હીંચે હીંદોળે સંગાતે ! —રતિ૦ ૧
સામે પણે દૂર જોઉં તો શરમથી ધરતી સંતાતી ખોળી ખુણો
ઇચ્છે છાનું કંઇક કહેવા, તે ધરતો શ્રવણ નભ-નાથ સલુણો !—રતિ૦ ૨
રજનિ ત્યાં આવી પ્હોંચી દીસે છે, કહે "દિવસ, તું ચાલ, હું આવી,
" ભેદ મ્હારો ત્હારો લોક ન દેખે એમ દઈ એ સ્વવર્ણ મેળાવી !"—રતિ૦ ૩
ઉંચી નીચી ને આગળ પાછળ હારો આ તરુવર કેરી,
સ્નેહરાજની જાન થઈ ઉભી વસ્ત્રો વિવિધરંગી પ્હેરી. —રતિ૦ ૪
સાજન[5] જોવા આ ઉભરાતાં તરવર તરવર થઈને,
ખગટોળાં કીટગણસમ ન્હાનાં ભાસે ઘણાં દૂર હોઈને. —રતિ૦ ૫
નાખી નીચે ના પ્હોંચે ને જાય જ દૃષ્ટિ હારી,
પરિમાણ ના જ કશાનું બરાબર થાય જોતાં ધારી ધારી ! —રતિ૦ ૬
વારિપટ[6] આ કરચલીવાળો ક્યાં પેલો પાસ ખેંચાયે ?
નીરનિધિભણી સ્નેહથી દોડે નક્કી ઉતાવળથી એ ! —રતિ૦ ૭

---

૧. સૂર્યનો અશ્વ સપ્તમુખી છે—સૂર્યના કિરણનું પૃથક્કરણ સપ્તરંગી છે. ૨. સ્નેહ-કમાન. ૩. રાગ. હોરી. ૪. પવન. ૫. વરની સાથેનાં માણસ; સહજન. ૬. પર્વત નીચે નદી હતી તેના પાણીનો પટ.

પ્રતિબિમ્બવેશે સરિતાહૃદયમાં પેંશી ગયું વ્યોમ આખું,
ચળવારિમાં[1] એ નાચતું ચલિત જ ! વધુ સ્નેહની શક્તિ શી ભાખું?-રતિ૦ ૮
પત્થરપરથી પત્થરપર ધસી પડતો ઓ સલિલનો પિંડ,[2]
ફાડી રસાતળ, શતધા ભાગી, જાય ઉરાડતો શીણુ ! —રતિ૦ ૯
શીકર[3]-વૃષ્ટિ ઉડીને ત્યાંથી, સ્નેહ ધરી નિજ તત્વે,
પાછી પડે રચી રમ્ય કમાનો બિન્દુમાળા તણી રમ્ય રીતે.—રતિ૦ ૧૦
રાજહંસ આ ધસતો નીચે વ્યોમ થકી ઉતર્યો, જો,
ચંચૂ ભરતાં રસમાં શો આ વારિ સાથે ઘસડાયો ! —રતિ૦ ૧૧
પણ શૂરવીર અરે તું સાચો, સામો તરી પાછો આવ્યો,
તરતો સાટોપ જયાડંબરથી સહુ પેઠે પ્રસારીને પાંખો- —રતિ૦ ૧૨
વળી આ હજારો શૈલથી ઝરતું વારિ દીસે ! શું એ સાચું ?
કઠિન હૃદય પણ સ્નેહ ઝરે એ કેમ હવે નહીં માનું ? —રતિ૦ ૧૩
શૈલ ઉપર જડ શૈલ રહ્યા આ અગણિત સ્નેહ ધરીને,
તે સઉને શિખરે હું નાચું ચેતન, રતિરસ પીને ! —રતિ૦ ૧૪
મુજ ઉરપર લોચન આ નાંખું, તે યે સ્નેહથી નાચતું દીસે !
રતિમય હું ને રતિમય ભુવન જ ! આનંદ આનંદ હીસે.[4] —રતિ૦ ૧૫
આનંદમાં આ ડુબ્યો ! આ ડુબ્યો ! દેખતો નથી કાંઈ બીજું.
નીકળવું નથી અંહીંથી મ્હારે ! યોગ[5]-નિદ્રાવશ રીઝું. —રતિ૦ ૧૬

પૂર્ણાનંદે ડુબીને, રતિમય થઈ, લઈ યોગનિદ્રાસમાધિ,
સુઈ કાન્તાર[6]મધ્યે, જડનયન મીંચી, એકલાં શૈલ-શીર્ષે,
લીધું સાયુજ્ય આખા ભુવનશું પથિકે આત્મમાં; આત્મલીન
જોઈ શું એ શકે કંઈ નહીં કંઈ જ રહ્યાં ભિન્ન જ્યાં દૃશ્યદ્રષ્ટા ? ૧૭

કરતી કરતી ક્રીડા નાથ સાથે રસીલી,
સુરત-શિખર પામી આખરે, દિવ્ય બાળા

---

૧. ચળવારિ=કંપતું પાણી. ૨. મૂળ આગળ પર્વતપરથી ધસી પડતા નદીના પાણીનો પિંડ. ૩. છાંટા. ૪. હીસવું: હૃષ્ ઉપરથી. ૫. योगी युञ्जीत सततमात्मानं रहसि स्थितः ॥ કોઈ યોગી બ્રહ્મમાં યુક્ત થાય, કોઇ સ્નેહવિષયમાં યુક્ત થાય; પરંતુ ઉભયનો યોગ જ છે. ૬. જંગલ, વન.

રતિ ઘર્ણો ઘર્ણો થાકી મોદમાં લીન થાતી
શિથિલ બની સુનેત્રો મીંચતી મન્દ મન્દ. ૧૮

સકળ જગત ઘેરી લીધું અન્ધાન્ધકારે;
રતિ ભવ-વર સાથે પ્હોડી ગઈ ગાઢ બાઝી;
પળ પળ સુખસ્વપ્નો થાય તેથી જ રમ્ય
સ્મિત સમું લસી આવે શાન્તિ ભેદી કંઈક. ૧૯

બહુ બહુ બહુ એવા ઉત્સવો નિત્ય થાજો!
રતિ ઉર લપટાઈ વિશ્વ રોમાઞ્ચ પામો!
રતિરસવશ સર્વે નિત્ય ઉન્મત્ત થાજો!
રતિસુરત સહુને શાન્ત આનંદ પાજો! ૨૦

---

## ૭. નિશામાં દીપ.

ઉભી, પ્હેરી મલિન વસનો[1], સ્વૈરિણી[2] સર્વ આશા;[3]
સુતાં વેચી સકળ નયનો, કુટ્ટિની[4] રાત્રિ ગાજે;
ઉલૂકાદિ [5] અધમ ભડવા નીકળ્યા સર્વ ટોળે;
ચાલ્યો વંઠી મરજી પડી ત્યાં ત્રાસ અશ્લીલ[6] ગાતો. ૧

ઓચિન્તી ત્યાં ચળકી ભયની વૈરિણી કોક એવે,
રક્ષા કાજે રતિરસ તણી, જન્મ લઈ, દીપમાળા
ધીરે ધીરે અધર ઉડતી પક્ષીમાળાની પેઠ
કાપી સર્વે તિમિરનિધિની વીચિ, દેદીપ્યમાન[7]. ૨

આવી પ્હોચી હજી નથી જ તે; તેટલામાં જ આવી,
દોડી દોડી મુકી કંઈ પુંઠે મન્દ નિઃશબ્દતાને, ૩
કો વાણીએ,-પકડી પથિના કર્ણને, હાંકી હાંકી,-
ચિત્તે એને, મધુર રૂપ લઈ, ઝટ્ટ કીધો પ્રવેશ.[8] ૪

ચુંબી ચુંબી પુનરપિ પુનઃ, ગાઢ આલિંગી ઝાઝી,
નિદ્રામાંથી ઝટ લઈ દીધો જીવને જે જગાડી

---

૧ વસ્ત્રો. ૨. વ્યભિચારિણી. ૩. દિશા. ૪. કુટણી. ૫. ઘુવડ વગેરે. ૬. અપશબ્દ, કુત્સિત. ૭. પ્રકાશમાન. ૮. કોઈ વાણીએ...પથિકને ચિત્તે પ્રવેશ કીધો.

તે વાણીએ—રસિક હૃદયે સ્નેહની શક્તિ તેને
જાણી માંડ્યું કુતૂહલથકી શોધવા મૂળ તેનું[1]. ૪
નેત્રદ્વારે રમણીય દીઠી દીપની હાર તેણે;
દોડે "શું આ!" કરી કરી ઘણું નેત્ર ને શ્રોત્ર બંને;
"આ અંધારે સકળ ભુવને પ્હેરીને મૌન ધાર્યું,
"તેમાં ક્યાંથી મધુર સ્વર ને દીપ દીપ્યા અચિંત્યા?" ૫
ત્યાં તે વાણી વદી ઉઠી "સખી, મિત્ર ત્હેં ક્યાં નીહાળ્યો?
"આ અંધારે કંઈ થયું રખે હોય તેને અનિષ્ટ!"
નેત્રે દીઠા ગમન કરતા માનુષાકાર એવે
બોલી ઉઠ્યો "યુવતિગણ આ ક્યાંથી?" એવું જ પાન્થ. ૬
આવી પ્હોચ્યું લલિત લલના કેરું કો વૃન્દ તેવે,
ધીમે ધીમે શ્રવણપુટમાં વાત અન્યોન્ય કહેતું.
અગ્રે ધારી કર લટકતાં કાચધામો[2] સલીલ,
જ્યાં સંતાઈ તિમિરસમયે રહે રવિના[3]જ રશ્મિ. ૭
[4]સ્વર કર્ણે જતાં જ અધુરો રે કંઈ સંસ્કાર જુનો
ઝટ જાગી ઉઠ્યો ઉરમાંહે રે સુતો સુધી આજ સુનો. ૮
કોક આવી ઉભું નિજ પાસે રે પ્રકાશથી દીપતણે
નયને કંઈ જોયું ન જોયું રે ઝહડ્યું ઝટ તે જ સમે ૯
નીર શિર ધરી રતિની ત્યાં રે હૃદય થકી આણ કંઈ;
સ્વર કંઠ સુધી ચ્હડી આવ્યો રે ઘણું ઘણું જોર કરી. ૧૦
વદને કંઈ આતુર મુદ્રા રે ફરે વળી આમ ત્યમ;
સઉને ફરી ફરી કુતૂહલથી રે પુછે મન "છે જ ક્યમ?" ૧૧
ઉર તોડી નીકળવા ઇચ્છે રે રતિ અકળાતી ઘણું;
સ્થિતિ ચેતનની થઈ ગઈ એ રે હું તે વધુ શું જ ભણું? ૧૨

---

૧. વાણીએ જીવને જગાડ્યો; એવું જગાડવું એ સ્નેહશક્તિ છે એમ સમજી હૃદયે તે શક્તિનું મૂળ શોધ્યું—આ શક્તિનો આધાર કીયું માનવી છે તે શોધ્યું. ૨. ફાનસ. ૩. "આકાશના જ્યોતિની દીપ્તિ રાત્રે ભૂમિના જ્યોતિમાં આવેછે." સમયબળે તિમિરનું રાજ્ય થતાં તેજને સંતાઈ રહેવું પડેછે. ૪. "મ્હારો કર ગ્રહો કેશવરાયરે માયાદળથી મુકાવો" એ ઢાળ.

જાગૉ નિદ્રા થકી મોહમાંહે રે પડી ગયું ચેતન એ;
એવૉ સંસ્કૃતિનું કંઈ કારણ રે રતિ વણ કોણ કળે? ૧૩

---

## ૮. સ્વાગત વિરહાન્ત.

[1]એવામાં યુવતિગણમાંથી આગળ એક જ આવી રે
દીપ ધરી મુખ પથિકનું જોઈ ચિત્ત દીસે કંઈ રાચી રે. ૧
ફરી ફરી ન્યાળી વધુ વધુ રાચી આખર બોલી એ ઉઠી રે,
“ એજ સખા મુજ! એજ સખા મુજ! બ્હેનો! મટી તું જુઠી રે.” ૨
એમ કરી ઝટ પથિકની પાસે બેસી, પડી એને બાઝી રે:–
“ ઓ મુજ વ્હાલા! ઓ મુજ વ્હાલા મિત્ર! અંહી તું ક્યાંથી રે? ૩
“ આવી દશા ધરી હૃદય તું વીંધે, એનું કારણ શું ય રે?
“ આંખ ઉઘાડી છે પણ નવ બોલે! એ તે શું? આવી છું હું ય રે. ૪
“ મ્હારી સખીએ સંતાઈને શુણ્યું હૃદય-રુદિત ઘણું ત્હારું રે,
“ ત્યાંથી જ તુજને ઓળખ્યો છે મ્હેં; મુખ દીઠું તે તો વારુ રે. ૫
“ તુજવણ કોનું હૃદય ભુવનને ઉરશું આવું ચાંપે રે?
“ તું વણ કોને આવાં દુઃખો રોવરાવી સંતાપે રે? ૬
“ ઉઠની વ્હાલા, ઉઠની વ્હાલા, સ્મિત કરી કરની વાત રે,
“ સ્વામી મ્હારા તુજ જોઈ જોઈ વાટ, દુઃખ ધરે દિન રાત રે. ૭
“ ત્હારે કાજે, મ્હારા હૃદય! ઘણું મ્હેં દુઃખ તેનું તે શું બોલું રે?
“ ત્હારા હૃદયની આગ વધારવા શાને હવે કાંઈ ખોલું રે? ૮
“ વિજન વને ભમતાં આ રીતે કો દી કર્યો ત્હેં વિચાર રે?
“ એવું શું ઓછું આવ્યું મ્હારા વીરા! પડીયાં અમેયે વિસાર રે. ૯
“ ક્યાં ગઈ મ્હારી વ્હાલી તે જેનો ઝાલ્યો ત્હેં તે દિન પાણિ રે?
“ બોલની વ્હાલા, બોલની વ્હાલા, ક્યાં ગઈ મ્હારી એ શાણી રે?” ૧૦
એમ કહી કહીને એ યુવતિ નેત્ર ભરે બહુ નીર રે,
ગદ્ગદ કંઠે થઈ ઘણું રોતી મિત્રનું ન્યાળે શરીર રે. ૧૧

---

૧. “ઉમયા તો આક્રંદ કરેછે, શાને માર્યો મ્હારો બાળરે:” એ રાગ ઓખાહરણમાંથી.

ઉર સરસો ઘણું ચાંપી તેને મુખપર મુખ મુકી રોતી રે,
"બોલ તું બોલ" એ બોલ જ જપતી આંસુ વારેવારે લ્હોતી રે. ૧૨
સાથ સખીનો ટકટક જુવે, આંસુ ગરે પ્રતિનેત્ર રે,
ઘોર નિશામાં સ્નેહનો દીવો પ્રકટ્યો ચેતનને ઘેર રે. ૧૩
રોદન કર્ણે પથિકને જાતાં ઉઠ્યો અચિંત્યો એ જાગી રે,
એને હૃદય પળમાંહિ પ્રકટી અવનવી આગ કો લાગી રે. ૧૪
કણ્ઠ સખીને હાથથી ટેકી રોવા એ લાગ્યો અપાર રે,
કુણ્ઠિત વાણી કરી દીધી રતિએ ને ઉછળે હૃદય વારવાર રે. ૧૫
વાણી જીતી આખરે બોલી ઉઠી;
ડાબી હૈયું અશ્રુને ખાળી રાખ્યાં;
મુકી ઉંડો એક નિઃશ્વાસ બોલ્યો
ધીમે ધીમે સ્નેહમાં લીન પાન્થઃ ૧૬

---

## ૯. ઉભરા, રસવમન.

[૧]"આજ રાજ્યપર હું છઉં બેઠો, ચેતન મિત્ર મળ્યું મુજને!
રાત્રિ આખી રોઈ રોઈ તિમિરમાં સૂર્ય જોઈ નયનો વિકસે. ૧
મિત્ર! આજ હૃદયે ચ્હડી તુજને થનનન પાછો નાચું છું
દુઃખ સર્વ મુજ દેઈ વિસારી રતિરસવશ બહુ રાચું છું ૨
મિત્ર કરે મુજ શું તુજ સ્વામી? આશપતિ થઈને વર્તે?
લોક તણાં દુઃખ દળવા રાખી હોંસ વિધિ સઉ તેની પૂરે? ૩
સ્નેહ તમારો કેવો રહ્યો છે? માયા તેની મંગળ છે?
રાજ્ય કરો તમે જેહ પ્રજાપર ત્યાં સુખશાન્તિ નિરન્તર છે? ૪
સાંભરે છે કે તેજ સમો તુંને પ્રિય ઉપવન જે આપણું ત્યાં
મધ્ય રાત્રિએ બેઠાંતાં ત્રણ આપણુ ને શશી ઉગ્યો ત્યાં? ૫

---

૧. "અચળ રાજ્ય રહો તખ્તસિંહજીકો" એ આરંભવાળું ભાવનગરના મહારાજના ગવાઈઆએ જોડેલું પદબંધ છે તેનો ઢાળ.

આવી પ્રિયા[1] મુજ પ્રિય સખી તુજ તે પછી અશ્રુ સલિલ ધરી;
પુછ્યું ફરી ફરી ત્હોય કથે નવ કારણ દુઃખનું કાંઈ જરી. ૬
ત્હેં પછી હૃદયે ચાંપી ત્યારે આખર એ બોલી અબળાઃ
"અહો પ્રભુ! મને હૃદય દીધું તો શાને નથી કરતો સબળા? ૭
"રંગભવન મુને નથી ભાવતું, નથી રોચતી અલંકૃતિ;
"આમ દેશીજન દુઃખી થાય ને અહું સુખ શું હું જ રતિ? ૮
"ઉઠો, ઉઠો, તમે શૂરવીર એ, દુઃખ કાપોને દેશીનાં!
"ભોગ ચમન તજી ઘુમો ઘુમો ઘણું હૃદય કરી શૂર કેશરીનાં. ૯
"સરસ્વતી તમે બહુ આરાધી ને આરાધ્યો યુદ્ધપતિ[2];
"સમો થયે નહીં કામ આવશે શું તેમાંનું કોઈ રતિ? ૧૦
"શોધો, શોધો, વસુંધરા ક્યમ વસુ નથી દેતી લોકોને?
"તિમિર લોકનાં મનનાં ટાળી જ્યોતિ બધે પ્રકટાવોને! ૧૧
"બુદ્ધિઅભ્ર તમ મનમાં ગાજે તો તેને વરસાવોને!
"દુષ્ટ અસુર બહુ ફરે ફાટી, તે બાહુભાર દર્શાવોને! ૧૨
"જુવો જુવો ઘર બ્હાર નીકળી–અસુર ફાટી ફરતા કેવા?
"રંક લોકને દળી દળી બહુ રગદોળે ભૂમિ ભેગા! ૧૩
"અરે તમે ઘડી ઘડી પુછોછોઃ "ફ્હેની તુંજ કરવું શું તે?
"નહી પ્રશ્ન એ ચાલે–ઉત્તર તમે લ્યોની શોધી પોતે. ૧૪
"ઉગ્યો ભાણુ વિદ્યાનો તમમાં, પુછો પછી બીજાને શું?
"નહીં ચાલે એ–નહીં ચાલે એ! રોઈ રોઈ આખર મરશું!" ૧૫
વચન સાંભરે આ, સખી, તુજને? મ્હેં ને પછી તુજ સ્વામીએ
શાં વ્રત લીધાં તે તું સંભારે! કાળ વીત્યો બહુ તે જ વીત્યે!" ૧૬

---

૧. આ સ્ત્રી ગ્રંથની નાયિકા છે; તેનામાં દેશવત્સલતા અને લોકવત્સલતા ગુણો મુકયા છે; પતિની હૃદયવૃત્તિ ઉપર સ્ત્રીનું રાજ્ય છે; સ્ત્રી પતિને ઉશ્કેરે છે—શાંત કરે છે; સ્ત્રી "અભિલાષ કરનારી" છે અને પતિનો ધર્મ સ્ત્રીના અભિલાષ પૂરવાનો અથવા અભિલાષ અયોગ્ય હોય તો "બુદ્ધિદ્વારા" શાંત કરવાનો છે. દેશવત્સલ સ્ત્રીના અભિલાષ અત્રે એ વત્સલતાજન્ય છે. સ્ત્રીનું રસવમન પતિને પ્રવૃત્તિમાન કરેછે. કારણ પ્રિયજનના વામેલા રસનું પાન કરવું અને તન્મય થવું એ સ્નેહલક્ષણ છે." ૨. યુદ્ધના અધિપતિ દેવની આરાધના કરી; યુદ્ધકળાના પારંગત થયા.

શુણી સખી આ અભિનન્દ્ય વાણી
ઓલી ઉઠી હર્ષથી ઉભરાઈ;
વિલોચન દીપ્યાં સલિલ સારે,
કમ્પે સ્તનો, જાગી જ રોમરાજિ: ૧૭

---

## ૧૦. રસપાન, ઘૂર્ણન.

૧ ‘ એ તો સાંભરે સખા સઉ્ય વાત;
‘ ભુલી એ તો ક્યમ જવાય? હ્રદયમાં જડી સદાય,
‘ ક્હાડી ન નીકળે કદાય, સંસ્કાર એના અનિશ જાગે જાગે–
કર્ણમાં જ વાગે ! (ટેક.)
‘તમો ઉભયે વ્રત ભીમ ઘણું જ લીધું !
‘સખીશબ્દે કામણ ચિત્ર કીધું !
‘ તેથી મોહી જ, અશ્રુ લોહી જ, શૌર્ય ગ્રહી,
‘ વિપત્તિ સહી શું ઘુમ્યા–સઉ શત્રુના
શરીરપર ઝુમ્યા ! —એ તો૦ ૧
‘ અસુર લોકમાં વર્તાવ્યો તમે ત્રાસ,
‘ સુજનવર્ણમાં પ્રસાર્યો રમ્ય હાસ,
‘ આનન્દઓઘમાં રમી ઘણાક રાસ
‘ ક્હાડ્યા આપણે કંઈક જુજ માસ;
‘ પછી લોકચિત્ત કરી સ્થિર, તેને શિર,
‘ સખા નિજ ગણી ધીર, મુજ પતિ જ
‘ મુકી, સુવીર ! ઓ મુજ મિત્ર, શું તું રાચ્યો–
‘ આનન્દઓઘમાં તું નાચ્યો ! —એ તો૦ ૨
‘ સખી સલુણી મ્હારી એવે જ લાવી
‘ દૂર દેશનાં દુ:ખોની કથા કાંઈ,
‘ હ્રદય તેને વિદારવા ત્હેં પ્રેર્યું,
‘ ગુરુ ચિન્તાએ તેને ફરી ઘેર્યું,

---

૧. ચાલ મ્હેલી અલબેલી પ્યારી રાધે ! એ રાગ.

‘ મ્હારા નાથને કહ્યું ત્હેં:–“રહો રાજ્યે,
‘ સુખી લોકને અહીં જ કરો આજે,
“ ત્યાં તો આવજો વળી કોઈક કાલે;
“ જઈએ બે તો, અંહી ન ઠીક ચાલે–”

‘ કહી ઘણુંક એવું એવું જ, ઉઠ્યો તું તર્ત, થઈને સજ્જ,
‘ વ્હાલી સખીને સાથે લેઈને, ચાલ્યો ! ચાલ્યો !
‘ ન જાણું પછી તું ક્યાં જ મ્હાલ્યો. —એ તો૦ ૩

‘ અમે જાણીયે પછી અમારી ગત,
‘ લાગી વિયોગે જે તમારી લત;
‘ દેશે દેશે કરી તમારી શોધ,
‘ નિશા ગાળી ઘણી થઈ પ્રબોધ;
‘ મ્હારા નાથને સખા તું જ્યારે જોશે,
‘ પોકેપોક મુકી થોડું તું ન રોશે !
‘ ભુંડા ! કહાવ્યા ન કાંઈ સમાચાર !
‘ કરીયે વ્હાલાંને આમ ના લાચાર !
‘ જડ્યો જ્યારે તું આખર આજ, આવી દશામાં !
‘ સખી વિના તું એકલો ક્યાંથી ? બોલની પ્રાણ,
‘ જીવને ઠાર, શુભ ક્હે વાત, મુકી પ્રિયા ત્હેં વનમાં ક્યાંય ?
‘ સખી વિના ત્હેં કેમ જીવાય ? મનમાં આજ ભય હજાર
‘ મુજને થાય, ધ્રુજતી કાય, કર તું વ્હાર વ્હાર !
‘ મ્હારા પ્રાણનો ઘડીક થા આધાર ! —એ તો.” ૪

ઘણું ઘણું આવું વદી જ દીન એ
સખા તણા હસ્ત વિશે સુતન્વી
પડી ગઈ, ને પડી મોહ મધ્ય જે
વિદાર્યું તેણે ફરી પાંથચિત્ત. ૫

ક્ષણે ક્ષણે ને જ સ્થળે જ છે
જુદા જુદા રંગ વિચિત્ર ચિત્ર જે,
ન રંગતા તે જડને જ કેવળ;
પ્રસાર તેનો મનુચિત્તમાં ય છે ! ૬

---

## ૧૧. સંગતસંસાર.

પાંથ:–"અરર ઓ સખી! શું કર્યું જ આ?
વિષમ પુછીયો પ્રશ્ન દુઃસહ!
ઉંઘી હતી ઘડી સર્વ સંસ્મૃતિ,
હૃદય વીંધતી જાગી તે ફરી. ૧

મુકી તને ગયાં બે જણાં અમે,
વિવિધ દેશમાં સંચર્યા પછી;
ઘણુંક જોયું ને, ઘણુંક વેઠ્યું ત્યાં;
મુખથી સ્પર્શીને મુખ, બે રહ્યાં. ૨

નહીં હતાં કંઈ હારીયાં ઉરે,
નભ સુધી ઉડી હામ ઉભી’તી;
ઘણીક આશ ને, ઘણીક હોંશ તે
પ્રબળ હામને ટેકી નાચતી. ૩

અસુર લોકમાં ગાજતો ઘણું
સમરસાગરે તરી તરી, શુણું
તુજ સખી મુખે–"ધન્ય! ધન્ય!"–ત્યાં
વિજયસિદ્ધિ આ ચિત્ત પામતું. ૪

હણી હણી ઘણા દાનવો, દીધું
અભય લોકને, હે સખી, ઘણું;
હૃદય બેતણાં શાં ફુલ્યાં જ ત્યાં?
હત તું ત્યાં જ તો રહેત ના મણા. ૫

હૃદય ઝાલીને એકમેકને,
ભવ-નિધિ વીશે દોડતાં હતાં;
નીરખીને ગતિ એકમેકની,
ફુલી ફુલી ઘણું હાંફી બાઝતાં. ૬

કરી કરી સઉ કાર્ય ચિન્તવ્યાં,
મન વિમાસીયું શાન્તિ પામવાં;

અકળ દૈવની ત્યાં ગતિ દીઠી !
બની જ તે શું ના "ના બની" બને ? ૭

અબુધ માનવો કલ્પના ઘણી,
મન વીશે કરી ભોગ માણતા;
શઠ વિધિ કંઈ ભિન્ન ધારતો
અરર ! ક્રૂર એ શું થઈ હસે ! ૮

ભુવનમાત્રને એ રમાડતો,
ઘડી ઉછાળીને ફેંકી નાંખતો;
નહીં કંઈ દયા ચિત્ત તેહને,
કપટખેલમાં દુષ્ટ એ રમે." ૯

---

## ૧૨. ઉત્સાહ.

[૧]"શુણ, સખી, પછી શું બન્યું, ખરી કહી દઉં વાત;
મનના મનોરથ મન વીશે રહ્યા આખર આજ ! શુણ. ૧

કાર્ય કરી સિદ્ધ એ અમે ભમતાં ભૂમિમાંહ્ય,
ભરતભૂમિમાં આવી ચ્હડ્યાં—પુણ્ય જેનું પુરાણ. શુણ. ૨

વિષ્ણુ-સ્નેહ તણા અવતાર તે સઉ અંહીં જ થયા'તા,
દ્વાર ઉઘાડાં મુકી જનો નિશ્ચિંત સુતા'તા. શુણ. ૩

ભૂમિ પરમપુણ્ય તીર્થ એ, ઐતિહાસિક એના
ભવ્ય જોઈ સંસ્કારને કોનું શિર નમે ના ? શુણ. ૪

નીરખી એ ભૂમિ આ ચિત્તમાં પરમાનન્દ વ્યાપ્યો;
પુણ્ય ગણી મ્હારી જાત મ્હેં—જે સમય એવો આવ્યો. શુણ. ૫

બોલી બાઝીને ત્હારી સખી: "કંથ, ધન્ય હું આજ !
"આ જ પત્ની ક્ષાત્ર બીજની ! મુનિસાર્થની માત !" શુણ. ૬

સિન્ધુ નદી સોહામણી, એનાં નિર્મળ નીર
ગંભીર ગાજંતાં શુણી શિર નામતા વીર. શુણ. ૭

તેને હૃદય બેસી નાવે ચાલીયાં, અનુકૂળ સમીર
ઉદર વીશે ગ્રહીને ધસે સ્હડપટ ગતિધીર. શુણ. ૮

---

૧. "સખી, શંકરનંદને હું નમું, બુદ્ધિશુદ્ધિનો વાસ"—એ શંકરાનન્દી મહિનાનો રાગ.

રમ્ય હતું ઉંચે આભ ને નીચે રમણીય પાણી,
ડાબી પાસે ડુંગર હિમના, ફુલી કાશ્મીરી વાડી. શુણ. ૯
આશપાશ બાળ મીનનાં કુદે ભેદી તરંગ
જેમ શરદમેઘમાળમાં પ્રભાતે રવિરંગ. શુણ. ૧૦
કાપી કાપી જળભારને તટ આગળ આવ્યાં,
ઝાંખી થઈ આર્યભૂમિની ! દર્શન ઘણું ભાવ્યાં. શુણ. ૧૧
સ્ફટિક તણા પગથારમાં મુકતાં પગ પ્હેલો
ઉભય ઉરે કો વહી રહ્યો સંસ્કારનો રેલો. શુણ. ૧૨
જનસંઘ ઝાઝો ત્યાં હતો વેશે ચિત્ર વિચિત્ર,
મલક મલક મુખ થઈ ગયાં, ભાસ્યો દેશ પવિત્ર. શુણ. ૧૩
હાય ! હાય ! પણ એ થયો સ્વપ્નસમો આનન્દ;
નિમિષમાત્ર ઝળકી પડ્યો પ્રકાશ એનો મન્દ." શુણ. ૧૪

---

## ૧૩. અનુકમ્પ.[1]

"ચાલ્યાં અગાડી મુકી પાછળ લોકસંઘ
એવે દીઠો દૂર તટે ભડકો પ્રચંડ;
લોકો તણો કળકળાટ વળી શુણાયો,
વાદિત્રનો સ્વર બધે નભ ભેદી ચાલ્યો. ૧

કૌતુક ના અમતણું હજી ખેંચ્યું તેણે
એવે વિભેદી સ્વર સર્વ જ ધાઈ આવી
શ્રોત્રે મહાદુઃખ તણી ચીસ કારમી કો,
"હાં હાં !" કરી ઉછળી તુજ સખી શુણી તે. ૨

"દોડ ! દોડ ! પ્રિય નાથ ! કો દુઃખી દીસે ! કર વ્હાર"
કહી એવું એ દોડી ને દોડ્યો હું પણ ત્યાંય. ૩
જઈ પ્હોંચ્યાં બે હાંફતાં, દીઠો જનસંઘાત,
સ્વરમય ભુવન રચે જનો પાડી બુમ " જય માત ! " ૪

---

૧. એકનો કંપ થતાં બીજાનો કંપ.

ઢોલ નગારાં શંખનો ચ્હડે વ્યોમમાં નાદ;
ગુલાલનાં બહુ વાદળાં વાદળ આખું છાય, ૫
ધુન શ્લોકની બ્રાહ્મણો મચાવતા મદમત્ત;
કુદે તાળી પાડી શિશુ યુવાન વૃદ્ધ સમસ્ત. ૬
ઉત્સવમાં ગરકાવ સઉ દીઠા થયેલા લોક,
ચીસતણું કારણ નહી જણ્યું, ન દીઠો શોક. ૭
આગળ ત્હોય વધ્યો જ હું ધપતાં ધપતાં જ્યાંય,
ભડભડ બળતો અગ્નિ તે પડ્યો દૃષ્ટિએ ત્યાંય. ૮
કાષ્ટચિતાપર મુકુટસમ બળતી અગ્નિજ્વાળ
વેશ થકી જ બીહામણી કાળસમી વિકરાળ; ૯
સુંદર નારીરૂપ કો પડોયું તેને મુખ
ચિતાજઠરમાં બળી જવા દેખાયું ઉન્મુખ. ૧૦
એકપદે મુજ હૃદયપર ચ્હડી બેઠો જઈ કોપ;
દોડ્યો હું ત્યાં તૃણસમો ગણી જ લોકાટોપ. ૧૧
ચિતા ઉપર ઝંપલાવીયું, ગ્રહી લીધ અબળા સ્કન્ધ,
અસુર જને ઉપજાવીયા તોડી સઉ ભયબન્ધ. ૧૨
દુષ્ટ બની જનસંઘ તે કરતો હોહોકાર
ધાયો મુજને મારવા હાથ આવ્યું જે કાંય. ૧૩
કોઈ ગ્રહી જન ઇંટને, કોઈ ગ્રહી પાષાણ,
વૃષ્ટિ કરે ચોદિશથી કોપી અતુલ પરિમાણ. ૧૪
પણ વસતોતો જે ઉરે અચલ સ્નેહ અભિરામ
અનાથ જનપર, તેહને કરે શું આખું ગામ? ૧૫
દૃષ્ટિ કરી ચોદિશ મ્હેં; પ્રિયા ઉભીતી પાસ
"ધન્ય ધન્ય" કરતી ઘણા હર્ષથી ધરતી હામ. ૧૬
પ્રિયા કરે અબળા મુકી ખેંચી મ્હેં તરવાર;
લોકસંઘ વેરાઈ જતાં જરા ન લાગી વાર. ૧૭
દુષ્ટ અસુર દોડી ગયા દોડાયું તે દિશ,
વિરલા વીર બાકી રહ્યા કોપી ઘણું દશ વીશ. ૧૮

જાતિ સિંહની નહીં રહે છુપી છુપાવી કદાય,
અશસ્ત્ર શૂરોએ ભીડી મુજ સાથે ઘણી બાથ. ૧૯
પ્રતાપી તેના મુખપર હતી શૌર્યની છાપ,
ક્ષાત્ર તેજનું રુધિર તે દીસે ચ્હડ્યું જ લલાટ. ૨૦
ક્યાસ કર્યો મ્હેં મન વીશે: "નહી અસુર આ લોક;
ક્ષાત્ર તેજ સોહામણું, નથી અહીં ક્રૂરાટોપ; ૨૧
શિશિરસૂર્યના તેજસમ રમણીય ચળકે તેજ;
અબળાપર ક્રૂરતા ધરે નહી કદી ઉર એ જ." ૨૨
એમ વિચાર કરી ઉભો વળી વદ્યો હું વેણ;
"શૂરવીર દીસો જનો! શુણો મુજ—ક્હો તમ-ક્હેણ. ૨૩
નથી અસુરઇચ્છા કંઈ વસતી મુજ ઉર માંહ્ય;
પરમાર્થ પરદેશીયે કર્યું દયાનું કાર્ય. ૨૪
જતાં માર્ગ, અબળા ઉપર વર્તાતો આ ત્રાસ
જોઈ, ઉકળીયું લોહી, ને કર્યું પછી આ કામ. ૨૫
એ મુજ બ્હેની થઈ હવે, કરું એને આરામ;
સુખ થયા પછી છો જતી ગમતે એને ગામ. ૨૬
પણ ત્યાં સુધી નહીં એનું કો લઈ શકશે કદી નામ;
ખડ્ગ તણા આ શપથ હું તે જ લઉં આ ઠામ. ૨૭
શૂરવીર સાચા હશો તો મુજ બન્ધુસમાન
આ અબળાજનને તમે દેશો આશ્રયદાન. ૨૮
પણ જંગલી બળધર થઈ અસુર સમા જો હાથ
અબળાપર ઉગામશો તો મુજ શસ્ત્ર તયાર. ૨૯
સંખ્યા ઝાઝી તમતણી, તેથી ન ધરશો જોર;
વસી ચિત્ત મુજ દેવ કો જાગે આઠે પ્હોર. ૩૦
ધૂણું ધૂણાવે જેમ તે ધરતો ઝાઝું જોર!
બાથ ભરી બળી ઝુંડશું ગજાવું બાધું વ્યોમ." ૩૧
શુણી સર્વ આ અગ્રણી તેઓના બેચાર
વિચારમાં પડીયા અને એકે કીધ ઉચ્ચાર; ૩૨

# ૧૪. સતી.

“વીર શુદ્ધ સમ તું જન ભાસે એમ અમારાં ચિત્ત વિમાસે;
“જોર અને હીમ્મતમાં કાંઈ નહી વીરતા બધી સમાઈ. ૧
“અભયદાનમાં આત્મઉપેક્ષા, શુદ્ધ વીરવ્રતની એ દીક્ષા;
“આત્મ–હૃતિ પરહિતાર્થ-યાગે શુદ્ધ વીર વણ કોની ન જાગે. ૨
“તે જ સર્વ તુજમાં કંઈ જોઈ ઉભા અમે, શુણુ! હર્ષથી રોઈ;
“હરો ચિત્ત તુજસમ જગમાંહે–દીઠું એવું ગુરુ કૌતુક આજે! ૩
“મિત્ર થયો તું તેથી અમારો, શૌર્ય-સાક્ષીની સમક્ષ સારો;
“અજ્ઞ ઘણો પરદેશી તું, ત્હોયે હેતુ જોઈ તુજ, મન અમ મ્હોયે. ૪
“સાંભળ, નાર શરણાગત તુજ આ તેપર નથી જુલમ કો કરતા;
“અભિલષતી પતિને અનુસરવા સતી શુદ્ધ તત્પર થઈ મરવા. ૫
“સ્નેહ રહ્યો આ જગમાં સાચો, પણ સતી થયા વિના તે કાચો;
“સંધિ થયો જગમાં પતિ જોડે નહીં યમ પણ સતી કેરો તોડે! ૬
“સ્નેહ તણો ઉત્કર્ષ સતીત્વ! સફળજીવી પ્રેમી સતી ધન્ય!
“તમે શું જ પરદેશી જાણો સફળ-સ્નેહ સતીનો જન્મારો? ૭
“જાય દીપ હોલાઈ, ત્યાંય થાય કોયલો પાછળ વાટ!
“ગયે સૂર્ય, સંધ્યા શમી જાય! ગયે જીવ, બળી દેહડી જાય! ૮
“આર્ય લોક અમ કેવળ જાણું શું જ સ્નેહ સતીદેવીનું નાણું!
“પ્રેતપતિ પાછળ સતી જાતી વિમળ અગ્નિ ને યશમાં ન્હાતી. ૯
“નહીં તે તું પરદેશી જાણે, દયા સ્વભાવથી જો કે આણે;
“નારી પણ આ નહી જ ઇચ્છે દયા કોની, તે તું નવ પ્રીછે. ૧૦
“ધર્મ અજાણ્યો ત્હેં તુજ, વીર; હવે તું પણ લે સમજ જ, ધીર.
“ભલે અગ્નિમાં સતી એ ન્હાય; નહી ધર્મ તે થકી લોપાય.” ૧૧
ઉત્તર વાળ્યો મ્હેં “નહીં થાય એવું કદાપિ મુજથી કામ;
“કારણ તેનું શુણુશો, વીર, તો મનમાં પછી ધરશો ધીર. ૧૨
“સત્ય શૌર્યનું મિત્ર ગણાય, છાય પઠે તે પાછળ જાય,
“શુદ્ધ શૂર જાણે તે વાત; પણ જગનો જુદો વ્યવહાર. ૧૩

અપરીક્ષિત વસ્તુની પાસ લેવું કામ રાખી સંભાળ;
દૃષ્ટિ રાખવી ચારે પાસ, એ પંડિત ડાહ્યાનો માર્ગ. ૧૪
ઉભય પાસની ગણિતિ થાય, શુદ્ધ તુલામાં નીકળે સાચ;
તે વણ નવ કરવો વિશ્વાસ: તો જગમાં જીત્યાની આશ. ૧૫

શુદ્ધ શૌર્યની તમમાં છાપ, તો તમ વેણ ગણુંછું સાચ;
પણ જગનો જુદો વ્યવહાર છાઈ દેછ સઘળો વિશ્વાસ. ૧૬
માટે ધૈર્ય ધરો કંઈ, વીર, અને ખમો દિવસ દશવીશ;
ત્યાંસુધી આ અબળા મુજ પાસ રહેશે ખમ્યા વિના કંઈ આંચ. ૧૭
એના તન-મનના વિકાર કરશે કાળ વહી વહી શાન્ત;
થઈ સ્વતન્ત્ર પછી એ નાર ભલે કરે નિજ ઇચ્છેલું કામ. ૧૮
રહી મ્હારી પાસે સઉ આપ અબળાની લેજો સંભાળ;
પણ એને વ્હીલી નવ કરું અભયદાન કરવાને મરું." ૧૯
લઈ અબળા પછી ચાલ્યાં અમો, થયો ચાલતાં સન્ધ્યાસમો,
ત્યાં ઉતારે પ્હોચ્યાં સર્વ; ભેટ્યો નિજ પરિવાર સમસ્ત.' ૨૦

---

## ૧૫. સ્નેહનિદાન.

એ તો પામી હતી મૂર્છા બાળા અગ્નિ ચિતા વોંશે,
ત્રાસ-તપ્ત હતું લ્હોયે કંપતું વક્ષ કોમળ. ૧
ઉપચારો કર્યે જાગી, ઉઘડ્યાં દુઃખી લોચનો;
બોલી "સ્વર્ગ સતી પામે—આ તો પૃથ્વી સમું જ શું? ૨
વૃન્દારકો શું આ બેઠા? શું આ જ અમરાવતી?"
બોલી એટલું પાછી એ મોહ પામી સુલોચના. ૩

જંખના-મેઘથી એમ ઘેરાયું મૂઢ ચેતન;
સમીર કાળનો વાતાં વેરાયાં અભ્ર આખરે. ૪
અમ્બાર તેજનો છુટ્યો પ્રબુદ્ધ મનબિમ્બથી;
પરિચિત થતાં સર્વે, સ્નેહ વાધ્યો વિચિત્ર કો. ૫
પુછ્યો એક દિને એનો વૃત્તાન્ત સવિસ્તર;
બોલી જ રોઈ રોઈ એ; સખી, શુણ તું, તે કહું— ૬

'[1]મુજ વૃત્તમાં નથી કો નવાઈ, શીવાય પણ હું શું કહું ?
'પુછ્યું તથાપિ તમે જ તો હું નકાર પણ શી રીતે ભણું ? ૭
'મુજ જેવું વૃત્ત ઘણાંકનું શુણશો પુછ્યે આ દેશમાં;
'પરદેશી સજ્જન! હીન્દુઓ ગાળે જ જીવન ક્લેશમાં! ૮
'નરજાત સુખી હશે અંહી કદી મ્હાલતી સ્વચ્છન્દથી;
'પણ નારીને રોવા વિના નહીં કર્મમાં બીજું કંઈ. ૯
'પણ્ડિત પિતા તણી આત્મજા ભણી કંઈ હું તાતપ્રતાપથી;
'મનવિકસૉયું, ઉર ચ્હોટૉયું સદ્ગુણ વીશે બહુ ભાવથી. ૧૦
'હું ન્હાનપણથી આશ આથી ઘણી ધરી મન માણતી,
'પણ હાય! હીન્દુ તણે લલાટ લખ્યા ન લેખો જાણતી. ૧૧
'શૈશવ વીશે કર પીડીયો અજ્ઞાત એક શિશુજને;
'ઉદ્વાહના જ કરારમાં સહી કીધી મુજ મુજ ગુરુજને. ૧૨
'તાતે કહ્યું, "તુજ કાન્ત આ, બહુ ભાવ એ પર રાખજે;
"પ્રિયપતિ ગણી એ સાથ ત્હારો જીવ જોડી રાખજે." ૧૩
'હું બોલી: "કાન્ત ગણાય છે ઉરવારિધિના ચંદ્રમા;
"મુજ ચિત્તમાં આના પ્રભાવથી વીચિ જાગે કેમ ના ? ૧૪
"સન્ધિ થયો નથી, છે નહી, નક્કી ન કે થાશે જ તે,
' અમ ચિત્તનો; તો શીખવો, પ્રિય તાત, ક્યમ મુજ કાન્ત એ ? ૧૫
"તમ પાસ ભણતાં હું ભણી—મન જોડવાં વિધિહાથમાં;
"વિકસે જે પદ્મિની એકલા દિનનાથ કેરા સાથમાં; ૧૬
"સંસારમાંહી પ્રયાણ કાજ જ પાન્થ ચેતન સર્વ છે;
"એ એકથી જ ભલાં પ્રવાસ વીશે વળી: કહ્યું એવું યે. ૧૭
"એ મિત્રતાનો હેતું, પણ રસઐક્ય વણ નહીં મિત્રતા;
"નહીં ગ્રહે ઉરપારો વિગુણ ચિત્તસ્થળીપર સ્થિરતા. ૧૮
"રસઐક્ય વણ મનઐક્ય નહીં—એ સૂત્ર શીખવ્યું તે દિને;
"મનઐક્ય વણ નહીં મિત્રતા પ્રભવે, ગુરુજી, કો રીતે. ૧૯

---

૧. હરિગીત.

"સ્ત્રીપુરુષકેરું લગ્ન એવી મિત્રતાનો હેતુ છે:
"ઘણીવાર આપની પાસથી મ્હેં, તાત, એવું જ શુણ્યું છે. ૨૦

"અન્યોન્ય કેરી ન્યૂનતા પૂરે અનુગુણ દમ્પતી;
"વિનિમય કરે નિજ રસ તણો ઉર ઉર આગળ ઉઘડી. ૨૧

"સંસારસ્વાર્થ અભિન્ન થાતાં ભેદનું કારણ નહી;
"સ્ત્રીપુરુષની તેથી જ સઉમાં મિત્રતા ઉત્તમ કહી. ૨૨

"એ મિત્રતા વા સ્નેહ કહો, તે હાર્દ દમ્પતી–ભાવનું
"રસઐક્યથી ઉત્પન્ન થઈ રસઐક્યને જ વધારતું. ૨૩

"રસઐક્ય તો નહીં હોય ત્યાં કયમ મિત્રતા એ સંભવે?
"રસઐક્ય વળી વિધિવણ નહી કદી ઈતર કો સરજી શકે. ૨૪

"હે તાત! તે સૂજવાતણી આજ્ઞા કરી આપે મને;
"તો કેમ કરી કરવું અશક્ય જ એવું તે શીખવો હવે. ૨૫

"હું કિંકરી છું તમતણી, કરું હોય શક્તિસાધ્ય જે;
"શિર વેચી પણ તમ વચન પાળું–શક્તિ એટલી સાધ્ય છે. ૨૬

"વિધિહસ્તગત ઉરતન્ત્ર પણ કયમ કરી કરુ ગતિવાળું હું?
"મુજ ઉરતણું પરઉર સાથ શી રીત લગ્ન કરાવું હું?" ૨૭

'શુણીવચન સઉ આ તાત દિઙ્મોહ પામ્યા;
'ખરખર જળધારા તેમને નેત્ર ચાલી;
'નીચું ઘણુંક નીહાળી, દીર્ઘ નિઃશ્વાસ મુકી,
'કર દઈ જ લલાટે બોલીયા દીનવાણી:" ૨૮

## ૧૬. વત્સલતા.

"મ્હારો ક્ષમા કરે અપરાધ! પુત્રી! પ્રિય પ્રાણ! ઘણી તું ડાહી!
"તુજ ઉર મ્હેં ખોસી–અરે–અજાણ્યે–ખરે!–કટાર જ સાહી. ૧

"હું ભુલ્યો વૃદ્ધ થઈ આજ–કીધો ચુકી ઘાવ, હાય, તુજ પર મ્હેં!
"ઓ દુષ્ટ હીન્દુઆચાર! ભુલાવ્યો મુજને. ૨

"આ હીન્દુલોકનો ચાલ સઉએ માર્ગ એક લેવાનો,
"જઈ જતાની પાછળ કુવે પડી મરવાનો. ૩

" ઘનતિમિરતુલ્ય આચાર થયેલ પુરાણ, તેથી થઇ જાયે
" જન લોચનવન્તા અંધ—હાય ! જગમાંહે. ૪
" મ્હેં દીઠો ન સવળો પન્થ !
" હું બની ગયો મતિમન્દ !
" મુજ વૃદ્ધ દરિદ્રનું રત્ન
" પરિપોષ્યું કરી બહુ યત્ન,
" તે જઈ મેષની પઠે લોકની પુઠે નાંખ્યું દુઃખદરીયે !
" એનું કીધું પરાધીન જીવન જનક-વૈરીયે. ૫
" પ્રિય પુત્રી ! કહે તું સત્ય, કર્યું જ અકૃત્ય મ્હેં આજે,
" ત્હારા જીવનમાંહે ઝેર ભેળીયું ! સાચે. ૬
" ત્હારો જનક થયો તુજ શત્રુ—હાય પણ નમું હવે તુજ ચરણે,
" મ્હારું થશે જ પ્રાયશ્ચિત્ત હવે તો મરણે. ૭
" નથી હવે નિષ્કૃતિ કાંઈ સુઝતી મુને ! રોઈને રહેવું;
" ત્હારે જનકે પાયું ઝેર મરણ સુધી સ્હેવું. ૮
" હું જીવી કરું શું હવે ?
" મુખ દેખાડું શું ? કહે;
" સહુ હૃદયશલ્ય શી રીતે ?
" રોઈ રોઈ મરીશ તું વીત્યે !
" હવે જેમ તેમ દિન ક્હાડ કૃતક પતિસાથ સ્નેહ કૃત્રિમમાં,
" બહુ સમજુ મ્હારી તું બાળ મુકીશ તે આળ દૈવશિર મનમાં. ૯
" પણ સ્વીકાર આ પદપાત ! અને અપરાધ ક્ષમા કર મ્હારો !
" નહીં જીવે—હવે નહીં જીવે—પિતા કંઈ ત્હારો ! ! " ૧૦
'નૃશંસ મ્હારાં વચનો શુણીને
'પિતાજી આવી રીત ભાન પામ્યા;
'પંચત્વ પામ્યા પડી પાદ મ્હારે;
'પ્રત્યક્ષ તે સર્વ હજી મને છે. ૧૧
'નીહાળી એ સર્વ, ન ચિત્ત મ્હારું
'ફાટ્યું, ન વા પ્રાણ વિરામ પામ્યા !

'પાષાણની કીધી મુને વિધિયે;
'રોઈ રહી મુખ કરી જ કાળું. ૧૨
'અહો પિતાજી ! નવનીત-ચિત્ત !
'દૃષ્ટિ કરી સ્વર્ગથી પુત્રી કેરું
'દાક્ષિણ્ય ખોટું નીરખી હશો જ
'નિઃશ્વાસ ઊંડા મુકતા હજી યે!" ૧૩

---

## ૧૭. હીન્દી સ્નેહ.

'જઈ પછી એ પતિપાસ જીવી
'આજ્ઞા પિતાની ઉરમધ્ય રાખી;
'શકી તથાપિ નહીં દૈવતન્ત્ર
'સ્વતન્ત્ર મ્હારું કરવા કદી હું. ૧

'સુશીલ મ્હારા પતિમાં હતો કંઈ
'ન દોષ એવો જન જેય નિન્દે;
'ગણી સ્વકીયા નિજ ધર્મપત્ની
'મુને જ નિત્યે અભિનન્દતો એ. ૨

'આદેશ હું યે ગણી શાસ્ત્ર કેરો,
'સ્મરી વિશેષે વળી તાતશબ્દ,
'સરી જ ત્યાં જ્યાં વહ્યું સ્વામીચિત્તઃ-
'તરી, મુકી વ્હેતું પુઠે જ ચિત્ત. ૩

'થઈ ગયાં જીવિત બેય એક,
'થયા તથાપિ નહીં જીવ એક.
'કંઈ હતા મુજ ઉરે વિલાસો,
'કંઈ પતિની હતી ઉરસૃષ્ટિ. ૪

'ઉપાય જેનો નહીં તેની ચિન્તા
'અયોગ્ય જાણી જ નીભાવ કીધો;
'અભાવતું ભાવતું કીધું તેને
'એકાન્ત જેનો જ હતો અભાવો. ૫

‘ બહુ બહુ બહુ મ્હેં તો ચિત્તને બોધ દીધો
‘ પતિઉર લસનારી નિમ્નગામાં જ વ્હેવા;
‘ અશરણ પણ એ તો રોઈને એક બોલ
‘ વદતું “નહીં વિધિને દોરવા શક્તિ હુંમાં !” ૬

‘ ભુલી પ્રપંચો બ્હારના, ભુલી જઈ જગ સર્વ,
‘ મન જેને દેખે જ તે તેનું રતિ–સર્વસ્વ. ૭
‘ પણ જગના સંસ્કારપર વૃત્તિ કરે સંસ્કાર,
‘ તે સઉ સ્વાર્થી જાણવા–નહીં એ સ્નેહ લગાર. ૮
‘ મ્હેં તો સ્નેહ દીઠો નથી, સમજું નહી શું સ્નેહ;
‘ પણ આ લક્ષણ સ્નેહનું કહ્યું તાતે સ્મરું તેહ. ૯
‘ તેવો સ્નેહ થયો નથી મુજ પતિ સંગાત,
‘ આજ સુધી મુજને ખુંચે તે જ શલ્ય મન માંહ્ય. ૧૦
‘ જીવન મ્હારું ગાળીયું જેમ તેમ પતિ સાથ,
‘ હાય ! હાય ! ભીંડી નહી હૃદયશું બાથ. ૧૧
‘ કાળ આખરે વહીં જતાં પામ્યા પતિ વૈદેહ્ય,
‘ ફુટી ગયું સૌભાગ્ય મુજ હતું જગતમાં જેહ. ૧૨
‘ વિધવાની આ દેશમાં સ્થિતિ વિચિત્ર ઘણી જ,
‘ સજ્જન પન્થી ! તે શુણી ધરીશ તું મનમાં ખીજ. ૧૩
‘ રહ્યું સ્નેહમાં પ્રાણી જે તેનો સઉ સંસાર
‘ સ્નેહી વિના સુનો થવે, થયા દેહ પણ ભાર. ૧૪
‘ હૃદય સ્નેહી બે થઈ જતાં એક હૃદય થઈ જાય,
‘ વિધિનો તેપર ઘા થતાં હૃદયશેષ રીબાય. ૧૫
‘ રસરુધિર ત્યાંથી વહી કરે ખાલી નિજ ધામ,
‘ પુરાય નહીં એ ખોટ ને શોક–ધનુર્વા ધાંય. ૧૬
‘ અસાધ્ય આધિ–વ્યાધિ એ કહે એમ ઉરવૈદ્ય,
‘ વિધિ વકર્યો ત્યાં જાણવો, આશા સઘળી ગઈ જ.’ ૧૭

# ૧૮. સ્નેહમાં વટ અને પુનરુદ્વાહ.

'બોલ્યો હું "થોભો જરી, કહ્યે ખરી એ વાત,
પણ અમ અનુભવ તણી શુણો જુદી કંઈક જે જાત. ૧
સાધ્ય શતે નવ્વાણું છે એવા સર્વે રોગ,
જો વિધિબળથી બની શકે ઔષધ કેરો જોગ. ૨
હૃદય ફાટતાં સુહૃદનું વહે જ રસ-શોણિત,
તેને ખાળી રાખવા પ્રયોગ છે આ રીત. ૩
દુઃખમાત્રના ઉભરા નીકળે સુહૃદની પાસ;
સુહૃદ જતાં, તેને જવા તણાં વસાય જ દ્વાર. ૪
બીજાં દ્વાર ત્યાં ખોલીને પ્રવાહ કાજે માર્ગ
દયાળુ કો નિજ હૃદયમાં દે તો થાય વિરામ. ૫
સુરજનઅંગે ઘા પડ્યા નિજ અમીથી જ પૂરાય,
તેમ જ વળી ઘા સ્નેહના કાળ વહ્યે રુઝાય. ૬
વળી વિરહથી કંઈકને થાય ઉરક્ષયરોગ,
તો તેને પણ કાજ છે અનુભવ-સિદ્ધ પ્રયોગ. ૭
જીવન સ્નેહી જીવનું સ્નેહ એક જગ માંહ્ય,
રચી સૃષ્ટિ એ સ્નેહની રમે તેહની માંહ્ય. ૮
નષ્ટ થતાં એ સૃષ્ટિ ના મળે એવી કો અન્ય;
તે જ ઉરક્ષયરોગીયો ગણાય જગમાં ધન્ય. ૯
પણ અનુગુણ ઉર વિધિબળે જો તેને મળી જાય,
તો આ આતુર હૃદયને સન્ધાતાં નહીં બાધ." ૧૦
બોલી સખી તુજ– 'ફ્હોજી, ક્યમ નિર્મળ એ રતિ હોય,
'ખોટી ઉરશય્યા વિશે સુવે બીજું જો કોય? ૧૧
'સ્નેહી સત્વ સંતાઈ જતાં શોક-વિશ્વની માંહ્ય
'અશ્રુમય આયુષ્યનો વહે અનન્ત પ્રવાહ. ૧૨
'રૌદ્ર રૂપ લક્ષ્મી ધરે, ભુવન ભયંકર થાય,
'શુદ્ધ સ્નેહીને વિરહનું એહ અભેદ્ય જ કાર્ય'. ૧૩

મ્હેં કહ્યું: "હે મુજ હૃદય! ત્હેં ખરી જ કહીં છે વાત;
શુદ્ધ દમ્પતીસ્નેહમાં એક જ ખમતાં ઘાત. ૧૪
દમ્પતીસ્નેહ તણો મનુ શકે કરી ન કો નાશ,
યમવણ સઉ બીજા તણા નિરર્થ એ પર ઘાવ. ૧૫
નૃશંસ વિધિ વા યમ તણી પણ ઘણી રમતો ક્રૂર;
તોડી પાંખ રતિ તણી જુવે વિરહીનયનજળપૂર. ૧૬
વિશ્વરમકડું રમાડતાં વિધિનું વય વહી જાય;
રંગે સુખદુઃખાદિથી પળ પળ તેની કાય. ૧૭
ક્ષણ ક્ષણમાં નવતા રચી તેપર મોહે એ;
અસંતુષ્ટ વળી વળી બની સાંધ તોડ કરી રૂહે. ૧૮
હર્ષ–શોકનાં ચક્ર એ તેથી જ મૂઢ કુંભાર
ફેરવી ફેરવી ને રચે મનુના ઉરસંસાર. ૧૯
એક જ એથી અસાધ્ય છે સકળ કામમાં કામઃ—
સ્નેહ–પક્ષ તુટી જતાં પડ્યો પૂરાય ન ઘાવ. ૨૦
પક્ષઘાત વણ સ્નેહની બીજે ન કો પણ ઘાત,
વિધિકરમાં એ ઘાત પણ નહી પક્ષસંધાન. ૨૧
ખંડિત દમ્પતી થઈ જતાં શેષ રહી ગઈ પાંખ
અવર પાંખશું નહીં કદી ટેકીલી સંધાય. ૨૨
"હાડે તુતુ" નહીં ખમે કંઈ બહુમાની સ્નેહ;
એક રંગ–વટ–રાખતો સ્નેહ અવિચળ એહ! ૨૩
પણ, સખી, એવા સ્નેહ તો વિરલ જગતમાં હોય;
શેષ સર્વ તો નાચતા વિધિ–નચવ્યા હરકોય. ૨૪
તું ને આ આર્યા કહો, તે છે સાચું સર્વ;
પણ અંહીં સાધારણ નથી રતિનો એવો ગર્વ. ૨૫
દીઠાં સર્વ મ્હેં જગતમાં સાધ્ય ઉરક્ષયરોગ;
કવિમુખથી જ અસાધ્યતા શુણીયે તે તો ફોક. ૨૬
માટે વિરહી હૃદયશું જડાય અનુગુણ કોય
હૃદય અન્ય, તો સ્નેહની સૃષ્ટિ પુનર્ભૂ હોય." ૨૭

બોલી અબળા: 'પન્થીજન, કહો તમે તે સત્ય,
'સ્નેહ-શિખર આ જગતમાં ભાસે મુને અલભ્ય. ૨૮
'વળી અધિક આ દેશમાં દુર્લભ દીસે સ્નેહ:
'ત્યાં તમ વચન તણું મને ભાસે સત્ય અભેદ્ય. ૨૯
'ધ્રુવદેશ વીશે નિશા ઘણીક લાંબી હોય,
'ઉગે સૂર્ય તે પણ નહી વ્યોમ-શિખર પર સ્હોય;- ૩૦
'પરમેશ્વરના પાડથી જાણે ઉગતો હોય
'તેમ જ ભૂતટમાં ભળી ભેટે વ્યોમાભોગ; ૩૧
'તેમ જ રતિ આ દેશમાં દેખાયે કો દિન,
'તે પણ બ્હીતી બ્હીતી ને થતી ઘુંઘટમાં લીન. ૩૨
'એવી રતિને જોઈએ તમ કહો તેજ ઉપાય,
'પણ મુજ દેશી જનો વીશે વિરુદ્ધ છે આચાર. ૩૩
'સબળ વર્ગના સ્નેહના રુઝાય છે અંહી ઘાવ,
'પણ અબળાને ઉર તપે ધીકધીકતા અંગાર. ૩૪
'અબળાનું રતિરત્ન જો એકવાર ખોવાય,
'તો તેનાથી નહીં અંહી બીજું શોધ્યો ગ્રહાય. ૩૫
'પણ ખોવાયા રત્નને સંભારી દિન રાત,
'પ્રતિનિઃશ્વાસથી મૃદુ હૃદય દેતું હીન્દુને શાપ. ૩૬
'પ્રતિ પળ વિધવાને નેત્ર વ્હે ઉષ્ણ વારિ;
'ભગવતી ધરતીનું ઉર સિંચાય તેથી,
'ધરતીપણું તજીને તેથી આ આર્ય ભૂમિ
'સુતપદ પરદેશી લોકને દેઈ દેશે !!! ૩૭
'નીરખી જ મુજ અંકે આવું વૈધવ્ય આવ્યું,
'રતિપદ જડતાં કો વિશ્વમાં ના જ મ્હારું,
'અંહી નહીં જ જ જડ્યો તે ચિત્તસંયોગ ઇચ્છી
'મન કર્યું સતી થાવા-સ્વામીની સાથ જાવા. ૩૮
'અથથી ઇતિ સુધી આ વૃત્ત છે મ્હારું ભાઈ,
'નથી નથી નથી એમાં નક્કી કોઈ નવાઈ,

‘સદય હૃદય ત્હોયે સર્વ આ શુણી રોશે,
‘પથિકજન ! તમારે ત્યાં નહીં આવું હોશે !!” ૩૯

---

## ૧૯. પક્ષપાત.

[1] “કથા કરુણ પૂરી થતાં પ્રિયાઉરે જ કાંઈ
અચિન્તવ્યો થયો વિકાર શુણ તું તે નવાઈ. ૧
મુકી કપોલ હાથ કંઈક ચિત્તમાં વિચારે,
ચળક ચળક થઈ જ મુગ્ધ નયન વારિ સારે. ૨
શોકઊર્મિ મુખપયોધિ ઉપર ચપળ ચાલે,
શ્વાસ ઓષ્ઠ–દ્વિદળઅન્તરે ઘણોક મ્હાલે. ૩
હૃદયમાં ભરાયું સત્વ બોલી ત્યાં જ ઉઠ્યું,
‘હાય ! હાય ! હાય ! હાય ! કર્મ મ્હારું ફુટ્યું. ૪
‘ક્રૂર લોક ક્રૂર લોક હીન્દુઓ શું આમ ?
‘આર્યદેશ આ શું જ્યાં હતું રતિર્થ ધામ ? ૫
‘અસુરઘાતી વિષ્ણુ ક્યાં ગયા અંહીથી આજે ?
‘સ્નેહને અનાર્ય આર્ય માન ના શું આપે ? ૬
‘પરણે હીન્દુ બાળકો શું, બ્હેની, ત્હારી પેઠે ?
‘આર્ય લોક સ્નેહને શું આણતા જ વેઠે ? ૭
‘સ્નેહ સતી સીતતણો થયો શું સ્વપ્ન જેવો ?
‘ભેદ દમ્પતી ધરે એ કુહેર, કન્થ ! કેવો ? ૮
‘રતિનું નામ મુખથી જપતી થાય સતી નારી,
‘રતિથી કોઇ પુરુષે કદી જીવતી કાય બાળી ? ૯
‘મરણ સુધી વિધવ રૂહેતી કોમળ હૃદયવાળી—
‘સતી ન થાય તો શું કરે જીવી એ બીચારી ? ૧૦
‘કઠણ પુરુષ ફરીથી જોડ સ્નેહસૃષ્ટિ માંડે;
‘પાપણી શું નારી જેહ એક વાર રાંડે ? ૧૧

---

૧. શંકરાચાર્યકૃત નર્મદાષ્ટકનો કંઈક ઢાળ છે.

'નરનીં જાતિ સબળ દીઠી જગતમાં બધે
'પણ તે હીન્દુ દેશમાં તો સર્વથી વધે. ૧૨
'કાયર બળીનીં પાસ–અબળ જાતશું બળી—
'નહા જ એ સમાન હતા હીન્દુઓ કદી ! ૧૩
'આર્ય એને કોણ કહે ? અનાર્ય લોક એઃ
'કર્મ કાળું, મુખ કાળું, હીન્દુ હીન્દુ એ ! ૧૪
'અબળ જાત ઉપર જુલમ કરતીં જાત એ
'જુલમનો જ ભોગ થજો ! ! ! દઉં હું શાપ એ. ૧૫
'ઉઠનીં નાથ ! ઉઠનીં નાથ ! વેર જાનીં તું !
'સખાનીં સાથે મળીને કરનીં કામ કહું જે હું. ૧૬
'સહે સ્ત્રીજાત દુઃખ અંહીં તે સહીં હું ના શકું !
'વેર લેજે તેનું મુને વ્હાલીં તું જો ગણું. ૧૭
'મ્હારે તો જીવવું નથી જ, શુણ તું, નાથ, તે,
'અસુરતા આ જોઈ ન શકું હું જગતમાંહીં જે. ૧૮
'અસુર દીઠા બહુ જ પણ ન હીન્દુ તુલ્ય કોય,
'હીન્દુ વણ ન કોના ઘાર્થીં સુતનુસ્રષ્ટિ રોય. ૧૯
'હીન્દુ તુલ્ય લોક વસી હસીં જ જ્યાં શકે,
'કોમળ ઉર ઉપર જુલમ જ્યાં જ આ ટકે. ૨૦
'એ ધરાનું ધરતીપણું નહીં સ્વીકારું હું,
'ટેક મ્હારો છે જ મુને, જાઉંછું નાથ હું !" ૨૧
"વદતીં વદતીં એવું રોઈ ઝાઝું પડી એ,
મુજ ઉરપર નાંખી શિર, લેટી પડી એ;
ઉંચું કરીં શિર પાછું, અશ્રુધારાથીં ભીનાં
નયન થકીં મુને કો મારીયા, હા ! કટાક્ષ." ૨૨
"દીન વદન થકીં એવે દીઠો નીંકળતો નિરાશ નિઃશ્વાસ;
"થયો અપશ્ચિમ એ, સખીં ! હાય !"–અર્ધું એ વદી પથિક અટક્યો. ૨૩
અટકીં તરત એ પડીયો મોહ વીંશે; નયનોદકથી ભીનાં
થઈ પોપચાં નયનશું ચ્હોટીં ગયાં; રતિ ગઈ ફરી થાકી. ૨૪

થાકી ગઈ અબળા[1] એ, થઈ નિદ્રાવશ, નિદ્રામાં હાંફે;
અપૂર્વ એ સ્થિતિ સૂચવતું ધરાકમ્પસમ કમ્પ હૃદય ધારે. ૨૫
સજળ નયન જે ચેતન ઘોર નિશાને દીપાવતાં ઝાઝાં
આશપાશ ઉભાતાં સ્તબ્ધ થઈ તે ચમકી વદે "હાં હાં." ૨૬
પણ તે સઉમાં ભારે ચમકયું તરુણીરૂપ ચેતન તે ભાસે
પથિકહૃદયની સાથે જે રતિકેલિસમાધિમાં પડ્યુંતું. ૨૭
"શું થયું ? શું ? વદ, વ્હાલા ક્યાં ગઈ મ્હારી સખી રીસાઈ એ ?
"શું તું જાય એકલડો આમ મનાવા રીસાળને પાછો ? ૨૮
"નહીં નહીં આમ જવાય જ—ઘડીક વાર તું ઉભો રહે, ભાઈ:
"પુછી આપૃચ્છા પતિની હું પણ આવુંછું તમારી સાથે જ !" ૨૯
વદી એટલું એ બાળા પથિકહૃદયપર અચિન્તી પડી લપસી,
મુખપર મુખ મુકી સુતી "હાય ! હાય" વદી; પછી કદી નવ જાગી. ૩૦
સંસૃતિ પ્રપંચ થકી એ થાકી પડ્યાં ઝટ અનન્ત નિદ્રામાં,
ચેતન ઉભય; રતિરસ પી સુતાં, તે પીતા જ સ્વપ્ન વીશે ! ૩૧
પણ તે ઉભય તણાં ઉર શરશય્યાપર પડ્યાં પડ્યાં જાગે,
શોભાવી નિદ્રાને—ભીષ્મપિતામહ સમાન શક્તિથી. ૩૨
નયનજાય મળી મળી, મુખ જૃમ્ભાવશ, અંગ ખાતું બહુ ઝોકાં,
તેવી વાસકસજ્જા સમ એ આતુર ચેતનઉપર જાગે. ૩૩

---

## ૨૦. મર્મદ્વાર.

[2]એમ મચ્યુંતું કરુણ મનોહર ઇન્દ્રજાળ, ત્યાં આવ્યું
અન્ય અચિન્ત્યું નરરૂપ ચેતન શ્વાસ થકી ઉભરાતું. ૧

---

૧. રતિ.

૨. धीरसमीरे यमुनातीरे वसति वने वनमाली ॥ એ ઢાળ.

ઇન્દ્રજાળ એટલે જાદુનો ખેલ. ગ્રન્થના નાયકનું જ્ઞાનચેતન દેહમુક્ત થયું અને દેહની સાથે લપટાયલું સ્નેહશોકાદિનું બનેલું અંતઃકરણરૂપે શબ રહ્યું. મોહતિમિરથી ભરેલી રાત્રિને સમયે આ બનાવ બન્યો. મરનારના મિત્રની સ્ત્રી પણ આ અવસ્થા પામી. તે પ્રસંગે તે મિત્ર જે હજી જીવતો—ચેતનરૂપ હતો—તે આવી પ્હોચેછે અને મરનાર ચેતનના હૃદયનાં

છિન્નભિન્ન કંઈ બોલ જ બોલે, "હે મુજ કાન્ત ને કાન્તે !
"રતિરસ પીતાં આમ એકલાં મુજવણુ કેવી નીરાંતે ? ૨
"ઓ મુજ વ્હાલા ! વિરહનિશા બહુ ભાસી તિમિરતતિવાળી,
"પણ તે તુજ આગમ શુણતાં સુખચન્દ્રકિરણથી કપાઈ. ૩
"વિમળ સકળ શશી પ્રથમ વિપળમાં તે તો મુજને ભાસ્યો.
"પછી અકારણ ભય-શંકારૂપ કલંકથી જ છવાયો. ૪
"મંગળ તુજમાં ઇચ્છતું મુજ આ હૃદય કશાકથી કમ્પે,
" શંકી અમંગળ, મંગળ જોવા ક્યારનું આતુર ઝંખે." ૫
વદી વદી એવું સુખાતુર ચેતન આખર આવ્યું પાસે;
સ્તબ્ધ નારીગણુ મધ્ય શવારૂઢ ઉરયુગ સુરતે ન્હાયે. ૬
મણિકુન્દનસમ ઉભય જડાયાં પરસ્પરશ્રી પોષે,
સન્તમસે[1] સ્વર્ગંગાસમ એ કૌતુક ચિત્ર જ શોભે. ૭
તે જોનારું એકલું ચેતન હાંફતું હાંફતું ધાયું,
પથિકહૃદયનું દ્વાર ઉઘાડી અન્તર્મર્મ જ સ્હાયું. ૮
મર્મગ્રન્થિ ગુંચવાઈ હતી તે ધીર સુધીએ ઉકેલી,
એક પછી બીજી એમ જ આખર છોડી ગ્રન્થિ છેલી. ૯
તે છુટતાં સ્વરશોણિતધારા છુટી ચેતનપર ઉડી,
અભિત્તિ ચિત્ર અપૂર્વ બન્યું તે-નથી વાત આ જુઠી. ૧૦
જુઠ નથી આ જો સમજે તું, સાંભળનાર ! સુભર્મ,
ભર્મ સમજતાં જીવતા ચેતનનો ભેદાયો મર્મ. ૧૧
અન્ત્યમર્મની ગ્રન્થિ છુટતાં સ્વરધારા જે છુટી,
રમ્ય આકૃતિ તેની અનાશ્રય આ જ રીતે ઝટ ઉભીઃ— ૧૨

---

મર્મ ઉઘાડે છે એટલે તે હૃદય પોતાની ગુપ્ત વાત બોલવા માંડેછે. આ મિત્રને હવેથી "ચેતન," "ચેતનમિત્ર" ઇત્યાદિ નામથી ઓળખીશું. મિત્રનાં મર્મદ્વાર ઉઘાડવાની વૃત્તિ અને શક્તિ એ ઉભયનો સંયોગ સ્નેહનું પુરઃસર લક્ષણ છેઃ गुह्यमाख्याति पृच्छति એ પણ એક પ્રીતિલક્ષણ છે.

૧. અત્યન્ત અંધકારમાં.

## ૨૧. હૃદયભૂત[1]. ઇન્દ્રજાળ.

“ પ્રિયા ગઈ પણ હું જીવું ! કૌતુક એ કહેવાય,
એ કૌતુક તુજ કારણે જન્મ્યું આ જગમાંહ્ય. ૧
કૃષ્ણ ગયા પછી અર્જુને ધર્યા પ્રાણ નિષ્પ્રાણ,
એ જ રીતથી હું જીવ્યો, મુવા પછી પ્રિય નાર. ૨
તે જીવ્યો તુજ હૃદયને આલિંગન દેવા જ–
તે જીવ્યો કહેવા તને મુજ ઉરની સઉ વાત. ૩
નિજ કાન્તાઉરમાં વસી મ્હેં શુણી તે સઉ વાત,
જનનીઉદરે જ્યમ વસી ભણ્યો ભક્તિ પ્રલ્હાદ. ૪
સર્યો અર્થ એ એટલે દીધા તજી મ્હેં પ્રાણ,
હુંપણું રહ્યું તે તો હવે તુંને ભેટવા કાજ. ૫
હૃદયરૂપ છું ભૂત હું વર્તમાન જગમાંહ્ય,
તેને તું ઉદ્ધારજે દઈ આલિંગન ગાઢ. ૬
અસ્થિમાંસવણ જીવતું ભૂત હું તો કહેવાઉં,
શરીરહીન જીવહીન હું વદનથકી જ દેખાઉં. ૭
સ્થિરતારક હું દેખતું એક ટશે તુજને જ,
તુજ પાછળ ભમુંછું ઘણું, તુજમાં રહી હમેશ. ૮
ઘોર નિશા જ્યાં હોય ને શૂન્ય હોય વ્યવહાર,
થાકી પાકી બુદ્ધિને મળે ન જગનું કામ. ૯
અર્ધ જાગતી ને વળી અર્ધ ઊંઘતી હોય
વણ અંકુશ ત્યાં મ્હાલતી કલ્પક શક્તિ કોય. ૧૦
તો તેને દેખાઉં હું સ્વપ્નસૃષ્ટિનો ભાઈ,
મુજ પ્રતાપ જોઈ, રહે જાગૃત સૃષ્ટિ ચુંમાઈ. ૧૧

---

૧. નાયકના અંતઃકરણશખને હવે “ હૃદયભૂત ” એ નામથી કથવામાં આવશે. લૌકિક શ્રદ્ધામાં દેહત્યાગ પછી જીવ ભૂતરૂપે જીવેછે તેમ ચેતનહીન જીવ સંસારમાં હૃદયરૂપે સ્ફુરેછે માટે તે પણ એક જાતનું ભૂત જ. મર્મદ્વાર ઉઘડતાં તે ભૂત હવે મિત્રસમક્ષ બોલવા માંડેછે, અને હૃદય હૃદયની સમક્ષ નવા ખેલ રચેછે.

ભડકા સમ ઘડી ઘડી બળું ઘડી ઘડી હોલાઉં,
કામરૂપ, વાયુપડે મરજી પડે ત્યાં જાઉં ! ૧૨

નહી તિમિર–નહીં જ્યોતિ હું; ધારું રંગ બહુ ચિત્ર,
ભમાવું, ભુરકી નાંખું હું, ધુણાવું જનનાં ચિત્ત. ૧૩

એવો જાતનું ભૂત હું–વર્તમાન તુજ કાજ,
નિરાધાર સ્વરૂપ હું, વ્યક્ત તુંને છઉં આજ. ૧૪

સાંભળ ! સાંભળ ! જ્યાં સુધી નિશા ન ચાલી જાય,
ત્યાં જ સુધી દેખાઉં હું, ત્યાં સુધી છે મુજ કાય. ૧૫

સાંભળ ! સાંભળ ! યામિની હજી રૂહેશે ઘડી ચાર,
દિવસરાજના રાજ્યમાં તસુ પણ મુને ન ઠામ. ૧૬

સાંભળ ! સાંભળ ! સાંભળી હુદ્‌કારા ને ઠામ,
" હાય ! " " હાય ! " એ મંત્ર તું જપજે અગણિતવાર ! " ૧૭

રહી ગઇ એ સ્વર કેરી ધારા,
જ્યોતિ પછી કો ઉછળી અપૂર્વ
પથિકના ચિત્તથી બ્હાર આવી,
ઉભું, નિશાનું સ્મિત હોય જાણે. ૧૮

જ્યોતિમયી અક્ષરકલ્પના ત્યાં,
વ્યાપી દિશા, ઉભી જ નેત્રરમ્ય;
પ્રત્યક્ષરે તન્ત્રીસમો નિનાદ
થઈ રહ્યો કર્ણથી હર્ષપેય. ૧૯

તે અક્ષરો નેત્રથી વાંચી વાંચી,
તે અક્ષરો કર્ણથી શુણી શુણી,
મારી ઉછાળા નર–ચેતને ત્યાં
તે અક્ષરો પીધ ફરી ફરીને. ૨૦

પીતાં ન પોતે થયું તૃપ્ત; તેથી
આકાશરૂપી વિકસી રહેલ

ક્ષપા[1]મુખે ગણ્ડૂષ અક્ષરોના
સિઞ્ચે; ક્ષપા ગાજતી તેની લ્હેમાં. ૨૧
રચાયું અક્ષરમય જે ભુવન એમ જડચેતન સૃષ્ટિમાં,
છપાઈ રતિરવિકિરણથી છવિ તેની હજી કાળ–કાચપર છે. ૨૨

---

## ૨૨. હૃદયગન્ધ.

રસિકજનો છવિ તેહ નીરખે મનલોચન વડે,
તે અર્થે તેને જ અલ્પશક્તિ હું અનુકરું. ૧

હૃદયભૂત—"ક્યાં તુજને કાગળ લખું? કોયે ઉડી ગઈ ધામ?
નીશાની એક ન તુજ રહી, રહ્યું એક મન નામ. ૨
પડ્યો મેઘ પ્રીતિ તણો વરસી મુસળધાર,
સુગન્ધ પૃથ્વીએ વહ્યા વિધ વિધ વનના ભાર! ૩
છાઈ નભ નક્ષત્ર સઉ ઉભો એકલો મેઘ,
તેના રસની રેલમાં થયો ભૂમિનો બેટ. ૪
સ્થિતિ તુજ મુજ તેવી હતી, ગઈ આજ બદલાઇ,
રહ્યો વિકાસી મુખ હું, ગઈ તું જ ચોરાઈ. ૫
સકળ ઇન્દ્રિયોનું હતું કલ્પવૃક્ષ તે દિન,
સ્નાન કરી પાવક વીશે, થયું તે અન્તર્લીન. ૬
દેહભુવન દીપાવતો રમ્ય હતો જીવ–દીપ,
તે આજે રાણો થયો, ગઈ મુક્તા! ગઈ છીપ!" ૭
આદ્યાક્ષર એ છવિ તણા ગ્રહીને ચેતન મૂઢ,
ભાન પામી સમજ્યું સઉ પથિકતણું દુઃખ ગૂઢ. ૮
"હાય! હાય! આર્યા ગઈ આર્યા પ્રિયપ્રાણ!"
વદી એવું ચેતન પડ્યું શ્રવણયોગની માંહ્ય. ૯

---

૧. ક્ષપા એટલે રાત્રિ.

## ૨૩. પ્રમાદ, મદનગન્ધ.[1]

શ્રવણ ચેતને ફરી ધર્યાં; નીરખી, અક્ષરચિત્ર
હૃદયભૂત રચતું વધૂ, અવનવી કલ્પી રીત. ૧

ત—[2]“શુણની પ્રિયા મ્હારી વાત, પડઘા સમો ઉત્તર દેની; (ટેક.)
જગતઉપર રીસાઈ તું થાય જગતથી દૂર;
પણ હુંમાં દીઠ દોષ શો જે તું આમ થઈ છેક ક્રૂર? –પડઘા૦ ૨
જગત ભયંકર ભાસીયું, અસુર દીઠા સઉ લોક,
તો ત્યાં મુજને એકલો કેમ મુકયો સ્હેવા આ શોક? –પડઘા૦ ૩
ચક્રવાકોની પેઠ વા ગાળી વિયોગે રાત,
સૂર્યોદયકાળે મુને પાછી ભેટીશ શું પ્રિયપ્રાણ? –પડઘા૦ ૪
અથવા તું પામી નહી મુજ હાથે કંઈ સુખ,
તે માટે લાગ્યું રખે ત્હારા ઉરમાં હોયે કંઈ દુઃખ! –પડઘા૦ ૫
આવ, આવ, ફરી! પ્રાણ! તું! વર્ષાવું વર્ષાદ
તુજપર સઉ સુખનો હવે; ત્હારા ચિત્તનો છોડ વિષાદ. –પડઘા૦ ૬
રતિકેલિની લ્હેરમાં ગણ્યાં ન મ્હેં સુખ દુઃખ,
આવે તું તો લાવું હું, પકડી પકડી, કહે તેવાં સુખ. –પડઘા૦ ૭
ચંડી! જીવી હત તું તો કોપ જ અશ્રુપૂર
લ્હુવત તાહરાં હું કરી અનુનય ઉરભરપૂર. –પડઘા૦ ૮
પણ અનુનયના માર્ગની પડે ન મુજને સુઝ,
ઊર્ધ્વ નાચતું મદનનું નચવ્યું ક્યાં છે કહે પદયુગ? –પડઘા૦ ૯
મનાવતાં સુકાઈ જતું વદન માહરું જોઈ
નયન મનાતું તાહરું ક્યાં છે? કહેની, કહું રોઈ રોઈ. –પડઘા૦ ૧૦

---

૧. સ્નેહ અને મદન એ કેવળ ભિન્ન વિકાર છે, કારણ સ્નેહનો દેહ માનસિક છે અને મદનનો દેહ શારીરક છે અને શારીરક વૃદ્ધિક્ષયનું પાત્ર છે. પરંતુ સ્રીપુરુષના સ્નેહનો પ્રવાહ પોતાના મૂળ આગળ જ મદનના પ્રવાહને પોતાનામાં ભળેલો અનુભવેછે. તેથી આ સંગમસ્થાને દીસી આવનાર પ્રમાદ અને જડતાના રૂપનું અને થોડાક કાંડમાં કથન કરવું ઉચિત ધાર્યું છે.

૨. સાખીયોનો રાગ.

મદનમત્ત બની દુભવી તુજને ઘણીક વાર,
તે સંભારીને જ શું આમ મનસ્વિની તું રીસાય? —પડઘા૦" ૧૧

આરંભ આ અક્ષર-કલ્પનાનો
જે સત્કૃતિ ચેતન પાસ પામ્યો
તેનાથી ઉત્તેજિત ચિત્તભૂત
ફુલી ફુલીને ખીલતું અતીવ. ૧૨

રતિમય હતું તેમાં જાગ્યે સ્મૃતિ સ્મરની કંઈ
સ્મરમય થઈ, છોડી લજ્જા સ્વમિત્રના આગળ,
તજી તજી સઉ અન્તરવસ્ત્રો, પ્રકાશા સ્વરૂપને
મદમય ધુણી ધુણી એ તો બકે મન આવ્યું તે. ૧૩

તારુણ્ય-ગોવાળ ચરાવતો જે
તે તે પશુઓ, છુટી બંધનોથી,
સ્વમિત્રચિત્તે ચરવા રાતને
ચાલ્યાં બની જુથ વિચિત્ર ચિત્ર. ૧૪

---

## ૨૪. સંસ્કારવિરોધ.

[૧]સખીમંડળી:—

"અંહી ઉગ્યો ત્યારે ધમકભર્યું રાગે ઉર હતું;
તપી તેજોરાશિતણું વમન કીધાં કર્યું અંહી;
મૃદુ તેજે જોતો મુજ ભણી, ગયો મિત્ર[૨] અંહીંથી;
નિશાપુષ્પો[૩] સારે નયન ખનું[૪] આવું ગણી રહે[૫]!!" ૧

---

## ૨૫. પ્રગલ્ભમદન.

**ભૂત.**—[૬]"કામે કૌતુક કીધું તે દિને, તેને સ્મરતાં રોઉં જો વ્હાલીરે. કામે૦(ટેક.)

---

૧. નાયકના મિત્રની પત્નીની આશપાશ ઉભેલી સાહેલીયો પણ પ્રસંગે પોતાના ઉભરા ક્હાડે છે. તેમનાં વચન ઉપર "સખીમંડળી:—"શબ્દ અત્રે તથા ભવિષ્યમાં માલમ પડશે. ૨. મિત્ર=સૂર્ય. ૩. નિશાપુષ્પ=ઝાકળ. ૪. ખ=આકાશ. ૫. રહ=એકાંત. ૬. "ગોવર્દ્ધનવાસી"ને મળતો રાગ છે. સ્થળસમયાદિથી ઉત્પન્ન તથા ઉદ્દીપ્ત થાંત મદનને દામ્પત્યસ્નેહ નિરંકુશપણે વર્તવા દેછે તેનું આ કાંડમાં સૂચન છે.

જ્યારે સાંભરતું એ સર્વ રે ત્યારે હૃદય રુવે ચોધાર !
પ્હેરાવી અલંકૃતિ ઉત્તમ સખી શરદે તે વાર રે. —કામે૦ ૧
રાત્રિ ઉર્સો ચતુરા પ્હેર્યો તે હરતી શશિનાયક કેરું ઉર,
શ્વેત મેઘાંબર ધાર્યું યુવતિ, ધર્યા હાર તારા ભરપૂર રે. —કામે૦ ૨
આંટી ભીંડી કરથી[1] અને પાદથી[2] રે એને ઉત્સંગ લીધ મૃગાંક,
રતશ્રમથી વાયુછળે હાંફતી ક્ષપા જીતી દેખાઈ અનંગ રે. —કામે૦ ૩
કામ દાસ થયો એમ રાત્રિનો રે પ્રેરે યુવતિ એ તે દિશ જાય,
ધાયો બળ કરી તુજને એ જીતવા, વ્હાલી ! ભુલી તે તું શું જાય રે ?—કામે૦ ૪
વાતો કરતાં કરતાં પરદુઃખની રે ધરતાં જનહિત કરવા આશ,
સૈન્ય નિદ્રાનું હાંકી ક્હાડતાં, દૃષ્ટિ ત્હારી ગઈ આકાશ રે. —કામે૦ ૫
નિશા સાથે મળી આંખ તાહરી રે હસી જોઈ તું એનો પ્રમાદ,
ત્યારે 'શું હસે ? લેતો જા તું ય' રે કહી પ્રેર્યો તુંમાં એણે કામરે. —કામે૦ ૬
બળ સર્વ કરી તુંપર આવીયો રે કામ રાત્રિની ઈર્ષ્યાનો દાસ,
મ્હારી લાડકડી, સહી ના શકી બળ એનું તું તો સુકુમાર રે. —કામે૦ ૭
બોલી ઉઠી અચિંતી તું ઉછળી રે છળી ગઈ હોય તેવી થઈ જ,
"ઉઠ નાથ, ઉઠની, ઉંઘે શું જ તું ? દશા દેશ કાળની નીરીખ રે. —કામે૦ ૮
ક્ષણદા[3] કુમુદબન્ધુ[4] શું રમે ! જોની ! એ રે મરડે, જોઇ મુજ સામું, મુખ !
ફાટ્યો ફાટ્યો ફરે છે અનંગ આ, વાર એને, એ દે મને દુઃખરે. —કામે૦ ૯
જોની ! ચોર કુસુમના ગન્ધનો રે સ્પર્શ કરતો અધે મ્હારે અંગ,
વસ્ત્ર કેશ ખેંચી ફાવે તેમ આ વાયુ નફ્ટ કરે દુષ્ટ રંગ રે. —કામે૦ ૧૦
તને નિદ્રા તે શી આ આવતી રે ? સ્વાર્થી ગરજ તણા ઓ નાથ !
ત્હારે ગરજ સમે થઉ દાસી હું ને તું શું ન કરે મુજ વ્હાર રે ? —કામે૦ ૧૧
ઉઠ, ઉઠનોં ઉઠનોં, ઉઠની રે ક્હેની પ્હેરું વિભૂષણ શાંય ?
શઠ, સમજ્યું છું વેશ હું તાહરા—જાગો—જાગો, નહી જ ઉંઘાયરે !" —કામે૦ ૧૨
હૃદયભૂતનું કથિત એ શુણતામાં તત્કાળ,
" હાય ! હાય ! " એ ગર્જના ચેતનમુખમાં થાય. ૧૩

---

૧. કર એટલે કિરણઃ હાથ જેવા. ૨. પાદ એટલે કિરણઃ પગ જેવા. ૩. ક્ષણદા એટલે રાત્રિઃ "અવકાશ અથવા ઉત્સવ આપનારી." ૪. ચંદ્ર.

ગાજી રહ્યાં એ શબ્દથી ધરતી ને આકાશ,
ધુણી ધુણીને હૃદય તે શુણતાં ખોલતું જાય. ૧૪

## ૨૬. નિશાચર મદન.

સખીમંડળી:—"[1]વધી વધી અન્ધ નિશા આ બનેછે,
મદન! તેથી ત્હારો નીશો શો ચ્હડેછે!
ગયા પ્રાણ, ભૂતપણું એક ર્‌હેછે:
ત્હોયે તુંથી ભડકા આ તે શા બળેછે? ૧
હતાં ગાતાં વિશ્વમાં પોપટ મેના,
શુણી શુણી ફુલી ર્‌હેતાં ઉર તેનાં:
રુવે ઘુડ, ફાટી ગયાં ઉર આજ,
ત્હોયે ક્ષુદ્ર તું સમના શા આ તાપ? ૨
રમ્યાં રણખેલમાં ઉર સજોડે,
ભમાવ્યું ભમ્યું ઉર ઉર—વ્રતો દે;
સાલે શલ્ય સમ એ સમો સાંભરીને,
તેમાં સોય! ખુંચે તુંયે ઉમેરીને?" ૩
અંધકારમાં સખીમંડળીનો સ્વર ઉડતોતો જેવે,
અંધક્ષિતિજમાં વંઠેલાનું યૂથ આવ્યું કો તેવે;
પશુયોનિ સ્મરનું પ્રેરેલું એકેન્દ્રિયનું જ્ઞાની,
ગ્રામ્ય રચે કોલાહલ એ યૂથ અપરસમાં રસ માની. ૪

## ૨૭. સ્હેલ કરવા નીકળી પડેલ વંઠેલાઓ તથા ગણિકાઓ.

૧ વં.—આહા! આ શી ખીલી ચંદા![2]

---

૧. "મ્હેં તો નહીં રહુંગી તેરા નગરમેં" ને મળતો રાગ. મદનનાં સ્વરૂપ અને સત્તાના લક્ષણનું આ કાંડમાં સૂચન છે.

૨. "આહા! આ શી ખીલી ચન્દા!" એ રા. નર્મદાશંકરની એક કવિતાનો આરંભ છે.

૧ ગ.—અંધ રાત્રિમાં પણ શી ચંદા!
૧ વં.—અંધ રાત્રિમાં તું મુજ ચંદા. ૧
૨ ગ.—આહા! આ શા રસકંદા!
૨ વં.—તે નવ ચાખે મતિમન્દા. ૨
૩ વં.—ઓ મુજ વ્હાલી! ચુમ્બન દે,
૩ ગ.—ધનવણ તુજને ક્યાંથી એ?
૩ વં.—ધન સઉ દેઈ દીધું તુજને,
૩ ગ.—તે થયું મુજ; શું તુજ હવે!
૩ વં.—દીધું ન દીધું શું જ થયું?
૩ ગ.—નદીને સિન્ધુએ શું દીધું? ૩
૪ વં.—પ્રિયપ્રાણ! તું મુજ, ન અન્યનોં કે?
૪ ગ.—અહહા! ગણિકા, તુજ એકનીં હે? ૪
૧ વં—આહા! આ શી ખીલી ચંદા!
૩ વં.—નાસી જતા ધનના કંદા!
૫ ગ.—આહા આ શા ધનકન્દા! ૫

ગણિકાઓ હસતી તથા નાચતીઃ...
[1]માયા નટડી એક નાચતી, મ્હોટો ઘાઘરનો ઘેરરે!
૨ વં.—ચીતરી એ ઘેરપર પુતળી,
બીજા વં.—ભસ્માસુરનીં તે બ્હેન રે. ૧
૧-૨ ગણિકાઓઃ—
એવી બ્હેનો તે અમે કેટલી?
૩-૪ ગ.—* * * * ફરતાં એક થતી લાખરે.
૧-૨ ગ.—એરે માયાએ શીવ્યા ઘાઘરા
બાકીની ગ.—અમો પ્હેરીયે સદાય રે. ૨

ચેતન મિત્ર.

"જાવ! જાવ! સઉ શંખણીયો! સઉ જાવ! અંહીથી આવી!
જાવ! તમારાં દર્શનથી અમ નયન થાયછે પાપી! ૧

૧. આ રાગ પરજિયાને મળતો છે.

પવિત્ર રતિની મૂર્ત્તિ તણું જ્યાં કિરણ એક પણ આવે,
ત્યાં અંધારાં ઘોર, ઘુડણગણ, તમ આંખોમાં આવે. ૨
નરઉરમાં તમવડે જ ખાતર અનંગ તસ્કર પાડે,
એ તસ્કરને પકડી દંડને અધીન સ્નેહ કરી નાંખે. ૩
સ્નેહભૂપની શીતળ છાયમાં વસે સર્વ મંડળ આ,
સ્નેહભૂપની આ રાણીપાસે ખપે મદન પંડકમાં. ૪
એ રાણીનાં કીર્તન શુણવા નહી તમે અધિકારી,
ક્ષુદ્ર લોક! સઉ જાવ નાસી! રતિવિન આજ અંહીં ચાલી. ૫

(વંઠેલા તથા ગણિકાઓ પાછે પગલે હઠતાં, ખરખડતાં, ધરતીમાં સમાઇ અદૃશ્ય થઈ જાયછે.) એક વંઠેલ ઉપર રહી જાયછે તે વંઠેલઃ—

"હાય! હરિ! શું કરું હવે હું આજ? મુજને અનુશય અતિશય થાય (ધ્રુવ.)
પતંગ ઉડતાં ઉડતાં સ્પર્શ્યો સ્મર–અગ્નિની ઝાળ,
ભૂતપતિ થઈ ભીખવા લાગ્યો ભીલડી કેરી પાસ. હાય૦ ૧
ગણી સ્વકીયા ગણિકાને, જઈ ઉભો તેને દ્વાર,
થરથરતો તેના ઉમરપંકમાં કળી ગયો મુજ પાગ. હાય૦ ૨
ત્યાંથી મુજને ઉધારવાને મળી નીચ એ નાર,
મલિન શરીરનરકે રમતા મૂઢ ઉરે કહ્યું નહીં 'હાય!' હાય૦ ૩
દીપવાળી હુતાશની સમી પ્રકટીતી તેને ઘેર,
ક્ષુદ્ર બની જીવ બીભત્સ ગાતો ઉભો તે મધ્યે જ. હાય૦ ૪
ઉરઘ્રાણ ગુંગળાવી નાખે એ અત્તર ગુલાબ,
સુંઘી સુંઘી કોગળીયું મુજને આવ્યું ત્યાનું ત્યાં જ. હાય૦ ૫
તે કોગળીયામાં મ્હેં જાણ્યા તે સમયે સુર–ભોગ,
ઉડી ગયું ધનરુધિર, શ્મશાને ઉગ્યો સત્યનો બોધ." હાય૦ ૬

સખીમંડળીમાંથી એક સખી જુદી પડીને—

"ઉભો રહે, તું ઉભો રહે! ઓ પતિત જન! ઘડીવાર,
સ્નેહકલ્પતરુના ફુલનો અંહીં પ્રસરે રમ્ય સુવાસ. ૧
સ્નેહદેવની વર્ત્તે ચોગમ અહીંયાં પાવક આણ,
મદન-મહીપ ગ્રહી શિરે પાદુકા જોડી ઉભો રહે હાથ. ૨

અન્ય રાત્રમાં રતિરત્નનો પ્રકટ્યો અંહી પ્રકાશ,
ભાગ્ય તુજ જે એ જોવાને તું પામેછે આજ. ૩
સ્નેહ-વેદના સ્વર તાણે જે આ નૈષ્ઠિક ઋષિરાય,
ધન્ય તને એ સાંભળવાને દીધો ઈશે અધિકાર. ૪
ઉભો રહે, ઓ શૂદ્ર, દૂર તું, ઉભો રહે ઘડીવાર,
પરામર્શ રતિપારસમણિનો લે તું આજની રાત. ૫
ઇન્દ્રજાળ આ જામી રહ્યું છે ચિત્ર રમ્ય અદ્ભુત,
તુજ સરખાઓમાં એ ક્‌હેવા થજે સવારે દૂત!” ૬
કરતી દિગમ્બર જગતને રજનિ આમ પળવાર,
તે જોતાં લઈ ઝૂંપ નવું જાગી ઉઠે ભૂતકાળ. ૭

---

## ૨૮. ઉપાધિહીન પ્રિયસ્વરૂપનું દર્શન.

ભૂત—[૧] “તું સમરની તે, તું સમરની તે તજ્યું ન ત્‌હેં ગુમાન તે.-ટેક૦
તે દિન રાત્રિ અર્ધ વીતી ને સૃષ્ટિ શાન્ત જોઈને,
ચન્દ્રલેખા શરમ ધારી નીકળી વ્યોમ-ઉપવને. —તું૦ ૧
હળવે હળવે એકલી હર્ષભેર ચાલી એ,
બ્હીતી બ્હીતી ચાર પાસ જોતી, ‘કો જુવે રખે!’ —તું૦ ૨
તરંગ-કરથી તાલ દેતો ઉદધિનાથ એકલો,
ગાતો દેખી પટ ત્રપાનો છુટી નીચે સરી પડ્યો. —તું૦ ૩
સરી પડ્યો સ્વમુખથી તેથી નાથની સ્હામી ઉભી રહી,
કર ને પાદથી નાથને કણ્ઠ ને શરીર વળગી ગઈ. —તું૦ ૪
વળગી નહી એ એમ જ કેવળ પણ સ્વનાથના ઉરમાં.
વસી સ્વબિમ્બને ઝંપલાવી નાચે ઘણું તરંગમાં. —તું૦ ૫
સફેન-સ્વેદ અમ્બુધિ સ્પર્શે અભિનન્દતો,
ઉલટતાં આનન્દ ચિત્ત સ્વરસની સીમ વધારતો. —તું૦ ૬
વિજન પુલિન ઉપર ફરતાં જોયું એ સર્વ મ્હેં ને ત્‌હેં,
મુગ્ધ હતી તે વાર, ન્હોતી તું માગવા શીખી ભાવે તે. —તું૦ ૭

---

૧. “અબ જાન દે! અબ જાન દે! સામ પરી ઘનસ્યામ વે!” એનો ઢાળ.

મનમાં રમતું કંઈક હતું ને ક્‌હાડ્યોં ત્‍હેં વાત ભિન્ન કંઈ,
ગયો તે સર્વ સમજ્યોં હું ! ર્‌હે સ્નેહ પાસે શું છાનું કંઈ? —તું૦ ૮
કસવા ત્‍હારા ટેકને ત્‍હોય મ્‍હેં બોલવા દીધી બોલી તે—
ગજબ ત્‍હારો ટેક ! ઓ વ્‍હાલી ! ઓછું ન કીધું ત્‍હેં તે દિને —તું૦ ૯
હારી તું ત્‍હોય જીતી જ એ તું, જીત્યો તથાપિ હાર્યો હું,
મિષે મિષે સરાવ્યો અર્થ, પણ નહી જ યાચ્યોં તું ! —તું૦ ૧૦
જીતી ને મદપ્રફુલ્લ બોલીઃ—"જગતમાં તું સોંગ લે,
" ફાવે તે ચિત્રવિચિત્ર પણ હું છોડવું ત્‍હારા ઢોંગ તે. —તું૦ ૧૧
" કંઈક તું રાજા થઇને રાજે, થાયછે શૂર યોધ કંઈ,
" યમ સમો તુંને કરાળ જોઈ કાંપે અસુર કંઈ. —તું૦ ૧૨
" શૌર્ય, માન ને જ્ઞાન આદિથી ઢંકાઈ ફરતો બ્‍હાર તું,
" પણ તે સર્વ વ્યર્થ, મ્‍હારી પાસ તું જે છે છે તે જ તું. —તું૦ ૧૩
" ખરેખરું છે રૂપ ત્‍હારું જે તે જ દિગમ્બર જોઉં હું,
" નાટકો બ્‍હાર તું ભજવે તેના કવિશું રમતી મોહું હું. —તું૦ ૧૪
" મ્‍હારી પાસે તું શૂર નહી, ન જ્ઞાની, ન માની, ન ઇતર વા,
" જેવો છે તેવો એક જ એક ગત-ઉપાધિ ઉર-સખા. —તું૦ ૧૫
" એક જ ચિત્ત, એક જ કર્મ, એક જ અર્થ આપણો,
" ઓળખું એમ જ તુંને, શું લોક સમજે અન્ધ બાપડો ? —તું૦ ૧૬
" ખરું કે ખોટું ? એ ક્‌હેની ? ઓ વ્‍હાલા, સાચ્યોં જ વાત બોલજે:
" ન્‍હાની શી આટલી નાર હું તેનો નચવ્યો કેવો નાચ્યો ? " —તું૦ ૧૭

બોલી એવું, કામની કીર્તિ ગાતી
મ્‍હારે સ્કન્ધે ટેકવી હસ્ત—વલ્લી,
લોલોલ્લોલ પ્રેમ—ઉન્મત્ત નેત્રો
તે દિને ત્‍હેં શાં નચાવ્યાં ? મૃગાક્ષિ ! ૧૮
થન થન થન તું તો શી થઈ, સુભ્રુ ! ત્યારે
સ્મિતમય તનુ અંગો ચન્દ્રિકામધ્ય ન્‍હાતાં,
નીરખી નીરખી ત્‍હારાં, ભાગ્ય મ્‍હેં મ્‍હારું માન્યું;
હરખી ફરી ફરી મ્‍હેં શી તને ચુમ્બી ત્યારે ! ૧૯

થઈ ગયું સઉ એ તો ના થયા જેવું આજે !
મનસિજ પડી ભાંઠો દૂર રહેછે હવે તો.
નિશદિન રતિ રોતી, ના સુઝે દિન રાત્રિ;
સુનું સુનું ઉર લાગે, "વ્હાલી ઓ વ્હાલી !" થાયે." ૨૦
શ્રોતા ચેતન એ સુણી થયું દીસે દિઙ્મૂઢ,
નેત્ર એનું દીન બની બની સારે જળનાં પૂર. ૨૧
અનુકંપાયું સ્વમિત્રથી હૃદયભૂત એ રીત,
ખોલી ગુપ્ત ભંડાર નિજ કથતું અકથ્ય પ્રીત. ૨૨
સ્નેહાસવની લ્હેરમાં દીઠા મદનમદરંગ,
જાગી પ્રતિભા વિરહમાં સ્મરતી તે જ પ્રસંગ. ૨૩
જગમાં ડાહ્યા થઈ ફરે તે હસશે સુણી એહ,
પણ નિજ વીતી વિચારીને ગંભીર થવું ઘટે જ. ૨૪
ડોળઘાલુ પંડિત કંઈ બ્હીતા સુણી સ્મરનામ,
તેવાએ ધરવું જ નિજ નિશાવિનોદનું ભાન. ૨૫
પશુયોનિ છે મદન, પણ રતિને ઘેર પૂજાય,
શિવમન્દિરમાં આખલો પામે અધિકું માન. ૨૬
સ્નેહી પ્રાણીયે મદનને દીધાં જે જે માન,
કરતાં એનાં કીર્તનો ધરું ન શરમ કદાચ. ૨૭
માલ વગરનો મદન એ રતિને પગલે પૂજ્ય,
કાલાં ઘેલાં તે તણાં તેથી કથે ઉરભૂત. ૨૮

---

## ૨૯. રસસંક્રાન્તિ.

ભૂત—[1] " નવ જોઈએ કોઇ ઉપાધિ, વ્હાલી, નવ જોઇએ કોઈ ઉપાધિ !
રતિરસનું એ શિખર કહાવે જે છૂટી ઉપાધિ બધી જાએ,
સર્વ અન્તરપટ સરી જ પડે ને તનમન રસચળ થાયે. —વ્હા૦ ૧
રમણીય થાય જ રસની સંક્રાન્તિ એક થકી જ બીજાને,
એકનો પટ બેસી જાય બીજાને, એ જીવનો સંગમ થાયે. —વ્હા૦ ૨

---

૧. " બીરપેંડા પ્રેમકા નોખા કહાવે, જ્યાકા બેહદિ ભેદ ન પાવે ! બીર.
સબ સાધનને રહિત જ્યું અબલા, સો થેઇ થેઇ નાચ નચાવે ! બીર."—એ રાગ.

એક બીજામાં સમાહિત થાતાં આનન્દયોગમાં ન્હાયે,
અનુભવી જન એ યોગને જાણે, અન્યથી ના જ કલ્પાયે. – વ્હા૦ ૩
યોગ અશક્ય થયો એ હવે ને પડી છુટી સમાધિ જે સાધી,
રંગમાં ભંગ કર્યો આજ ત્હેં ગ્રહી દુર્જય મરણઉપાધિ. – વ્હા૦ ૪
"સંક્રાન્તિ જે વિવિધ રસની આપણી થાતી ઝાઝી,
તે તે સર્વે સ્મરી સ્મરી જ હું મોહ પામુંછું, બાળા !
આજે આવો કરુણ રસ જે ચિત્ત રેલાય મ્હારે,
ત્યાં તું સાથી નથી જ મુજ તે એકલો હું રીબાઉં. ૫
"હાય! હાય! તું વણ મને શૂન્ય દીસેછે સર્વ,
છે જે તે છે નથી સમું–જાય ફાટી મુજ મર્મ." ૬

---

## ૩૦. સંક્રાંતરસ.[૧]

ભૂત—[૨] "વાત સર્વ પાછલી સાંભરતાં ભરાઈ આવે છાતી,
ખડી થાય છબી તુજ મુજ સન્મુખ–આંખ જળથી ઉભરાતી. ૧
ગયા ભુલાઈ પ્રસંગ તે તે સ્મરણે પાછા આવે,
ભૂત વસ્તુ બની વર્તમાનસમ અસ્ખલિત રોવરાવે. ૨
સૂર્યબિમ્બની આશપાશ જે મેઘરાજિ વીખરાતી,
વાયુવેગથી શીકર જળના હળવે હળવે છાંટી, ૩
તેની લક્ષ્મી અનુકરી ટપકતા જળથી કાળા કેશ
ખભે વેરાઈ ગૌર મુખ તજ ઘેરી મનહરવેશ. ૪
અંગ સ્નાનશીત તુજ સ્પર્શી એ ઘનપટમાં હું સમાયો,
કેશભાર આ તુજ મ્હેં ત્યારે નીચોવવા ખુબ ઝાલ્યો; ૫
નીચોવતાં ખેંચાયો તેથી રીસાળ તું રીસાઈ
બોલી ઉઠી 'પ્રિય, જા તું, જા તું, કંઈ જુવે નહી ! હું દુખાઈ.' ૬

---

૧. પાછલા કાંડમાં "રસની સંક્રાંતિ" એ ક્રિયા વિષયભૂત હતી. એ ક્રિયા સંપૂર્ણ થયા પછી સ્નિગ્ધ જનની "સંક્રાંતરસ" દશા તે આ કાંડનો વિષય છે.

૨. "નરનારી મન મોહ બસો હેં ! અંગ અનંગ લુભાયો, ક્યાકે પ્રીતમજીને બંદીમેં સબતજ રાગ બસંતકો ગાયો" એ ઉપરથી ઢાળ.

એ જ સમે સ્મર, સ્મર, મુજ કેવી કેવી કળાથી મનાઈ?
રૉસાઈ જરીમાં, મનાઈ જરીમાં; તે તું આજ ક્યાં? વ્હાલી! ૭
નથી રૉસાવા–નથી મનાવા–તું, તો મનાવું કોને?
મનાવ મુને–આજ રૉસાવા વારો છે–મુજ જોને. ૮
હાય! હાય! પણ છે બહુ પક્કી તું તો, મુને ન મનાવે,
વારો પોતાનો આવે ત્યારે ક્યાં તું જઇ સંતાયે? ૯
ક્યાં તું જઈ સંતાયે આજે? ઘટે ન તુજને એવું,
ઘટે ન એવું જોને એથી થાય મને દુખ કેવું? ૧૦
"હાય! હાય! મુજ કાજ દીસે ન કંઈ એને તમા,
અપૂર્વ આ ઉત્પાત! સત્ય હશે કે સ્વપ્ન એ? ૧૧
"સ્નેહને માન ન આપે, સખી, તું તો સ્નેહનું માન ન રાખે!
હોંશથી આવું ઉમળકો ધરી હું તેને આમ કાં તરછોડી નાંખે? –સખી૦ ૧૨
જેની એકલો ભર્યા વિશ્વમાં ભાસું, તે તો ત્હારા વિના આજે –સખી૦
હસતા જગતમાં રોઉં એકલો; જોઉં નહીં છતી ઉઘાડી આંખે –સખી૦ ૧૩
એકાન્તે લપ્પાઈ ભુરાયો ભુસું હું, જગત જુદે પન્થ ચાલે –સખી૦
તે સઉ ત્હારા વણ હું છું તેથી–વાત તે તું શું ન જાણે?" –સખી૦ ૧૪

---

## ૩૧. રસપાન અને મોહ.[1]

**ભૂત**—"વ્હાલી! હું તે ધીરજ ક્યાં થકી આણું?
આશા તણું સ્વપ્નેયે નામ ન જાણું. –વ્હા૦ ૧
તે દી કીધોતો ઢોંગ તે તેવો શું તું કરીશ ફરી એવો? –વ્હા૦ ૧
ઉન્હાળે રવિકરથી કરમાઇ સ્વેદ–પૂરે અમુઝાઈ. –વ્હા૦ ૨
કુંજવને કાસારમાં ન્હાવા દોડી શૈત્ય સકળ અંગે લ્હાવા; –વ્હા૦ ૩
શોધી તીરકદમ્બની છાયા નિજ અનુપમ ઉઘાડી કાયા. –વ્હા૦ ૪
ગણ્ડસ્થળથી સ્વેદ તું લ્હોતી બ્હીતી બ્હીતી ચારે પાસ જોતી.–વ્હા૦ ૫
કોનો દીઠો પગ સંચાર ત્હેં નહી તેથી તું વિશ્રબ્ધ બહુ થઈ. –વ્હા૦ ૬

---

૧. "ટૉમસનકૃત" "સીઝન્સ" માં "ડૅમન" અને "મ્યુસીડૉરા" ની વાર્તા છે તે ઉપરથી આ કાંડનો પ્રસંગ સૂચિત છે.

કુચપટગાંઠ ન છુટી તેથી તોડી, દીધો નીવિ તણો બન્ધ છોડી. —વ્હા૦ ૭
ખરરર ભૂપર વસ્ત્ર પડ્યું સરી, વિશ્વ જોતું તુને જરીયે જરી ! —વ્હા૦ ૮
વસ્ત્ર અન્તઃપુરમાં રોજ રહેતાં નિજ કોને દશા નહી કહેતાં, —વ્હા૦ ૯
તે તુજ અંગોએ કુતૂહલ ધારી સૃષ્ટિલીલા રસથી જોવા માંડી. —વ્હા૦ ૧૦

"[1]સરી વસ્ત્ર પડ્યું ! તનુ દેહકળી
રસભેર વિકાસી ખીલી નીકળી;
અલિમાળ સમી પવને ઉડતી
મુખઅબ્જ પુઠે કબરી ભમતી. ૧૧

ધરતા ધરતા નવતા અધિકી
વધતા ધપતા પડીયા નીસરી,
ક્ષિતિજે નવી નાવ સમા જ સ્તનો
હરતા સઉ સૃષ્ટિતણાં નયનો. ૧૨

સરતા તુજ વસ્ત્ર તણે પગલે
કરતી મટકા ડગલે ડગલે,
નરનું મનનાવ વિલોલ કરે
ધરી શક્તિ સમુદ્રવીચી સમી એ. ૧૩

તનૂ ત્હારી ઉષા સમી જ્યાં ઉઘડેઃ—
રસના કુટડા જગ જોતું ભરે,
થઈ દૃશ્ય કટિ ધરતી તનુતા
જઘનોપવને લસી લક્ષ્મીલતા. ૧૪

અધિકાધિક કૌતુક ત્યાં ધરતું
શઠ લોચન નિમ્નપ્રવાહી થતું;
અહુ ધૃષ્ટ તું ! લોચન ! ચોરી કીધી !
રમણીય સુરત પછી કેવી પીધી ? ૧૫

સ્મર-તીર્થ વીશે કીધ સ્નાન શું ત્હેં ?
વદ, કોણ તું ? કોનું તું ! કીધ શું ? કહે.
નહીં પુછ્યું, ન ગાજ્યું, ન લાજ્યું જરી !
દીઠ ધામ અદૃશ્ય, નિરંકુશ થઈ ! ૧૬

---

૧. "તન ખાખ મલી ! પેહેની કફની ! કર જોગનકો સાજન ચલી !"—એ રાગ.

ચતુરાઈ તું ચોરીનોં ભુલીં ગયું !
વીસર્યું મદમાંહીં વિચાર સઉ !
ચતુરા ! મુજ લોચન તે દિન એ
ભુલીં ભાન ગયું રસકેફ કર્યે. ૧૭

તુજ તનૂ તણી વારિમાં પડી
છવિ તું જોતીંતી, આ દશા ધરી,
રસ હતો ઉંડો કંઈક ચિત્તમાં,
તટલતા સમી ઉભીંતી સુખે. ૧૮

ઘનઘટા તણી ચાળણી સમા
અપર પક્ષની શાખમાં શશી
સમ ચ્હડી જ ત્યાં દેખતો હતો
તુજ ક્રિયા બધી ગુપ્ત રીત હું. ૧૯

વિમળ વારિમાં નભ અને ભૂંની
છવિ પડી હતી; જોતીં જોતીં તે,
મુજ છવિ ભણી દૃષ્ટિ તાહરી
પડીં અચિન્તીં, ને જાણ્યું મ્હેં ન તે. ૨૦

શરસપત્ર સમી ચમકી તું ત્યાં,
ધનુકમાન સમાન ભીંડી તનૂ,
મચ્છરદાનીં સમી નિજ છાયથી
સમરપલંગ સુઅંગ જ ઢાંકીયાં. ૨૧

ભમતું લોલ વિલોચન તાહરું
હુંપર આખર આવીં પડ્યું હસી,
દીઠું ન દીઠું કરી પણ પાછું સઉ
થયું ભીંચાઈ વિચારવિલીન એ. ૨૨

ઉઘડ્યું એ, જળમાં ઝંપલાવ્યું ત્હેં;
ઉછળીં રૌપ્યસવર્ણું જળે લીધી,
કનકવર્ણી તનૂ નિજ ઉરમાં
હુભીં હુભી ! કરીં હૈય હુદી પડ્યો. ૨૩

'તર્યાં પછી ઝાઝો ત્હારે કાજે,
આવી નહી ત્હોયે મ્હારે હાથે.
શોધી વળ્યો પલ્લવ એ આખું,
વારંવાર 'વ્હાલી ! વ્હાલી !' ભાખું.
અમંગળ શંકી ઘણું કમ્પ્યો,
થાક્યો, હાંફ્યો, ત્હોયે નવ જમ્પ્યો.
અશ્રુજળ આવ્યું ઘણું આંખે,
હૃદે ચ્હડ્યું સમજાવ્યું ન માને.
ગદ્ગદ કણ્ઠ વાણીને રોકે,
બોલતો મને બન્ધ કીધો શોકે.
મીંચાયું નેત્ર, મૂર્છા પછી આવી,
પાષાણ સમી બુડવા તનૂ લાગી.
કમળ નાળસહિત તરે જેમ,
મ્હારી પુઠે તરતી'તી તું તેમ.
જોઈ મને પાણીમાં ડુબતો
ત્હારે કાજ ભાન વિના ઝુરતો,
સ્પર્શી ત્હેં મને મ્હારા ગ્રહી કેશ
તાર્યો, ને જાગી જોયો મ્હેં તુજ વેશ.
આટલો યત્ન રાખવા એ છાનો
કર્યો ત્હેં, તેને જોયો મ્હેં મનમાન્યો.
હસ્યાં તે એકમેકના સામું જોઈ,
શરમ ત્હારી હારી ગઈ રોઈ.
તર્યાં એ પછી બેલડીએ વળગી,
કુસુમબાણ નાચ્યો બહુરંગી.
વહી ગયો કાળ એ તો આજે,
સ્મરણશેષ તું તો થઈ ! સાચે !
ઝડપી તને કાળ ગયો હસતો,

જોતા જોતામાં તું ગઈ ચાલી !
રહ્યો હું ક્હેતો ક્હેતો 'વ્હાલી! વ્હાલી'! –તર્યો૦ ૩૮
આથડું અહીંયાં ને ત્યાં રોતો રોતો,
નથી આંસુ લ્હોવા હવે તું તો. –તર્યો૦ ૩૯
નથી તું તો, કોને માટે જીવું ?
શ્મશાન સુતાં શાને હવે બ્હીવું ?" –તર્યો૦ ૪૦

હૃદયભૂતના રસ વીશે થયુંતું ચેતન લીન,
શુણી દુર્વ્યવસિત મિત્રનું થયું સમાધિસ્ખલિત. ૪૧
જાગી રોતું રોતું વધું દીન બની ઉચ્ચાર,
"બોલે ઓછા બોલ શું? શું નથી હું લ્હોનાર ? ૪૨
"અથવા તો આર્યા વિના હું જ ધરું આ દુઃખ,
"તો પ્રિય! તુજને શી રીતે કહું 'વીસાર નિજ દુઃખ ?' ૪૩
થતાં સ્મરણસંસ્કાર વળી બોલ્યું; "હાયરે હાય !
"નિર્જીવ શવની સાથ શી નિરર્થ કરવી વાત ? ૪૪
"શુણનારો સંતાઈ ગયો, હૃદયપ્રેત રહ્યું માત્ર,
"અદૃશ્ય સુંદર કાય થઈ, રહી હાથમાં રાખ ! ૪૫
"ભલે રાખ કે ખાખ હો, ગણુ મુજ મિત્ર તણી જ,
"એવી એવી પણ એની એ, તેથી જ ચોળું શરીર. ૪૬
"ખાખ સમા ઓ હૃદય! તું બોલ ! બોલ! અધું બોલ!
"ચોળું મુજ ચિત્તે તને, પડ સઉ ત્હારાં ખોલ. ૪૭
"આવ ! આવ ! લપટાઈ જા, મુજ ઉર સાથે બાઝ,
"મન્ત્ર જપું તુજ ફરી ફરી 'હાય હાય!' શુણ 'હાય!' ૪૮
મિત્રભુવાનો મન્ત્ર એ શુણતાં ચમક્યું ભૂત,
બોલે તે, અનુભવી જનો! શુણો કઠણ કરી ઉર. ૪૯
પણ તે બોલ્યું નથી જ ને સફળ થયો નથી મન્ત્ર,
ત્યાં જ ક્ષિતિજમાં ચળકતું કો દીસતું સ્ત્રીતંત્ર. ૫૦
"વિશાળ જગમાં વિરહ શો સાહસિકને થાય ?
"એક ગયા પાછળ બીજું દીસે નયનની પાસ !" ૫૧

કથતી એમ અભિસારિકા, કટિપર દેતી હાથ,
તિમિરવીંશે પણ ફ્હાડતી છાતી, માંડે ગાનઃ 52

---

## ૩૨. અભિસારિકા.

[1]“ મુજ ઉર કેરું મુજ પીયુ તે ધન,
પીયુ મુજ જે મુજ ઉર વસ્યો;
સમજું ન શાથી, પણ પરણેલો,
જન મુજ ઉરથી ક્યાંક ખસ્યો! મુજ૦ ૧

વ્હાલ કરે ને લાડ લડાવે,
આજી મને ઉર ચાંપી સુતો;
સરી તે બાથથી નીકળી નિશીથે,
પર નર શોધતી ચોર હું તો! મુજ૦ ૨

મદન તણી ધક્કેલી ધોકેલી,
ગાઢ તિમિરમાં હીંડું ધસી;
ઉરની છકેલી નીડર ધરું બળ,
લાજ મુકી, જગ રહે ભસી! મુજ૦ ૩

નહીં હું મુગ્ધા! નહીં હું પ્રૌઢા!
નગ્ન ધરું શૃંગાર ઘણો;
તો પણ ઢાંકું; નહીં કો પામે,
સાર કદી મુજ ઉર તણો! મુજ૦ ૪

સખીમંડળીમાંની એકઃ—

“ જોનીં જોનીં સખી ચોર કોઈ અંહી,
ભ્રષ્ટ નારી છે આવી રે!
રતિવ્યાપારી! સાવધ ર્‌હેજે!
દીસતી પાસ લુટારી રે!” ૧

---

૧. “ સરવરતીરે કોકિલ બોલે વનમાં બોલે મોરારે!”—એ રાગ.

इंद्रियाणां हि चरतां यन्मनोनुविधीयते ।
तदस्य हरति प्रज्ञां वायुर्नावमिवाम्भसि ॥

भगवद्गीता अध्याय २.

એના દૃષ્ટાન્તરૂપ “ અભિસારિકા ” છે.

સખી બીજીઃ—

“ સળગાવો સળગાવો ભડકો,
સ્નેહઅગ્નિનો આજે રે;
જુવો જુવો સંતાઈ ચોર ક્યાં,
કોયા ખુણાની માંહે રે ? ” ૨

સખી ત્રીજીઃ—

“ સજ્જ કરો ઉર, કરજો દૃઢતમ !
નોકર ભરાઈ પાસે રે;
નિજ જેવાં કરશે સઉને એ,
ભોળો નાર ભુરકાશે રે. ” ૩

અભિસારિકાઃ—

“ ઓ તું વિકારી અભ્ર સમા ઉર,
રંગ ઘડીમાં પલટ્યો રે !
શોધતો'તી પિયુ તે મુકીને સ્મર,
આ નર ભણી, જો, ઉલટ્યો રે ! ૪

[1]“ જગત વીશે જન જન્મ જ પામી સાથ નિજ શું લઈ જાશે ! (ધ્રુવ)
આજ જીવવું, મરવું કાલે ! તડિત ઘડી ચમકે મધ્યે !
આદિ અંતમાં મેઘ જ કાળા, અંધકાર બાકી સંધે ! જગત૦ ૧
એ ચમકાર સમે થઈ લેજો સફળ નેત્ર, સઉ નેત્રવતા !
જો જો ઘડીભર, રમજો ઘડીભર, ભ્રૂવિલાસ થાજો કરતા ! જગત૦ ૨

---

૧. કરમનકી ગત ન્યારી ! ઓધો ! કરમનકી ગત ન્યારી રે !—એ રાગ.

પોતાના યારને શોધતાં શોધતાં ગ્રન્થનાયકપર મોહ પામી તેને લલચાવવા અભિસારિકા ગાન માંડેછે. સ્પેન્સરકૃત ફેરી ક્વીન નામના કાવ્યમાં એક વિલાસિનીપાસે ગવડાવેલા ગીતમાંની નીચે લખેલી કડીઓપરથી આ ગીત સૂચિત છે;

“ Gather therefore the rose, whilest yet is prime,
For soon comes age that will her pride deflower :
Gather the rose of love, whilest yet is time,
Whilest loving thou mayst loved be with equal crime.”

Spencer's Faerey Queene.
Book 11.

મદનસૂર્યેનું ખોલવ્યું ખોલી લે, કમળ, દિવસભર આજ તું તો !
રસિક ભ્રમર ! ભર્મો ભેટ, ઉઘાડું કોમળ ઉરપદ્મિની હું તો ! —જગત૦ ૩
કંઈ કંઈ ભ્રમરોએ મુજ ચાખ્યો પરાગ ભેટી ભેટી ઘણું,
ચાખ, ચાખ, મુજ પરાગ, ભ્રમર તું, તુજ કાજે તલસું હું ઘણું. —જગત૦ ૪
ગઈ તે નાવે, કરનો ગમે તે, શરમ નેત્રની તેય ગઇ,
ઉંઘતો વેચી પતિ, હું આવી ! બાઝું, રસિક, દે મદનરતિ ! —જગત૦ ૫
રમી લે, રમી લે, રમાય તે તું; સ્મરકુંભસ્થળ પર તું થા
રસશૂરકેશરી; વદનચંદ્રને ચુંબનદાને ચકોર થા. —જગત૦ ૬

[1]" ઉઠ, રસિક, ઉઠ, રસિક, મદન આજ ગાજે !
મદનસમીર વાય ત્યાં જ ત્રિવિધ તાપ ભાગે ! ૭
મદનલહરી ઉપર સ્વાર થઈ વિહાર કાજે,
બુદ્ધિઉદધિ ઉપર ઉડતી ઉંઘ ગુલાબી ચાલે. ૮
દેવી એ પ્રદોષપુત્રી એ સમુદ્ર માંહે,
નિજપુંઠે સુસ્વપ્નના તરંગ કંઇ ચલાવે. ૯
ધર્મ શીલ આદિ સર્વ કુળ વ્યોમચારી,
શાન્ત થઈ લપાય કંઈક, દેવીને નીહાળી. ૧૦
ઉઠ, ઉઠ, ઉંઘપયોદ ઉપર સ્વાર થાયે,
મદનચંદ્ર, ધર્મહેમઅન્ધકાર નાસે. ૧૧

" ગિરિપલંગ દીધો સઉ ઢાંકી આ,
મછરદાની સમા સુતિમિરથી;
સ્મરની આણથી બંધનમાત્રને,
તજી, તું ભોગવ ભોગવિલાસને. ૧૨
રસતરંગિત કોમળ આ વપુ,
નદીનું તેપર ચાંપી જ વાયુ આ;
કુસુમગન્ધ વહે નદી ચુંબતો,
રસિક પાન્થ ! તુંયે કર તે ક્રિયા ! ૧૩

"કપોળ સ્પર્શી કપોળે, અન્યોન્યની ભુજલતાની રચી ગ્રન્થિ,
ચલ, ચલ, રસિક ! હીંચોયે સ્મરહિન્દોળે પ્રમોદ પરમ ગ્રહી. ૧૪

---

૧. " ઉઠી પ્રભાત સ્મરની, જીવ. શ્રીગણેશ દેવા ! "—એ રાગ.

શરદસરોવરના જળ સમ કોમળ ને શીતળ મુજ અંગે,
તર, તર, રસ તરનારા! વસે સદા રસ રસિકને અંગે!" ૧૫

ગાન મચ્યુંતું રતિરસનું ત્યાં શુણ્યો ન આ સ્વર કોયે,
મદનદંડઝંકાર ગયો પડી ધીમો ઘડીમાં મેળે. ૧
તન્ત્રી વગાડતી હતી વંઠેલી કરતી કૃત્રિમ ચાળા,
શાન્ત પડી એ દિવ્ય ગાનમાં શુણી ગવાતી બાળા. ૨
કોયલનો કુહુકાર શુણતાં પડે કાગડી ભાંઠી,
ઉષા તણો આભાસ જોઈ વળી પડે ચંદ્રિકા ઝાંખી. ૩
શુણી તેમ વિદેહસતીમય ગાન ભૂતઉરમધ્યે,
શુણી ગાજતો સતી-રતિ-પડઘા જડચેતન-ઉર-મધ્યે. ૪
વળી જ્યોતિમય અક્ષર તન્ત્રે જોઈ સ્તોત્ર રતિ કેરાં,
જોઈ તિમિરમાં મૃતસતીકીર્ત્તન તેજથકી ચીતરેલાં. ૫
વંઠી ગયેલીના ઉરમાં મદમત્ત ઉછળતો ઝાઝો,
હતો મદન તે પડ્યો શાન્ત, જ્યાં દીઠો સ્નેહને ગાજ્યો. ૬

તપોવને શાન્ત પડે વિકારો,
પ્રતાપી પાસે જન મત્ત ઝાઝો;
બની જતો દીન સમો સ્વભાવે,
દિનપ્રભામાં લીન થાય તારા. ૭
અમ્ભોધિ ગાજે, નભ મેઘ ગાજે,
શુણી પડે શાન્ત જ મસ્ત ચિત્ત;
યુદ્ધોદધિગર્જન જોઈ રોયો,
ગિરિશિરે મત્ત ઈરાની ભૂપઃ[1] ૮
યુદ્ધોદધિતીર ઉભો હસ્યો, ને,
ગાન્ડીવધન્વા ચમક્યો વિચારી;
ખસી ગયું પુરુષમાન સર્વ,
વૈરાટ જોઈ શૂર પાર્થ કેરું: ૯

---

૧. પચાશ લક્ષ મનુષ્યની સેના લેઇ ઇરાનના રાજા ઝર્ક્સીસે ગ્રીસ ઉપર ચ્હડાઈ કરી ત્યારે સૅલૅમિસ ખીણ આગળ પર્વતને શિખરે પોતાનું સિંહાસન મુકાવી ત્યાં આગળથી સ્વપરસેનાઓને યુદ્ધસમયે પર્યેષક (philosophical) બુદ્ધિ ઉત્પન્ન થતાં તેણે કાંઇક અશ્રુપાત કર્યો હતો.

તે રીતે રતિરાજ્યસીમભૂમિમાં પ્હેલો મુક્યો પાદ જ્યાં,
ઢોલાયો સ્મરઅગ્નિ ત્યાં જ પળમાં, વિકાર પામ્યા શમ;
પસ્તાતી રડતી જ નિન્દતી વળી પોતાતણા ભાગ્યને,
ઉભી શૂદ્રી સમાન દૂર ધ્રૂજતી વંઠેલી સ્નેહેશને. ૧૦

દેહીતણી પાસ વિદેહ દેહતણું ધરી ભાન જ ભૂત ડોલે,
વિદેહ દેહે વસતો પ્રભાવ વિદેહજેવાતણો આંખ ચોળે. ૧૧

---

## ૩૩. પક્ષપાત.

ભૂત—[1]"કોઈ નહી ગુણીયલ દીઠી તું સમી !
ગમે તે હશે પણ સાચું જ એ,
નહી સમજું: હશે શાથી જ એ ? —ટેક.
જોયાં ઘણાં રૂપ, જોયા ઘણા ગુણ;
જોઈ સઉ મનુસૃષ્ટિને;— —કોઈ૦ ૧
રૂપ અનુપમ, ગુણ અનુગુણ,
જગમાં પડે બહુ દૃષ્ટિયે. —કોઈ૦ ૨
પણ સર્વે તે એક જ જણમાં,
એ તો ત્હારામાં જ, બીજે ન કંઈ, —કોઈ૦ ૩
જાણી જગતે તુંમાં ખોડો જે જે તે સઉ,
ગુણ સમી મ્હેં તે તે જ લહી. —કોઈ૦ ૪
જોઈતું મ્હારે તે તે તો સઉએ તુમાં,
મુંને મળ્યું, ભૂમિ સ્વર્ગ બની. —કોઈ૦ ૫
ત્હારા સુગુણ જોઈ હું તો પડ્યોતો મોહી,
તે તો હતી જ તે જ આપણી રતિ! —કોઈ૦ ૬

---

૧. "કોઇ નહિ દિલદાર હમારાવે, નંદકુવર એક નટવર બીન, દેખ લીયા જગ સારાવે !
એહી પ્રાનપ્રિય, એહી પરમેસુર, એહી પ્રીતમ પ્યારાવે !—એ રાગ.
પતિપત્નીનો એકબીજાઉપર કોઇપણ વિષયમાં અનુત્તમ પક્ષપાત થાય અને તે વિષય પોતાનો ઇષ્ટ હોય તો તેવો પક્ષપાત ઉત્તમ સ્નેહનો હેતુ થાય છે. આથી જ ઉત્તમ સ્નેહ હોય ત્યાં પાતવ્રત અને પત્નીવ્રતનો ભંગ અસંભવિત છે.

[1] "ત્હારા રૂપનું અકથ જાદુ તેયે તું જાણે. —ટેક.
ગુણતણી વાતો ભુલી રૂપ વીંશે હું,
થઈ ગયો લીન કેવો રચી ને પચી રે ? ત્હારા૦ ૭
રૂપ ઘણાં ઘણાં સારાં તુજથીં દીઠાં,
પણ મન તેથી મ્હારું માન્યું નહી કંઈ રે. ત્હારા૦ ૮
પ્રાણીમાત્ર વીંશે જેની આણ વર્ત્તે તે,
સ્મરના હાથ મ્હારી પાસે પડી ગયા નીંચા રે. ત્હારા૦ ૯
શું ય હતું, તે ના જાણું તુજ રૂપમાં; પણ,
એટલું તો જાણું કે તે તેણે કીંધા ઉંચા રે. ત્હારા૦ ૧૦
જોર વિનાનો એ રોજે જીતી જતોતો,
મુને, ભરાઈને પાસે ત્હારે જ ત્હારે રે. ત્હારા૦ ૧૧
સ્નેહ તણી એ તો શક્તિ અનુભવથી મ્હેં,
જાણી, એ તો મ્હેં જ જાણી, સમાઈ મ્હારે ઉરે રે." ત્હારા૦ ૧૨

---

## ૩૪. મદન; નિર્વેદ.

ભૂત—[2] "અરે ઉડી જા, અલ્યા ઉડી જા, સ્મરપંખી ! તું ઉડી જા રે ! —ટેક.
હવે તો તે ગઈ જે ત્હારી પંપાળતી પાંખો રે.
ચાલી ગઈ તે તો ત્હારી વ્હાલી તુંને મુકી રે !
સામુંએ ન જોયું ત્હારી, એને શી બુદ્ધિ સુઝી રે? અરે૦ ૧
પુછવાની એ વાટ ન જોઈ, મનમાં કંઈકિ આવ્યું રે;
ન રાખી, ન વારી વા ત્હેંયે, ત્હારુંએ કાંઈ ન ચાલ્યું રે. અરે૦ ૨
ઘાટ નથી હવે તો ત્હારો અંહીંયાં કંઈ રહેવાનો રે;
ચાલતો થા તું તેમાટે સમજી, હોય જો તું જરીયે શાણોરે. અરે૦ ૩
જેના બળપર ઘુમતોતો તું તે ગઈ ક્યીંક જ ચાલી રે;
મ્હારી પાસે યે ઠામ ન ત્હારો, છું હું હૃદયનો ખાલી રે. અરે૦ ૪

---

૧. 'માદી, નંદનો કુંવર મ્હારી કેડે પડયો રે,
મુજ મુખ દેખી વ્હાલો નેન નચાવે,
મિષે મિષે આવે મ્હારે અંગે અડયોરે.'—એ રાગ.
૨. સખી, પુછી જો ! અલી પુછી જો ! શેં રસીયો રીસાણ્યો રે !—એ રાગ

હુંયે હવે નથી રહેવાનો, જાવાનો દિન થોડે રે;
સન્દેશો જો હોય પ્રિયાનો તો કહાવ, લઈશ હું જોડે રે. અરે૦ ૫
તું તો વીતી વીસારી દે જે સઉ હવે મનમાંથી રે;
સંભારવામાં માલ નથી કંઈ, સુખ થાશે વીસર્યાથી રે. અરે૦ ૬
ફરતો ફરજે દમ્પતીયોમાં, રમણીયતામાં રમજે રે;
સાંભરીશું કદી તો તુજ આંખે આંસુ એક બે ગરશે રે. અરે૦ ૭

[1]“ ભુલી તું આ જઈશ સઉ, સ્મરીશ ન જુનું દેખી નવું!
ઉડી નયનોથી નીર જશે, નવો ભવ એ તુંને વીતશે. ૮
જગતની એ દીઠી રીતિ, વિરુદ્ધ જ સ્નેહની નીતિ;
જગતની રીતથી તું રહ્યો, રતિનો ભેદ ત્હેં ન લહ્યો. ૯
જગતમાં તું હવે ભમજે, ભમે મન ત્યાં જઈ રમજે;
ન મ્હારે લેવું ને દેવું, અમસ્તું શીદ કંઈ કહેવું? ૧૦
અલ્યા! પણ વાત એક કરે, અમોને જો જરીય સ્મરે;
[2]બધે નહીં તો કંઈક સ્થળે રતિપન્થે તું દીપ ધરે. ૧૧
પ્રથમ તુજ જાળમાં ગુંચવી, રમકડાં આપીને રીઝવી;
સજાવી સકામ રતિભક્તિ, પછી નિષ્કામ આસક્તિ. ૧૨
અબુધ દામ્પત્યને તું દે, રતિના મુખથી યશ લે!
કર્યે આ પુણ્યનું કામ, સુજનઉરમાં મળે ધામ. ૧૩
રતિપતિ એથી કહેવાઈ, ભળીશ સુરવર્ગમાં, ભાઈ!
બળીશ હર-કોપથી ત્હોયે જીવીશ રતિરાણીને રોયે. ૧૪

---

૧. રાગ ગઝલનો.

૨. દમ્પતીનો સંબંધ બાંધનાર ઘણે સ્થળે મદન જ હોયછે. આ સંબંધથી પરિચિત દમ્પતી સકામ “રતિભક્તિ” કરેછે. શરીરધર્મી કામ ક્ષય પામતાં એકલી રતિભક્તિ રહે છે. આવી રીતે ‘સકામ’ રતિને અંતે ‘નિષ્કામ’ રતિથી ઉત્પત્તિ થાય છે. આથી જ કામ ‘રતિપન્થે દીપ ધરે’ છે. આથી પુરાણોમાં કામને ‘રતિપતિ’ (પતિ=પાલક) કહેલો છે તે યોગ્ય જ છે. વળી વિયોગાદિએ બાળી મુકેલો શુદ્ધ દમ્પતીનો કામ સંયોગાદિ પ્રસંગે પાછો સ્ફુરે છે. તેને ફરી સ્ફુરવા દેનાર કોણ? સર્વાવસ્થામાં અનષ્ટ સ્નેહ. અર્થાત્ ‘હરનાર હરે બાળેલો કામ રતિની પ્રાર્થનાથી ફરી જીવે છે.’ એવી પુરાણ કથા પણ યુક્ત છે. આથી કામ સુરપણું એટલે અમરપણું પામે છે તે પણ યુક્ત છે.

ચિરંજીવી તું એમ થઈ, ભવોભવ સ્નેહચરણ રહી;
જીતી જગમાં જઇશ, ભાઈ, બહુ બળવાન કહેવાઈ. ૧૫
ઘણાંને સુખછે એથી, શીખામણ દીધી મ્હેં તેથી;
પછી તો ફાવતું કરજે, અમે તો દૂર કહી રહીયે." ૧૬

## ૩૫. દીનતા; મદનસંબંધ.

ભૂત:—[1]અનંગરે ! હવે સંયોગ આપણો તુટ્યો,
અંજળ આપણું ઉઠી ગયું ને દુષ્ટ વિધાતા રુઠયો. —ટેક.
અકળગતિ એની જોઈને રે રોયો હું બહુ બહુ વાર,
રોવું મુને સાધારણ થયું રે હવે લાગે ન તેનો ઘાવ. —અ૦ ૧
પણ તુંને તો નવું એ સઉ રે મ્હારી વ્હાલીના ક્રીડાહંસ !
તાળી પાડી તુંને નચવતી રે તે તો ગઈ, શાને ખેંચે તું રંજ ? —અ૦ ૨
કોણ પંપાળી પંપાળીને રે તુંને ચાંપશે ઉરશું આજ ?
[2]છાનો ર્‌હે, બાપુ ! તું જા હવે રે નવા વનમાં નવો ભવ માંડ. —અ૦ ૩
બાણ ત્હારા અભિનન્દતો રે જે હું તુંને લડાવતો લાડ,
તે તો સમો પલટાઈ ગયો રે હવે હુંમાં નથી રહી હામ. —અ૦ ૪
વ્હાલીવિના જે હું જીવતો રેં તે તો મુવા થકીયે અધિક !
આજ મરું કાલ મરું થઈ રહ્યો રે આણું ઉમળકો તે શી રીત ? —અ૦ ૫
શૂન્ય ફીકું યે હસી ના શકું રે તો હું તુંને રમાડું શી પેર ?
માટે તું જા હવે એકલો રે તુંને જેમ ફાવે તેણી મેર. —અ૦ ૬
હું તે કરું તુંને શું હવે રે ? તુંયે મુને શું કરીશ ?
તુંથી ર્‌હેશે અમારું સંભારણું રે, માટે જીવ તું, હું તો મરીશ !" —અ૦ ૭

---

૧. ઓ મનવા ! શ્રીહરિશરણે રહેજે !
અવર ઉપાય નથી કાંઈ બીજો, કૃષ્ણ કૃષ્ણ મુખ કહેજે !—ઓ મનવા !
અકળ અવિદ્યાની જાળમાં રે પડિયા પંડિત શૂર
જ્ઞાની વેરાગી જોગી જતિરે કાળે ચાંપી કર્યા ચકચૂર !—ઓ મનવા—એ રાગ.

૨. દમ્પતી નષ્ટ થતાં તેના સંભારણામાં તેમનું બાલક જ રહ્યું હોય તેમ સ્નેહી-દમ્પતીનો નાશ થતાં જગતમાં રહેલા કામની કલ્પના કરી છે. જ્યાં લોક સ્નેહને સમજતા નથી ત્યાં કામ કોઇ પ્રસંગે પણ ચોત્રીસમાં કાંડમાં દર્શાવ્યા પ્રમાણે સ્નેહને ઉત્પન્ન કરેછે માટે "કામથી સ્નેહનું સંભારણું" છે.

: મરીશ" એ શબ્દ શુણી ફરીને,
કુટ્યો કપાળે કર ચેતને તે;
શુણી ધબાકો, ખીલ્યું ચિત્તભૂત,
કુદી કુદીને ધુણતું અધિક." ૮

પ્રભુ જાણે એ શું હશે, સમજે નહીં જોનાર,
ચેતનના નિઃશ્વાસથી ઉરને કંઈ કંઈ થાય. ૯
ઘડી ઘડી હોલાય ને ઘડીં ઘડીં ધરે પ્રકાશ,
એક-કરુણ-રસ-મગ્ન પણ ધરતું નવ નવ કાય. ૧૦
અન્ધ નિશામાં એકલું ઉરભૂત એ અકળાય,
મિત્ર મળ્યે એકલું થયું ઉભરાથી છલકાય. ૧૧
અનુકમ્પી તે સર્વને સમજે સઘળી વાત,
એ જ મિત્ર વા એ સમી દશા અનુભવનાર. ૧૨
બીજા સર્વ બધિર સમ તે તે સમજે શું જ ?
સમજનારની પાસ એ હૃદયભૂત રમતું જ. ૧૩

---

## ૩૬. વિપન્ન સંસાર.

**સખીમંડળીઃ**—"આમ વિશ્વમાં તે શું શું થયું, શું શું હજી થશે?
રોયું રુવેછે ને રોશે રોનાર મરે મરે. ૧
રવિ તપતો ઉંચે, ફુલે ફાલે નીચે કો વનસ્પતિ,
કંઈકિ કરમાતી ને લ્હાય લ્હાય ઉંડે તે કો વેઠતી. ૨
બ્હેન થાક્યાં તણી સન્ધ્યા ઠારતી આંખો સર્વની !
ચક્રવાકીતણી તેયે થતી દીસે વૈરિણી. ૩
નિદ્રાનો ઓછાડ ઓરાડતી વિશ્વને રાત્રિ જે,
વિરહીં નેત્રનાં તે રાખે પોપચા ઉંચાં ખેંચીને. ૪

"આશાવાયુ વીંશે મહાગરુડ ને ન્હાની ઉડે ચકલીયો,
ન્હાતો મેઘ તણા જ તોડીં પટ એ, સ્ત્રી-શિર બેઠે ઘટે;
આ ચન્ચૂ ભરતી જ; ત્હોય જડ જે નૈરાશ્ય-વિશ્વમ્ભરા,
તેમાં સર્વ સુવે, મરે, સુઈ ઉઠે, જીવે મરી વા નવા. ૫

" નિશા અને દિન દ્વિરૂપકાળમાં,
નિરાશ ને આશસમેત પૃથ્વીમાં;
અભેદપાટો નયને લપેટતાં,
કિશોર જોડાં રતિનાં જ તે રમે." ૬

---

## ૩૭. રતિસુરત.

[1]વિરહવિષ વ્યાપી ગયે ઉતરી ગયું સ્મર-વિષ,
વૈદ્યવચન જુઠું નહી–વિષથી ઉતરે વિષ ! ૧
બંધ થયો સ્મર-ધૂમ કે નિર્મળ ધરતી જ્યોત,
રતિ દીપવા લાગી અને રમણીય ઝળક્યો શોક. ૨
શોક અતિ રમણીય બની પ્રકાશતો નિજ પોત,
જોઈ જોઈ જોનાર જન ધરે દુઃખમય મોદ. ૩
દુઃખ જોઈ એ ભૂતનું ધરે સ્નેહીજન દુઃખ,
નહી હાથ ઉપાય તે થઈ ગયાં દીન સુખ. ૪
" ભવ્ય રતિ ધરનાર આ ઉર અમ મિત્રતણું જ !"
એ અભિમાનથી રાચતું સુન્દરીયૂથ ઘણુંક. ૫
પણ તે સુન્દરી-માળના તરલસમી શવરૂપ,
થઈ હતી તેનું હૃદય ધરતું નવીન રૂપ. ૬
હતું સુરતમય પ્રથમ તે પથિક-હૃદયની સાથ,
રમતુંતું બહુ રંગ એ ભૂત ભૂતની સાથ. ૭
પતિચેતન દૃષ્ટે પડ્યે થયો સુરત-લય-ભંગ,
પામી એ ઉરસ્રોત બે ભાગ વહે નવરંગ. ૮
પથિક-હૃદયને બાઝયું એ એક પાસથી ગાઢ,
બીજા હાથ થકી ભીડી પતિની સાથે બાથ. ૯
પતિ પણ પથિકહૃદય વીશે થયો હતો બહુ લીન,
ત્રણ જણનું શુભ સુરત એ બન્યું અપૂર્વ સુરીત. ૧૦

---

૧. મદનનો વિષય હવે બંધ થાયછે. માત્ર માનસિક સ્નેહના વિષયનો હવે આરંભ છે.

યુગ્મસુરત રચતો મદન, તે નથી જાણતું કોણ ?
ત્રિતય–સુરત રતિએ રચ્યું ! જુવે ધન્ય એ કોણ ? ૧૧
રાસનામથી એ સમું રત વૃન્દાવન માંહ્ય
શ્રીપતિએ રચ્યું હતું એમ કથા કહેવાય. ૧૨
અશ્રુમય સુન્દરીહૃદય પથિકઉર ભણી જોય,
લયમય પતિભણી જોઈ વળી વહી વહી ઘણું રોય. ૧૩
ઉદધિથી રસ ઘનમાં ચ્હડે, ઘનથી આવે હેઠ,
ક્ષિતિમાં પૂર બની રેલતો જાય ઉદધિમાં ઠેઠ. ૧૪
દિવ્ય સુરત એવું રચી નિર્મળ રતિની જ્યોત,
પથિકહૃદયમાં રોચતી જ્યમ શશી શારદ વ્યોમ. ૧૫
દર્પણમાં દીપનું દીપે વિમળ બિમ્બ જે રીત,
ઉરભૂતના અક્ષરવીશે મ્હેકી રતિ તે રીત. ૧૬
તે અક્ષર વધુ વાંચી તું જોજે, રે જોનાર,
રતિ–રવિ કેરું કિરણ કંઈ જો તુજથી જોવાય. ૧૭

---

## ૩૮. હૃદયદંશ.

ભૂત:—“ મુજ પ્રાણપ્રિયે ! લયધામ તું એ !
નથી તુજ વિના મન માનતું એ !
મુજ ચિત્ત વને રમી પોપટી, એ,
મધુરું રટનારી ગઈ ઉડી એ. ૧
હૃદયે રહીને, હૃદયે ગ્રહીને,
ગઈ ચાલી મુને રડતો મુકીને;
જગમાં મુજ સાથ રમી ભટકી,
ગઈ એકલી, ક્રૂર ! તું ક્યાં સટકી ? ૨
બની આજ ગયો હું ફકીર સમો !
મટી ભોગી થયો, અલી ! જોગી સમો !
જગત્યાગ તણો કીધ સામન મ્હેં !
જગ છોડી જવા કીધું છે મન મ્હેં ! ૩

નીરખી તું વિનાનું સઉ જગ આ,
ફટકી મુજ જીવ ગયો જ, પ્રિયા!
ગઈ તું, પણ પ્રાણ ન દુષ્ટ ગયા,
ખટકે મન કંટક એ જ સદા! ૪

" ગઈ તું જ, ઝાલી નહીં રાખનાર કો
મુજ જીવને જગતમાં રહ્યું હવે;
નહીં જાય ત્હોય મુજ જીવ એ જુઠા!
જુઠ જુઠ કીધ તુજને સવાસલાં! ૫

મીંચું નેત્ર ત્યાં જ છબિ તાહરી ખડી
થઈ જાય, ને તું મુજ સ્હામી રૂહે ઉભી;
તુજ આંખ સાથ મળી આંખ મ્હારી ત્યાં
શરમાય જોઈ નિજ જીવ કાયમાં. ૬

થઈ ઉંઘ દુર્લભ, તથાપિ ઉંઘ તે
કદી આવતાં, નીરખું સ્વપ્નમાં તને;
નીરખું તથાપિ ક્રિયમાણ કાય આ
નીરખી શકું ન ઉંચું જોઈ તું ભણી. ૭

સ્મૃતિમાં ફરી ફરી જ લુણ્ઠતું ઘણું
સુમનોજ્ઞ ચેષ્ટિત ઘણુંક તાહરું
અસિધાર પેઠ ઉરમર્મ ભેદતું;
ન રુધિર એક નીકળે જ કેવળ. ૮

" સર્વાંગી તુજ રમ્ય તે લસિત ને ચેષ્ટા રતિવાહિની·
જેની સોડ કરી સુતાં જગત આ ભાસ્યું રતિથી ભર્યું;
તે, જાતાં તુજ દેહ આજ, સ્મરણે જાગી, જગાડે ઘણા
વિકારો તુજ મૂર્તિદર્શન તણા દાતાર નિત્યે હજી." ૯

---

## ૩૯. ચિત્તભ્રમ.

શ્રોતામંડળ સર્વ આ શુણી બન્યું ઉત્સુક
વધુ વધુ શુણતાં વધુ વધુ શુણવા થયું આતુર. ૧

ઉરભૂત પણ તે જોઈને ઉભરાવા આતુર
કથે સ્મરી સ્મરી સ્નેહનાં ચેષ્ટિત રસભરપૂર. ૨

ભૂત:–"ગૂઢ વિકાર સુતો મનમાં સુધી આજ, અચાનક તે ચમકી
જાગી જ જાગી, વધી વધીને, સઉ અંકુશમાત્ર થકી છટકી,
વ્યાપી ક્રિયા મુજ સર્વ, મુકી ઉરયન્ત્રવીશે તુજ મન્ત્ર કંઈ,
ગંહુરતુલ્ય કરે મુજને; સખિ! કહે તું, શું એ? સમજું હું નહી. ૩
શૂન્ય બની મુજ ચિત્ત લખે કંઈ લેખ સમાધિવિલીન થઈ,
ત્યાં અણધારી શુણું તુજ સંસ્તુત વાણી અતિ ઉલ્લાસભરી;
ચોદિશ શોધું તુંને ચમકી, પછી ઉત્તર ધારી ઉરે ઘટતો,
ઉત્તર દેઉં, મુને પડઘા વણ દે પણ ઉત્તર અન્ય ન કો." ૪

---

## ૪૦. સ્વરપ્રભાવ.

ભૂત:—[1]"અતુલ તુજ વાણીનો જ પ્રભાવ,
દીઠો ન એનો લેશ બીજે ક્યાંય!—(ટેક.)

તે દી યુદ્ધ મચી રહ્યું તું ને ખાત જ આપણે હાર. અ૦
મૂર્છિત થઈને હું તો ઘવાયો સુતો હતો રણમાંહ્ય. અ૦ ૧
શૂર સુભટ મુજ જોઈ એ વકર્યા ને ઘુમી લ્હડ્યા હદપાર. અ૦
વાદિત્ર રણનાં જોરથી રસતાં ને ગાજી રહી વીરહાક. અ૦ ૨
અથડાતાંતાં શસ્ત્ર ભડાભડ, હતો અસ્ત્રતણો સુસવાટ. અ૦
પણ તે કોથી ન જાગી શક્યો હું, ધર્યો જ ગાઢ વિરામ. અ૦ ૩
મ્હારી દશા એ શુણી શસ્ત્ર સજી તું ધાઈતી રણમાં તે વાર. અ૦
ધસી ધપી ભરજંગની વચ્ચે ઘુસી તું ખેંચી તરવાર. અ૦ ૪
ઉગ્ર એ રૂપ ત્હારું જોઈ વીરોએ દીધો ડરી તુંને માર્ગ. અ૦
પણ કોઈ કાયર પુઠે પડ્યો તેણે કીધો પુઠેથી જ ઘાવ. અ૦ ૫

---

૧. "ક્યારકી સેજ સમાર રહી હું, પોઢનકો સુખ જાય, જઇ કહો બંસીધરકો પાસ"–એ રાગ.

સ્નેહીની વાણીમાં પણ શક્તિ છે અને તેનું કારણ તે ઉપરનો પક્ષપાત છે. સ્નેહીનું સર્વ સારું જ વસે છે.

રે મુજ ભાગ્યે તે ન લાગ્યો તુંને, પડી તું ભૂપર માત્ર. અ૦
પડતાં પડતાં હ્હેં બુમ જ પાડી 'ઓ મુજ વ્હાલા ! ઓ નાથ ! અ૦ ૬
'સંભાળજે તું હવે, ફાવી ત્યાંસુધી હું તો છું રમી દાવ'. અ૦
એ જ અક્ષર કોણ જાણે ક્યાં થઈ આવી પ્હોચ્યા મુજ કાન. અ૦ ૭
પેંઠા જ કાને પેંઠા જ ચિત્તે, મુને જગાડી દીધ તત્કાળ. અ૦
ઉઠ્યો ને ધાયો ફાટી આંખે, બરાડી 'વ્હાલી આવ્યો હું, ધૈર્ય ધાર!'અ૦૮

“આવી ત્હારી સમીપે અરિ–અધમ હણી, હાથ સાહી તુંને મ્હેં
ઉઠાડી ને જગાડી, હૃદયશું રણમાં ચાંપી ને ધૈર્ય દીધું;
ઇચ્છા ધારી સજોડે પછી રણનિધિમાં ઝુમવા કાજ બન્ને
ધાયાં શસ્ત્રાસ્ત્ર ખેંચી અરિદળ–ઉરમાં આપણે કેવી રીતે? ૯

“સ્મરોં સ્મરોં આવી મધુરી ત્હારી
અતિ બળવાળી, વાર્ણોં રહું હું. ૧૦
હજોં ભણકારા અનુભવોં તેના
પળપળ ચમકું ન તુંને નીરખું.” ૧૧

---

## ૪૧. ચક્ષુપ્રભાવ, તારામૈત્રક, નિર્લજ્જતા.

ભૂત:—[1]“આંખો શી મળી ! પ્રિયે ! આપણી આંખો શી મળી ! પ્રિયે ! (ધ્રુ૦)
પ્રીત પ્રથમ ત્યારે થતી'તી આપણી,
ન્હોતી કોયે કોની રતિ કળી. આંખો૦ ૧
યુદ્ધાતુર હું જતોતો સૈન્ય લેઈ,
મત્ત માતંગ શિરે ચ્હડી. આંખો૦ ૨

---

૧. મદનવશ જોડાંની આંખમાં એક બીજાના ચિત્ત સળગાવવાની શક્તિ હોય છે તેથી ઉલટું સ્નેહવશ જોડાંની આંખોમાં એકબીજાનાં ચિત્ત ઠારવાની અને સમાધિસ્થ કરવાની શક્તિ હોય છે.

રુક્મિણીના વિવાહપ્રસંગે તેના ભાઇએ એને પુછ્યું છે “રાજા શિશુપાલના “વરઘોડામાં કાલ કૃષ્ણ હતા અને તને તો મળવા પણ નથી આવ્યા, માટે તેની ત્હારાપર “પ્રીતિ નથી, તો તું પણ તેનાપરની આસક્તિ છોડી દે.” બ્હેને ઉત્તર દીધો: “ભાઈ, “એવો સમારંભ પ્રત્યક્ષ છતાં હું જે બારીમાં હતી ત્યાં જ કૃષ્ણનું નેત્ર હતું અને નેત્ર-“દ્વારા અમે તો ક્યારનાં મળી ચુક્યાં છીયે!” આ આખ્યાયિકા ઉપરથી આ કાંડનો વિષય સૂચિત છે.

શૌર્યસુરાથી મદ ચ્હડ્યો તો સઉને,
ભારે નીશો સઉએ કીધો. આંખો૦ ૩

એક બીજાને કોઈ દેખતું ન્હોતું,
એ જ મ્હેંયે હતો રંગ લીધો. આંખો૦ ૪

મત્ત કરિપર મત્ત બેઠો તો હું યે,
તાન લાગ્યું તેમાં જ રચ્યો પચ્યો. આંખો૦ ૫

લોક તણા સંઘ તણી આંખો હું પર હતી!
ઉત્સવ આતુર અન્ધ એ મચ્યો. આંખો૦ ૬

સહીયોની સાથે ચ્હડી ઉંચી અટારીયે તું,
જોતી મુને હતી લળી લળી! આંખો૦ ૭

જોતો કોને નહી તે મ્હેં જોઈ તુંને,
આંખો મ્હારી તું ભણી વળી વળી! આંખો૦ ૮

અગણિત જનોમાં મ્હેં ત્યાં જોઈ તુંને જ એક,
જોયો ત્હેંયે એક જ તે મુને! આંખો૦ ૯

સ્નેહાલિંગન પ્હેલીવારનું જ આપણું,
થઈ ગયું એ સાંભરે મુને! આંખો૦ ૧૦

"ન્હોતી પ્રીતિ નહોં આપણી, પરિચય ન્હોતો નહી જ,
તારામૈત્રક ત્હોય એ ભાસ્યું કંઈક નવીન. ૧૧

ધોળે દિવસે ને વળી સર્વ તણી સન્મુખ,
ઉત્સવ ને ઉત્સાહમાં ભેટ્યું ઉરશું ઉર. ૧૨

ગાતાં મંગળગીત ત્યાં નાચ્યાં ચારે નેત્ર,
કરપીડનવણ એ થયો ઉરનો ઉરશું મેળ. ૧૩

તુજ નયને મુજમાં ભર્યો તે દિવસે ઉત્સાહ,
તેનો પ્રેર્યો હું ઘુમ્યો ઘણે ઘણે સંગ્રામ. ૧૪

અભિનન્દ્યો ત્હેં પણ ઘણો તે મુજ લોચનપાત
અભિજ્ઞાન ઉરલગ્નનું નીરખી થઈ રળીયાત." ૧૫

## ૪૨. નવીન વિયોગ.

ભૂત:—"નહી સખોઁ, તું હવે જગમાં, રહ્યું પછી શું કંઈ કરમાં ?
અરે ! આ જાય-આ જાય ! કહ્યું નથીં એટલું ! ત્યાંય,- ૧
પડ્યો મણિ હાથથી ચાલ્યો, અગાધ સમુદ્રમાં મ્હાલ્યો !
પડ્યો તે તો ખરે દીઠો, ડુબ્યો ક્યાં તે ન પણ દીઠો. ૨
હતી મુજ પિંજરે મેના, વિલાસો શા હતા તેના !
ઉડી ઝટ વારમાં ક્યાં એ ગઈ નિઃસીમ આકાશે ? ૩
દશે દિશે કરું દૃષ્ટિ, તપાસી ન્યાળું સઉ સૃષ્ટિ,
નહી એ ક્યાંય દેખાયે, ભમી પાછું નયન આવે. ૪
'હાય ! હાય ! પ્રિય પ્રાણ ! ગઈ તું કહે ક્યાંય, સુઝે નહીં કાંઈ,
મ્હારું થયું જીવન નિર્માલ્ય, આવ ! ઓ વ્હાલી ! ૫
ગઈ ગઈ ગઈ તું કહે ક્યાંય ઉત્સુકાન ચલવવાવાળી ?
ડગમગું, ડોલું, સામગ્રી ડુબવાતણી આજ મ્હેં માંડી. ૬
આ અજબ થાય તોફાન,
સ્હડસંચાને કંઈ ભાન
તું વણ નહીં કો દેનાર,
તે ગઈ તું સુકાની નાર ! ડુબેછે નાવ, આવ ! ઓ વ્હાલી !
ડગમગું, ડોલું ! સામગ્રી ડુબવા તણી આજ મ્હેં માંડી." ૭
વિરહ-રજનિમાં ઉર આ અતિશય આમ મુઝાય,
તિમિરઅનુભવી ઘુવડ એ જોતું હસતું જાય. ૮
કઠોર ગિરિશિખરે રહ્યું શૂન્ય જગતમાં આજ,
ઘોર અનુભવ ઘુઘવી દે ઘુવડ સ્નેહને ગાળ. ૯

---

## ૪૩. ઘુવડ.[1]

"વળે જગતમાં અન્ધારું ત્યાં ઉઘડે મ્હારી આંખ રે,

---

૧. ગ્રંથના હવે પછીના ભાગમાં રાત્રિસમયે સ્ફુરી આવતા કેટલાંક પદાર્થોને કેટલાંક પ્રાણીને ભૂતની પાસે બોલી ઉઠતાં સૂચવ્યાં છે. અર્થાત્ હૃદયની પાસે જગત્ અનેક સંસ્કારો-

ઊંઘે જગત ત્યમ ત્યમ મુજ નેત્રો વધુ વધુ ધરે પ્રકાશ;
હરિની ઇચ્છા એ. ૧
દિને રટે ગાળો ખાઈ હોલો, દઉં ગાળ હું રાત્રે ઘોર રે,
શઠ વાયસ ચોરે કોળીયો જ, છચોક સુતાનો ચોર—
જ્ઞાની હું તિમિર તણો. ૨
'જાગું જાગું' કહેનારાપર મરણશંખ હું ફુંકું રે;
ઊંઘશો, ઊંઘશો સર્વે હારી, જુવે ન લીલું સુકું
તિમિર મ્હારા જેવું. ૩
સુગાળવા[1]નાં નાક ઘોરતાં, ધર્મો સુતા થઈ લાંબા રે,
ઉજાગરા વેઠે પંડિત પણ ભમતા આ સ્વપ્નામાં
ઊંઘી પાકીને. ૪
દેશ તણાં 'દળદર' ફુંકનારા ઘુમતા ડ્હાપણ ડાહ્યા રે
ભાંય પથારી તે પણ કરતાં ! એ જ ખેલ જોવાના !
જોઈને હું ગાજું. ૫
તિમિરતણા ઉદર ને કોચી કૉચી જોઉં આ આવું રે !
રડવું હસવું મ્હારે ભેળું, ભેળું મ્હારે ગાતું;
સમજું જ એકલડો. ૬

---

દ્વારા બોલેછે. બોલનારનાં નામ તેની વાણીના આરંભ ર્‌હેલાં મુકેલાં છે. દરેક વાણીમાં એક અથવા અનેક અર્થનો સમાસ છે. કેટલીક વાણીમાં માત્ર એક જ દેખીતો અર્થ છે. કેટલીક વાણીમાં વાચ્યાર્થ અને વ્યંગ્યાર્થ જુદા જુદા છે. વાચ્યાર્થ એટલે દેખીતા અર્થ બોલનારની અથવા સાંભળનારની બાહ્ય વ્યક્તિને અનુકૂળ છે; અને વ્યંગાર્થમાં ગ્રંથનાયકના હૃદયને નાનાપ્રકારની સૂચના કરવા પ્રસંગાનુકૂલ ઉત્પન્ન થતા સંસ્કારનું ઉદ્દીપન કરવાનો યત્ન કરેલો છે. કેટલેક ઠેકાણે આ ઉપરાંત ધ્વનિતાર્થ માલમ પડશે. ધ્વનિતાર્થ ઘણુંખરું ગ્રંથના પ્રસંગસાથે સુસંબદ્ધ નથી, અને કેટલાક કાંડમાં તો કેવળ અસંબદ્ધ છે.

આ કાંડમાં વાચ્યાર્થઃ—ઘુવડ રોતા અને ભડકારૂપ ભૂતને ધમકાવે છે ને ગાળ દેછે. વ્યંગાર્થઃ સંસારના અવળા પક્ષનો જ્ઞાની વિરહજન્ય શોકનો તિરસ્કાર કરે છે. વાચ્યાર્થ અને વ્યંગ્યાર્થ વચ્ચે અત્રે તેમ જ બીજે પ્રસંગે ઘણુંખરું શ્લેષાદિદ્વારા ઉપમાદિ સંબંધ માલમ પડશે. સંસ્કૃતમાં વ્યંગ્યાર્થ અને લક્ષ્યાર્થ એવા બે ભેદ છે, પરંતુ તે ભેદ સૂક્ષ્મ હોવાને લીધે અત્રે પ્રાસંગિક ટીકામાં લક્ષ્યાર્થનો "વ્યંગ્યાર્થ" શબ્દમાં સમાસ કરવો સર્વને વધારે અનુકૂળ પડશે એવું ધાર્યું છે.

૧. જેને સુંઘવાની શક્તિ સૂક્ષ્મ અને સારગ્રાહી હોય તે 'સુગાળવા'; આ જગતમાં 'ત્યાજ્ય' અને 'હેય' શું શું છે તેનાં સૂક્ષ્મ ધોરણ વ્યવહારમાં રાખનાર; 'સુગાળવા' એને મળતો અર્થ કંઇક "Fastidious" શબ્દમાં છે.

માનવીં માનવીંપણું મુકે ને બને ભૂત ભડકા રે!
રહ્યું અસ્થિ ત્યાંથી પણ ભડકા તિમિર ભેદી નીકળતા!
જગના એ રસ્તા. ૭

મુકી તન્ત્રી છાતીપર વેશ્યા ઉંઘી ગઈ આ માયા રે
હોય વગાડ્યું ગાયું તેના શુણું હજી આ ભણકારા
રણકારા જેવા. ૮

જગત ઘોરતું; ઘોરો, ઘોરો; જાગું હું એકલડો રે,
ઘોરેછે એ પણ હજી જાગે એનો શરીરસકંચો—
એ કાંઈ ના ઉંઘે. ૯

ઉંઘતાં જાગે, ઉંઘે જાગતાં, માયાનાં શઠ બાળ રે!
બળી જતાં પણ જીવે મડદાં, ઠગાય એમ જ કાળ;
સાક્ષી હું તેનો. ૧૦

ભૂત રોતું આ તે પણ, જો જો, હસશે એક ઘડીમાં રે;
કુહેછે કંઈ ને કંઈ કંઈ કરશે, સૌને ત્રાંબાં મ્હડીયાં,
હું ન ઠગાવાનો. ૧૧

શાનું તિમિર? શાનું અજવાળું? લોહ ઝરે અંગાર રે,
અંગારાના થાય કોયલા! ફૂટ તુજને, રોનાર,
એવા આ જગમાં!" ૧૨

તિરસ્કારભરી વાણી વદતું જોઇ ન શકતું દિનને
શુણી ઘુવડને, અંધકારમાં સ્વપ્ન થાય મનુને;
દિવસતણું રૂપાંતર દિવસનું ઉપમાન પણ બનતું
ઉત્સ્વપ્નાયન અંધ ઘુવડની કીકીમાંહીં પ્રતિફળતું. ૧૩

## ૪૪. ઉત્સ્વપ્નાયન.[1]

"જનઉર ભાન ધરે તે ખોટું, ખોટી સર્વ પ્રતિભા;[2]
ભમો સઉ જન સ્વપ્ન વીંશે ને ભાસે કોયલા હીરા! ૧

૧. પ્રથમ ત્રણ કડીયોનો રાગઃ—'સરવરતીરે કોકિલ બોલે, વનમાં બોલે મોરા' પછીની કડીઓ 'ઇન્દ્રસભા'ના જેવા રાગની છે.
ઉત્સ્વપ્નાયન=નિદ્રાસમયે અંતઃસ્વપ્ન થતું હોય ત્યારે માણસ બ્હારથી લવે, ચાલે, વગેરે કરે તે. ૨. પ્રતિભાન, સ્ફુરતું ભાન.

નયન ઉઘાડું ધરો તે ખોટું ! ખોટું નયનનું તેજ !
ભમે ચરણ મસ્તિક[1]–વાયુના પ્રેર્યાં, બુદ્બુદ[2] જેમ. ૨
મસ્તિકમાં હરિ–ઇચ્છાએ કંઈ ઊઠતા ઉર્મિવિકારો
ઑલોરમાં રવિકિરણગુંથેલા જેવા રંગવિલાસો. ૩
"એ હીરા ને એ બુદ્બુદ ને વિકાર ને વિલાસ
ઉંઘતા માનવ નિત્ય ધરે ને મનમાં ધરતા માદ. ૪
સ્વપ્નજાળ જાગૃત–સૃષ્ટિની પુઠે કરે અનુસાર,
મીંચાય નયનો ત્હોય રઝળતાં કિરણ પોપચાંમાંહ્ય. ૫
અવનવી સૃષ્ટિ સંસરતી કંઈ સ્વપ્નનયનની પાસ,
અદૃશ્ય દિવસે આગીયા તે ઝળકે તિમિરનાં માંહ્ય. ૬
દિવસે યુદ્ધ મચાવ્યાં ને ઘડી ચ્હડી બેઠો જઈ પાટ,
રજનિસમે તે રોવા બેઠો કરુણ મચાવી ઠાઠ. ૭
ચમકતી ચપલા રાખી કાખમાં ઘન ગાજે ઘનરાય
નભાભોગમાં પ્રસરી જાતો ધરી આડંબર ગાઢ. ૮
તેમ દિવસે શૂરસ્નેહીયે, બની દુપટ મસ્તાન,
કર વ્હાલીનો સાહી, જંગમાં મારી મહાવીરહાક. ૯
તે હાકલ રચનારો રાજા એ જ રાણીને કાજ
રજનિસમે ઝુરતો અહુણાં તે સ્વપ્ન મચ્યું ભરસાજ. ૧૦
ઓ સંસારી ! ઓ શાણા ! ઓ સંન્યાસી ! પંડિત !
ક્ષુદ્ર તમારું બળ એ સ્વપ્ના પાસ દીસે ખચ્ચીત ! ૧૧
જોતી તમને તથાપિ જોતી નહી જ આની આંખ,
ધરે તેજ અતિ ત્હોય આંસુભરી પડી જ એમાં ઝાંખ. ૧૨
જગાડવા શ્રમ થશે તમારો વ્યર્થ વિરહીની પાસ,
ઢંઢોળોછો વ્યર્થ, એહને ચ્હડ્યો નીંશો છે ગાઢ ! ૧૩

"રતિવટતરુકેરી કંઈક ડાળો ગુંથાતાં[3]
બની રહ્યું શિર આને છત્ર ચંદ્રાનુકારી;
ન પવન, ન ઉડુ ને, ના જ પર્જન્યવારિ[4]

---

૧. મગજ. ૨. પરપોટા.

૩–૪. "Nor sun nor moon nor wind nor rain
Can pierce its interwoven bowers" એઉપરથી સૂચિત.

કદી પણ પદ પામે મુકવા એની માંહી. ૧૪
બનો રહ્યું ઘન એવું કુંજ આ રમ્ય તેમાં
ઉર શિશુસમું સુતું ભોગવે સ્વપ્ન ભારે. ૧૫
"એ તરુપર્ણોમાં કંઈ કંઈ પડી રહી જ સુન્દર જાળી,
મન્દ ફુંકતી ત્યાં પવનલહરી બહુ કુસુમવાસનાવાળી. ૧૬
ઉડુ-મયૂખ[1] પગ નાંખી શાખામૃગસમ તેમાં હીંચે,
શીકર મધુર પર્જન્યતણા વર્ષો ઉંઘ શીતળ ત્યાં સિંચે. ૧૭
એ સઉથી ઉરસ્વપ્ન વાધતાં વધુ વધુ મનહર થાતાં
જોઈ જોઈ, વાયુ ઉડુ વૃષ્ટિ ઘણું ઘણું અટવાતાં. ૧૮
નહીં કુંજે પેંસાયે કોથી, નહી સ્વપ્ન તોડાયે,
સમજાવ્યું સમજે નહીં ઉરશિશુ, જગાડીયું નવ જાગે. ૧૯
નવ જાગતું, ધરતું નવ શાંતિ, ઉંઘતું પણ ભમતું એ,
ભમતું લવતું, કંઈ કંઈ કરતું; સ્વપ્ન નહી શમતું એ. ૨૦
"પોતે જ સ્વપ્ન ધરી, સર્વ ભૂતો ભમોછો;
સ્વપ્ને જ ચિત્ર જગનાં સઉ ચીતરો છો;
ધારે જ સ્વપ્ન રતિનું ભૂત, તેય સ્વપ્ને
નીહાળી શીદ ઝઘડો કરતાં નકામો?" ૨૧
રજનિ તણાં સત્વો ચારે દિશ ભમતાં ને ગણગણતાં;
દિવસ રજનિ સ્વપ્નોને વેશે કંઈક કાનમાં ભણતાં;
દિવસ રજનિ ને સ્વપ્ન તણી સહચરી શ્રવણ દૃગ ભરતી,
ભરતી પણ જીવથી નહીં જીવતી જોઈ ભૂતદૃગ રડતીઃ ૨૨

---

## ૪૫. અનુશય.[2]

**ભૂત:**—"ગયું વાસર,[3] રજનિ આવી રે
ઉભય એમ કંઈક વીત્યાં !

---

૧. તારાના કિરણ. ૨. થયેલાની "પાછળ સુઇ રહે તે" અનુશયનો સાધારણ અર્થ પશ્ચાત્તાપ એટલે પસ્તાવો છે. 'પશ્ચાત્તાપ' પાછળથી તપવું; અત્રે આ શબ્દોનો અવયવાર્થ જ અર્થ છે. ૩. દિવસ.

પ્રિય ગઈ તે આવી ન પાછી રે
ઝરણુ દુઃખનાં જ વહ્યાં! ગયું. ૧
રડી રડી ગ્રહી વ્યાધિ રે
ઉરે નહીં આધિ શમી;
કૃશાનુ[1] કોપ્યો રે
એણે તને અંકે કરી! ગયું. ૨
ચિતા લઈ ચાલી રે
ભડભડ ત્હોય ચિત્ત બળે!
કઠણ છે જાતે રે
પુરુષ તે તે જ સહે—
રડે ઉર ફાટે રે નયન નહીં બિન્દુ ઝરે!!" ૩
વાસરરજનિતરંગથી છલકાતો સંસાર,[2]
નીચેથી તેને ઉરે પ્હોંચે નદી–ઝંકાર. ૪
અંધકારની પાંખપર પર્વતપર્વ અનેક
ચ્હડી ગયો ઝંકાર જ્યાં રસની ચાલે રેલ. ૫

---

## ૪૬. નદી.[3]

"મુજ વ્હેવું થાય ઘડી ધીર,
મુજ વ્હેવું ઘડી વણ ધીર,
મુજ ર્‌હેવું ઘડી નવ સ્થિર,
મુજ વહે નીર ગંભીર ઘસડતું તીર તિમિરમાં ગાજે,
મદભર્યો અન્ધ સંસાર શુણે નહીં ત્હોય નીર છલકાયે. ૧

---

૧. અગ્નિ. ૨. દિવસ અને રાત્રિરૂપ તરંગોથી છલકાતો અંતઃકરણ (ઉરભૂત) રૂપ સંસાર તેના પ્રવાહના વેગઉપર નદીના ઝંકારની અસર થાય છે.

૩. વાચ્યાર્થઃ નદી ક્‌હેછે—મ્હારો પ્રવાહ નિરંકુશ છે અને સમુદ્રસાથેનો મ્હારો સંગમ સર્વદશામાં અપ્રતિહત છે, અર્થાત્ હે ભૂત! ત્હારે પણ તેમ હો.

વ્યંગ્યાર્થ સ્વચ્છન્દ અને ઉદ્રેકવાળી રસિકતાનો લક્ષ્યસ્થાન ભણી જતો પ્રવાહ સર્વે દશામાં અપ્રતિહત હોય છે.

વનમાં જ્યમ કોકિલમાળ
ઘડી જોતામાં વહી જાય,
પડી ન પડી નજર ચલી જાય
ઓણું ઝરતી કૂજિતગાન,
અનુસરતી માળ પુઠ માળ:
ત્યમ બન્ધુર લહરીહાર
વહી જતી મુજ એકાન્ત,
વનમધ્ય ભરતી ઝંકાર;
પણ તિમિરોદરમાં સર્વ થાય એ, કોઈ શુણે ન, ન દેખે,
વહી જતો હોય ઉર–છાક! અહો મુજ છાક! અચળ તું રૂહેજે! ૨
વહી જતી હું તિમિરની માંહીં ઉદધિ છે જ્યાંહીં લેતી ત્યાં ભેટો!
સમદૃષ્ટિ રહે દિનનિશામાંહીં જ્યાં વહી રહે રતિલ્હેરો! ૩
દિન અને અહો દિનનાથ!
શું કામ તેજ–અમ્બાર,
ઘડી થાય ન જો ઉર–લાસ?
સ્વર્ગંગા! તુજ ભંડાર
નિજ આભોગે ભરી રાખ!
પણ તિમિરે સંગમસ્થાને
મુજ જેવી ગર્જના થાયે,
ઉર–ઊર્મિ સુરત રચાય,
કો શકે ન પામી પાર,
એ રમતગમતના ઢંગ હૃદયના સંગ પરિચિત કોને? ૪
નભ કે શુચિ આવો માસ!
નીર ભરાવ ને સુકાવ!
સઉ કાળ હોય રહી એક, ઉરે પ્રિયને જ ગાઢ હું બાઝું. ૫
મર હોય વિજન એ સ્થાન,
મર હોય નગર પણ્યું પાસ.
મર મુકી સર્વ મર્યાદ
રૂહે જોઈ સૂર્ય શશી તાર,

મર જડે જ શય્યા કાજ
મૃદુ વાલુ કે પાષાણ,
મર હોય શૈત્ય કે તાપ,
મર શોક્ય ઉભી રૂહે પાસ,
મર હોય ગમે તે કાળ:
ઉરસુરત નિરંતર ત્હોય મચી રહ્યું સદા, સદા મચ્યોં રૂહેશે,
ઉર ઉદધિતણે અવકાશ જડ્યો મુજ ઉર ને જ જડ્યોં રૂહશે !" ૬
પવનપર ચ્હડી આ શબ્દઝંકાર ચાલે;
સતતરસનીં સ્નેહી ઉરમાં છોળ વાગે;
ભૂત–તરુ કરમાયો દીસતો આજ લીલો;
વિરહ–મધુવનોએ પુષ્પનો ભાર ઝીલ્યો. ૭
ભૂતકાળ લીલો થયો તે તરુઉપર ભૂત
ઝુલાવતું ને સુંઘતું વિરહે ખીલવ્યાં ફુલ. ૮

## ૪૭. શોકસ્વીકાર.

**ભૂત:**—"સખિ ! તુજ વિરહે નવાઈ કંઈ
અનુભવીં રહું મન મુઝાઈ અંહી ! ૧
તુજ સંગતિમાં સુખકર જે
હતું, આજે થયું દુખકર તે. ૨
હસીં હસીં અભિનન્દ્યું તુજ સાથ
નીરખીં સઉ તે તે રડું આજ. ૩
શૂન્ય સઉ ભાસે સંસાર,
મન મ્હારું બહુ થાય વિરાગ. ૪
તમાં સ્વપ્ન વીંશે તું મળે
તે જ સમે મન મ્હારું હસે. ૫
રોઉં રોઉં એમ ઘડીં ઘડીં થાય,
મનના ઉભરા મનમાં માય. ૬
હસે લોક ને રોઉં હું,
ઉદાસીન બનીં જુવે ન તું ! ૭

મરે જાત સઉ કૌય ખચીત,
નાશવતી અન્તે બધીં પ્રીતઃ ૮
કાંઈ અજાણ્યું મ્હારું ન તે,
સમજ્યાં આપણ બન્ને તે. ૯
પણ આ વિરહ નહી સ્હેવાય,
આવું આવું ના જ ખમાય. ૧૦
કેમ મરી વ્હાલી મુજ જાય?
એવી એવી શંકા થાય. ૧૧
તું મરીં? એ આવે વિચાર,
ત્યાં નવ રોવું ઝાલીં રખાય. ૧૨
તુજ પુંઠ રોવું દિન રાત,
ઝુરી ઝુરી ગાળવીં નિજ જાતઃ ૧૩
તે કરવું ગણુંછું મુજ ધર્મ—
સ્નેહીં પ્રાણીંનો સાચો મર્મ. ૧૪
"મ્હારા નેત્ર! અહોનિશ રોજે રે પ્રાણપ્યારીં સ્મરી!
ત્હારું તેજ બધું ખોઈ દેજે રે નીરનિધિ ઝરી. (ધ્રુવ) ૧૫
વ્હાલી તે ત્હારા ગોચરથી ગઈ નાશી
થઈ ગઈ અદૃશ્ય પ્રવાસી રે! પ્રાણ૦ ૧૬
કથા ને કીર્ત્તિ તે જ રહ્યાં છે શેષ એનાં!
પૂજું પૂજું છું પદ તેનાં રે. પ્રાણ૦ ૧૭
નથી નથી નથી હૃદય એનું હવે!
હવે માટે તું રુવે રુવે રે!" પ્રાણ૦ ૧૮
ગાંરુડીનું શુણીં ગાન વાદ્યદ્વાર પવને અડ્યું,
પવનાશન[1] કરી દર-ત્યાગ ડોલે સન્મુખ આવીને; ૧૯
તેમ શુણી આ શોક તિમિરવાંસળીમાં ભર્યો
ભૂત-ઉર-વાસી નાર ભુવનવીંશે પડઘા ભરેઃ ૨૦

---

૧. સર્પ

# ૪૮. પ્રતિધ્વનિ.

" હુંયે એકલડી! છુટી બેલડી! વ્હાલમ! હું તું એમાં કો કોને જુવે? (ધ્રુવ)

મુઈ તુંને ગઈ, શક્તિ ર્‌હેવા ન રહી,
  વ્હાલા, એમ વિશ્વંભર ઇચ્છતો! હુંયે. ૧
આખી રાત રમી ઝઝુમી ને ઘુમી,
  મેઘ! ગર્જે ત્હારાપર તડિત હું! હુંયે. ૨
આવી ક્યાંથી હતી? રહી ક્યાં જ જતી?
  ઘન! એકલો રહ્યો તર્ક શા કરે? હુંયે. ૩
ગાજ, ગાજ, રસ! વર્ષ, વર્ષ, મસ!
  હજી ધરતી ધરે ઉકળાટને. હુંયે. ૪
વિશ્વ અનન્ત આ, એમાં શોધીશ ક્યાં?
  સંતાકુકડીના દિન વહી ગયા! હુંયે. ૫
હુંયે વિશ્વવાંશે, તુંયે વિશ્વવાંશે,
  બીજો એ વિના સંબંધ શો હવે? હુંયે. ૬
રુડા મ્હોર તણી રસીલી હું ઘણી,
  આંબા! હતી ને ડાળે ઘડી બેઠી'તી; હુંયે. ૭
બાર પ્રિય ગણી, ફુલી ફૂલ્યું શુણી,
  નાચ્યો વસન્તસમીરની તું લ્હેરમાં; હુંયે. ૮
નાંખી કાળે ત્યાં જાળ, હવે મળવાની આશ,
  ત્હારી મ્હારી વિભુના આ ઉરમાં. હુંયે. ૯
રુડા પુષ્પના વાસ! પુષ્પ કરમાતાં આજ
  શોભા ગઈ હું તો તુંયે આવજે; હુંયે. ૧૦
આંખો ઠારી છે મ્હેંય, પ્રાણ સંતોષ્યું ત્હેંય,
  સાલે વિરહ તો ચાલ મ્હારી સાથ તું. હુંયે. ૧૧

---

૧. નાયકની પ્રિયા બાહ્ય જગતમાં કોઈ સ્થળે અશરીર રૂપે ઉભી હોય ને પ્રિયહૃદયની શોકસીમાની અનુકંપાએ બોલાવી બોલતી હોય તેવો આ કાંડમાં હૃદયભૂત પોતાની વાસનાનો પ્રતિધ્વનિ શુણે છે. મૃત્યુ પછી જીવનો કેવી રીતે ઐહિક જગતસાથે સંબંધ રહે છે તે વીશે આ કાંડમાં પ્રશ્નોત્તર છે.

કીધાં કરાયાં કર્મ, બાકી હરિનો મર્મ
જાણે એ જ! અર્વાચીન એને આપણે. હુંયે. ૧૨
કુલ કુલાય તો! ઉંચું, ફુલ! તું જો,
તોડે પવનઝપાટો તો પડ ખરી; હુંયે. ૧૩
રહેવા જવાના સઉ મિથ્યા ગર્વ, પીયુ!
ગર્વ સત્ય, ગણાય સર્વ એક જો. હુંયે. ૧૪
જુદાં આપણ, હોય ભેગાં-સાચું જો જોય;
તોડે કોણ જ યોગ સાચા સ્નેહનો? હુંયે. ૧૫
વિધિ તે શું કરે? વિશ્વ એક ગણે
સ્નેહી વૈરાગ્ય બાઝી વિભુ ઉરને. હુંયે. ૧૬
ગમે ત્યાં તું રહી, અટવી જુદી ન લહી,
સિંહ! ચરની! અટવી ઘરા તાહરી! હુંયે. ૧૭
સૂર્ય દૃશ્ય ન, હોય,-મુખ મીંચાય, હોય-
પદ્મ તરતું સલિલમાં, ન ડુબતું." હુંયે. ૧૮

## ૪૯. પ્રતિબિમ્બદર્શન.

પ્રતિધ્વનિને ધ્વનિ ગણી, ગણી ગોચર પ્રિય નાર
થઈ ઘડીભર, ભૂત મોહના ભડકા કરતું જાય:— ૧

**ભૂત**—"ચંદ્ર તણે કિરણે જળમાં પડી જોયું હૃદય સરિતાનું!
"નાચ્યું પછી રસમાં રસવાહિની કેરું બની મનમાન્યું!!
"એ રસવાહિની ક્યાં તું ગઈ?
"ક્ષાર યમામ્બુધિમાં શું ભળી?
"ગુપ્ત ગંગસમી વા શું થઈ?
"ઉર અહીં શશિ-બિમ્બ, વિલાસિનિ! રમ્ય રમાડી તરંગ, પછી
"કંઈ અપારપ્રદર્શક ભૂમિ તળે લીન છેક તું આમ થઈ?" ચંદ્ર૦. ૨

## ૫૦. સ્વપ્નમાધુર્ય.

ભૂત તણા ભડકા તણો થાતાં નવીન પ્રકાશ,
ચેતન સખીમંડળી ધરે સ્વપ્નભાન સમું ભાન; ૧

નીરખી હતી દમ્પતી તણી રતિ જાગૃતમાં જેમ,
ભાસ્યું-પડઘારૂં રતિ કરતું હોય ભૂત-તેમ. २
જોતું એ રતિસ્વપ્નને સખીમંડળ મલકાય;
જાગૃતને અવગણી હવે સ્વપ્નતણાં ગીત થાયઃ— ३

સખીમંડળી–[१] "જગ જૂઠું રે! સ્વપ્ન ખરું આવું!
"વ્હાલી વિના તે જગમાં શું સાચું? જગ० ४
"ર્‌હેતી-વ્હાલી છતાં-ભરચક રાચી,
"વ્હાલી વણ તે કોકી શાની સાચી? જગ० ५
"લ્હેર પવનતણી! ત્હારો પ્રેર્યો
"વેરી વ્યોમઘુમટ રસધર લેતો. જગ० ६
"લ્હેર પવનતણી! તુજ ઇચ્છાએ
"રસ રેડ્યા કંઈક ઘન-વ્હાલાએ. જગ० ७
"લ્હેર પવન તણી! તુજ સ્પર્શ થકી
"ધરી માસ મધુએ[२] નિજ કુસુમકળી. જગ० ८
"લ્હેર મીઠી! શરીર કર ફરતામાં
"ત્હારો, મદન જાગ્યો મધુમહીનામાં. જગ० ९
"એવી વ્હાલીને ઢાંકી જગ જૂઠાએ!
"કીધાં શરીર અફળ પરસેવાએ![३] જગ० १०
"તેવે સમે રસિક રસધર[४] ગાજે,
"છાનો રમે ઉંચે લહરી સાથે. જગ० ११
"લ્હેર દેખાય નહી, ત્હોયે ભાવે
"આવા ઘનને એ નાજુકડી ઘાલે. જગ० १२
"આવા રમણીય સ્વપ્ન-સરે ડુબી
"સ્મરે કોણ જગત ઢુંગ-ચતુરી?" જગ० १३

---

१. વ્રજ વ્હાલું રે વૈકુંઠ નથી જાવું—એ રાગ. २. વસન્તે. ३. 'પરિસ્વેદ' 'પરિતઃ' ચારે પાસથી થતો તે પરસેવો; પ્રિયારૂપી લહરીનું શરીર પંચભૂતમાં લીન થઇ ગયું—પંચભૂતના જગતમાં ભળી અદૃશ્ય થઇ ગયું; એ લહરીવિનાના જગત વચ્ચે ઉભેલા શરીરને ચોપાસથી પરસેવો થાય—લહરીનો ભોગ ન થતાં ચારેપાસથી શોકપરિસ્વેદ આકળાવે. ४ રસનો અર્થ પાણી પણ થાયછે તેથી રસધર એટલે મેઘ પણ ખરો. અત્ર તેમ જ બીજે ઘણે પ્રસંગે આ શબ્દ તેના આ તેમ જ સામાન્ય એમ ઉભય અર્થમાં મુક્યો છે.

## ૫૧. અન્યોક્તિ, સ્વપ્નભોગ.

ગાતાગાતામાં બની સ્વપ્નયોગમાં લીન
સખીમંડળી થઈ ગઈ સખીવિરહથી દીન. ૧

અદૃશ્ય રહી કોયલસમી હોય ગાઈ રહી આજ
ભૂતપ્રિયા, ત્યમ ઉંચું ઉંચું જોતો સખીસમાજ. ૨

સતારના નિઃશેષ સઉ તારવીંશે ઝટ નાદ
ઉઠી રહે, ત્યમ ઉર–ગીત ગાતો સખીસમાજઃ— ૩

**સખીમંડળી.—**

"નીલ લીલમ સમાં લાલ ગાલે બેઠાં તમે જે તણે રે,
એવા રુડા આંબલીયાની ડાળ મુકીને, કોયલ, ક્યાં ગયાં રે ? ૧

ઉંચે સોહે પ્રભાતના રંગ રાતા રાતા આભમાં રે,
તેવા નીચે નીચે આના મ્હોર ! મુકીને૦ ૨

ફાલ્યો ફાલ્યો આંબલીયો આ કાલ વસન્તસમીરમાં રે,
સુનો હોય તમો વિના આજ. મુકીને૦ ૩

કાળા કાળા ભેદી જાડા મેઘ, કિરણ શશીલેખાનાં રે
ઠારે આંખ, ન લેખા જણાય !!— મુકીને૦ ૪

ભેદી તિમિરતણાં પડ એમ ઉંડાં ગાણાં તમ તણાં રે
સુણે કાન, તમો ન દેખાવ ! મુકીને૦ ૫

ન્હાની ન્હાની હોંસે ભરી નાર કરે વ્રત તમ તણાં રે
તમદર્શનવણ અપવાસો ! મુકીને૦ ૬

ઝરમર ઝરમર વરસે મેહ, ભીંજે અમ જાતડી રે,
એમ ટાંપી રહ્યાં તમકાજ. મુકીને૦ ૭

શશિરેખાની સુંવાળી જાત નદીના તરંગમાં રે
ઉંચી નીચી ન્હાની મ્હોટી થાય, મુકીને૦ ૮

---

૧. "આવા રુડા આંબલીયાની ડાળ મુકીને કોયલ ક્યાં ગયાં રે" એટલી ટુંપ બાળકીયોને ગાવાના એક ગીતને આરંભે છે.

વાચ્યાર્થઃ હે કોયલ ! તમે તો દેખાતાં નથી ને માત્ર તમારું ગાન શુણાય છે. આ આંબો, આ સરોવર ઇત્યાદિ તમારાં પરિચિત સ્થાન મુકી આજ આમ ક્યાં તિરોહિત રહ્યાં છો ? આ માત્ર અન્યોક્તિ છે.

વ્યંગ્યાર્થઃ હે સખિ ! તમારાં વાક્ય (પ્રતિધ્વનિરૂપ) સંભળાય છે ને તમારા પતિ, તમારી અમ જેવી સહીયો, વગેરેને મુકી આમ ક્યાં તિરોહિત રહ્યાં છો ?

નૈક લહરીમાં નૈક જ થાય, પરપોટાના ઉરમાં રે
બેસી વ્હેતી વ્હેતી સરી જાયઃ— મુકીને૦ ૯
તેમ આજ ઘણાં અમઉર તેમાં ગાન તમતણું રે
એક લપસે બની શતકાય! મુકીને૦ ૧૦
ઉંચી નીચી ઘણી વીચિમાળ ઉપર બાણસમ સરી રે
જોતજોતામાં શફરી જાય, મુકીને૦ ૧૧
તેમ તિમિરતરંગની માળઉપર ગાન તમ તણું રે
લીસું લીસું આજે સરી જાય! મુકીને૦ ૧૨
શ્યામ વ્યોમે લાંબા ઇન્દ્રચાપસમો તમ ગાનનો રે
લીસો લસરકો તિમિરમાં થાય! મુકીને૦ ૧૩
પડે તિમિર-સરે પ્રતિબિમ્બરેખા ગાનદીપની રે,
નાચી નચવતી એ અમચિત્ત. મુકીને૦ ૧૪
અર્ધનિદ્રાસમે પ્રિયસ્પર્શસમું કૂજ્યું તમતણું રે
ચમકાવે અમારાં ચિત્ત! મુકીને૦ ૧૫
ભરનિદ્રાસમે પ્રિયસ્પર્શસમું કૂજ્યું તમતણું રે
અમઉરમાં ભરે સુખસ્વપ્ન! મુકીને૦ ૧૬
કાળે પોતે કસુમ્બલ ભાત, તેવું આ કાળા વિશ્વમાં રે
રુડું રુડું કોમળ તમ ગાન. મુકીને૦ ૧૭
શાલિક્ષેત્રતટે મૃગનાર સમાં રુડી પાળમાં રે
લાગો તે આ સરોવરની પાળ— મુકીને૦ ૧૮
રુડે ચાંદલે રમ્ય કલંક, તેવાં તમે સર-ઉરે રે
ચંચૂ ભરતાં ભાસો તે કાસાર— મુકીને૦ ૧૯
વાગે વ્હાલાંના ઝણુકાર, કૂજો એવું કાનમાં રે,
ઊંચું આંખ જુવે તો રહી જાવ. મુકીને૦ ૨૦
તમને આવી છે આવી પાંખ, આંબલીઓ અપંગ છે રે,
ઉભો ઉભો ફુલે ને કરમાય! મુકીને૦ ૨૧
કળી કુસુમતણી! તમ-વાસ આવે આ તિમિરમાં રે,
કુંળી પાંખડીઓ ન દેખાય. મુકીને૦ ૨૨

તેજ તારા તણું દેખાય ઝીણું ઉંચું આભમાં રે,
તારો જોવાય ના, ન ઝલાય! મુગ્ધીને૦ ૨૩
તેવું ગાન તમારું શુણાય ઉંડું ઉંડાણમાં રે,
તમો દેખાવ ના, ન ઝલાવ!" મુગ્ધીને૦ ૨૪

'કોયલ ક્યાં બોલી હશે? જતી રહી ક્યાં આજ?'
તે જોવા ઉંચું નીરખતો આતુર સખીસમાજ. ૨૫
નિષ્ફળ તેનાં નયનને અંધકાર કરી દે,
હોય શરીર ભીનાં કરી ઝાકળ ઉત્તર દે:— ૨૬

## ૫૨. ઝાકળ.

[1]"મૂળ ન મુજ દેખાતું, હોયે જન્મ અચિન્ત્યો પામું રે!
ક્યાંથી પડું તે જગ નવ જાણે, પડ્યું જ એમ જણાઉં રે. મૂળ૦ ૧
પડું ન ઘનથી, નહી આકાશથી, અદ્ધર જન્મ હું પામું રે!
હસ્તી-કળશસમ સુભગ કમળદળ ઉપર હું તો રેડાતું રે. મૂળ૦ ૨
ગુપ્ત પવનના અધરશીકરસમ જુઈજાઈપર છંટાઉં રે!
જગના લોચન તરુપલ્લવપર હર્ષ-અશ્રુ સમું આવું રે. મૂળ૦ ૩
સઉ આ આવું આવું રમું તે વિજન સ્થળે ને રાતે રે;
સાક્ષિસમક્ષ નહી રસભોગ નિરર્ગળ નિર્ભર જામે રે. મૂળ૦ ૪
દઈ દેખા પરિચિત બનતા રસભોગ નીરસ રસીયાને રે!
ક્ષણક્ષણમાં નવ નવ ન બને તો રસિકનું મન ના માને રે!
મન રસીયું રસિકનું ન માને રે! મૂળ૦ ૫

---

૧. કાંડ ૫૧ માંના પ્રશ્નનો આ કાંડમાં પ્રત્યુત્તર છે.

વાચ્યાર્થઃ પૃથ્વીપરના કમળદળ જેવા સુભગ પદાર્થ આસપાસના અદૃશ્ય પવનમાંથી ઝાકળનો સંયોગ પામે છે. તે સંયોગ કેવો? અચિન્ત્યો, ગુપ્ત, રસભરેલો, ક્ષણક્ષણમાં નવો નવો થતો (ઝાકળ દરેક પળે નવું નવું થયાં કરે છે માટે), અને સંયુક્ત પદાર્થને સહસા દ્રવથી ભરનાર.

વ્યંગ્યાર્થઃ સુભગ રસિક અભિલાષ આસપાસની અદૃશ્ય સૃષ્ટિમાંથી સંપૂર્તિ પામે છે—જેમ પ્રતિધ્વનિરૂપ સંપૂર્તિથી હૃદયભૂતનો અભિલાષ પળવાર પૂર્ણ થવા પામ્યો.

અદૃશ્ય સૃષ્ટિમાંથી આવી સાકાર થનાર પર્યેષકજ્ઞાનની સ્ફુરણા, ધર્મવાસનાનો ઉદય અને કવિત્વના તરંગ,—એ વિષય પણ આ કાંડમાં ધ્વનિત છે, અર્થાત્ એ વિષય પણ આ કાંડમાં લક્ષ્યાર્થ થઇ શકે એમ છે.

નવ નવ રસ ન અધરપુટ પૂરે તો ન રસિક મન માને રે!
સતત રસદ નવ નવ રસ રસભર અધર થકો જ મન માને રે!—
મન મોહનો મોહન માને રે! મૂળ૦ ૬
સહસા સ્પર્શિત અધરથી ચમકી પ્રિય-મોહનીનું મન માને રે!
સહસા રોમાંચ થકી ચમકી પ્રિય-મોહનીનું મન માને રે! મૂળ૦ ૭
સહસા સ્વર રમ્ય થકી ચમકી પ્રિય-મોહનનું મન માને રે!
સહસા શુણી મોહન સાદ પીયુ-મુખનો મન મોહનો રાચે રે! મૂળ૦ ૮
સહસા પિકકંઠભરી રજનિ મનમોદભરી ઘણું ગાજે રે!
સહસા પિકકંઠ થકી મધુમાં પિકબન્ધુ સુરંગથી રાજે રે! મૂળ૦ ૯
સહસા સુજને થતો અંક દ્રવે વનમાત્રની મોહન માયા રે!!
સહસા અશરીર પ્રિયાસ્વરથી પ્રિયમર્મ સુતેલ જ જાગ્યા રે!!!" મૂળ૦ ૧૦

[1]નિશાપુષ્પથી જાગી જતાં રસ[2] આતુર સઉ ઉર થાય
તેને વધુ ચમકાવે વૃષ્ટિ પડતી તિમિરની માંહ્ય. ૧૧
જગનો રસ સાકાર થયો આ અન્ધકારમાં ભાસે,
સ્વર્ગંગાથી ઉતર્યો દીસતો, કાળા મેઘ પ્રકાશે! ૧૨
મહાકવિની કવિતા પેઠે જગ આખામાં પડતી,
પાત્રપ્રમાણે રસ લ્હાતી, ધરતી-ઉરમાં સંચરતી, ૧૩
જડચેતનમાં અપૂર્વ કંઈ કંઈ રમ્ય વિકારો ભરતી,—
તે રસવૃષ્ટિ ભૂતઉરમાં અંતર્ પ્હોચી ઠવતી. ૧૪

---

## ૫૩. વૃષ્ટિ.[3]

"રસ રસ રસ કરી દીધું જ જગત પલકમાંહી!
શીત શીત શીત કરી જ ગાત્ર ઉંઘને વધારી! રસ૦ ૧

---

૧. નિશાપુષ્પ એટલે ઝાકળ. આ પછીની લીટીયોમાં વૃષ્ટિનું વર્ણન છે.

૨. રસ એટલે જળ અને રસદ એટલે મેઘ. રસ એટલે काव्यं रसात्मकं प्राहुः તે પ્રમાણસિદ્ધ રસ અને રસદ એટલે કવિ અથવા કવિના હૃદયમાં રસ ભરનાર સૃષ્ટિલીલા.

૩. આ કાંડમાં વ્યંગ્યાર્થ બે છે. (૧) કોઇ મહાકવિની કવિતા હૃદયભૂત ઉપર વરસે છે. (૨.) હૃદયભૂત કોઇ કવિનું જ હૃદય ગણી તેની કવિત્વશક્તિ સૃષ્ટિલીલામાં રહેલો રસ હૃદયપર વરસે છે.

રસદ ઘનઉરેથી ઉતરો ઉતરોં હું કવિતા
ઝાપટે પડું છું ત્યાં જ દ્રવતો ધરતો ધીરા. રસ૦ ૨
મેઘ-ધેનુ દોહી આજ સંસૃતિદુહિતાએ;
વછુટી શત સહસ્ત્ર ધાર અમૃતની જગપાત્રે! રસ૦ ૩
લ્હેર લીલા પ્રભુગૃહે થઈ રહી તનમાંયે.
ફુલ, ફુલ, ઉર-ફુલ! તુંને ફુલવું રજનિમાંયે. રસ૦ ૪
પડું પડું ઉંચ અભ્રઉરથી; સરું જ ધરતીઉરે,
રસ રસ થતો ધરતો એવો લીલું વપુ ધરી ઝુરે. રસ૦ ૫
છુટી છુટી ઘનનારી કેરી જળમય હું જ વેણી!
કચભાર છોડી એ જ દીધો નગઉરપર વેરી! રસ૦ ૬
કદી હું રમતી રમતી ઉતરું આડી ધીમી ધીમી ને
નિસરણિ મુજ સમીર થાય, મુકું પડતું વળી પડીને. રસ૦ ૭
ટપક ટપક પડતી બોલું મીઠડું ઝીણું હું,
ધડ ધડ વળી દોડી પડું, ખડ ખડ જ હસું હું. રસ૦ ૮
કુસુમવૃષ્ટિ સમી જ દેહ–કદી વળી સરું–ધારી,
ઉભી ઉભી પડું કો દી જેમ ઝરતી ઘણીક ઝારી. રસ૦ ૯
કદી સરતી ન દેખાઉં, ત્હોય પડું જ નીચી આવી;
યમસમી પડું એમ પણ હું પડું જીવને જ લાવી. રસ૦ ૧૦
જગત આ સમય ઉંઘતું, ત્હોય ગતિ મ્હારી
પરખશે, પ્રભાતની જ નવલ છબિ નીહાળી. રસ૦ ૧૧
રસ રસ રસ કરી જ દીધું જગત આમ મ્હેં તો!
રડતું હોય તોય રસથી ઓગળ્યું જ એ તો! રસ૦ ૧૨
રસ રસ રસ ઉરમાં જનો તણે હું પ્રેરું;
રસ ચેપી ભરું સૃષ્ટિમાં, તો રસ જ દ્રવે મેરુ. રસ૦ ૧૩
મુજ પ્રભાવ એમ વિષમ સકળ જગત ઉરે
લલિત ચલિત રસની લહરી કુંકી કુંકી ખુલે. રસ૦ ૧૪
રસસમીર ફુંકું, ત્યાં જ કંઈક હૃદય કમ્પે;
કંઈક હૃદય કેરી વળી જુની ઝાળ જમ્પે. રસ૦ ૧૫

નાચું તરુને પાંદડે ને ઉંડું વાશું આઝી;
ધનથો નીચો ત્રુકું જ, જ્યાં રહે તડિત ગાજી. રસ૦ ૧૬
પૃથ્વીમાં ને વ્યોમમાં ને અન્તરાળભાગે
રસથી એમ ઝુકું, ત્યાં જ ચમકી જગત જાગે. રસ૦ ૧૭
દૂર પડ્યા જીવ! સ્મરનો, સ્મરનો સાથી હારો!
આજ કેમ એકલો તું, રસિક! આમ ન્યારો? રસ૦ ૧૮
એકલો તો એકલો તું, રસનું લ્હાણું લ્હાને!
રસિક સૃષ્ટિ મધ્ય ઉભો, રસમય ગીત ગાને! રસ૦ ૧૯
ગાનો ગાનો! હૃદયબંસરીનું ફુંક વાજું,
વાજું એ વગાડ, તાલ દઈ દઈ હું ગાજું. રસ૦ ૨૦
રુદિતરાગ ગાનો આજ, જગત કંઈક શુણે;
શુણી શુણી બોધ પામી દ્રવી દ્રવી જ ઘૂણે; રસ૦ ૨૧
તોડ ઉર-વજ્રને જ, ફ્રોડ ઉર પોલાં!
ખાઈ ખાઈ તુજ ટકોર, ખાય કોઈક ઝોલાં. રસ૦ ૨૨
વર્ષ, વર્ષ, રસિક! વર્ષ, વર્ષ રસ રૂપાળા!
તડ તડ પડો, જોનો, મુજ શરપટ તણી ધારા!" રસ૦ ૨૩
વૃષ્ટિતણા રસથી ચમકારા સકળ અંગમાં થાતા!
ઉર-મોરલીમાં રુદિતરાગ ઉપરાઉપરી ઉભરાતા!
રસસંસારવીશે તરનારી સહચરી રસભરી નાઠી
તેનો પુંઠ દોડતું ઉરભૂત કહી 'પ્રિયે! પ્રિયે! ક્યાં ચાલી?' ૨૪

---

## ૫૪. સ્નેહસંસારનું દર્શન.

**ભૂત:**—"દ્રવ્યાં કરજે સ્મરીને—મન!—મોહનો ત્હારી! —ટેક.
દુ:ખઊર્મિ કોપી કુદતા 'તા,
ઉર શોકવાયુ ફુંકતા'તા,
દિશ છાઈ મેઘ રટતા'તા—
નિરાશાકારી! —સ્મરી૦ ૧
ભવસાગર એમ ઉછળતો,
રતિનાવે ત્યાં હું તરતો—

તુજ ભુજ ભુજમાં ભરતો–
પ્રિયે! વિહારી. –સ્મરી૦ ૨

નભ ઉપર, નીચે પાણી,
ત્રીજું નાવ રતિની ચાલી,
ત્યાં એહું ઉરશું ઉર બાઝી-
દશા વિસારી. –સ્મરી૦ ૩

નહીં જગત કોઈને સુઝે,
દુઃખો ઉર ઉર પર ઝુઝે,
રતિ એકલો આનન્દ દુઝે
ચમત્કૃતિ ધારી. –સ્મરી૦ ૪

નભ અભ્રસેનાનું છાયું
ઘનછિદ્રથકી જ દેખાયું,
ત્યાં વિશાખજોડું બાઝયું
પરસ્પર સાથે. –સ્મરી૦ ૫

તુજ સખ્યવસન્તે ફુલી,
સુખ-દુઃખ ઋતુયુગ ભુલી,
રસગાનને ઝૂહેતો ઝુલી!
ભુલી તું શાથી? –સ્મરી૦ ૬

તું ભુલે ભલે તે, વ્હાલી!
મને ભલે મુકે તું વિસારીઃ—
પણ થનાર નથી હું ત્હારી
પડે ઉર-ઘાતી. –સ્મરી૦ ૭

તુજ સ્નેહથી નથી હું ધરાયો,
નથી દુઃખકાયર બની નાઠો,
તુજ પાછળ હું નથી થાક્યો
હજી રોવાથી. –સ્મરી૦ ૮

સુખદુઃખભુલાવણ એ તો
તુજ મોહની નથી હવે તો;

મન ! થા તું વિરક્ત ગમે તો !
રોઈ રોઈ મરી,
નહીં તો સ્મરીં મોહનીં ત્હારી,—
બળ્યાં કરજે !!" –સ્મરી૦ ૯

દુઃખતિમિરમાં ધૈર્યતણો કણ ચળકીં રહે ક્ષણ આમ,
શોકસરોવર નીંચે સેર રસકૂપથીં ઝરતી જાય,
તે સઉના અનુવાદ[1] સમી કંઈ પાસ ઉડતી પાંખ
પ્રભાકીટની ચમકતીં ચળકતીં સ્ફુરે તિમિરની માંહ્ય !
ગાન ઝીંણું કીટ કરે શું ? ૧૦

---

## ૫૫. પ્રભાકીટ.[2]

"[3]મુને તે તેજ દઈ આમ એકલડો નાંખ્યો ! દેવા !
મુને તે તેજ દઈ ક્ષુદ્ર–અરણ્યે–રાખ્યો ! દેવા ! ૧
હું તે સતેજ જ આમ અપરના તેજે દેવા !
તેજહીન ઝટ થઈ જતો ત્હેં સરજ્યો. દેવા ! ૨
તેજહીન નિજ તેજહીનતા રોતા, દેવા !
સતેજ મુજ સમ સતેજતા નિજ રોતા. દેવા ! ૩
સુખીં કંઈ આવા રોતા રોવે સુખીંયા, દેવા !
દુખીં કંઈ હું સમ સતેજ તેજથીં દુખીંયા. દેવા ! ૪
બાઝી પ્રિયાને સુખસમયે જે સુખીંયો, દેવા !
વિરહીં નિરાશ જ તિમિરમાંય એ સુખીંયો. દેવા ! ૫
રોયે સુખ લે તો એ લેજો સુખથી ! દેવા !
ઉરઆહુતિ લે મળીં ત્હેં રચીંયા [4]મખથી !" દેવા ! ૬

---

૧. અનુવાદઃ એક વાજાની પાછળ વગાડવાનું બીજું વાજું. ૨. પ્રભાકીટ=આગીયો કીડો. ૩. પ્રાપ્ય પદાર્થ પાસે હોવા છતાં તેમાંથી પણ અસંતોષનું કારણ શોધી દુઃખી થનાર લોક જગતમાં હોય છે; તેમ જ હેય પદાર્થમાંથી સંતોષ માની સુખી થનાર પણ હોય છે; તો આત્મવિભૂતિ જેવી હોય તેથી આનંદ પામવો એ સુખસ્થાન છે—એ આ કાંડનો સાર છે. ૪. મખ=યજ્ઞ.

શાંત ઝીણો સ્વર પ્રભાકીટનો ચમકી રહ્યો નથી પૂરો,
જોઈ જોઈ નિજ પ્રભા રહ્યો છે હજી આનંદ અધુરો,
ત્યાં જ ઢાંકી એ સ્વરને દેતી, દેતી પ્રભાને ઢાંકી,
ઘન કાળાને ખેંચતી ગાજતી વીજળી ચમકવા લાગી. ૭

---

## ૫૬. વીજળી.

[૧]"મેઘ ! તું તો ચાલ અદ્ધર, આવની મ્હારી પાસ,
અંધકારની માંહ્ય આજે નિદ્રુવનનો[૨] અવકાશ. મેઘ૦ ૧

ઊંઘતી, જોની, ધરા આ હોડી સાડી શ્યામ !
જોઈ લીધું મ્હોં ઉઘાડી – ઊંઘતી એ ગાઢ ! મેઘ૦ ૨

ગાજતો વારિનિધિ[૩] ઝુણે પડ્યો કો પાસ,
જોઈ મુને, ચમકી ઊરે, વ્યર્થ એ પપળાય. મેઘ૦ ૩

ગાન મુજ ઊતારતો નિજ ઊરને ઊંડાણ
કંપતો કામાર્ત્ત વાયુ[૪] એકલો એકાન્ત. મેઘ૦ ૪

કામ એવા કામોના પૂરું હું બહુ બહુ વાર;
આજ તો તુજ સાથ રમવા[૫] ઊર મુજ અકળાય. મેઘ૦ ૫

---

૧. વ્યંગ્યાર્થ: યમતિમિરના પડદા તળે ત્હારી પત્ની ઢંકાઈ રહેલી છે–કાંઇ નાશ પામી નથી; મૃત્યુનો પડદો કાઢી તેની પાછળનાં સત્ય પળવાર દેખાડનાર જગદ્વ્યાપિ શ્મશાન-પ્રબોધરૂપ શોકનાશક પ્રકાશ તે હું છું; મ્હારા પ્રકાશથી એ તિમિરોદર પળવાર પ્રકાશી મૂકેતાં તેં ત્હારી પ્રિયાને દીઠી; એટલું ત્હારું હિત કર્યા છતાંયે મ્હારી મહત્તા સ્વીકારી અને વળગતો નથી અને ત્હારી પ્રિયાના વિચારનો ત્યાગ કરતો નથી; સર્વથા વિરહીના ઉપર મ્હારા જેવા પ્રકાશનું પણ બળ ચાલતું નથી. ઉલટો તું તો પ્રિયાને અમર માની તેમાં જ નિમગ્ન થાય છે. ધ્વનિતાર્થ; પતીવ્રત પુરુષને લલચાવનારી સ્ત્રી આરંભમાં ધ્વનિત વિષય છે. ૨. સુરત. ૩. 'વારિનિધિ' નું વ્યંગ્ય ઉપમેય જ્ઞાની પુરુષો છે. ૪. 'વાયુ' નું વ્યંગ્ય ઉપમેય કવિયો છે. ૫. જ્ઞાની પુરુષો લોકપણાથી દૂર રહી પ્રબોધનો અનુભવ શોધે છે અને તેમ જ કવિયો એ અનુભવનું ગાન હૃદયમાં ઉતારેછે; ત્હારા જેવામાં એ અનુભવનો પ્રસંગ ઉત્પન્ન કરેછે.

પૃથ્વીથી જન્મેલ! હું આકાશપુત્રી આજ
ગોરી કાળા કાજ તલસું! મ્હોટું ત્હારું ભાગ્ય. મેઘ૦ ૬
ઇન્દ્રધનુની મિત્રતા કરી, નદી સરખી નાર
સાથ ધારાકરથી આખો દિન કીધ વિલાસ. મેઘ૦ ૭
પૃથ્વીપર રેલાવી ત્હેં નદી નિજ રસથી કાલ,
લીલી કીધ લીલોતરી આ અવનિને આવાસ. મેઘ૦ ૮
નાશના આભાસ સમ આ સ્ફુરતો અંધાર,
વ્હેતી પણ નદી ના દીસે, યમ ઢાંકતો તુજ આંખ. મેઘ૦ ૯
એ જ આંખ ઉઘાડતી ચમકાર કરી પળવાર,
એ જ નદીની કાયને ઉઘાડતી તુજ પાસ. મેઘ૦ ૧૦
સ્વપ્ન સમી ચપળા હું તે જાગૃતની સાચી જાત
કંપાવતી તુજ આંખમાં, હંફાવી કાળી રાત! મેઘ૦ ૧૧

"કૃતિ આવી આવી કરી કરી મથું હું રીઝવવા,
દશે દિશે દોડું, તિમિર સળગાવી મુકું વળી,
તને સ્પર્શે સ્પર્શે ચમક ચપળાની દઈ દઈ,
ધરાપર્યંકે હું શયન કરું, સંજ્ઞા દઈ તને. ૧૨

તથાપિ મુને તું, ઘન, તજી જવા આતુર થયો!
સરિતા સંતાતી; ઉપર પડવા તત્પર બન્યો!
સ્ત્રીબુદ્ધિ કીધી મ્હેં! યમતિમિર ચીરી વિરહીની
સમીપે, ના ત્હારું-નહીં જ હિત મ્હારું-કંઈ કીધું." ૧૩

ચમકી રહ્યું તિમિરોદર! ક્ષણમાં કંઈ કંઈ જોયું નયને!
[1]મધ્યરાત્રિયે મધ્ય દિવસસમું પ્રકટી રહ્યું સઉ ભુવને!
તે ચમકાર થતાં વીજળીના પ્રતિધ્વનિ જગ કરતું;
દશે દિશ ગર્જન મચી રહ્યું ને બધિર શ્રવણને કરતું! ૧૪

---

૧. 'શ્મશાનપ્રબોધથી જાગેલી કલ્પનાનો પ્રકાશ ઐહિક પદાર્થોપર પણ પડેછે, અને પારલૌકિક જ્ઞાન પામવા જતી બુદ્ધિ આગળ સંસારનું અદ્ભુત રૂપ ખડું થાયછે.'

## ૫૭. ગર્જના.[1]

"ઘોર ઘોર ઘન-ઘોર ગર્જતી,
ત્રાસ ત્રાસ સઉપાસ વર્ષતી,
વ્યોમ મધ્ય–ધરતી તળે વળી–
વારિનિધિઉર–હું વસી રહી. ૧
ઘોર ઘોર ઘન મેઘ ગર્જતો
રાત્રિ દિનસમયે રચી રહ્યો;
અંધકારનિધિ માનવીશિરે
દિનરાત જગ ઘેરી એ ફરે. ૨
સર્વતઃ ક્ષિતિજ પૂરી તેજથી,
દૃષ્ટિઘાત કરી, શીઘ્ર રેલતી,
તોડી દેતી છત વજ્રવ્યોમની,
વીજળીય જયદર્પ ગર્જતી. ૩
(કલાપક ૪–૭) વ્યર્થ વૃક્ષવન તોડી નાંખતો,
બાથ માંહી ગુરુ ગિરિ ઘાલતો,
લાત મારી જળનાથને ઉરે,
ઝાલી વારિદ ઉછાળવા કરે,
પેસતો વનઘટા ગુફા વિશે,
બેસતો ગિરિ–તરુ–તણે શિરે,
પૃથ્વીકાયપર કુદતો બધે,
અટ્ટહાસ્ય કરતો પદે પદે. ૫

---

૧. અભ્યાર્થ:—સંસાર હજાર મુખે માનવીના હૃદય આગળ નિત્ય ગર્જનાઓ મચાવી મૂકે છે અને તે ગર્જનાઓ નાનાવિધ પ્રવૃત્તિઓની સાધક થાય છે; જેમ કે, દુઃખદ્વારા સુખ-સાધક વિપત્તિ (શ્લોક. ૨); ક્ષણિક અને ચપળ વીજળી જેવી સર્વને અંધ કરતી સંપત્તિ (શ્લોક. ૩); તોફાની પવન જેવો માનવીના મનનો—પોતાનો કે પારકો—વિકારરાશિ (શ્લોક. ૪–૭); દ્રવ્ય, અધિકાર, દેશ આદિનો લોભ (શ્લોક ૮–૯); સ્વાર્થે પરપીડન ન ગણનાર ઉદરેપણું (શ્લોક ૧૦); ઇત્યાદિ. આ સર્વ ગર્જના માનવીની પ્રેરિત અથવા પ્રેરક થઇ ક્ષણિક સ્મશાન–પ્રબોધાદિને ક્ષણવારમાં નષ્ટ કરી નાંખે છે.

ધ્વનિતાર્થ: દયાહીન રાજા અથવા અધિકારી વર્ગ, પરદેશ જીતનાર જુલમી રાજા, સૃષ્ટિ ઉપર દુઃખ વરસાવનાર અપૌરુષ શક્તિ, ઇત્યાદિ વિષય આ કાંડમાં ધ્વનિત છે.

ફુંકમાંહીઁ ગભરાટ ફુંકતો
માનવી ઉપર રોષ ધારતો,
પૃથ્વીઁમાંહીઁ–જળમાંહીઁ–ભાગતો
મન્દિરો, તરણિયો ડુબાડતો. ૬
દુઃખદાન ગણુતો પરાક્રમ
ગર્જી ગર્જી ઘણુંયે પ્રભંજન[1]
દૈત્યબાળસમ વારણાવનો
ખેલતો વિવિતણો લડાવીઁયો. ૭
(યુગ્મકલાપક) ફોડીઁ ફોડીઁ પૃથ્વીઁનાં સઉ,
તોડીઁ તોડીઁ ગિરિખંડને ઘણું,
વામીઁ વામીઁ ઉર-અગ્નિ વ્યોમમાં,
રેડીઁ રેડીઁ રસ ઉષ્ણ પૃથ્વીઁમાં. ૮
ના સમાઈ નિજ દેશમાં, રચી
નાશ નિજ-પર દેશનો, ધરી
જેષ્ણુભૂપઉપમાન,[2] ગાજતો
જ્વાળમુખ જગને ગજાવતો. ૯
જાતવેદ જઠરે વસી રહ્યો,
તૃપ્તિ તેનીઁ કરતાં વનેચરો
હિંસ્રધર્મ ધરતાં જ ગાજતાં
દેશ જીતીઁ જીતનારના સમાં. ૧૦
“પૃથ્વીઁ વીઁશે ને વ્યોમ વીઁશે આ કંઈ કંઈ ઉરનીઁ પ્રેરી
મચી રહી નિશદિન ગર્જના કરી સૃષ્ટિ બધીઁ વ્હેરી;
ઓ ઉર! ઓ ઉર! આ હું તેને કેમ નહી તું શુણે?
નહીઁ તું શુણે, નહીઁ પ્રેરે મુને! બાયલું આવું શું ધુણે?” ૧૧
“ન ગર્જના વિશ્વનીઁ વ્હીવરાવે!
ન ગર્જના વિશ્વ વીઁશે તું માંડે!
ન વ્હીતું–ના ગર્જતું, ભૂત, તે તું
વિયોગની ધુન મચાવીઁ રહેતું!!” ૧૨

૧. પવન. ૨. ચ્હડાઇ કરી આવી જીતનાર રાજા જેવો.

## ૫૮. નિરાશ વિરહ.

ભૂત:—"રાણી માની મનની! આજે રે
વિરહ ત્હારો કંઈક આ કારમો લાગે,
ધીરજ બધી નાસે રે. ૧

વિયોગ ત્હારા પ્હેલાંયે વેઠ્યો રે,
ન્હોતો ત્યારે શોકસળો આવો પેઠો,
સાંભરે છે તે તો રે. ૨

થતોતો ત્યારે શીતાંશુ ઉન્હો રે,
એને તાપે લાગતો મુજને લુણો,
જતી ન મ્હારી રાતો રે. ૩

દિવસ મ્હારા કેમે કર્યાં ન જાતા રે,
બેસારી નિજ પાંખે આશાને વાયુ વાતા
વધાવ્યા મ્હેં ઝાઝા રે. ૪

સખી! ત્હારો વિરહ આજે એથી જુદોરે!
નિરાશાથી પડી ગયો છું હું જુઠો,
લાગેછે ભવ લુખો રે! ૫

વહી જતો કાળ ન સુઝે રે,
દિવસ છે કે રાત તે ઉર ન પુછે—
અનિશ એ તો રુવે રે. ૬

સુરજ સોમ તેજવિનાના રે
બેયે મુને લાગેછે મ્હારા રોવામાં—
આંસુથી છવાયા રે! ૭

પ્રિયા! એવું કૌતુક આજે રે
અનુભવું અદ્‌ભુત, તે ન સ્હેવાયે!—
તુંને ન એ છાજે રે. ૮

"તે દી વ્હાલી! મ્હેં નહીં લોકો ગણકાર્યાં;
મ્હોટાં મ્હોટાં દુઃખ નીહાળી હસી કહાડ્યાં;

રોતો રોતો જોઉં જગતને નહીં આજે:
દૃષ્ટિસીમા તો નયનોદકમય ભાસે.” ૯
દિવસ ન જોતી–રાત ન જોતી–આંખ ઉંચું જયાં જુવે,
નભગંગા નીચે સરી જતાં આંસુ ઘડીભર લ્હુવે!
દિવસરાત્રિવનું સૂર્યસોમવનું દિશાકાળવિનાનું
ઝળભળવા માંડે શિર તેજ–સલિલ નભગંગામાંનું. ૧૦

---

## ૫૯. આકાશગંગા.

“વ્યોમ ઉજ્વળ તેજ ધરે આ! ધન્ય રાત્રે હુંમાં એ જગાવ્યું. (ધ્રુવ)
તિમિરનિધિને શિર રહું હું તેજ તણો પુલ વાંકો,
એ પુલપર પડીને ઇશ જોતો મીંચાઈ જગતની આંખો. વ્યોમ૦ ૧
એ ઝુલતા પુલ ઉપર ચલંતા કંઈક પ્રવાસી તારા
બહુ બહુ ઉંચે રહીને જોતા તિમિરતણા વારાફેરા. વ્યોમ૦ ૨
ધન્ય ધન્ય જે–એવી નિશામાં જાગી, જોઈ પ્રભા મ્હારી,
નિશા સમે દિન દેખી,–ઠારવે નયન, ધૃતિ ઘણી ધારી. વ્યોમ૦ ૩
જગતી! જગત[૨] તુજ જેવાં જગત બહુ તિમિરપ્રભાને હિંદોળે
હીંચંતાં મુજ અમ્બારે જોઈ જોઈ, ઉર તું પ્રમોદમાં રોળે.” વ્યોમ૦ ૪
[૩]નભગંગામાં ચાંચ ભરી ભરી લોચનપક્ષી દોડે,
ઉરગંગામાં આવી નીરાંતે સરે સલિલની જોડે;
ઉરગંગામાં પ્રતિબિમ્બિત નભગંગા જોઈ મન માને:
ઉરગંગા આગળ નભગંગા વીસરાતી ક્ષણ માંહે. ૫

---

૧. વ્યંગ્યાર્થઃ સંસારના મસ્તકઉપર નિત્યકાળ વસતા પણ વિપત્તિઆદિ અંધકાર-સમયે જ દૃષ્ટિયે પડતા આકાશગંગાજેવા અને અનંત તેજના ભરેલા ધર્મપ્રકાશપર સંસારની ગર્જનાઓ ન શુણનારાની દૃષ્ટિ પડેછે. ૨. અત્યંત ગતિમાન.

૩. ધર્મપ્રકાશથી ચમકેલો તર્કવિરહમયી હૃદયવૃત્તિપર તે પ્રકાશના કિરણ નાંખે છે. તે પ્રકાશભરેલા તર્કનો અને વિરહવૃત્તિનો સંયોગ થાય છે. આ સંયોગસમયે પ્રકાશ પામતા હૃદયમાં ધર્મપ્રકાશનું પ્રતિફળ જોઇ તેના ઉપભોગથી ધર્મસ્થ તર્કનો વેગ શાંત થાયછે, અને તર્ક શાંત થતાં અંતે ધર્મપ્રકાશ તિરોહિત થાયછે—“લય” પામે છે.

## ૬૦. હૃદયલય.[1]

ભૂત:—"નથી ભુલાતી ભુલાતી, નથી ભુલાતી, પ્રિય ન ભુલાતી!
મનભર છબિ રૂપગુણની નથી ભુલાતી! (ધ્રુવ).
દીપ-વાટે જ્યોતપ્રકાશ,
રવિ ઉપર વહ્નિ-અમ્બાર,
ગ્રહમંડળમાં રવિતેજ,
મુજ ચિત્ત વીશે ત્યમ એ જ! —નથી૦ ૧
નદીજળમાં વ્યોમાભોગ,
ઘનગણના યોગવિયોગ,
રવિકરગણના અમ્બાર,
નભચરગણના ઉત્સાહ:—
પ્રતિલહર રહે ને રમે; તેમ સરી જતે વિકારી ઉરે—
મુજ ઉરે પ્રિયા નભ—સમી વ્યાપી નભ ઉભી
હૃદયમય ઝુરે!" —નથી. ૨
હૃદયપ્રિયામાં લીન થઈ ગઈ નભ-ગંગા પળમાંહે,
ઇન્દ્રધનુની કમાન રવિની પ્રભાવીશે જ્યમ થાયે;
મુકુર સર્વનું, જનનયને પ્રતિબિમ્બછળે સરી જાતું,
હૃદયખડકપર જીવમાન નભઉદધિસલિલ પથરાતું. ૩

---

## ૬૧. આકાશ.

"હું વિશ્વમંડળમાં વસું ને વિશ્વ વસતું મુજમાં!
વિભુના પ્રભુને એમ અનુકરું, વિભુ થઈ વસુ વિભુમાં. ૧
અણુમાં વસું, વિભુમાં વસું, વિભુ-ઉર જેવું વ્યોમ હું!
અણુને ધરું, વિભુને ધરું, વિભુ ઉર જેવું વ્યોમ હું. ૨

---

૧. ઉરગંગામાં નભગંગાનો આભાસ કેમ ટકવા પામતો નથી તેનાં કારણ.

૨. વાક્યાર્થ: હું આકાશ વિભુ છું, પંચત્વ પામેલા મહાભૂત મ્હારામાં લીન અથવા સંયુક્ત થઇ ગયાં છે; કંઇ નષ્ટ થયાં નથી; હે 'અનન્ત આત્મા!' દિશાદિ મર્યાદાથી તું અવચ્છિન્ન નથી, તું કશાથી વિયોગ પામે એમ નથી; માત્ર ત્હારી દૃષ્ટિને ક્ષણિક આવરણ થયું છે, તે પણ અંતે છુટવા વખત આવશે- (પછીને પાને આ ટીકાનું અનુસંધાન છે.)

દૂરથી બિન્દુસમાં દેખાય જે મનુનેત્રને,
પણ નિકટથી ન મપાય વીતતાં જુગ જેના ક્ષેત્રને, ૩
અગણિત એવા સૂર્ય સરખા ઉદરમાં ગર્ભો ધરું,
પણ ત્હોય માનવ–નેત્ર જેવા ગર્ભને પણ પોપું હું. ૪

પોપું હું એવા નેત્રને, પોપું હું એવા શ્રોત્રને,
સમ દૃષ્ટિ મ્હારી સર્વનાં સરખાં ગણેછે ગોત્રને. ૫
દુઃખીયારી પૃથ્વી આખી તેતણા ઉર ઉપરે
હસ્તસ્થળી સમ ફેરવું ઘન; ચુમ્બું વળી નગચિબુકને. ૬
ઉંચું નીચું એ ભેદ ગર્ભે વસતી દૃષ્ટિ ભાળતી
વિભુસૃષ્ટિમાં એ બ્હાર આવી ભેદ ભુલી મ્હાલતી. ૭

મનુમન્દિરે મુકું છાપરાં, રુવે હસે જન જોઈ તે,
કંઈ ગરુડ તેને ભેદીને મોભે ચ્હડી ઉભા રહે. ૮
તે વીર રાચે ન્યાળીને આ અમળ મુજ અનન્તતા,
મુજ જેવું ઉર કરી કરી ફુલે ફુલે જગ જીતતા. ૯
ધુમસ સમા ધૂમકેતુ છાય ઘડીક તેની દૃષ્ટિને.
ઉડી જાય પણ તે ઘડીકમાં ને જુવે એ મુજ સૃષ્ટિને. ૧૦
દેખાય નહીં પણ દોરી લેખા રાખી જગના પન્થની!
ખેંચતી ખેંચતી ત્યાં જ ચાલતી ગુરુ લઘુ ગ્રહમંડળી. ૧૧

---

વ્યંગ્યાર્થઃ સકર્મ દેખાતું પણ તત્વતઃ નિષ્કર્મ અનન્ત વિભુ સત્વ ઉપાધિથી આવરણ પામેલા હૃદયમાં સ્ફુરેછે અને માયાની મર્યાદા દેખાડી તેની બ્હારના પ્રદેશને દૃષ્ટિગોચર કરેછે. જેમકે,

सर्वतःपाणिपादं तत्सर्वतोक्षिशिरोमुखम् ।
सर्वतः श्रुतिमल्लोके सर्वमावृत्य तिष्ठति ॥
सर्वेन्द्रियगुणाभासं सर्वेन्द्रियविवर्जितम् ।
असक्तं सर्वभृच्चैव निर्गुणं गुणभोक्तृ च ॥
बहिरन्तश्च भूतानामचरं चरमेव च ।
सूक्ष्मत्वात्तदविज्ञेयं दूरस्थं चान्तिके च तत् ॥

भगवद्गीता अध्याय १३.

વણ આદિ ને વણ અન્ત, વણ આકાર ને વણ માપ હું !—
દેખે જનો જે ગોળ તે નિજ બિમ્બ[1] જેની ખાપ હું. ૧૨
સ્થિર એક ને જગ સંચરે તે માંહીં જે તે એક[2] હું,
સ્થિર ભાસતું સ્થિર કે સરું તે કોણ મુજ વણ જાણતું ? ૧૩
સ્થિર સત્વ હું સમ કેટલાં સ્થિર બાઝીને વળગી રહે ?
એ નાટ્ય કેરા સૂત્રધાર તણા પ્રપંચો ક્યાં વહે ? ૧૪
નર ! આંખ ત્હારી ઠારીં હુંપર જોનીં સત્ય જ આતું જે !
જોનાર એ આ આંખ તુજમાં આંસુ ક્યાંથી જ આવ્યું જે ? ૧૫
ઉર મ્હોટ ! વિશ્વનીં કીધ ચિન્તા, એ સમાયું તુજમાં,
શરમાય રોતાં નહીં શું તે જે રહ્યું એવા સાથમાં ? ૧૬
મુજ બન્ધુ ! ઓ વિભુ ઉર ! ઘડીમાં આમ વપુ સંકોચતાં
તું શીખીયું ક્યારે જ ? ભુલ્યું ભાન તું શું શોધતાં ? ૧૭
નથી નાશ કોઈ પામીયું, નથી જોડ કો વીંખુટી પડી,
ઘનરાજિ ઓગળી હોય ધરતી–ઉરમાં સરીને વહી. ૧૮
આ વાગતીતી વાંસળી, સ્વર રમ્ય રુડા સાંભળ્યા,
સ્વર સંભળાય ન હોય એ આકાશ હું તેમાં ભળ્યા. ૧૯
દેખે ન તું હોયે રમે તુજ સાથ વાયુ–વલ્લરી,
કુમ્પે જ ઝાંઝું તે સમે દેખે તું એની ઝલ્લરી. ૨૦
નથી તે નવું થાશે નહી, છે તે નથી ના થઈ જશે,
તાપે તપ્યું જળ બાષ્પ બનશે, નષ્ટ પણ તે ના થશે ! ૨૧

---

૧. "The finite form can neither be laid of, nor is it anything of itself real, but merely an apprehension, a framework which the human imagination forms *by its own limits*, as the foot measures itself on the snow." *The Friend, by Coleridge.*

૨. જેમ કે બીજી રીતે બોલતાં,

यथा सर्वगतं सौक्ष्म्यादाकाशं नोपलिप्यते ।
सर्वत्रावस्थितो देहे तथात्मा नोपलिप्यते ॥

भगवद्गीता अध्याय १३.

"રે ઉઠ, રોવું તજી દે, જીવ તું અનન્ત!
જો, આ અનન્ત મુજ કોતર છે ગભીર;
તે મધ્ય વ્યાપી સુતી પાસ જ પ્રિય ત્હારી
જોતી તુંને, નજર તું પણ નાંખ ત્હારી. ૨૨
રુવે હસે નયન સીમવતાં જ, ભાઈ!
ભેદાય ના વિકૃતિથી ઉર જે અનન્ત.
આ છાય દૃષ્ટિસીમને બહુરંગી મેઘો,
તેથી છવાય નહીં મ્હારી અગાધ ગૂહા. ૨૩
મન્વન્તરોથી વય ના જ મપાય મ્હારું,
થાકી મરે શરીર માપતી મ્હારું સંખ્યા,
આભોગ વ્યાપી મુજ તે તું રહે પુરાણ,
તેને શું રોવું હસવું? વદ, બન્ધુ આત્મન્! ૨૪
ઢંકાયું ઢાંકણું[1] પયોદ–સમું જ કો આ,
તે ફુટશે યમસમીર તણે ધસારે;
તે ફુટતાં નીરખશે વિભૂતિ તું મ્હારી,
તે ફુટતાં નીરખશે વિભૂતિ તું ત્હારી; ૨૫
એ ઢાંકણું નથી જ છિદ્રવિનાનું કાંઈ,
છિદ્રો થકી જ તુજ મુજ તું ભાન ધારે!
દેખાય અભ્રની ઘટાતણી ચાળણીથી
કો કો સમે મુજ અનન્ત વિભૂતિ–અંશ. ૨૬
[2]એ ઢાંકણા થકી જ પોષણ ત્હારું, ગર્ભ!
થાશે; તું તેથી તુજ મુજ વિભૂતિ જોવા,
સૌન્દર્યપાન કરવા વળી, શક્ત થાશે!
ચોમાસું મૂળ મધુમાસની લક્ષ્મી કેરું. ૨૭

---

૧. જીવનરૂપ ઢાંકણું.

૨. જીવનનું એક ફળ આ શ્લોકમાં કહ્યું છે. "We are preparing through life for another stage of existence, in which those faculties which we have been educating here may find their proper sphere of exercise:"–Huckin's Dialogues on Butler.

[1]રે પદ્મ ! અભ્ર વચમાં પડતો નીહાળી
શાને મીંચાય ? તુજ વાસસરોવરે એ
સમ્પૂર્તિ નીરની કરી વપુ નિજ હોમી
પાશે અદૃશ્ય બની નીર–સુધા ધરાને. ૨૮

[2]રે ! સૂર્ય મુજ ઉરમાં હજી છે હયાત;
દેખાય એ નહીં તથાપિ મરીચિ એના
પેસી પયોદપટમાં કરી બાથ જેવું
મ્હોળું ધનું, ઝઝુમતા તુજ સેજ માથે.” ૨૯

---

૧–૨. શ્લોક ૨૮–૨૯: “ત્હારી પ્રિયાનો જેમાં અન્તર્ભાવ છે અને જેનાથી તું પોતાને વિરહિત માને છે તે ક્યાં છે ?” “સૂર્યની પેઠે મ્હારામાં અન્તર્હિત છે અને સૂર્યની પેઠે અદૃશ્ય રહી ત્હારો સંસર્ગ કરેછે.”

मनःषष्ठानीन्द्रियाणि प्रकृतिस्थानि कर्षति
शरीरं यदवाप्नोति यच्चाप्युत्क्रामतीश्वरः
गृहीत्वैतानि संयाति वायुर्गन्धानिवाशयात् ॥

भगवद्गीता अध्याय १५.

એમાં શરીરાદિના ગ્રહીતા ઇશ્વરના ‘ સંયાન ’ જેવા કાંઇક અર્થમાં અત્રે અનન્તતામાં લીન થયેલા પ્રિય આત્માનું સંસરણ છે.

વાચ્યાર્થ: હે કમળ ! ત્હારી ને ત્હારા પ્રિય સૂર્યની વચ્ચે પડતા મેઘ જોઈ મીંચાઇશ નહીં. ત્હારા વાસરૂપ સરોવરમાં એ મેઘ પોતે હોમાશે અને તેથી સરોવર ભરાશે. સૂર્ય માત્ર ત્હારી દૃષ્ટિથી અન્તર્હિત છે–નષ્ટ નથી થયો. વ્યંગ્યાર્થ: પૃથ્વી પરના–સંસારી–જીવ ! ત્હારી પ્રિયા નષ્ટ નથી થઇ પરંતુ પ્રથમના જેટલી જ તેજસ્વી છે. પૃથ્વીનું જ પાણી આકાશમાં ચ્હડી પૃથ્વીમાં આવેછે તે આકાશસ્થ હોય છે ત્યારે મેઘ કહેવાય છે પરંતુ કમળનાથી સૂર્યને તિરોહિત કરનાર–એ કમળના સંસારનો જ પદાર્થ મેઘ–તે છે: તેમ–સંસારનું એક તત્વ જીવન છે તે આકાશ જેવી અનન્તતામાં ખેંચાય છે અને માનવીની દૃષ્ટિમર્યાદા રચેછે ત્યારે તે સ્થળે ‘ મૃત્યુ ’ નામ પામેછે. મૃત્યુ નામવાળા જીવનનો ઉદ્ભવ સંસારમાં છે તેમ એ જીવન અદૃશ્ય થતાં તેનાં તત્વ વૃષ્ટિપેઠે સંસારમાંજ અદૃશ્યરૂપે પ્રવાહિત થાય છે અને પૃથ્વીમાં ગયેલા મેઘજળ પેઠે સંસારમાં કોઇ પણ સ્થાને સ્ફુરેછે અર્થાત્ જીવના આવાસરૂપ સંસારને પોષે છે. ત્હારી પ્રિયા અનન્તતામાં લીન થયેલી હજી હયાત જ છે. તેનું શરીરજીવન આજ તને મૃત્યુ–સ્થ લાગેછે અને એ મૃત્યુ ત્હારી દૃષ્ટિ– મર્યાદાને રોકેછે, પરંતુ મેઘની સર્વાવસ્થાનું જેવું કારણ સૂર્ય છે તેમ જ એ શરીરજીવનની સર્વાવસ્થાનું કારણ ત્હારી પ્રિયાનો આત્મા એ મૃત્યુની પાછળ એવોને એવો તેજસ્વી છે–માત્ર ત્હારાથી દેખાતો નથી. મૃત્યુની પાછળ રહીને પણ એ આત્મા કિરણ જેવા સંસ્કારદ્વારા ત્હારાપર ઝઝુમે છે–ત્હારો સંસર્ગ રાખે છે.

તિમિરગર્ભ પણ, તારાગણ નિજ કુક્ષિવીંશે નભ ધારે;
તિમિરદ્વીપની આશપાશ નભસાગર ગર્જન માંડે;
અનંત તેજથી અંધ–અનંત નિનાદથી બધિર–બનેલો
શ્વાનયોનિગત પામર પ્રાણી જડતામાં જન્મેલો,
તે પ્રાણી પણ ઘોર રજનિમાં રજનિશિરે નભવાણી
ગાજતી દેખી ભસે પર–બોધ તણો નહીં મર્મ પ્રમાણી. ૩૦

---

## ૬૨. રાત્રિના અન્ધકારમાં રસ્તાવચ્ચે એકલો ઉભેલો શ્વાન.[1]

"વ્યોમ મ્હોટું મ્હોટું કરે મ્હોટી મોટી વાત!
મુજ ઉરે ભાગી ભાખરમાં જ ભલી ભાત:
મ્હોટા લોક, શુણો તે! ૧
ખાઈ રહું, દોહું જરી, ત્યાં જ પચી જાય,
અનંત અમર ભાખરી એ જ એવી ત્હારી વાત
નભ! ન હુંથી કળાય રે! ૨
રોનો, ભૂત! અન્ધનિશામધ્ય એકલી જ
રંક જાત રોઇ મરે એ વાત નહી નવી જ:—
મ્હેં ને ત્હેંય અનુભવી રે!" ૩
વિરહસમાધિલીન ઉદાસીન ઉર ન ગણે નભ–વાણી
તો ત્યાં કેમ પ્રવેશ કરે ગિર પામર જાણી અજાણી ૪
પણ નભ જેવા વ્હાલી તણા ઉર સાથ ગાઢ લપટાયો,
પામર વાણીનું અનુકંપતી પ્રિય સહચરીનો પ્રેરાયો, ૫
જંગવીંશે ઘુમવા ધાતો, ઉત્સાહથકી ઉભરાતો:—
તે જન આજ શુણી સઉ આ, વિપરીત–પરિચિત થાતો. ૬

---

૧. મહાવિષય ન સમજી શકનાર પામર જીવની વાણી આ કાવ્યના વ્યંગ્યાર્થનો વિષય છે.

# ૬૩. પરિચિત–વિપર્યય.

ભૂત–"જોતામાં સળગે શોક! સહચરી! જોતામાં સળગે શોક! (ટેક.)
તિમિરસુતા છતી આનન્દ હુઝતી તે
રજનિ ઝરે દુઃખ આજ! સહચરી૦ ૧
વનમાં ને જનમાં રમતાં ને ભમતાં
મૌજ ધરી મન માંહ્ય, સહચરી૦ ૨
જ્યાં જ્યાં મૂકું પગ એકલા આજે ત્યાં
ઉરમાં કંઈ કંઈ થાય. સહચરી૦ ૩
જગત જગશું તુજ સંગપ્રસંગે
જોડ્યા કંઈ સંસ્કાર, સહચરી૦ ૪
થતાં ગોચર તે, તે જ સંસ્કારો
જાગ્યાં માંડિ તુમુલ તોફાન. સહચરી૦ ૫
ઉપર નીચે ઉર થઈ ઘડી ઘડી
આવે ભરાઈ, થાય નિરાશ! સહચરી૦ ૬

(કલાપક ૭–૮) વીજળીઁ થકી ન ચમકતું, ગર્જન વિશ્વતણું નહીઁ શુણતું,
નવગંગાના પવિત્ર શીકર થકી ન ન શીતળ બનતું, ૭
નભસાગરને તીર ઉભું રહીઁ નહીઁ આનન્દથીઁ સ્ફુરતું,
પામર શ્વાન ઉપર અનુકંપાભરી દૃષ્ટિ ના કરતું, ૮
નવલ અનુભવ કરતું ને આ નવલ રૂપને ધરતું
હૃદય-ભૂત; તે અન્ધતિમિરને દેખાતું અનુસરતું. ૯
(યુગ્મ કલાપક) નિજ સ્વર્ગે ગણતું એ ભૂતને, સમય જોઈ નિજ જીતતું,
વામનસમું ફુલતું, ત્રણ પગલે જગ આખે સંચરતું, ૧૦
અંધતિમિર ઉભરાતું નિજ ઉરશું ઉરભૂતને ચાંપે!
જોઈ જોઈ તે અદ્ભુત જેવું સૃષ્ટિ આજ શું કાંપે? ૧૧
કંપતીઁ સૃષ્ટિ અન્ધતિમિરમાં! અંધતિમિર વીંઝાતું
માનવી કેરા વક્ર ભાગ્યને રણશીંગું કરીઁ ગાતું! ૧૨

---

## ૬૪. અન્ધતિમિર.[૧]

" જગતને હું છાબડું! થતું થવા જ કંઈ દઉં!
મીંચાવું નેત્ર સર્વનાં તો કોઈનાં ઉઘાડું હું,
ઉઘાડું વાસું કરું ગમે તે
કોઈનું તેથી શું ગયું? ૧

સ્નેહ એકમાં પુરું તો બાળું દ્વેષથી ઓજું,
રીઝું ચોર ઉપર, જો હું દ્રવ્યવાન પર ખીજું,
ન કંઈ જ કોઈના આપનું તો
કોઈનું તેથી શું ગયું? ૨

ફાળ મારવા જ તેજ પાછળ બેસું વાઘપેઠ,—
ચેતજે મધ્યાહ્ન! હુંય આવું લગોલગ જ ઠેઠ!
તેજ પાછળ તિમિર રહે તો
કોઈનું તેથી શું ગયું? ૩

રવિ પુઠે રહી જતાં અગાડી આવી વ્યાપું હું,
અમેરિકા જુવે રવિ તો એશિયામાં ચાલું હું,
તેજ આગળ તિમિર રહે તો
કોઈનું તેથી શું ગયું? ૪

દિનને રવિ ઓટો લે તો શશિને રાત્રિ આપું હું,
લુટો લુટાય જેથી જેમ! જખ જ જગત મારતું!
ખાધું જ તે ખાનારનું તો
કોઈનું તેથી શું ગયું? ૫

---

૧. ગ્રાહ્ય અને ત્યાજ્ય, પુણ્ય અને પાપ, શુભ અને અશુભ, ઇત્યાદિ ભેદ-માત્રને એક રંગે રંગનાર બુદ્ધિ અને શક્તિ આ કાંડના વ્યંગ્યાર્થના વિષય છે.

ચિત્તમાં કંપારી ખાધા વિના જુલમ કરનાર અધિકારીયો, સ્વાર્થાન્ધ મનુષ્યો, પર-દેશ ઉપર અનુકંપાહીન રાજ્ય ચલાવનારા, સારાં વસ્ત્રોમાં અથવા મધુર અને ઉચ્ચ ભાષણમાં અને એવા અનેક વિશ્વસનીય આટોપમાં ઢંકાયલાં પણ નિર્દોષ સૃષ્ટિને કપટાદિની જાળયોગ્ય શીકાર જેવી ગણનાર મનુષ્યો, માંસાહારથી ઉદર ભરનાર વર્ગ, ઇત્યાદિ જાતની બુદ્ધિ, નીતિશાસ્ત્ર અને ધર્મશાસ્ત્ર વિરુદ્ધ જે કારણો દર્શાવી, મનમાં અથવા બ્હાર, પોતાની કૃતિને અનિંદ્ય ગણે છે તે બુદ્ધિ આ કાંડના ઘણા ભાગનો ધ્વનિત વિષય છે.

સુવાડું આજ સોડમાં તો અર્ધો નિશા ઉજાગરો
કરાવું કાલ તોડી જોડ, એમ પન્થ વાંકડો
બતાવું મોહમૂઢને તો
કોઈનું તેથી શું ગયું ? ૬

ઉતરી આવી વ્યોમમાંથી સુઈ જાઉં લાંબુલાટ–
પ્રાણીભાગ્યનાં ઉશીકાં રચી, રચી ધરાની ખાટ,–
વિશ્વધર્મશાળમાં તો
કોઈનું તેથી શું ગયું ? ૭

સુખદુઃખના જ પાક પકવી પ્રાણી–ઉરમાં
મોહઅગ્નિ ઉપર ભરું ઉદર મ્હારું રાતમાં,
હાથ આવ્યું ખાય સઉ તો
કોઈનું તેથી શું ગયું ? ૮

દિવસ બધો ઉર ફુલ્યાં, હર્ષઅશ્રુ આવીયાં,
ફાટી ગયાં ઉર, રોઈ રુધિર નેત્ર આવીયાં
ને મોહ તિમિરમાં વધ્યો તો
કોઈનું તેથી શું ગયું ? ૯

દિનસમે રવિનું તેજ રહ્યું રેલાઈ વિશ્વમાં,
તિમિર રેલ્યું રાતમાં, ઠગાય જંતુ ઉંઘમાં !
જોર જેનું જેહમાં તો
કોઈનું તેથી શું ગયું ? ૧૦

અન્ધકાર ને પ્રભા બે ભાઈબ્હેન ખેલતાં
રમકડાં રમાડી ફેંકી દે જ જુઠ ખેલમાં,
માત રાચતી બે જોઈ તો
કોઈનું તેથી શું ગયું ? ૧૧

અધિકાર દ્રવ્ય આદિ ઝેર ભેળી દુધમાં
પાઈ પાઈને, બતાવું મૂઢને ઘડીકમાં
લીલું પીળું કંઈ કંઈ તો
કોઈનું તેથી શું ગયું ? ૧૨

'આ જ સત્ય,' 'આ જ ન્યાય' એમ મ્હોટી મ્હોટી વાત
શુણી શુણી હસતું જાઉં, ઘડતું ઘડતું કંઈક ઘાટ;
માંસ છાયું ચર્મથી તો
કોઈનું તેથી શું ગયું? ૧૩

ભૂપ અને પંડિતો ઉભરાઈ જાય ડ્હાપણે!
મોકલું રંગમ્હેલમાં અને ભમાવું તેમને,
કરાવું ગાંડું ઘેલું કંઈ તો
કોઈનું તેથી શું ગયું! ૧૪

રોઈ લેની, રોઈ લે, રોનાર! રસ મને પડે,
કાલની વાત કાલ, મ્હારે પડશે જવું પશ્ચિમે;
ગમ્યું તે કરની! રોયું ગમ્યું તો
કોઈનું તેથી શું ગયું? ૧૫

શાનું જ જ્ઞાન? શા પુરુષાર્થ? સાંભળની એ વાત તું!
લાજે ઉઘાડી માયા થતાં તો હોલવ આવા દીપ તું,
ને જુઠ જ વસ્ત્ર ખેંચી તું લે તો
કોઈનું તેથી શું ગયું? ૧૬

ખરું જ કેવું જગત તે તો તિમિરમાં જ જોઈ લે!
ઢાંકે ઠગારું તેજ, ભલે સુખથી ઠગી એય લે!
ફાવ્યું કરે જો હું સમ એ તો
કોઈનું તેથી શું ગયું? ૧૭

(કલાપક ૧૮) તિમિરોદરમાં ચરનારો પણ દિનથી અપરિચિત નહીં જે,
તિમિરકાર્યમાં પ્રવીણ, તો પણ સાધ્ય સદા શોધે જે,
સાધનભેદ ન ગણવાનું જે તિમિર પાસ શીખેલો,
સાધ્યવિના પણ વ્યર્થ ગણે જે સઉ સાધનના ખેલો,
શીયાળ તે, શુણી તિમિરની વાણી શોક-લહરી ફુંકનારી,
ઉરભૂતને ધમકાવે ઝાઝું તિમિર ઉપર ખીજાઈ. ૧૮

## ૬૫. શીયાળ.

" મૂર્ખ દીસે આ કોણ જાતનો? રુવે ગયું સંભારી!
ગયું ન ગયું નથી થાવાનું, જન, જોની તું આંખ ઉઘાડી. ૧
રાત અંહી તો દિવસ પણે છે, દુઃખ અંહી તો સુખ ત્યાં છે,
તજી દેની જે દેશ ન છાજ્યો, સ્વીકાર અંજળ જ્યાં છે. ૨
એક ઘડીના પ્રવાસી તેણે દુઃખ ન ગણી સુખ લેવું;
તપે તપન શિરપર તો છાયાતરુની તળે ઘડી રૂહેવું. ૩
રોવું શાને? હસવું જ હસવું, એમ ક્હાડની દ્હાડા,
સુણે ન કો–ના ચાલે કંઈ—ત્યાં શા આ રોઈ ભવાડા?" ૪
સ્નેહસાધ્ય ના સમજે—સમજે નહી ઉદરવણુ કાંઈ—
એ પ્રાણી ગાળો દેતું તે સુણી ઘણું અકળાઇ, ૫
ધુણી ઉઠતું ભૂત તિમિરમાં તિમિરસાથ ઝપટાતું–
વિરહશોકને શીયાળ ગાળો દે તે ના જ ખમાતું. ૬

---

## ૬૬. હૃદયોદ્દીપન.

ભૂત–" તુંને તિમિર હું શું કહું? શીદ ધરતું આવડી જીભ રે?
કાન નહીં, નહીં આંખ, એવા ઉપર દુર્ઘટ જીત!
તિમિર! તું ના સમજે. ૧
ગયો જ વ્હાલીરૂપ જીવ–હું રઝળું એકલી કાય રે!
ગયો જ વ્હાલીવહ્નિ ને હું ઉડતો બનીને રાખ; તિમિર૦ ૨
એ અગ્નિના સાથમાં હું બળતો ભડભડ કાષ્ઠ રે,
વિશ્વ રૂહેતું જોઈએ સઉ–શકતું ખમી ન મુજ તાપ! તિમિર૦ ૩
એ અગ્નિના સાથમાં રહી, પકવ્યાં કાચાં ઉર મ્હેં!
એ અગ્નિના સાથમાં રહી જોર ધર્યું જ અનુપ મ્હેં! તિમિર૦ ૪
એ અગ્નિના સાથમાં મુજ પ્રભા બહુ પ્રકટાતી રે!
એ અગ્નિના સાથમાં રવિ-અંશની ધરી મ્હેં ખ્યાતિ તે. તિમિર૦ ૫
સમો ગયો પલટાઈ એ, ને થયો જ કજળી રાખ હું!
ઉરાડી એ, તમ-વાયુ! પૂરે જોનારાની આંખ તું! તિમિર૦ ૬

એ આંખો જન ચોળતા ને દેતા મુજને ગાળ રે !
એ ગાળો ખવડાવતું, તમ ! મુને તું તે શું કામ જે ?"તિમિર૦૭
તિમિરબંધુ ભૂત અકળાતું, જોઈ તિમિર ઝઝુમવા માંડે,
દેશકાળ–અનુરૂપ રૂપ એ નવું જ ધરવા માંડે; ૮
પ્રલય-ગર્ભ રૂપ બદલી નાંખ્યું, સૃષ્ટિ-ગર્ભ રૂપ ધાર્યું !—
ગર્ભરૂપ જગ અન્ધતિમિરને ઉદરે સ્ફુરવા લાગ્યું ! ૯
નિષ્ફળ નયનની પાસ શૂન્યસમું તિમિર હતું દેખાતું,
સાધનસાધ્ય પ્રલીન કરી હતું ભૂતઉરે પ્રેરાતું, ૧૦
તે જ તિમિર ધરે નવ રૂપ ! અરણ્ય-ઉદર ઉપસાતું !
નિષ્ફળ નયનની માંહીં કલ્પના ઉપર તિમિર સિચાતું ! ૧૧
તિમિર-ઉદરમાં અરણ્ય સ્ફુરતું–તિમિર અરણ્ય-ઉદરમાં !
એ સંસાર તણે ઉર નાદ હજાર નીકળતા પળમાં ! ૧૨

## ૬૭. અરણ્યોદર.[1]

"તિમિર તણા પડદાની માંહે જંગલકાક ઘણેરો !
દિન ઉગ્યે, પડતો ઉપડ્યે, જામશે નાટકી મેળો. ૧
ઉપર પડો જલદોએ બાંધ્યાં કૃષ્ણ રચી અંધારાં,
તેથી ન્હડે આ તિમિર–પટલમાં જંગલ ઊંડા મ્હારાં. ૨
વિશાળ કો ખંડેરમાંહીં વણછત્ર થંભની હારો
જોઈ, જોઈ પથિકો હબકે વણ–ગણિતિ દ્વારમાં દ્વારો: ૩
[2]જંગલમાં જંગલ ત્યમ ઝાઝાં, ઝાડી ઝાડાની માંહે,
ગુફા ગુફાને ગર્ભે વસતી, ખીણ ખીણની બાંહે. ૪

૧. વ્યંગ્યાર્થઃ—સાધ્યશૂન્ય દેખાતા આ માયા-તિમિરમાં પણ પંચમહાભૂત અથવા તેથી અધિક પણ તત્તુલ્ય મહાભૂતોની ઠાઠ ભરેલી સૃષ્ટિ છે. માયાતિમિરને તિમિરવત્ જોનારી અને એ તિમિરમાં કાંઈ પણ જોવા અશક્ત એટલે નિષ્ફળ થતી પર્યેષક દૃષ્ટિને ફોડી નાંખી ચર્મચક્ષુ અને બીજાં ચર્મેન્દ્રિયની બનેલી સાધારણ દાષ્ટરૂપ કલ્પના પાસે આ ભૂત-સૃષ્ટિ ઉભી રહે છે. એ સૃષ્ટિના આધિષ્ઠાનને આ કાંડમાં અરણ્યોદરની ઉપમા આપી છે.

૨. A deep below the deep,
And a height beyond the height !
Our hearing is not hearing,
And our seeing is not sight.
—*Tennyson: The Voice vnd The Peak.*

પવન સર્વ તે પર ફરીઁ વળતો મારીઁ બહુ સુસવાટા,
ખડખડતા ખરતા પલ્લવ, દ્રુમ, અન્યોન્યશું અથડાતાઃ- ૫
ને જાણે તરવાર વીંઝતો મહાવીર રણ ઘુમે,
સકવચ શત્રુ–દળની વચ્ચે મારી હાક ઝઝુમે. ૬
તિમિરતણે ઊંડે ઊંડાણે ઊંડાં જંગલ મધ્યે
ભયંકાર આ હાક ભૂતોનો જોઈ કાળજું કમ્પે. ૭
એ કમ્પો પર સ્વાર થઈને ઉડી કલ્પના ઊંચી
નિષ્ફળ નયને ખાતર પાડે, કર ધારી કો કુંચી. ૮
એ કુંચીથી ઉઘડીઁ ભયંકર થાય ખડાં ગોઝારાં
ઊંડાં ભાંયરાં, જ્યાં વીંઝાતાં પવન સમાં અંધારાં. ૯
કાળ રાત્રિ પછીઁ ઘોર જ ગાજે વાઘ કરાળ,
તમરાં બોલે–ફેંકારી જ્યમ હોય સિંહની ચાળ. ૧૦
હું ખંડેરસમું તે મધ્યે સુઈ આ સૃષ્ટિ
અન્ધકાર–ઓથારે ચાંપી જોતીઁ સ્વપ્નની વૃષ્ટિ. ૧૧
ચિત્ર વિચિત્ર અસંભવકલ્પિત ઇન્દ્રજાળ એ જામે,
ઘોર ભયાનક રસ પછીઁ અશરણ ઉરે રેલવા પામે. ૧૨
તે ખંડેરસમા મુજમાં ઉર એક અખંડિત જાગે,
જાગે એમ અને વળીઁ રાગથી ગાય મનોહર રાગે. ૧૩
શ્યામ કરાળ વિશાળ ખમાં ઘનછિદ્રથીઁ શુક્ર જણાયે,
તેમ બીભત્સ વપુ મુજમાં ઉર આ સુપ્રભાથીઁ પ્રકાશે." ૧૪
અન્ધ તિમિરથી છન્ન અરણ્યે અવર્ણ્ય હાહ ભરેલી,
અન્ધવિરહ–અવસન્ન હૃદયમાં અવર્ણ્ય હાહ મચેલી; ૧૫
બન્ધુસમા એ અરણ્યના સ્વરથકીઁ આશ્વાસન પામી,
અનુકંપક તિમિરે દીઁપસમું ભૂત ધરે પ્રભા નિજ પછી. ૧૬

## ૬૮. શોકતિમિર.

ભૂત.—"કંઈ કંઈક થતું તનમાં!
સમજું નહીઁ 'શું જ હવે જગમાં;'

ગઈ વસ્તુ જવાની! સુશૂન્ય નવું
જગ જોઈ ભુરાયું પડ્યું મનડું. ૧

તમની ભુવને પડી છાય રહી,
[1]મનની ભુવને પડી છાય રહી,
ખમણી રજનિ પડી એ નીરખી
જીવ જાય ઘણું હબકી ફટકી. ૨

ઉર જાગૃત જોઈ મુને જ રુવે,
જડ તે પણ જાગી વળી વીનવે,
પરિતાપ ચરાચર સર્વ ધરે,–
ઉર બ્હેરું બની મુજ રાત રચે!" ૩

શોકતણું ફળ જગત પુછતું આજ ઘણું ઘણું ભૂતને,
શોકસમુદ્રે કોરી ધરતી મળે નહી ભુતને; ૪
શોકસમુદ્રતણું એ મત્સ્ય શકે–ન દેખી–નહી શુણી,
દેખી, શુણી, ના ઉત્તર દેતું ભૂત ઉંડે ધુણી; ૫
ભૂત ન રોતું–હોય ભૂતનું રુદિત જગતમાં ઓલે!–
"અફળ ન પ્રભુ રચતો કંઈ" એનો મર્મ રુદિત–સ્વર ખોલે. ૬

---

## ૬૯. શ્મશાનરુદિત.

"છે તે થયું હતું રે! છે તે થયું **નથી** રે! થાક્યું મન મથી રે! (ધ્રુવ)
'હાય, હાય' નો ઉભરો તે હું ઉરમાં ના સમાઉં,
મુખદ્વારથી બ્હાર નીકળું, શ્રોતા–ઉરમાં જાઉં! છે૦ ૧
અવનવું જોતાં તરત જ રોવું, કાળ વહે વહી જાતું,
ભભુક બની ભડકો હોલાવું એ, મનુ, રોવું ત્હારું! છે૦ ૨
પ્રાણ જતાં સંબન્ધ વેગળો ઉર ખસેડી નાંખે,
એ ખસતો સંબંધ પોકપર ચ્હડી ઉડે આકાશે; છે૦ ૩

---

૧. "The face of things is sicklied over with the pale cast of thought"—Shakespeare.

ખસતો પણ સ્હડતાં વધતો એ ઘડીભર ઉરને લાગે,
હરિલીલા કે ઝટ સ્હડતું જે તે પડવાને કાજે. છો૦ ૪
શોકમલિન ઘન સ્હડતો તે તો હસાવવા જગ કાળે,
એ ઘન ધરતું નભ તે શરદે પ્રસન્ન થાવા કાજે. છો૦ ૫
"રોઉં, રોઉં રોઉં, રોઉં" એમ ઉર થાયે,
કાંઈ કાંઈ કારણે મુખે નહી રડાયે. ૨
તોડી બંધ, ભેદી ઉર મોકળું મુકાયે,
શોકવારિ ઉપકંઠ જ્યાં જ ઉભરાયે. ૭
રેલ એ સમાતી શાન્ત થાતી ઉરદેશે,
રસાળ ઉર–ભૂમિ એ થતી જ તેથી સ્હેજે. ૮
'ઉર સકોમળ એમ થતું વિધવિધ વનસ્પતિ ધારી રહે,
શોકસલિલ ઉરે સીંદતું નવરંગ વનસ્પતિમાંહી સ્હડે. ૯
રગેરગ એ ચરી જાતું સલિલઃ ધરે જન જાત જ એ જુજવી!
ધન્ય જ એ સંયોગથી લોક ખીલે, ખીલવે જયમ પદ્મ રવિ. ૧૦
આશ ધરે જનતા પરમાર્થદયાભર ઉર–સમાશ્રયથી,
આશ ધરે જનતા ઘણી કોમળ ઉર–લતાથકી જે ફળની, ૧૧
શ્યામ કરાળ મહાગિરિતુલ્ય જ શોકઅનુભવ કંઈ જનની
ઉરધરા ધ્રુજતાં નીકળ્યોઃ–નીકળે નદી આશની એ ગિરિથી. ૧૨
"એવા ગિરિગણુ થકી ગુરુ આશ એવી
વ્હેતી સુનિમ્નપથ દેશ ભરી ફળોથી;
તે ગિરિશિર મદઉષ્મભર્યા જનોને
ધ્રુજાવનાર અતશીત જ હું તુષાર!" ૧૩
મધ્યરાત્રિયે રુદિતતણો સ્વર શબ્દગુણમાં ત્હોચે;
રુદિતવહ્નિની ઊર્ધ્વશિખાની જ્વાળ સ્વર્ગમાં પ્હોચે;
અનંત યુગથી ઉંડા વ્યોમમાં સ્વતેજ–તપ તપનારા
મૌન તજી ચમકે ને બોલી ઉઠે અગણિત મુનિ–તારા.[1] ૧૪

---

૧ વાલિખલ્ય મુનિયો.

## ૭૦. મધ્યરાત્રિયે ઝુમખાં મચી રહેલા તારા.

"તરવર તરવર આજ !–વ્યોમમાં તરવર તરવર આજ !–
ઝુંડ ઝબકતાં, ઉદધિમાં જેવા તિમિરે બિન્દુપ્રકાશ[1]. વ્યોમ૦ ૧
મન્દરક્ષોભથી ઉપર તરીને ઉભરાયો મત્સ્યસમાજ
હોય ઉદધિમાં, તેવો આજે નભમાં અમારો વિલાસ. વ્યોમ૦ ૨
વ્યોમનાવમાં ઉભો થયેલો ભૂતટદર્શનકાજ
જુવો, જુવો, વિશ્વસાગરમાંનો તારા–પથિક–સમાજ ! વ્યોમ૦ ૩
ઓ જન, ઓ જન, દૂર દેશથી તુજ ઉર કાજે માલ
લેઈને આવ્યા સંઘ બનીને તારાવર વણઝાર. વ્યોમ૦ ૪
ઉર–વખારે ઉભરા ભર્યાં તે ફ્હાડ ગણી ગણી આજ,
લે બદલે ને ભર ત્યાં, ઝવેરી ! આનન્દરત્નપટાર. વ્યોમ૦ ૫
કંઈ કંઈ કવિ ને કંઈ કંઈ જ્ઞાની ને કંઈ કંઈ શાસ્ત્રીસમાજ
લઈ અમ આપ્યા અમુલ પદાર્થો થઈ ગયા દ્રવ્યવાન. વ્યોમ૦ ૬
જુની અમારે લેવડ દેવડ પૃથ્વીની સાથે, ભ્રાત !
એકબીજાને આશ્રયે ચાલે સઉ જગનો વ્યવહાર. વ્યોમ૦ ૭
તુજ સમા કંઈ ઉરના ઉભરા નીકળીયા એકાન્ત,
વહી વહી થઈ લીન અમોમાં થઈ ગયા એ શાન્ત. વ્યોમ૦ ૮
વ્યવહારીને રોવું ન છાજે, લ્હુવે આંસુ તત્કાળ,
સજ્જ થઈ ચિત્ત કામે પરોવે, જપે ઘડીભર ઝાળ. વ્યોમ૦ ૯
જનનમરણવ્યવહારની જાળે લપટાયો સંસાર;
ચતુર વ્યાપારી, ઉપર તરીને નીકળ તેમાંથી બ્હાર. વ્યોમ૦ ૧૦
ખોયા અમે છે કંઈ કંઈ સાથી, જેનો પ્રતાપ અમાપ
ગ્રહમંડળ કંઈ ઘેરી લેતો થઈ ગયો આખર શાન્ત. વ્યોમ૦ ૧૧
ક્યાં સંભારી એવું એવું રોતા ફરીયે, ભ્રાત ?
ઇશવાયુનાં પ્રેર્યાં આપણાં ચાલે પરાધીન વ્હાણ. વ્યોમ૦ ૧૨
આપણાં જીવન તે તો ચીલા રણદડમાં દોરાય,
ધુળ ઉડ્યે ઢંકાઈ જતા, કોયા રથની નેમિની એ થાય? વ્યોમ૦ ૧૩

---

૧. ભરસમુદ્રમાં અન્ધારી રાત્રે 'ફારફરસ' ના પ્રકાશ તારા જેવા ટપકાંરૂપે દેખાય છે.

"નિત્યપ્રમોદ ભરવા ઉરમધ્ય વિશ્વ-
કારાગૃહે નહીં શકાય તુંથી કદાપિ;
તો વ્યોમચારી રવિઅસ્તસમે ઘસાઈ,
તું બુદ્ધિ-દીપસળી! ધાર પ્રભા સ્વકીયા." ૧૪

## ૭૧. આંસુનો પડદો.

ભૂત—"આંસુ તણો પડતો પડદો હળી આંખ અને જગ બે તણી વચ્ચે,
ગોપચું મેઘસમું બચું તે મુકી નીર ઉરે સરતું ધરતીને.
અપારદર્શક
ઉરરસવર્ધક
શોકામૃતમય
એ નીર વ્હાલીતરંગભર્યા રતિ-સાગરથી થઈ બાષ્પ ઉડે ને
રેલતું આંખ થકી ઉર ઉપર, વ્હેતું નદી બની એ જ સમુદ્રે!
એમ સમુદ્ર ફરી પીન થાય જ,
સંસૃતિ આવતી નાસતી આમ જ,
તે સઉ કેરી ધરા હું જ પોતે,
ને હું જ સાક્ષી ઉદાસી છું રોતે!" ૧
મૌન તજીને મુનિવર બોલ્યા ત્હોય શુણ્યું ના ભૂતે,
ત્યારે નિદ્રા પોતે આવી જગાડતી! જન! જો તે! ૨

## ૭૨. નિદ્રા.

[1]"દેવા વિશ્વને મોહ મને થાય રે આનન્દ! (ધ્રુવ)
વીંટી શરીર અંધારી સાડી વણ ચણીયે શરમાતી ચાલી,
ભવની મેડી ઉપર આવી ઉભી દાદર ઝાલી! દેવા૦ ૧
જૂંભાસવથી ભરીયો પ્યાલો ભવમુખ પાસે ધરીને ઝાલ્યો,
ઢાળી મળી મળી જતી આંખો! રમણ ભવ ઢાળ્યો! દેવા૦ ૨

૧. જેવા રાસલીલા મને હાયરે આનન્દ-એ રાગ.

રૂપ સખીનું લઈને આવું, મુગ્ધાકેરી લાજ નસાડું!
માનિની કેરું માન ખસાડું, પીયુશું બઝાડું! દેવા૦ ૩
પંડિત કેરાં પુસ્તક આઘે પડી જતાં ઝટ મુજ પ્રભાવે,
વાટ તપસ્વિની જોતી પાસે તે તે જોઈ રાચે. દેવા૦ ૪
એક કહ્યું મુજ ન કરે વિરહી, આંખ ઉઘાડી અખંડ રજનિ,
'હાય હાય' કરી હું તો પાછી આવી ત્યાંથી હારી! દેવા૦ ૫

"ઓ તું વિયોગી! શુણુ મુજ વાત,
ક્ષણુંભર દે ઉરમાં અવકાશઃ
પદ્મસકોમળ મ્હારા હાથ,
લ્હેની ગાઢ ધર્ણી તેની તું બાથ. ૬
ઘડીક વિસરીશ સર્વે દુઃખ,
સ્વપ્ને જોઈશ પ્રિયાનું મુખ,
જગસુખ સારું નિર્મી મને
પ્રભુએ, તે ક્યમ ન ગમે તને? ૭

"નેત્રો કરી અફળ દુઃખસુખો ભુલાવી
રાત્રિ વિરામબીજ વેરતી વિશ્વક્ષેત્રે,
ત્યાં, એકલા ઊષર! તું શીદ ભાત પાડે?
થાશે શું આ સફળ નેત્ર ન મીંચીયાથી?" ૮

સફળ નેત્ર એ થાવ ન થાવ!
વિયોગીને એનો ના ખ્યાલ.
વિયોગ યોગ સમો છે ભાવ,
વિયોગીથી ભુલાય ન વ્હાલ. ૯

જેશું રચવા માંડ્યો યોગ,
હો તે પ્રત્યક્ષ કે પરોક્ષ,
તેશું સ્નેહી રચે રસભોગ;
સ્નેહીનો સ્નેહીરૂપ મોક્ષ. ૧૦

## ૭૩. દુર્લભપ્રાર્થના.

**ભૂત:**—"ભલું, હાય! હાય! ન એ વ્હાલી!
હુંથી ત્હારી ઇચ્છા ન પુરાઈ. ૧
અસુરો ક્હેર કરે ઝાઝો
તેથી ત્હારે ઉર રહ્યો કાંટો. ૨
ઉખેડી નહી મ્હેં એ ક્હડાયો,
મ્હારે ઉર ડાઘ એ તો લાગ્યો. ૩

"આવ! આવ! પ્રિય પ્રાણ! ગમે તે કરીને પાછી!
અસહ્ય તુજ ઉરશલ્ય નાંખું, ઓ વ્હાલી! ઉખાડી. ૪
આવ! આવ! ઉશ્કેર વેગથી મુને ફરીને!
મુને ભમાવ ભુરકી નાંખ ચ્હાય તે રીતે. ૫
આ ઉંચે વ્યોમ વિશાળ તુજ ઉર જેવું
તું ત્યાંથી આવી કરી નાંખ જગત હતું તેવું! ૬
આ અન્ધ નિશામાં પણે મેઘ છે ઉંચે, શ્યામ એ ઝાઝો,
તું આવી ત્યાંથી પગ મુક પૃથ્વી પર પાછો! ૭
લે પ્રથમ તડિતનું રૂપ, પછી બની વૃષ્ટિ વર્ષી ફરફરતું,
મુજ મસ્તક પર અભિષેક પ્રથમની પેઠ કરે તું. ૮
કરી એમ પમાડીશ મોહ મુને, તો આંખ મીચીશ હું મ્હારી,
લઈ સ્વરૂપ ત્યાં તુજ શુદ્ધ ઉભી ર્‌હે! વ્હાલી! ૯

પડ હસી તું ખડખડ પછી,
ક્હે 'રુવે તું શાથી પતિ?
હું સંતાકુકડી રમી!'
કહી એમ, વળગી મુજ કણ્ઠ વીંટે, ધરી મૌન, નેત્ર મુજ ન્યાળે!
પ્રિય પ્યારી! એ જ અભિલાષ આજ મુજ સાચે. ૧૦

---

## ૭૪. શોકની સુન્દરતા.

**સખીમંડળી**–મધ્ય રાત્રિયે ટૌકા કરતો મોર જગાડ્યો મેઘતણો,
શાંત રાત્રિયે મચાવતો એ શ્હોર ખીલાવ્યો મેઘતણો. ૧

અન્ધ રાત્રિયે કરી કડાકો મ્હોટ વીજળી મેઘમુખે
કરે લસરકો, હોય મેઘનો ઓઠ જાણે ઉઘડી જવે. ૨

નીલકંઠ, ત્હેં કરી જ એને જોઈ કેકા તીવ્ર ઘણી,
ઉર સુતેલાં જાગ્યાં એને શુણી મોહક મંત્ર ગણી. ૩

શુણી વાંસળી ગાતી મધુરું રમ્ય હરિને મુખ ચ્હડી
ઘેલી સુંદરી બની વધારે ઘેલી મોહન પાસ અડી. ૪

તેમ જ કેકા 'પ્રિયે! પ્રિયે' રૂપ! મોર–મુખ તું આજ ચ્હડે:
શુણી શુણી ચમકે આજ અમારાં ઉર, હિંદોળે ઝટ ચ્હડે. ૫

"નભઉર ઘન ગાજે, વાય વા, વૃષ્ટિ થાયે,
વનવિવર ગજાવે મોરલો અન્ધ રાત્રે;
ઘડી ઘડી, ચમકેલી વીજળી લાડઘેલી!—
કરતી ચપળ ચાળા શું હસે? મેઘ કાળા. ૬

તુજ થકી પણ ઉંચી, ઝાઝી ત્હારાથી રુચિ
ધરી જ, સ્થિર, રસિલી, વિશ્વ વ્યાપી રહેલી,
ઘન થકી વધુ સ્નેહી આર્દ્ર ને કાન્તદેહી
જનઉર વસી ર્‌હેતી; વીજળી! શું તું જોતી? ૭

નભઉર રસ ગાજે, વાય, ને વૃષ્ટિ વામે;
વન સકળ ગજાવે મોરલો અન્ધ રાત્રે;
વળી વળી રસઘેલી વ્હાલી ઉરે વસેલી
મુખપર ચ્હડી આવે, ઝુઝવે ગાય રાગે. ૮

કર કર કર, મોરા! મીઠડા ટૌકડા તું!
રસ રસ રસ, ટૌકા! વર્ષની મીઠડા તું!
અમ ઉર બહુ રાચે, રોમની રાજિ નાચે,
રતિસુરત મચાયે, રંગની રેલ ચાલે. ૯

ઘડીભર ઉર જંપે સ્નેહવીણા શુણીને,
વળી વળી વપુ કંપે દુઃખ આવે ધુણીને,
ઘડી ઘડી ઉર કાલા ક્‌હાડતું રાગ આજે,
ઘડી ઘડી દુખજ્વાળા વ્યાપતી અંગ આખે!" ૧૦

---

## ૭૫. આકાશોદર.

“ નષ્ટ થઈ નથી કંઈ શશિલેખા; શીદ, જળનિધિ ! તું ક્ષીણ દીસે ? (ધ્રુવ.)
ઘડીક વારમાં ફરતી કુદતી ધરતી તુંને એ ભણી ધરશે,
આજ કાલ અધ ઘડીમાં એનો તેજગન્ધ અંહીં મસમસશે ! નષ્ટ૦ ૧
ગૌર રુપેરી કર કુમળીના લેશે તુજ બધું ઉર વીંટી,
ચપળ કંપ ને રોમરાજિ સમ લહરીમાળ ત્યાં જશે હીંડી. નષ્ટ૦ ૨
હીંડી જતા એવા વિકારો મધુર મધુર તું અનુભવશે !
એ સંયોગવિયોગનું જીવન ધરી ધરી ક્ષીણ તું શું જ થશે ? ૩

“ ગંભીર તું મુજ સમો પ્રતિબિમ્બ મ્હારું
પીતો જ નિત્ય ! જળધિ ! રતિ યોગમાયા
ત્હારેય ઉર નિજ છાય પ્રસારતી, તો
એ શક્તિને જ મુજ લક્ષ ‘ નમો નમો !’ છે.” ૪

---

## ૭૬. સિંહ.[૧]

“ ક્ષુદ્ર પશુ ! ચલો ! નાસો સઉ જાવ !
કરું ક્યમ ક્ષુદ્ર જીવપર ઘાવ ?
નીરખતામાં જ રવિકરતાપ
સરોવર માત્ર સુકાઈ જાય;
[૨]ભીંડે પણ ઉગ્ર ભાનુ જ્યાં બાથ
સલિલના ક્રોધી નાથની સાથ,
ઉદકનિધિ ઉછળી ગર્જતો ત્યાં જ,
વીંઝતો પછાડતો વીચિ-હાથ,
ધરતી તણી પીઠ રચે ઘમસાણ
દોડતો શત શત યોજનમાન,

---

૧. સિંહનું ઉપમેય મહાપુરુષોના સાંસારિક પુરુષપ્રયત્ન.

૨. ઉષ્ણકટિબંધના પ્રદેશોમાં સૂર્ય જ્યારે ઉગ્ર થાય છે ત્યારે એના તાપથી મહાસાગરો ઉકળે છે અને તેના પાણીની વરાળ થાયછે. આને લીધે તે પ્રસંગે સેંકડો ગાઉસુધી મહાસાગરોના પાણીના ઓઘ ભયંકર જોરથી ધસેછે અને એથી સાગરમાં ને સાગરમાં ઉત્પન્ન થતા મહાપ્રવાહો છેક ધ્રુવભણીના દેશસુધી દોડાદોડ કરી મુકેછે.

ઘસડતો મ્હાડતણા પાષાણ,
ત્હોય રવિ ચ્હડી થાય શિરતાજ !
તે જ રીતે વનદન્તી ગર્જના શુણી મ્હારી ઉછળતા,
મદ ઝરતા, કર પછાડતા, ચીસ પાડી, દંતને ઘસતા;
ઘસતા દંતો ગિરિવરશિખરે તીક્ષ્ણ પ્રહરવા કાજે
તોડી તોડી દ્રુમવર ઉખેડી પકડી શુણ્ડકુંડાળે—
પકડી શુણ્ડકુંડાળે દ્રુમવર ઉછાળતા આકાશે !
સ્તમ્ભ સમા પગનિશંભ ભરી કચરી જ રસાતળ ફાડે !
દીર્ઘ ભરે પગલાં, દોડે, સઉ ત્રાડ એકડી નાંખે !
બની ઝુણ્ડ વનને ચમકાવે, રસવીરને સળગાવે !
એ રસનો ભડકો બનતાં મુજ ઉર પ્રફુલ્લ જ થાય,
યાળ ઉછાળી, ઘનસમ ગાજી, નીકળું ઝાડીથી બ્હાર !
નીકળું ઝાડીથી, જનકસભામાં ત્રુટી છુટી ધનુકમાન
તે સમ છુટો, શર સમ ફેંકાઈ, પડું ઝુણ્ડની માંહ્ય.
પડું ઝુણ્ડની માંહ્ય, ભયંકર જેમ તોપનો ગોળો
પડે શત્રુના સૈન્ય મધ્ય ને રચે ઘાણ ઘણું બ્હોળો.
ઘનસ્તમ્ભપર રક્ત રવિ સમ કોને ચરણે આંઝું,
રિપુકેશપર વીરહસ્ત સમ કોની શુણ્ડે રાજું.
નીલગિરિશિખરે ગરુડ સમો ચ્હડી કોની પીઠે બેસું,
રણડંકાસમ ત્યાં જ ગાજતો કર્ણધ્વજને ખેંચું.
પણ દંતીવરના દંતુસળ કચડી, કર્ણને બાઝી,
કુમ્ભસ્થળપર રુધિર ઘડી પી, વિરમી, રહું ઘડી ગાજી–
રુધિરલિપ્ત મણિમુકુટ સમો, ને તિમિરશિરે જ પ્રભાતે
રક્ત રવિ સમઃ ત્યાં જ પ્રમોદ પરમ મુજ ઉરમાં વ્યાપે.”

## ૭૭. સિંહધ્વનિનો પ્રતિધ્વનિ.

“ જેણે નહી જગતમાં પુરુષાર્થ સાધ્યો,
ઉચ્ચાચ્ચ જે પદ નહી કદીયે જ પામ્યો,

તે જન્મ વ્યર્થ ધરતો! ધુળ તેથી સારી,
વંટોળીયે ચ્હડી ઉડે ઘડી વ્યોમમાંહી."

---

## ૭૮. પુરુષકારસાધનસમયે સહચરણ.

ચેતનમિત્ર.—" મ્હોટામાં મ્હોટા પુરુષાર્થ,
તે સાધ્યા ત્હેં, નરમૃગરાજ!
નહીં ગજ પર, નરકેશરીશિર
ત્હેં તે ઉચ્ચ ઘણું પદ લીધ. ૧
અસુરસુભટનો કીધો નાશ!
પામ્યો સ્નેહશિખર તું આજ!
અશરણ જનને ઉરમાં ધામ
દઈ, પામ્યો મનવાંછિત કામ. ૨
દંતહીન નખહીન મૃગનાથ
સમ તુજ આજ અવસ્થા, તાત!
જોઈ હૃદય મુજ ફાટી જાય!
ઓ મુજ વ્હાલા! ઓ મુજ ભ્રાત! ૩
તુજ વણ વિધવ થયો સંસાર!
તપી તપી અસ્ત થયો દિનરાજ!
હવે તિમિરનાં કપરાં કાજ,
તેનો ભોગ થશે સંસાર. ૪
ગઈ ગઈ રણ ઘુમનારી હવે,
શૂન્ય જગત જગદમ્બા જવે.
થયું જગત ગોઝારું આજ!
ઓ મુજ બ્હેની! ઓ મુજ માત! ૫
કંઈ કરતાં તું પાછી આવ,
શૂર સૂક્ત ભણી શૌર્ય જગાવ!
ક્ષિતિજમાંથી, શશિ-લેખા, આવ!
રડતા જળનિધિને મલકાવ. ૬

ઓ દંપતી ! આ તે શું કીધ ?
અપૂર્વ મૌન આ તે શું લીધ ?
સિંહદમ્પતી ! ગાજ્યાં જે
હજી પડઘા વન દે છે તે !" ૭
પુરુષાર્થો સાધ્યા હતા, હતી, ત્યારે સહચરી,
સાંભર્યાં પુરુષાર્થ, ત્યાં સાંભર્યો સહચાર એ. ૮

---

## ૭૯. આશાભંગ.

ભૂત:—" શું અસુરોશું વેર વધાર્યું ? સખી ! શું૦ (ધ્રુવ)
દેશવિદેશમાં નામ રતિનું
કર્ણે પડે નહીં આજે,
ધૂર્ત જનો બહુ માંડી ધીંગાણાં
ત્રાસ બધે વર્તાવે ! સખી૦ ૧
રંક જનોને દેવા અભય ને
સુવાડવા રતિ–અંકે,
દુષ્ટ અસુરોને દળવા, તું અબળા
ઘુમી હઠીલી બની જંગે ! સખી૦ ૨
સમજાવી કંઈને, કંઈને લલચાવી,
સ્નેહમાં વિશ્વને પ્રેર્યું;
આકી ઓજાશું લહડતાં તન મન ધન
સ્નેહને ચરણે વધેર્યું ! સખી૦ ૩
તેજ જગતને દેતાં તું અભ્રથી
છવાય ને જ ગ્રહાય,
પણ હતું તેવું જ વ્હેતું મુકી તું તેને,
ભાનુ ! તિમિરલીન થાય. સખી૦ ૪
" રાખી સ્નેહમયી ધરા તુજ ઉરે ઉન્મૂલ દુષ્ટો કરી;
આજું વેર વધાર્યું એમ ઘુમતાં શું રાક્ષસો સાથ ત્હેં !

હે ચંડી! જુઠ આર્ય નામ ધરતા ત્હોયે અસુરો રહ્યા!
તેની દાનવતા અસહ્ય નીરખી ખોયું સઉ ધૈર્ય ત્હેં." ૫

---

## ૮૦. આકાશમાં ચ્હડી આવતા માળામેઘ.[1]

"ચલો! ચલો ચોપાસ થકી નભરણમાં મળવા, વીરો!
અન્ધ જગતપર ધસમસા પડવા બની ધોધ વારિનો! ૧
નીકળું અંહીંથી હું, ચ્હડ તું, જલદવીર, પાસ પેલીથી ઉંચે,
આવ, આવ તું પણેથી નભની ચ્હડેલી ભ્રમર જ તું જે. ૨
શત્રુસૈન્ય ઝીણી બની નીરખતી કીકી વ્યોમદૃગની આ!
ત્રિનયન કેરા ભાલનયન સમ, વર્ષે પ્રલયના ભડકા!
તડિતમય ઉડે અહો તનખા! ૩
વ્યોમકોટને ઘેરી લેતી ચમૂ કૃષ્ણ કવચ ધરનારી
અસંખ્ય બુરજો ઉપર મારતી છાપો આ ચ્હડી આવી! ૪
છાઈ લીધું નભનગર, અદૃશ્ય જ થઈ નાગરિક તારા–
સાથ લેઈ નિજ સાથ અને વસુ–રહે જતા જોતામાં. ૫
ઉલ્કાકારી મેઘ ઉપર ગડગડે ભયંકર ડંકો,
જગત ત્રાસતું નાસતું નીચે, બને સ્તબ્ધ પશુ રંકો
નીરખતાં ઉંચે. ૬
હસ્તી સમા ઉછાળતા જ નિજ હસ્ત, પાડતા ચીસો,
જોઈ વ્યોમના વીર ભડકતા, ત્રાડે વનદન્તીયો. ૭
ગાજે દન્તી, ગાજે પર્વત, ઉપર ગાજતા મેઘો,
ઉછળી ઉછળી શુણી મધ્ય ગાજતો મૃગપતિ મત્ત થયેલો
કડાકા તડિતના શુણતો. ૮

---

૧. ઉદર, મદન, સ્નેહ ઇત્યાદિ સૃષ્ટિપોષણનાં અને સાંસારિક પુરુષાર્થનાં સાધન છે તે આ અંધકારમાં મહા યુદ્ધો મચાવી મુકેછે; તેમનો ઉદ્ભવ આકાશ જેવા શૂન્યમાંથી થતો દેખાય છે, ત્યાંથી એ પ્રાણીયોને ધારણ કરનારી ('ધરતી') અનુભવસૃષ્ટિમાં આવે છે. આ સાધન મેઘમાળાનું ઉપમેય છે. આ 'અંધકાર' કીયો? ઉત્પાદક, પોષક' અને સંહારક શક્તિયોના પરસ્પરવિપરીત પ્રયોગોના યુદ્ધપ્રસંગે સર્વ સંસારનો પ્રવાહ અંતે કેઇ દિશામાં જાયછે તે દેખાતું નથી તેથી થાકેલી મનુષ્ય દૃષ્ટિ અંતે કહેછે કે "मध्ये व्यक्तमनादिविभ्रमवशादव्यक्तमाद्यन्तयोः"–આ આદિઅંતનો અંધકાર છે. તેમાં યુદ્ધ મચેછે. એ અંધકારના વક્ષઃસ્થલે બીહાયલું જગત પોષણ પામી આગળ ધપેછે.

ચલો ચલો, ઘન સુભટ, એકઠા સઉ પાસથી મળી જાઓ,
કૃષ્ણ સૈન્યની મધ્ય ઉડાવો વીજળીમયી તરવારો. ૯

છાઈ લીધું નભ ના દેખાયે એમ નિરંતર આજે !
એક સૈન્ય બની ગયા જ આપણ એક અર્થને કાજે
ઘુમવા જંગની માંહે. ૧૦

અન્ધ નિશાને કરી અન્ધતર ગડગડતા ને પડતા!
એક બીજાપર ઘસડાતા આથડતા, ને ઘણું લ્હડતા
ગિરિના સાનુગણ સાથે,
ચ્હડી ચ્હડી વાયુને માથે,
તરુવન નાંખતા ત્રાસે,
ઉછાળી બાઝતા બાથે
ઉદધિને વૃષ્ટિમય હાથે !—
દૃષ્ટિ સીમા બધી છાઈ જગતની અમે વ્યોમમાં ભમતા
ભમી ભમી નૃપવિજયછત્રના ઘુમટસમાન લટકતા ! ૧૧

"આ યુદ્ધ સર્વ કરીયે પણ લોક-અર્થે!
સંહાર ઘોર કરીયે પણ લોક-અર્થે !
માયામયી ઘડીક જે અમસૃષ્ટિ થાય
આકાશમાં, સકળ તે જગ પોષવાને. ૧૨

જન્મી ધરાઉદરમાં રવિને પ્રતાપે,
વ્યોમે ચ્હડી ઝઝુમતા ઘડી વિશ્વમાથે,
પાછા ઉરે ધરતીને પડીયે જ! એવું
ઈશે શું સંસૃતિ તણું ઘડ્યું ચક્ર ભારે ? ૧૩

એવાં ચક્ર અનેક વિશ્વઉરમાં ધાતાઉરે છે ઘડ્યાં,
એવાં ચક્ર અનેક માનવઉરે નિત્યે કરેછે ભર્યાં;
એ ચક્રોપર બેસી, પાન્થ જગના! યાત્રા ઘણી તું કરે
તો આ સંઘતણા પતિઉર રમે કો અર્થ તે તો સરે." ૧૪

---

## ૮૧. પ્રાણનાશ.

ભૂત:—“ જુદ્ધ મધ્યે તે જીવતાં વચ્ચે, નહીં જ મરેલાં લ્હડ્યાં શુણ્યાં,
છાયા નભ:સ્થળ તે તો વારિ, નહીં જ શિલાનાં અભ્ર ચ્હડ્યાં. ૧
શુણી પ્રિયા, ધ્રુણ્યું ઉર, ઘુમ્યો હું, તે તો શરીરે જીવ છતાં,
ગઈ પ્રિયા, ગયો જીવ, ઉડે ઉર–ધૂમ તે નભમાં ઉડી જવા. ૨
‘દેશ! દેશ!’ શુણ્યું દેશે તે તો એવા દેશવીંશે હું છતાં,
મીઠું પીયે જળ જન સરિતાનું તે તો એ સરિતાનું છતાં. ૩
ખારું થયું એ જઈ જ સમુદ્રે, એમ પ્રભુનું ઇચ્છ્યું થયું!
‘ત્હારું મ્હારું’ મટી ગયું ને જેનું જે તે ત્યાં જ ગયું!” ૪

---

## ૮૨. શરીરયન્ત્ર.

“ નહી મરેલું! નહી મરેલું! ઉર! તું નહી મરેલું!
જીવું હું તો તું પણ જીવે! ઉર! તું નહી મરેલું! ૧
જોઈ લેની! હું મરડું કુંચી! થનનન તને નચાવું!
અશરણ કરી તુજને મુજ કિંકર પઠે આજ વર્તાવું. ૨
ઇન્દ્રિયગણના વમળની વચ્ચે તુજને આજે ઘોળું,
મદનભૂપના દંડવતે તુજ અડાશ આજ વલોવું. ૩
ઉદર–યાતના પાસ ત્હારું બધું રુધિર ઘડીક ચુસાવું,
અંધકારમાં–સર્વનાશમાં–શરીરની સ્થિતિ સ્મરાવું. ૪
નહીં પરમાર્થ–નહી પુરુષાર્થ–સબળ મુજ જેવા કાંઈ;
ભોગી, રોગી, ને જોગીની શક્તિ મ્હેં મુજ કરમાં રાખી. ૫
યોગ ભુલે તરફડતા રોગથી યોગી કંઈ અંજાયા,
શરીરયંત્રના પ્રકોપકાળે શિથિલ યોગની માયા. ૬
યોગી, રોગી, ભોગી કેરાં ઉર નહી ઉદરને ભુલે,
મદન તણા જીતનારતણે કર પાત્ર અન્નનું ઝુલે. ૭
દુકાળમાં લઈ ખપ્પર હાથે ફરે જોગણી માયા,
અન્નદાન યાચતા ત્યારે તન–મન–જીતનારના કાયા. ૮

અન્નધનાર્થી પ્રિય અર્થને અપ્રિય ગણી તજી દેતો,
સ્વતંત્રમાની ઉદર સેવવા ક્ષુદ્ર દાસપણું વ્હેતો. ૯
પંડિતતાના ગર્ભવાસે ધન–ચોર ચતુર કંઈ ર્‌હેતા,
શરીર ભુલ્યું ક્યમ ભુલાશે? જન વ્યર્થ ફુલાશો ફ્હેતા. ૧૦
આ નિર્વાત થયું જગ ભાસે, નહી પાંદડું હાલે,
મૂક મુખે પ્રસ્વેદ સહે જન, તેય વૃષ્ટિની આશે. ૧૧
સુખ દુઃખે અપમાન તાપ જન સ્હેતા ઔષધ પેઠે,
નહી બડબડે બડબડતો જન પડ્યો ઉદરની વેઠે. ૧૨
મરતું દીસતું ઉર મરે નહીં, મૃત દેખાતું જીવે,
ઉદર–ચિતામાં ઉર–રાવણ સુઈ બળે ત્હોય પણ જીવે. ૧૩
અંતર્ ઉદર ઉપર ઉકળતું, બ્હાર વિકારો ધરતું,
પવનહીન જગમાં યતિનું યે ઉર આજ તરફડતું. ૧૪
દુઃખ તણા કારણથી દુઃખ ને અંતે સુખ અનુભવતું,
પરસેવાથી અમુઝાતું તે વૃષ્ટિ થકી શીત બનતું. ૧૫
અંધકારમાં જળશીકરનો સ્પર્શ ત્વચા અભિનન્દે,
સરી જતી જડતા ઉરમાં, ઉર પડ્યું પારકે છન્દે. ૧૬
અય[1]–ચુમ્બક સમ ઇતરેતર પ્રતિ દમ્પતીયો બની જતાં !
રંગભવનની બ્હારની વૃષ્ટિથી, ઉર ઉરમાંહી જડાતાં. ૧૭
નિદ્રાપર પણે એ બળ જેનું એવી વૃષ્ટિની ફુંકે,
ફુંકથી, સ્પર્શથી, શૈત્યથી, સ્નાનથી, ઉર! તું જડ બની ઝુકે. ૧૮
થાય ઘડી જડ, વળી શરીરપર તડતડ પડતાં ધારા,
માર ખાઈ ચમકી ચમકી તું મુકે આંસુની ધારા. ૧૯
પડતી ધારા, ફ્હરા તણો વર્ષાદ તુજ પર વરસે !
રોમ રોમ અગ્નિકીટ સમ ચમકે, પ્રિય કાજે તલસે. ૨૦
ત્વચા તલસતી, વ્યર્થ પરિચિતરસ્પર્શ–સ્વપ્નને જોતી,
વિજનસ્પર્શના સાક્ષિ તિમિરને જોઈ ભુલતી મ્હોતી. ૨૧

---

૧. લોહ.

સંપ આજ ઇન્દ્રિયગણુ માંડે મૃત ઉરને જીવ દેવા,
દૂર નગરના ઘંટ માંડતા ગોષ્ટી કર્ણુને કહેવા. ૨૨
સમીપશબ્દ ના શુણતો તે ટંકાર દૂરના શુણે,
ભણે ઘંટ, “વહી જાય કાળ, ઉર, તને નહી એ મુકે. ૨૩
“જીવ, મર, વહી જા, પડી રહે, કે કર જે લાગે સારું,
“કાળભ્રમણુમાં ખેંચાવાનું સઉ તન્ત્ર ત્હારું. ૨૪
“ફરતી ધરા ઉભેલાને પણુ ખેંચતી દોડી જાતી,
“કાળસતતગતિ તણી ફુંકમાં ધરાય ઘસડાતી. ૨૫
“જીવ મરતો, મૃત્યુ જીવતું, આ અન્ધ પ્રવાહે દોડે,
“ખરું, જોની, ઉર, દોડતું તું તો સુતાં પ્રિયાની સોડે.” ૨૬
કર્ણુ જાગી ઉરને ચમકાવે, ગણી ઘંટના ટકોરા,
ભૂતકાળ ભણી સરવા થાતા, વહી એમ કંઈ હોરા.[1] ૨૭
કીધાં યુદ્ધના આલેખો અકળાવે ફરી શૂર ઉરને,
સ્મરી દુષ્ટોનાં દમન જગતમાં ભ્રૂકુટી ચ્હડે ભૂતને. ૨૮
તે અનુભવું–અનુભવું શરીર હું કારણુ સંધું જાણું,
પ્રિયા વિનાનું પાસું જોઈ, શૂર બની, પડતું તું પાછું. ૨૯
નથી મરેલું! નથી મરેલું! ઉર! તું નથી મરેલું!
જીવું હું તો તું પણુ જીવે, ઉર! તું નથી મરેલું. ૩૦
જીવતું હું મૃત સમું થયું, તે તું મૃત સમ તેથી,
ખોળ સોડ બીજી, ઉભય જીવીયે, હરિ રીઝે તેથી. ૩૧
અંધકારમાં, વૃષ્ટિપાતમાં, પવન વાય ત્યાં, આ
કાચધામમાં[2] દીપ જીવતા, દૃષ્ટિ નાંખ તુજ ત્યાં. ૩૨
એ દીવાઓસમ જીવની તું; જીવવા જો જન ઇચ્છે,
તો દીવાસમ રહે અમર; દે પ્રકાશ કે જન પ્રીછે. ૩૩
મરવા ઇચ્છી જીવવા કરતાં જીવની, ઉર, મેળે;
અંધકારમાં પ્રકાશ દેવા પ્રકાશ ધર પેરે. ૩૪

---

૧. કલાક. ૨. સખીમંડળીના હાથમાં દીવાનાં ‘કાચધામ’ એટલે ફાનસો હતાં.

દૂર નગરમાં રાજમ્હાલને શિખર દીપ પેલો,
અંધકારમાં ઉભી ઝીકીં તુજ પ્રકાશ લે તેનો ! ૩૫

અનુકર, અનુકર, એ પરમાર્થ જ, જીવ ઘડી પાછો;
પ્રિયા તણા અભિલાપ પૂરા કર, ઉર–દીપ, જીવો પાછો.[1] ૩૬

[2]" આ અન્ધકારપર મેઘ, તું જો, ઝઝુમે.
વિયોગી વીજળી થકી, પણ એ ઝઝુમે;
આપાત પાસ દીસતો નિજ, હોય ચુમે;
નિઃશબ્દ વીજળી થઈ, ઘન હોય ગર્જે. ૩૭

[3]વિશ્વમ્ભરા પ્રિયતમા પ્રિય મેઘ કાજ
આતુર સજ્જ બની ઉરથી ઉકળેછે;
આ અન્ધકાર યમતુલ્ય પડ્યો જ વચ્ચે;
દેખે ન મેઘ અવનિ, અવનિ ન મેઘ. ૩૮

એ મેઘ હોય પુરુષાર્થ ઘણો રચેછે,
ઉરે જમાવી રસ, ગર્જન કંઈ કરેછે,
એ ગર્જના કરી પ્રતિધ્વનિને શુણેછે,
ને કૃષ્ણકાય યમ સઉ શુણતો ધ્રુજેછે.[4] ૩૯

શુણી પતિ તણી ગભીર જ વીરહાક
આલ્હાદ પૃથ્વી ધરતી, ત્યજતી વિષાદ;
અત્યન્ત તેજ રસશ્યામ ધરે પયોદ,
તે પૃથ્વી ઓઢ્યતું ચીરી પટ અંધ સંધો." ૪૦

---

૧. 'માનવનો અવતાર કંઈક શારીરિક પરમાર્થ વારતે પણ છે અને તે પરમાર્થમાં વિરહથી બાધ ન થવો જોઇએ.'

૨.–૩. 'મેઘમાળા,' 'વીજળી' ઇત્યાદિનાં ઉપમેય તે નામના કાંડમાં અને આ શ્લોકોમાં એક જ છે. તે નામના કાંડમાંની ટીકાના વ્યંગ્યાર્થો વગેરે જોવું.

૪. યમતુલ્ય અંધકાર મેઘની ગર્જનાથી ધ્રુજેછેઃ અર્થાત્ પોષક શક્તિનાં સાધન પોતાનું અજરામરત્વ સૃષ્ટિને વિદિત કરેછે.

## ૮૩. સંસારવિરસતા.

ભૂત–[1] " નથી ગમતું–ગમતું નથી ગમતું રે,
પ્રિય પ્રાણ ! તું વણ નથી ગમતું રે. નથી૦ ૧
શું કરવું તે સુઝતું નથી, ને મન
વ્હાવરું વ્હાવરું ભમતું રે. નથી૦ ૨
સુઝતું નથી ' શું કરું હીન્દુઓ શું હું ?'
કોણ પ્રેરે મુને તે તુજ સરખું રે ? નથી૦ ૩
પાસ નથી તું મુને પ્રેરનારી તે
કાર્ય કંઈ ન મન વસતું રે. નથી૦ ૪
પડ્યો પડ્યો રહું પક્ષઘાતી હું,
વેર લઉં કેમ તુજ મનભરતું રે ? નથી૦ ૫
વેગ દેનારું મ્હારું જીવન નથી તું હવે,
મુવા સમ હું–તેણે તે શું કરવું રે ? નથી૦ ૬
ઘનજળ વણ તરુ ઉષ્ણ વાયુએ
ડોલાવ્યું બાળ્યું ઢળી પડતું રે." નથી૦ ૭

---

## ૮૪. તમરું.[2]

" જગત મ્હોટું આ, મ્હોટ મ્હોટ ત્યાં
નીરખતાં સુઝે ન્હાનું શી રીતે ?

---

૧. શરીરયન્ત્ર ! ત્હારો પ્રભાવ મને ખબર છે. ત્હારું કહેલું ખરું હો ! પરંતુ હું નિષ્પ્રાણ છું, કારણ દશ્યશરીરવાળી પ્રિયા જ મ્હારે મન પ્રાણ હતી અને તે પ્રાણનો હાલ વ્યય થયો છે.

૨. વાચ્યાર્થ–આખું જગત નિઃશબ્દ થાય છે અને મ્હોટા મ્હોટા નાદ બંધ પડે છે ત્યાર તોરી અથવા તમરાનો ટકટકાટ માનવીના કાનમાં આવી પ્હોચે છે અને જાગનારને તે સાંભળવો પડેછે; મ્હોટા સ્વરથી થાકેલા મસ્તિકને ઝીણો સ્વર વિનોદ આપે છે; સાંસારિક ખટપટથી થાકેલા મસ્તિકને તમરાનો અવ્યભિચારી સ્વર શાંત નિદ્રામાં લીન કરેછે.

વ્યંગ્યાર્થઃ–પાછલા કાંડમાં 'ઉરભૂતે' કહ્યું કે " ત્હારા ઉપજાવેલા કર્તવ્યભાનને વિરહમોહે શૂન્ય કરી નાંખ્યું છે." તે સમયે તમરુ કહેછે કે "આવા આવા મોહને સમયે પણ અમારા જેવાં ક્ષુદ્ર સત્વો સાથે સંબંધ રાખનાર અવસાન થતો નથી; જ્યારે મ્હોટાં સત્વ અને મ્હોટા પ્રસંગોની સત્તા જતી રહેછે તે સમયે ન્હાનાં સત્વ અને ન્હાના પ્રસંગો ખરેખરાં

ઉદધિમાં તરે તેનોઁ દૃષ્ટિ ક્યાં
જળતણા કણો શોધતી ફરે? ૧

સરત રાખજે હોય, માનવી,
રવિ છતાં નહી સુઝતા જ જે,
તિમિરને સમે નાવ દોરતા
મુજ સમા જ આ તારકો જ તે. ૨

સુર્ખો તણું રુડું સર્વ આચરે,
કંઈ ન સુઝતાં, તારકો જ જે
નયન ઠારતા—તે જ છે નવું,
સમઝ હોય તો એ જ છે ખરું. ૩

રજનિ સર્વનાં મુખ વાસતી,
ભયથોઁ સૃષ્ટિ આ મૌન ધારતી,
મુખર કાક ને ગાતોઁ કોકિલા
કંઈક શાન્ત થઈ જઈ લપાઈ રહેઃ— ૪

સકળ વિશ્વની કુથલી કરે
કવિ અને મહાપંડિતો જ; તે,
રડતોઁ સૃષ્ટિને વ્હેતી મુકોને,
નયન મીંચતા રાત્રિ જોઈ પડીઃ— ૫

કંઈક જાગતાં ચિત્ત દુઃખીયાં
ઉંઘતોઁ સૃષ્ટિમાં એકલાં પડ્યાં,
સ્થિતિ જ તેમની વિસ્મરાવવા
રજનિમાં ઉંડું ગાન માંડું ત્યાં. ૬

દિવસ જોઈને પદ્મશું રમે
ચપળ લક્ષ્મોઁ ને ધુતતા અલિ,

---

સહાયભૂત થાયછે અને મહાદુઃખમાં સાત્વિક વિનોદ તથા ભાન આપેછે; હે મહાત્મા! અમે ક્ષુદ્ર દેખાઇએ છીએ પણ અમારી શક્તિ મ્હોટી છે તે શક્તિથી "ત્હારા દુઃખપટને ચીરવા દે! અમે દુઃખનાં સાથી છીયે."

ધ્વનિતાર્થઃ—૧. પ્રવૃત્તિની ગર્જનાઓ શાંત થતાં નિવૃત્તિનો ઝીણો સ્વર કર્મવિરક્ત માનવીના કાનમાં ભરાય છે અને સાત્વિક આનન્દનું દિગ્દર્શન કરાવેછે. ૨. જગતની આંખે મ્હોટા બનતા માનવો ગર્વિષ્ઠ થાયછે અને પોતાની ક્ષુદ્ર અવસ્થાના મિત્રોને ભુલી જાયછે ત્યારે તે મિત્ર તેને ક્હેછે કે અમે પણ છેક નકામા નથી.

રજનિમાં ય દે વાસ તે જ તો
સલિલ એકલું. એક હું સમું. ૭

વણ વસુ પુરું પૃથ્વી ના હસે,
ઉદધિ ના પુરો આવકાર દે,
ક્ષિતિજમાં પડી એમ એકલી
શશિકળા શુણે ગાન મ્હારું જ. ૮

( કલાપક ૯–૧૧ ) [1]ઝગમગે ઝીણો દીપ હાંડીમાં,
કર ઉરે મુકી જોઈ ર્‌હેતી તે,
શયનસાગરે હોડલી સમી
ચતી સુતી સુતી રોતી એકલી; ૯

નહીં જ આંસુડાં કોઈ યે લ્હુવે,
ઉર વસે ઘણું દૂર પ્રિયમાં!
શબસમી દીસે, જાગતા ઉંઘે
પ્રલયવારિમાં વિષ્ણુ તે સમી; ૧૦

તિમિરપાંખનું ટેકવ્યું ઉડી,
પ્રિયતણી કંઈ વાત કાનમાં
કરતું ને ઘડી જીવ આણતું
વિરહિણી વીંશે ગાન મ્હારું **ત્યાં.** ૧૧

"ઘણા દુઃખમાં ગરક થયેલા તેય તે ક્ષુદ્ર હું તેને
શુણી ઘડીભર દુઃખ વિસારે, લ્હુવે આંસુને મેળે,
તે જયમ રોતું રોતું વચમાં જોઈ નવું કંઈ થમ્ભે
બાળ તેમ હરિ–બાળ સર્વ પણ; ભલે જીજાું જન કલ્પે. ૧૨
રોવું હસવું નહી નિરંતર કદાપિ કોનું પ્હોચે,
હસે બાળ ઘડી, ઘડી રુવે, જગ પણ તેવું ખરું જોતે;

૧. 'જોઇ રહેતી, 'ચતી સુતી સુતી રોતી એકલી,' ( શ્લોક ૯ ); 'શબસમી' 'તે સમી' ( શ્લોક ૧૦ ) એ વિશેષણનું વિશેષ 'વિરહિણી' ( શ્લોક ૧૧ ઉપરથી ) અધ્યાહૃત છે અને ક્રિયાપદ 'દીસે' ( શ્લોક ૧૦ ) છે.

અલ્પનિમિત્તથી નમે ત્રાજવું આ હવણાં, આ હવણાં;
અરેખરું સ્થિર થાય ન, થમ્ભે માયા-વાયુ સુધી જ્યાં. ૧૩

તુજ જેવા તરુવરની ડાળો પવનલ્હેરથી નાચે,
નચાવવા વધુ હુંથી મ્હોટાં પંખી વનેવન મ્હાલે,
તેથી નાચતી દઈ નાચવા ઉપરઉપરની શાખા,
રાખ સ્થિર મૂળ થડ ને હૃદય તું, ઓ નિજ મનના રાજા ! ૧૪

સહસ્ર કર કરી ઉંચા નીચા રવિ ઘણું ઘણું સમજાવે,
પરિમર્દન કરી રહે સમીર, નભવિહારી મંડળી માંડે
ગાન; ત્હોય વિરહિણી તણે મન વિશ્વ નિશાના જેવું
ફાડે તે જ તિમિરપટ કોકિલ-કૂજિત છુરિકા જેવું. ૧૫

"કોકિલ એ ને તમરું હું એવાં-
તણું મનાવ્યું જગ આ મનાય,
ન તે નવાઈ, મનુજન્તુની શું
કથા વિભુના ઉરમાં ન પ્હોંચે?" ૧૬

---

## ૮૫. દૂર ક્ષિતિજમાં સમુદ્રગર્જન.[1]

(કટાવ) "નષ્ટ થતું નથી કંઈ જગતમાં ! નાશ તણો
આભાસ માત્ર છે, ભાન માત્ર છે. અગાધ ઉદધિ
ઉપર તરંગો જતા આવતા ચ્હડતા વ્યોમે,
શાંત થતા વળી; ભરતી ઓટમાં ભિન્ન દેશમાં
ઉભરાતું ને ઘટતું દીસતું જળધિ તણું જળ,

---

૧. તમરાનો ઝીણો સ્વર અને સમુદ્રનું ગર્જન ઉભય શાંત રજનિમાં સ્ફુરે છે. વાચ્યાર્થઃ-પાશ્ચાત્ય પદાર્થશાસ્ત્રપ્રમાણે પ્રલયકાળમાં પણ પરમાણુ નાશ પામતા નથી અને પરમાણુરૂપે સમુદ્રાદિ સર્વ પદાર્થ અજરામર છે.

વ્યંગ્યાર્થઃ-અંધકારમાં અદૃશ્ય રહેનારું મહાસત્વ ગર્જનારૂપે પ્રકટ થઈ કહે છેઃ-"હે વિરહમાની ! વિરહ થતો જ નથી, નાશ અને મૃત્યુ એટલે માત્ર દૃષ્ટિમર્યાદામાંથી દૂર જવું-અનંત પ્રવાહમાં ભળવું"-

ધ્વનિ-નિવૃત્તિ પણ ગર્જના સંભળાવે છે. નિવૃત્તિસાગરે સંભળાતી ગર્જનાનો ઉદ્ભવ સંસારના લયસ્થાનમાં છે. અમરતા, અનંતતા, અને એકતા એ સર્વ સંસારનું લયસ્થાન છે.

પણ તે સર્વ જ ખોટું ! ખોટું ! જળધિ તણું જળ
હતું તેટલું છે ને ર્‌હેશે ! ચન્દ્ર અને રવિ,
ઝંઝા ને ઘન જેવા સાથે યુદ્ધ કરે ને
ખેલે, ત્યારે થાય ઉંચો ને નીચો ઝાઝો,
પડે, ઉઠે, સ્થિર થાય, કમ્પતો, ધરાભોગમાં
ભરી ગર્જના શાંત થાય, પણ અંતે એક જ
હતો તેટલો અગાધ ભરપૂર નાથ સલિલનો
ર્‌હેતો ને
આભાસ માત્ર દીસે નાશનો ! હતું તે જ હજી છે ! ૧

પૃથ્વી તણાં પડ, જળધિતણાં જળ, બંધાયાં નહીં
હતાં, તથાપિ, તત્વરૂપાન્તર હતાં જ તેનાં,
હજીય એ છે; જે ફુંકથી પ્રેરાતાં તે હજી
પ્રેરેછે, ને જતાં હતાં ત્યાં હજીય જાય છે,
હતાં જ ત્યાં છે; એક અસન્ધિ
અભેદ એ દોડે સતતગતિ ! ઉભું ન ર્‌હેતું એ !
દોડતું કીયા કાળથી એ ? અને વળી કીયા પ્રદેશથી એ ?
જનારું ક્યાં જ સુધી એ ? વળી રહી જશે જતું ક્યારે ?
મનુ ! એ વિચારજે જે જે ! ૨

દૃષ્ટિ મનુની ફેંકાઈ નાવસમી તીર ઉપરથી
ગણુતા તરંગો, તરંગ માળના ઉપર સરી જતી,
થતી લીન સલિલે !
થાકતી મળી જતી સલિલે !
થતું લીન સઉ અનંત વીશે ! ૩

જનન–મરણ ને રડવું હસવું
થશે લીન અંતે
અનંત પ્રવાહમાં મધ્યે !" ૪

## ૮૬. ધર્મિત્વબંધનથી મોક્ષ.

ભૂત—[1] "ત્રુટી ગઈ સઉ આશ, આપણી એ તો ત્રુટી૦ (ધ્રુવ)
ગઈ તું, ને ત્હારી સાથે આશા ગઈ,
થઈ ગયો હું નિરાશ. આપણી૦ ૧

દિવસ જશે, જો તેજ ગયું ને
દીન બની ગયો દિનનાથ! આપણી૦ ૨

ત્રુટી આશા ત્હારી, ને ત્રુટી મ્હારી,
ખીજે રખે તું હવે, પ્રાણ! આપણી૦ ૩

દીધી હતી તુને આશ મ્હેં જે જે
તેની તેની કહું છું હવે ના જ,— આપણી૦ ૪

આવ્યો ઉન્હાળો તે પથિકજનોને
વિમુખ કરે કાસાર. આપણી૦ ૫

વચન ત્હેં કીધાં ત્હારાં જુઠાં, તે હુંયે
મ્હારાંએ કરું જુઠાં આજ: આપણી૦ ૬

દુર્ભિક્ષ પડે, મેઘ વર્ષે નહી, તો
મયૂર ન દે ટૌકા જ. આપણી૦ ૭

સાલે છે ઇચ્છા ત્હારી ના જ પુરાઈ તે,
પણ શું કરું? છું નિરુપાય. આપણી૦ ૮

માટે ધારું છું ધૈર્ય, અનુસરી તુજને,
જુઠી તું, ને જુઠો હું યે આજ! આપણી૦ ૯

---

૧. "નાશ એટલે દૃષ્ટિમર્યાદામાંથી દૂર જવું" એટલું જ હો તો પણ વિયોગ મટી સંયોગ થશે—જનાર પાછું મળશે—એ જ્ઞાન નથી એટલે નિરાશા જ છે; દૃષ્ટિસ્થાન—આશા—તે તો ગઇ જ. દૃષ્ટિ નિષ્ફળ ગઇ, નિરાશા ઉદય પામી, એટલે પરિચિત વિષયનો અંધકાર જ રહ્યો. અંધકારમાં સાચવવાનો ધર્મ કાંઇ નથી.

## ૮૭. વનસમૃદ્ધિ.[1]

"અંધકાર વર્ષી રહ્યો ને જગ ઓથારે ચાંપ્યું,
ઘોર વનેચરગર્જનાએ સુતું વિશ્વ કંપાવ્યું.
ને મધ્યે વિલસી રહી બળવાળી ચંચળ નારી[2]
પ્રંતાતી પાછું જગતને અંધકારમાં ભારી.
તે સઉ મધ્યે એક જ હું,
તે સઉ મધ્યે અનેક હું,
જીવું છું ને જાગું છું.
અંધકારને હંફાવીને કીર્તિ-પ્રવાહ જમાવું છું, ૧
વનવાતે નાચતી તરુશાખા, પલ્લવ પાડે તાળી ઘણી,
લીલાં સુકાં ઘાસ કુદતાં બાળ સમાં લળી લળી નમી,
શબ્દ તેમના જઈ પ્હોંચતા કંઈ કર્ણના દ્વાર ભણી,
શોકતિમિરને હઠાડી કોઈના મોદની પ્રકટે હુતાશની.
અંધકારમાં સઉ ઉંઘે, ને ઉંઘે, શબ્દ સૃષ્ટિના,
ઉંઘતા કર્ણ ઉઘાડે શબ્દો ટપકટપક વૃષ્ટિના;
તેય પ્રતાપ જ મ્હારો છે,
મુજપર પડી સ્વર આવો છે,
મ્હેં મુજ હાથ ઉછાળ્યો, ને
વૃષ્ટિ બની ફુવારો રે!
વૃષ્ટિ બોલી સ્વર મ્હારો રે!

---

૧. વાચ્યાર્થ;—અંધકારમાં પણ વનસ્પતિ સમૃદ્ધ થાયછે; અંધકાર જશે અને સમૃદ્ધ સત્વ રહેશે.

વ્યંગ્યાર્થઃ—અંધકાર થયો તોપણ અંધકારમાં પાળવાનાં કર્મ નથી એવું નથી, અંધકારને જીતી મહાસત્વો અવરાજ ન થતાં સમૃદ્ધ થાયછે. સર્વ અંધકાર ક્ષણિક છે, આપણી જ ગતિનું ફળ છે, અને તે જ સ્થિરવ્યાપિ છે.

ધ્વનિતવિષયઃ—૧. વિપત્તિપ્રસંગે મહાશય માનવીનાં ચિત્ત. ૨. પારકા રાજાએ જીતેલી પ્રજા એવી તો પરાધીન થઇ ગઇ હોય કે સ્વતંત્રતાની આશા જ ન હોય તેવી પ્રજામાં પણ સ્ફુરતા મહાત્માઓ. ૩. માયાના અંધકારમાં ધર્મવાસનાનો ઉદય.

૨. વીજળી (ચપલા તે ચંચળા).

તરુશાખાઓ, પર્ણ, પલ્લવો, ઘાસ,–ઝીલતાં તાળી
પવન તણી ને વૃષ્ટિની, ગાતાં રાગ જુજવા કહાડી.
અંધકારમાં એ તાળી, એ રાગ જાગતા જનને
ઉઘાડતા, ને રમાડતા વળી, જગાડી ઉંઘતા જગને;
એમ જીવું છું જાગું છું,
અંધકારમાં જણાઉં છું,
અશરીર વાણી શુણાવું છું,
અંધકારને હંફાવીને કીર્તિ–પ્રવાહ જમાવું છું!! ૨

અંધકારમાં છવાઈ રહેતી, અફળ ધરી સઉ સુંદરતા,
કોમળ કુસુમકળી રહે મ્હેંકી; વાયુ તેની કીર્તિ કરતા!
જોજનભર જોજન ગુંથેલો સુગન્ધજાળીનો પટ એવો,
દમ્પતી, યતિ, નૃપ, રંક સઉને લીન કરે સુખમાં કેવો?
પટ એ સઘળે પથરાયછે,
શીત દુઃખતણાં દૂર થાયછે,
હુંફ મોદની ગાઢ પમાયછે,
અંધકારને હંફાવી આનંદ–રેલ પ્રસરાય છે!! ૩

અંધકારને હંફાવી પરમાર્થ હુંથી આ થાયછે!
અંધકારને હંફાવી મ્હેં ધાર્યું તો આ થાયછે!
અંધકાર હંફાવી પોષણ હરિહાથે મુજ થાયછે!
અંધકાર હંફાવી બળ મુજ ઇચ્છ્યું અજમાવાય છે!
અંધકારમાં સ્વાર્થ અને પરમાર્થ ઉભય પણ થાયછે!
અંધકારને હંફાવા ઇચ્છો તો હંફાવાય છે!!! ૪

" દુઃખ પાપના છાય છે[1] કંઈ કંઈ જગને અંધાર,
નિષ્ફળ નયનો થઈ જાય ને ગુણ અગુણસમ થાય. ૫

---

१. काम एष क्रोध एष रजोगुणसमुद्भवः।
महाशनो महापाप्मा विद्ध्येनमिह वैरिणम्॥
धूमेनाव्रियते वह्निर्यथादर्शो मलेन च।
यथोल्वेनावृतो गर्भस्तथा तेनेदमावृत्तम्॥
भगवद्गीता अध्याय् ३.

સબળ મરણ સમ પડે જ આખા શરીર ઉપર ભાર,
ઉઠતા જનથી ઉઠાય નહીં, વ્યાપે બધે અંધાર. ૬
જીવતી પ્રજા મુજ ઉપર જીતતા અંધકારનો ભાર
પડે છાઈ દશ દિશ, જુલમનો વર્ષે છે વર્ષાદ. ૭
કોમળ, સબળ, સુગન્ધિત, સુંદર, પ્રજા કંઈ મ્હારી,
આજ મીંચાઈ, ડબાઈ, છવાઈ, મરી ગઈ સમી ભાસી. ૮
અંધકારનો સમો પ્રબળ! આ દશા થઈ મ્હારી,
ધરતી રોતી સારતી ઝાકળમિષે નયનવારિ. ૯
મિત્ર ગયો તિમિરોદય સાથે, ઉગ્યા જ આ તારા
તિમિર તણા ચમકાવ્યા મશ્કરી કરે ઉભા આઘાઃ— ૧૦
દિવસસમે ચળકતી મુજ કળીયોતણું દઈ ભાન,
ઓછું અણાવે, પ્રકાશ ના દે, કરે ક્રૂર હાસ. ૧૧
માળી માયાળુ મન કંઈ કંઈ પ્રજા મ્હારીને સિંચે,
તેને પણ ઉંઘાડી તિમિર આ ત્રાસ અસિને વીંઝે. ૧૨
મ્હારું કોઈ નહી દેખાતું દિવસ છોડી દઈ ચાલ્યો
વસે આજ પરદેશ, એક અંહીં અંધકાર મ્હાલ્યો. ૧૩
અંધકારનો સમો પ્રબળ! આ દશા બની મ્હારી!
સુંદર, કોમળ, સબળ, બધી મુજ સંતતિ કરમાઈ! ૧૪
શું કરું? શું કરું! નવ ચાલે કંઈ! પ્રહર કંઈ વીત્યા!
પ્રહાર બહુ મુજ સુંદરતાએ તિમિર તણા ઝીલ્યા. ૧૫
અંધકારનો સમો પ્રબળ! આ દશા થઈ મ્હારી!
સુંદર, કોમળ, સબળ, જાત મુજ તિમિરથી વીંધાઈ. ૧૬
ત્હોય હરિનો હાથ અમારે! અંધકારમાં જીવું!
પોષણ પામું! રહું સુવાસિતઃ અંતર્બળ ના મુકું! ૧૭
દઉં—પામું—આનંદ વિજનમાંઃ ભલે લોક ના દેખે!
અંધકારની મધ્ય અંક મુજ બાળ સમૃદ્ધિ બ્હેકે. ૧૮
મન્વંતર ભર, અંધકાર, તું ભલે રહે ઉભો!
છવાય તેટલું છાય ભલે તું! ભલે જ તું ખીજે! ૧૯

અંધકાર! તુજને હંફાવું વર્તમાનમાં આજે,
મન્વંતર પળસમા ગણું પળ પળમાં પુરી થાશે! ૨૦
પ્રભાત પળમાં થયું દેખાડું! ઉષા પણે આવે!
અંધકાર! તુજને હંફાવી ધક્કેલી ક્હાડે. ૨૧
જાત મુજ, મુજ પ્રજા સુકોમળ, હતી તેવી થાશે,
અંધકારને હંફાવી જય ભવિષ્યનો ગાશે. ૨૨
તિમિરસમે પણ પ્રકાશ અંતર્ ધરની, ઉર, આવો;
શાથી ખાયછે વર્તમાન તિમિરથી તું ભુલાવો? ૨૩
ભૂત સમુ ભાવિ બનવાનું, વર્તમાન ભુલાશે,
ગોળ ધરાનું પ્રવાસી તેજ કરી હતું ત્યાં જ આવે. ૨૪
તેજ વીંશે ડુબેલી ધરતી, આત્મગતિ અંધારે,[1]
ફરતાં તરતાં અંતે લય એ તેજ વીંશે થાશે!" ૨૫

---

## ૮૮. પર્વત.[2]

"ફરતી તરતી સર્વ સ્થિતિ અચળ અનુભવું હું,
પળ પળ જોઈ કંપ વાત-વરુણના હસું હું. ફરતી૦ ૧
ઉછળી ગાજે ફીણ ઉરાડી શમ ધરે તરંગો,
ભરતી ઓટ ધરી જ ઉદધિ ઘડીક જંપ્યો. ફરતી૦ ૨
ઉદધિના તરંગ ને ધરાની રેણુ ખેંચી
નભ સુધી પ્રવાત ગયો ક્યાંક ઝટ્ટ પેશી. ફરતી૦ ૩
ઉદધિ-ઉદરમાંથી ચ્હડી શિર જગત કેરે
કમ્પી ગાજે વર્ષી થાય ખાલી મેઘ મેળે. ફરતી૦ ૪

---

૧. "I spin beneath my pyramid of night." એ વાક્ય શેલીએ પૃથ્વીપાસે ક્‌હેવડાવ્યું છે. તે ઉપરથી સૂચિત.

૨. વાચ્યાર્થઃ—સર્વ તોફાનો વચ્ચે પર્વત છે તેવો જ રહેછે.

વ્યંગ્યાર્થઃ—પૃથ્વી આદિ સર્વ પદાર્થો ગતિમાન છતાં તેમાંનાં કેટલાંક મહાસત્વ સર્વ પ્રસંગે અધિકારી રહેછે. મૃત્યુ તે પણ એક જાતની ગતિ જ છે, અને સર્વ ગતિવચ્ચે સ્થિર દશા કેમ ભોગવવી તેનાં દૃષ્ટાંત જોનારને આશ્વાસન આપેછે. વિયોગ અથવા વિરહથી વિકાર ન થવો જોઇએ.

જુદી જ સ્થિતિ મ્હારી તેથી, ભિન્ન વૃત્તિ મ્હારી,
ચલિત જગત મધ્ય વસી અચળ વૃત્તિ રાખી. ફરતી૦ ૫
શિખર ઉપર દ્રુમ રમે, ચરણ વ્હે સરિતા,
સ્થિર કાય મધ્ય મ્હારી રમણસરણહીના. ફરતી૦ ૬
ઝરતું અનિશ વારિ, ત્હોય વજ્રઉર મ્હારું,
ધરતી ઉપર સ્થિતિ તથાપિ વ્યોમને જ ભાળું. ફરતી૦ ૭
ઉદધિ ને પ્રવાત, કરી જ લક્ષધા પ્રહારો
કાય મુજ ઉપર, ભાગી જાય! એ જ ભાળો. ફરતી૦ ૮
વીજળી વ્યોમપુત્રી મ્હારી વ્હાલી મ્હારી સાથે
રમી રમી થઈ તિમિરલીન ઘડીક માંહે. ફરતી૦ ૯
ગૌરીના વિલાસસમે કૃષ્ણ શોભી કાયા,
ભૂપલંગ ઉપર રંગ કંઈક એ રમાયા. ફરતી૦ ૧૦
સમય ગયો, ગઈ જ એય, એકલો રહ્યો હું
સમયવેશ ભજવી હતો શાન્ત તે રહ્યો છું. ફરતી૦ ૧૧
જગત જગત એકલો પડ્યો હું આમ જોતો
સ્થિર એક એકલો; તું ક્યમ ન, મનુ, જોતો? ફરતી૦ ૧૨
જોનો! જોનો! રોવું છોડ, પુરુષ કઠણ થા તું,
ધ્રુજતી ધરતી ઉપર અંગભંગહીન આ હું! ફરતી૦ ૧૩
ધ્રુજતી ધરતી પર વિકારી જંગમોની મધ્યે
એકલો હું અવિકારી સ્થિર અંગરંગે. ફરતી૦ ૧૪

"દૃષ્ટિસીમા જનતણી જગમાં રચંતો
સંસાર–નાટક તણો પડદો પડે જે
તેની પ્રતિકૃતિ સમો ગિરિ દેખી, ધૈર્ય,
લોકો, ધરો! અમ પુઠ પણ દેશ છે કો. ૧૫

"પ્રલયવારિ ધરા આચ્છાદતું,
ખડક હું શિર ઊંચું કરી જ ત્યાં
નીરખતો જગશેષવિનાશને,
દઉં છું આશ્રય ત્યાં તરનારને." ૧૬

## ૮૯. વૈરાગ્ય.[1]

ભૂત.—"અન્યો શુમ્ભ જેવો હું તો, દેવી! આજે,
વૃથા સર્વ સંસારના વાહ ચાલે,
નહી દેખું કાંઈ, નહી શુણું કાંઈ,
વૃથા દેહમાં જીવ જીવે મુઝાઈ! ૧

ધરી આશ તે તો ધરી તે જ કાળે,
ઓચારી બની આજ તો માત્ર સાલે,
નહી વૃત્તિ વર્તે નહી ચિત્ત ચાલે,
સ્મૃતિ એકલી ભાળતી આજ એને. ૨

ભલે હીન્દુઓ ક્હેર ઝાઝો કરે ને,
નિરંકુશ દુષ્ટો બને દૈત્ય છો ને,
ગઈ દૃષ્ટિ-શક્તિ ગઈ-વ્હાલી સાથે!
નહી ચંદ્ર ભાનુવિમુખ પ્રકાશે! ૩

ઘણું દીઠું, વેઠ્યું ઘણું, ઝાઝું રાચ્યાં,
અભિલાષ ઝાઝા ધરી બેય નાચ્યાં;
વૃથા આજ તે, ને વૃથા તું, વૃથા હું,
વૃથા ચિત્ત મ્હારે જ જે છે અને છું!" ૪

શુણી સર્વ શુણનાર આ ધરતાં ચિત્રિત ચિત્ત
સ્નિગ્ધ ધરે વૈરાગ્ય ને બને શાન્ત વિસ્મિત. ૫

યામિની પણ વૃદ્ધા બની, રહ્યો યામ તો એક,
સ્નિગ્ધ ભૂત એ જોઈને ધરતું ભગવો ભેખ. ૬

સ્નેહનાશ વૈરાગ્યનો વેશ કહે વિદ્વાન,
પણ અનુભવીયોને જડે સ્નેહરૂપ વૈરાગ્ય. ૭

વેદ વીશે એ નહીં જડે, જાણે નહીં વેદાન્ત,
અનુભવ એને જાણતો દે અતિ ઉત્તમ માન. ૮

---

૧. વનસમૃદ્ધિ! પર્વત! તમે સર્વ સંસારના પ્રવાહ છો! હું અસંસારી છું; તમને હું જોઉં એમ નથી, સાંભળું એમ નથી, સર્વ મ્હારી દૃષ્ટિએ ખોટાં છો—અસત્ય છો.

અનુભવતું એ સર્વને યતિવર સ્નેહી ભૂત,
અતીન્દ્રિયમાં લીન થઈ, ગણે જગતને તુત. ૯
તુત સમું એ સર્વ જગતને અસત્વ ગણતું ભૂત
અભિન્ન આત્મથી આત્મ હતો તે વીશે લીન વદતું જ. ૧૦

---

## ૯૦. થોડેક છેટે બળતી ચિતા.

[૧] "મૂર્ખ મનુ! માયાને રોતો! મૂર્ખતાનો નહીં સીમા!
માયા–ઇન્ધનથી માયાને બાળું આજ અવનિમાં. ૧
સતેજ દિવસે, અન્ધ નિશામાં, આણ અખંડિત મ્હારી!
બાળેલા માયાઅણુ નભમાં ધૂમવલ્લરી લઈ જાતી! ૨
પૃથ્વી થકી નભમાં માયાને ધૂમ–રૂપે પ્હોચાડું,
બળી બળીને કાળી થાતી એવી હું ખેલાડું. ૩
બાળ, તરુણ, જરારૂઢ, પુરુષ ને અબળા આહુતિ
બની પડે મુજ મુખ–યજ્ઞમાં; એવી મ્હારી વિભૂતિ. ૪
બાળું ને બળતી દેખાઉં, બળતી બાળતી ખાઉં,
મૂર્ખ મનુ ત્હોયે ના સમજે માયાનું ભોપાળું. ૫
પાસે ઉભો રોતો, ઘેર જઈ હસતો સઉ ભુલી,
આપી અક્કલ રહી ન ગાંઠે, ગયો દેણમાં ડુલી. ૬
મૂર્ખ! મૂર્ખ! નહીં મૂર્ખતાની કંઈ સીમા એની દીસે;
ઉભો ઉભો મુજ પાસે રોતો શામાટે તું અતીશે? ૭
ભદ્રામુદ્રા સમી જ દેતી ઉપદેશ હું જ્યાં આવો,
તુત–ભૂત માયાને સમજે ત્હોય રુવે તું પાછો. ૮
સકળ તત્ત્વનું તત્ત્વ તેની સાથે તુજને સંધાડું;
લાજવની માયાના ચણીયા કેરું હું તો નાડું. ૯

---

૧. ઉરભૂત! તું સર્વને તુત ગણે છે અને કોઇની વાણી સાંભળતું નથી તોપણ ત્હારે રોવાપણું છે અને તેનું કારણ ત્હારી સહચરીનું મૃત્યુ છે. તું મૂર્ખ છે–ચિતાનો ઉપદેશ પ્રત્યક્ષ છતાં, મૃત્યુનું ફળ સારું છતાં, તું રુવે છે તે શા માટે? ક્યાં છે ત્હારું માયાજ્ઞાન અને ક્યાં છે ત્હારું અતીન્દ્રિય?

વિયોગીને યોગી કરવાનો મ્હેં આ પ્રયત્ન માંડ્યો,
જુવે તું તે સઉ ત્હોય મૂર્ખ બની આમ રુવેછે પાછો. ૧૦

માયાગ્રહથી મુકાવી વિભુશું મેળવવા કર સ્હાયો,
જુવે તું તે સઉ ત્હોય મૂર્ખ બની આમ રુવે છે પાછો." ૧૧

---

## ૯૧. જડગ્રન્થિનો છેદ.

ભૂત–[1]"કોઈ નથી મ્હારું જ મ્હારું જ રે,
અંહી કોઈ નથી મ્હારું મ્હારું !!
હું તે હું, ને હું તે મ્હારો, બીજું કાંઈ મુજ ન દેખાતું રે. અંહી૦
હું જ દૃશ્ય, ને હું જોનારો, એથી પછી શું નથી ન્યારું રે? અંહી૦ ૧
વ્હાલી! વ્હાલી! કરું તે મુજ ચિત્તે વસતી બ્હાર નહીં ન્યાળું રે. અં૦
એ તે હું ને હું તે એ, ને ઉર એનું ઉર મ્હારું રે. અંહી૦ ૨

તજ્યું જગ એણે, પણ મુજ ઉરમાં અમર હજી રહી એ તો રે, અં૦
રહી હજી તો હજીયે ર્‌હેજે ! સુરત અમર એ ર્‌હેજે રે ! અં૦ ૩
જે રહ[2] સેવ્યું તુજ સંગતિમાં તે જ હજી રહ સેવું રે, અં૦
સુરત આપણાં રહે જ દીઠાં, રહ્યું હજી પણ તે તેવું રે. અં૦ ૪
સાક્ષિમાત્ર જે રહ અથવા તો દમ્પતી મિત્ર થયેલાં રે, અં૦
તુજ મુજ સ્નેહ તણાં તે આજે એ જ હજીય રહેલાં રે. અં૦ ૫
રહું તે આગળ, કહું તે આગળ વાત સર્વ હું ત્હારી રે, અં૦
તે જ મિત્ર મળતાં, ગઈ આજે ઉઘડી હૃદયની બારી રે. અં૦ ૬
તે ઉરઉપવનમાં ત્હેં જે જે મેના પોપટ પાળ્યાં રે, અં૦
ઉર ઉઘડ્યે આ તે તે સર્વે બ્હાર ઉડવા ધાયાં રે. અં૦ ૭

---

૧. ચિતા! સત્યાસત્યનો સાંધો તું નથી, મ્હારું અતીન્દ્રિય કોઇક જુદું જ છે, જગતને હું "તુત" ગણુંછું તેનું કારણ જુદું જ છે, ને રોવાનું કારણ પણ જુદું જ છે, મ્હારું રોવું તે તારાથી સમઝાય એવું નથી. તુત–ઢોંગ.

૨. 'રહસ્' અથવા 'રહઃ' એટલે એકાંત, 'મનસ્'નું મન એ ન્યાયે 'રહસ્'નું અત્રે 'રહ' રૂપ વાપર્યું છે.

મા ચિંતા કર રે તું વ્હાલી ! અંહીં નથી કોઈ પરાયું રે, અં૦
એક પરાયું જગત દીસે આ શુણતું મ્હારું ગાયું રે. અં૦ ૮
પણ તે ઘોર નિશામાં ઊંઘે, જાગે તોપણ ઊંઘે રે, અં૦
ખરું જાગતાં સ્નેહી હૃદય તે સ્નેહ–નીશો કરી ઘુમે રે. અં૦ ૯
બે જ હૃદય છે એવાં તે તો મુજ ઉરશું આ રમતાં રે, અં૦
અભેદ આપણી સાથે એ તો શું નથી, વ્હાલી ! ધરતાં રે? અં૦ ૧૦
તું યે હું ને એ યે હું છું, હુંમાં સર્વે આવ્યું રે, અં૦
સ્નેહવિનાનું ઇન્દ્રજાલ જુઠ જુઠામાંહી સમાયું રે. અં૦ ૧૧
તે જુઠું તે તો નહીં કોનું, કેમ પછી મુજ હોય રે? અં૦
હું મ્હારો તેમાં શી નવાઈ? પણ બીજું મુજ નથી કોય રે. અં૦ ૧૨

"વ્હાલી છતાં ભુવન આ ગણતો હું મ્હારું,
વ્હાલી જતાં થઈ ગયું સઉ હુંથી ન્યારું !
મ્હારું ન કોઈ અંહીં તો પછી રોઉં શાને?
એવાં અરણ્ય–રુદિતો કરવાં જ શાને? ૧૩

"સમજી જે ન શકે ઉર–વેદના,
ધરવું તેની સમીપ સુમૌનને;
ખળી શકે ઉભરા નહીં ત્હોય, તો
નીકળી શું ન શકે રહમાંહી એ? ૧૪

"શુણે ગમે તો અનુકંપનારા,
વા શુણવા હોય ન કો મનુષ્ય,
ત્યાં રોવું તે ઉત્તમ પક્ષ, વ્હાલી !
રાખું બીજે સ્થાન હું ઉર ડાળી." ૧૫

## ૯૨. આકાશમાં અદ્ધર લટકતી પ્રકાશમાન અને પોતપોતાની જુદી જુદી સુન્દરતાથી લલચાવતી અનેક હાવભાવ કરતી અનેક અપ્સરાઓનાં હૃદયભૂત પાસે ધસી આવતાં મુખ.

[1]"કોઈ જગતમાં નથી જ ત્હારું તે, ઉઠ, ઉઠ, ઉર ભોળા !
અંધ નિશા ને સતેજ દિવસો ખાય હીંદોળે ઝોળા. ૧

ધર અમ્બર રવિ તણું ધરાવ્યું ચિત્ર તન્તુમય, દિવસે;
છોડ છોડ અન્ધન રજનિમાં, રમ રસદીપને તેજે. ૨

એક દીપ હોલાઈ જાય તો બીજો તરત સળગાવે;
અસ્ત થતાં રવિ, રસ નાગરના ચન્દ્રકળા પ્રકટાવે. ૩

ચન્દ્ર–અભાવે વ્યોમઘુમટમાં દીપમાળ ઘણી લટકે.
મેઘ–મચ્છરદાનીમાંય રસિકો રમે રંગને ચટકે. ૪

શા માટે તું સુઈ રહ્યોછે? ઉઠ રસચન્દ્રમરીચિ !
અગણિત બુદ્બુદ ને આવર્તો સંગ રહે તું રીઝી. ૫

વિશ્વનદીમાં એક શમી તો ઘણીક લહરી બીજી,
પેસી ઉર તે સર્વ તણે, રમ, રસિક, ઘડીભર હીંચી. ૬

એક જ તું પણ, અનેક લહરી મધ્ય નૈક પ્રતિબિમ્બો
વિલાસ કરતાં કરને, એક ગયે શીદ બીજી નિન્દો ? ૭

નિન્દ ન, નિન્દ ન, એક ધરતીમાં અનેક ધારા આવે,
તેય માય ને, બીજી ધાર ફરી બીજા મેઘ વર્ષાવે. ૮

એક એક તું શું કરતો? ત્હેં ક્યાંથી એકપણું આણ્યું ?
એક ભાસતું વિશ્વ અગણ્ય અણુગણથી ઉભરાયું. ૯

---

૧. વ્યંગાર્થઃ—સંસારની, અનેક વાસનાઓ, અનેક જનમાન્ય અનેક પુરુષાર્થ, અને સુખદુઃખનાં અનેક સાધનો અત્ર અપ્સરાઓનું ઉપમેય છે. તેઓ કહેછે, "હે ભૂત! સંસાર એકાનેકના સંયોગમય છે; તેમાં સ્નેહને જ અનુત્તમ ગણવો, સ્નેહના પાત્રને વિયોગસમયે પણ વળગી રહેવું, અને વર્તમાન જગતની ઉપેક્ષા કરવી; એ સર્વ અયોગ્ય છે. સ્નેહવિના અન્ય પુરુષાર્થ અને વિષય ઘણા છે તેમાંથી મરજી પડે તે શોધ."

ધ્વનિતાર્થઃ—હે સ્નેહી પ્રાણી ! એક પ્રિયા ગઈ તો બીજી શોધી ક્હાડ.

એકપણાનું ભૂત ભરાયું, સ્થિરતારક તું શાથી!
અગણિત બિમ્બો ગ્રહી ગુણતાં થા બૉલોરનો અનુકારી." ૧૦

## ૯૩. એક અને અમર અનન્ય.

ભૂત.—"ઉરની સાથ ઉર જડાયું, જગત પણું જુદું.
ઉર ઉરે હજીય વસે, જગત રહે જુદું. ૧
જુદું જગત જુદું હજી, વ્હાલી હજીય વ્હાલી!
નદી સુકાઈ હોય રેતીઉર વહે જ વારિ. ૨

"માયાવી કોણ જ તમે મુખ કો તણાં છો?
આકાશમાં અધર આ લટકી રહ્યાં છો!
જે એક મુજ ઉરમાં વસી એક નારી
તેના વિના અપર કોણ જ વિશ્વમાંહી? ૩
છો સર્વ નશ્વર તમે વીજળી સમાન,
છો સર્વ જુઠ જ સમાં મૃગતૃષ્ણિકાની,
છો વ્યોમ–સાગરવીશે પરપોટ જેવાં,
લેવા જ તે તમથકી ઉપદેશ કેવા? ૪

"જીવતાં સંગમ, મરતાં સંગમ, સંગમ ભાવિકાળ વીશે,
સંગત એમ નદીજુગજેવાં દમ્પતી એક થઈ વિહરે; ૫
માયામેઘ તણી ધારાઓ! એકપણું એ શું સમજો?
અનેક છો પણ એક જ સાગરવીશે જ, સાગરજાત! જશો!" ૬

અમર ઐક્યનું અભિમાન જ્યાં થયું ભૂતમાં ભાસે,
અભિમાનસંહારક શક્તિ ઉભી થઈ ત્યાં પાસે.
વ્યાઘ્ર મહાવિકરાળ ક્ષિતિજમાં ગર્જન કરતો ક્રોધે,
પ્રલયકાળ જગ ઉપર વર્ષતો જાણે જોતે જોતે. ૭

## ૯૪. પાસેના જંગલમાં ગર્જતો વાઘ.

[૧]" શું રુવે લોક–આ રુવે; સમજું હું ન તે! આંસુ શાં આવે?
બહુ ન્હાની આવી આંખમાં નીરનો નિધિ માયછે ક્યાં જે? ૧
મુજ ઓડવીશે ઘડી સુતી અરણ્ય ભમી લોહી ઘણું પીતી,
ઘણું વ્હાલી મુજ વાઘેણુ ગજાવતી રેણુ શૂરી ધરી નીતિ! ૨
તે ગઈ ઘડીકમાં મરી સિંહની સાથ મચાવી લ્હડાઈ,
ક્યમ ત્હોય આંસુનું બિન્દુ આંખ ધરું? આંસુ સ્ત્રીની જ ભવાઈ. ૩
ભુલી ગયો થવાનું થયું! વૈર વિકરાળ હવે તો ધારું,
કુદી કુદી ધરીને જોર ગજાવું વિશ્વ, ભયંકર ત્રાડું! ૪

" સિંહ સાથ વૈર ધારી, ઉચ્ચ પુચ્છને પછાડી,
ત્રાડનો ઉરાડું બમ્બ, ને ગજાવું કોતરો;
ત્રાસથી ન હાલી ચાલી, મૌન બ્હીતી બ્હીતી ધારી,
શ્વાસ રુંધી સૃષ્ટિ જોતી: " આવ્યું! આવ્યું મોત! જો!"
આગ દેખી ન્હાસી જાય, રેલ દેખી ન્હાસી જાય,
હાક મ્હારી શુણી સર્વ સૃષ્ટિ થમ્ભી તે પડે;
પાદથી નહી ચલાય, મુખથી નહી રડાય,[૨]
ધબ્બ ધબ્બ મુકી પાગ ત્રાસ ચિત્તમાં ચ્હડે. ૫

---

૧. અત્રે વાઘ એ વાચ્યવિષય છે અને પ્રલય વ્યંગ્યવિષય છે. ૭૬ મા કાંડમાં તેમ અત્રે સિંહમાં પુરુષાર્થની વ્યંજના કરી છે. પુરુષાર્થને પ્રલયનો પ્રતિસ્પર્ધી આ કાંડમાં કર્યો છે. આ વિશ્વમાં પ્રલયનાં સાધન અનેક છે. "વાઘ" અને "વાઘેણ"માં "પ્રધાન" અને "ગૌણ" પ્રલયસાધનની અથવા પ્રલયની વ્યંજના છે. ગૌણ પ્રલય ઉપર પુરુષાર્થનો જય થતાં પોતાના ગૌણપક્ષીપર પ્રીતિને લીધે પુરુષાર્થપર વૈર રાખી પ્રધાન પ્રલય પોતાના કાર્યમાં પ્રવર્તમાન થાય એ માત્ર હેતૂત્પ્રેક્ષા છે. કેટલીક જાતનાં પ્રલયસાધન ઉપર પુરુષાર્થ જય મેળવી શકેછે અને કેટલાંક ,પ્રલયસાધન સર્વસંહારક અને પુરુષાર્થ–નાશક છે તે ઉપરથી 'ગૌણ' અને 'પ્રધાન' એ ભેદ ઉત્પ્રેક્ષિત છે.

૨. " One of the most terrific accompaniments of a storm is the succession of sounds during its progress. While as yet only premonitory symptoms of its approach are visible, * * * a peculiar moaning noise is heard as if of " winds rushing through a hollow vault." It has been compared to the 'calling of the sea', often along English coasts the earliest sign of a coming

મરતો દૂરથી એ જ એમ, એકલો હું હેમક્ષેમ,
વાઘણી સંભારું ત્યાં પુરું જ થાય બાકીનું;
'વાઘણી! ઓ વાઘણી!' કરી ભરું હું ફાળ વ્યોમ,
વાઘણી સંભારતાં ન લક્ષ સિંહથી બ્હીનું!
ક્રોધથી કરાળ આંખ માંહીં ચ્હડી આવ્યું લોહી,
મેઘ ને અવાતના સમું મચાવું યુદ્ધને!
રોમ રોમ યુદ્ધ યુદ્ધ ધારું, કોપતા તરંગ
અંગ અંગ જેમ થાય કોપતા સમુદ્રને. ૬

આજ હું કૃતાન્ત પેઠ વિશ્વમાં શબાવળી[1]
દયાવનો થઈ ભરું, દયા ધરી હું શું કરું?
દયા! તું શૌર્યવૈરિણી, હણું હું પ્હેલી તુજને,
વધી જ એમ શૌર્યમાં હું બાથ સિંહશું ભરું.
મેઘદ્વન્દ્વ ગાજે આઝો આગ જેવી વીજળી
ઝરી ઝરી લગાડતા નભઃપુરીવીંશે જ જે,
તેમ, ચાલ! ચાલ! સિંહ! યુદ્ધ આજ આપણું
વિશ્વક્ષેત્રમાંહીં ઘોર ગર્જના મચાવશે. ૭
ઉકળતા ઉંડા ઘણા ભૂમિઉરસ્થ પત્થરો
વામી વામા, ને ઉછાળી તેમના ફ્હડ્યા રસો,
છાય આસપાસ તેથી જવાળમુખ પૃથ્વીને,
તળેથી ફાડી નાંખી એની કાય ઝાઝું ગર્જતો;
તેમ કાળના કરાળ કોપને ઉરાડતો,
છાઈ આશમાત્ર તેથી, ભૂમિ હું ડગાવતો,

---

storm, and is believed to be the actual roar of the tempest, borne by the reflective action of the clouds to vast distances. The immediate intensity of the din thus heralded can be imagined, *men are struck virtually dumb, the attempt to speak producing a sensation as if all the breath were driven from the body by a violent blow.*"

૧. "Tornadoes here march in battalions, 'requestioning' all the goods of poor human life along the lines of their concerted advance."

ગર્જના ભરી દશે દિશા તણા ઉરો વીંધે
મહાપ્રવાત પેઠ ત્રાડ નાંખી નાંખી ચાલતો. ૮

હીન્દી પૂર્વામ્બુધિમાં નીરખી અખિલ આ લોક સંહારવાને
ગાજન્તો ઘોર કીલો[1] સલિલમય ઘણું દોડતો નિજ સામો,
નાવિકો ત્રાસ ધારે તિમિરનિધિવીંધે ગર્જના મ્હારી સુણી,
ધારી તે ત્રાસ, મુકી પડતી સહચરી[2], પાન્થ ફુટે કપાળ." ૯

---

## ૯૫. અતીન્દ્રિયસાથે ઐક્ય.[3]

**ભૂત**—"ભુવન ભલે શૂન્ય થાવ! પ્રલય છો રમે!
છે જ તે નથી બનો! મને ન તે દમે! ૧

ર્‌હે જ ર્‌હેવું હોય, છો જનારું તે જવું
મ્હારું કાંઈ ન જાય તે, ન કંઈ મુને થવું. ૨
રાજ્ય જાવ, દ્રવ્ય જાવ, જાવ મતિ મ્હારી,
પુણ્ય છો પરવારતાં, હું ર્‌હીશ એક હારી! ૩
ક્રૂરતા વહો વિધિ ભલે વહાય તેવી;
કહ્યું ન માની જીવ જીવે, રાત્રિ એને ર્‌હેવી! ૪
એય મ્હારો નથી હવે, હોય કોણ બીજું?
ગઈ પ્રિયા યે મુકી મને તો કોની ઉપર ખીજું? ૫

ર્‌હે કહું તે જાય, અને 'જા' કહું તે ર્‌હે!
મૂર્ખ શ્વાન! શાથી મનથી શકટ વ્યર્થ વ્હે? ૬
સામટી પડો વિપત્તિ! દૈવ વા હસો!
આવનાર કાળ! આવ! આવીને જશો! ૭

---

૧. હીંદુસ્થાનની પૂર્વદિશાના સમુદ્રોમાં તોફાની પવનથી કોઇ વખત મોજાં ઉછળી મ્હોટા કીલ્લા જેવડાં થાયછે અને સેંકડો ગાઉ સુધી ધસી તે પ્રદેશમાં પ્રલય કરી શાંત થાયછે, તેને "સાઇક્લોન" ક્‌હેછે.

૨. કેવળ સ્નેહી પ્રાણીયો જ પ્રલયવશ છે એમ નથી પણ સ્નેહ જાતે પણ પ્રલય-વશ છે તેનું સૂચન.

૩. આ કાંડનો અર્થસારઃ "ભલેને સઉનો અને મ્હારો પ્રલય થાય! મ્હારો સંબંધ અતીન્દ્રિય છે, અતીન્દ્રિય પ્રિયા મ્હારી સાથેછે, અને મ્હારું જીવન પણ એ અતીન્દ્રિયથી વ્યાપ્ત છે અને પ્રલયાદિના વિષય વિશ્વથી તો છુંટું પડેલુંજ છેઃ અર્થાત મ્હારું જીવન અતીન્દ્રિય અને અનશ્વર સ્નેહમય છે."

દેખતો નથી હું, તમે શું કરો મને?
દેખું તેય લાગતું ન, શું પછી દમે? ૮

"પ્રિયા વ્યાપે મ્હારો સકળ ઉર આભોગ, પછી શું
બીજું કોઇ પામે અણુસમુંય સંચાર કદી ત્યાં?
દમે શી રીતે વા? અનુભવ શી રીતે સુખતણો
મને આ સૃષ્ટિ દે? સઉ ઉભું રહ્યું બ્હાર ઉરની! ૯

"પ્રિયા ગઈ, ત્હોય જીવે છ ચિત્તે,
તજે મને એ, ન તજું હું એને;
આ વિશ્વ ઉભું, પણ ચિત્તબ્હાર!
તજે મને એ ન, તજ્યું જ એ મ્હેં!" ૧૦

પ્રલય જીતી જીવવાની શક્તિ સ્ફુરી ભૂતમાં જ્યારે
પ્રલય ન મ્હોંચી શકે જ્યાં તે દ્યુતિ સ્ફુરતી ભૂત-કીકીમાં ત્યારે!
નિશાન્તકાળ સૂચવતું સ્ફુરતું સુન્દર શુદ્ધ શુભ્ર જ્યોતિ[1]
તિરસ્કરિણીથી ઢાંકી ઉષા[2] તણા પદનખસમું! નિશ જોતી! ૧૧

---

## ૯૬. પ્રભાતશુક્ર.

[3]"નથી ચન્દ્ર તે માટ જગમાં નથી કંઈ વધ્યું
ઘોર અંધારું, ઓ બન્ધુ મ્હારા!

---

૧. પ્રભાતશુક્ર, હવેના કાંડનો વિષય છે.

૨. ઉષા=મળસ્કું. ઉષાનું વ્યંગ્ય ઉત્સાહક શક્તિ છે. (જુઓ કાંડ ૧૦૮ નીચેનું ટિપ્પણ). શુક્રનું વ્યંગ્ય કાંડ ૯૬ નીચેના ટિપ્પણમાં છે. એ બે વ્યંજનાઓપરથી શુક્રને ઉષાનો 'પદનખ' કહેવાનું કારણ સ્પષ્ટ થશે.

૩. પૃથ્વી જોડે ચંદ્ર ફરેછે અને સૂર્યનું તેજ સાચવી રાખી ચંદ્ર પૃથ્વીને રાત્રિસમયે તે દેખાડેછે; તેમ પ્રિયની પ્રિયા સહચારિણી હતી ત્યારે પ્રેમાનંદનો અનુભવ કરાવતી હતી તે આનંદ પરમાનંદના પ્રતિબમનરૂપ હતો. એ પ્રેમાનંદનું ચન્દ્ર ઉપમાન. પરમાનન્દ પ્રિયાશીવાય અન્ય સંસારદ્વારા પણ તિમિરસમયે સ્ફુરી નીકળેછે. જીવનતિમિરના અવસાનસમયે સંસારપટપર પ્રભાતસૂચક આનન્દતેજ સૂક્ષ્મબિન્દુરૂપે સ્ફુરેછે તે અત્રે પ્રભાતશુક્રનું ઉપમેય છે, "બાપુ પધાર્યાં સત ધામમાં" ઇત્યાદિ સ્થળે સ્ફુરતો આનંદ

(પછીને પાને સંધાન છે.)

તેજ કૌબેરા ઉષા સમું ત્હારું ને
  જ્યોત ઝીણી ઝગઝગે, જોની, હુંમાં! ૧

રવિમેઘ વર્ષાવશે વ્યોમમાં વૃષ્ટિ જે
  તે તણા અગ્રબિન્દુ સમો હું
તિમિરના જાડ્યથી ગ્લાન જગમાત્રને
  તેજના પ્રથમ શીકર હું છાંટું, ૨

બધી આશના દ્વારમાં ક્યારનાં વાસીયાં
  તિમિર-નિશાચરે સપટ તાળાં,
કરતણે અગ્ર મુને રુપાકુંચી સમો
  ધારી, દિનનો પ્રભુ ઉગશે આ. ૩

[1]પ્રભાકુંડ એ ઝુમર આ ઘુમટમાં લટકી ર્‌હે,
  ભભકથી સળગી ર્‌હે સૃષ્ટિ ગાતી
હેઠ ગરબે મળી તે તણી સાડીયો,
  ત્યાં જ બીલોર ર્‌હે ભાત પાડી. ૪

[2]સમે એ જ એ તેજમાં આપણે લીન થઈ
  સ્નેહમય યોગમાં યુક્ત થાશું!

---

આનું દૃષ્ટાંત છે. ને આવા તેજમાં કોઇ અનિર્વચનીય સુન્દરતા—પ્રસન્નતા—છે; તે જ તેજ આ કાંડનો વ્યંગ્યવિષય અને પ્રભાતશુકનું ઉપમેય છે. “કૌબેરી” એટલે ઉત્તર દિશાની: ઉત્તર ધ્રુવ આગળ ૭ માસ લાંબી રાત્ર હોયછે તે સમયે ત્યાં એક તેજનો પડદો આકાશમાંથી લબડતો લાગેછે તે “ઉત્તર દેશનું ભળકું” અથવા “કૌબેરી ઉષા” (અરોરાબેરિઆલિસ્) નામથી ઓળખાય છે. શોકનો પણ ઉપભોગ છે અને તે વિરહીને મધુર લાગેછે. આ શોકાનંદના પડદાની કાળાશ મારતી દીપ્તિ આખી રાત “કૌબેરી ઉષા” પેઠે રહેલી છે તે તેમ જ બીજાં કારણો પણ આ ઉપમાનું મૂળ છે.

૧—૨. ततः पदं तत्परिमार्गितव्यं यस्मिन् गता न निवर्तन्ति भूयः ।
तमेव चाद्यं पुरुषं प्रपद्ये यतः प्रवृत्तिः प्रसृता पुराणी ॥

भगवद्गीता, अध्याय १५

એમાંનો આનન્દમાત્રના પ્રભવરૂપ ‘પુરુષ’ તે અત્રે સૂર્યનું ઉપમેય, અને ‘પ્રવૃત્તિ’ એ ગરબા તથા સાડીની ભભક અને બીલોરના રંગ એ સઉનું ઉપમેય.

ચન્દ્ર ને પૃથ્વીના તેજનું મૂળ જ્યાં
તે જ રવિલોક વણુવિરહ[1] જાશું." ૫

વ્યોમચારી શુક્રનું ઝીણું ગાન ઝરતું જે સમે
તેજોતણું સાયુજ્યપદ નિઃસીમ નભમાં સૂચવે,
તે કાળ ધરતીવાસીના ધર્મોનું ભાન કરાવતો
નીચસ્થ કુક્કુટ દિનરાજની નેકીને પોકારતો. ૬

---

## ૯૭. કુક્કુટ ( કુકડો ).

[2]"રાત્રિ વીતી જવા આવી તે તું તો જાગની રે, પ્રાણી!
જનની આરામની વૃદ્ધ થઈ! એની જાત ગઈ કરમાઈ. રાત્રિ૦ ૧
પ્રાચી જાગી રુપેરી તેજનો ચર્ણીયો[3] પ્હેરવા બેઠી એ આ,
પગપ્હાનીપર આવ્યો દીસે, કેડ ચ્હડશે ક્ષણુભરમાં. રાત્રિ૦ ૨
પ્રભુએ નયન નથી રાખવા આપ્યાં દિવસ અધો મીચી,
ખીલે વાડી રવિમાળીયે તેજસલિલ થકી સિંચી. રાત્રિ૦ ૩
વિશ્વનું નેત્ર ઉઘાડવા, ધર્મે યોજવાને ઉરને,
નિદ્રાએ પૂર્યાં કર્ણના ભેદી દુપટ પટને, રાત્રિ૦ ૪
નિઃશબ્દતા પર બેસીને, 'કુકુ' નિષ્કંટક મ્હારું
આણ વર્તાવે દિગન્તમાં; એમ ઉંઘતાં જગાડું. રાત્રિ૦ ૫

---

१. न तद्भासयते सूर्यो न शशांको न पावकः ।
यद्गत्वा न निवर्तन्ते तद्धाम परमं मम ॥
ममैवांशो जीवलोके जीवभूतः सनातनः ॥

भगवद्गीता, अध्याय १५

तत्प्रसंगे च शांकरं भाष्यं यथा । जीवलोके जीवानां लोके संसारे जीवभूतः भोक्ता कर्तेति प्रसिद्धः सनातनः पुरातनो यथा जलसूर्यकः सूर्यांशो जलनिमित्तापाये सूर्यमेव गत्वा न निवर्तते तथाऽयमप्यंशस्तेनैवात्मना संगच्छति ॥

એમાં દર્શાવેલી રીતિપ્રમાણે પૃથ્વી, ચન્દ્ર, અને શુક્રના તેજનો સૂર્યતેજમાં "વણુવિરહ" સંયોગ.

૨. રાગ પ્રભાત.

૩. પાછલી રાતના ઉતરતા પ્હોરમાં ક્ષિતિજ નીચે દૂર રહેલા સૂર્યનું તેજ પૂર્વદિશાના ક્ષિતિજ આગળ—પૃથ્વીની કિનારી આગળ આકાશમાં–રુપેરી રંગવાળું દેખાય છે.

મારૂં હાક હું નીચા સ્થાનની, રાજમ્હેલમાં તે પ્હોંચે,
તરછોડે મહિષી–કુચસ્થળ નૃપ કાર્યની હોંશે. રાત્રિ० ६

"સ્નેહ પીતો તું રમ્યો રાત્રિ અધી,
થયા પુરા તુજ કોડ;
દિવસકાર્યમાં ભળની હવે તું,
તજની ગુલાબી સોડ ! હવે તું છોડી દેની, જન. મોહ. ૭

પેટ પુકારે "ઉઠની, ઉઠની,
"વહી જશે ઝટ પ્હોર !
"દેશ તુજ કહીં 'દુઃખ સુધી ક્યાં
"સ્હેવું ?' મચાવે શહેર." હવે તું० ૮

સમુદ્રશય્યા તજી રવિ પણ
ચ્હડશે ઉંચે વ્યોમ;
ચર પુરુષાર્થ, અને ઉદ્યમમય
રચ તુજ રોમેરોમ. હવે તું० ૯

કોલકોલાટ પક્ષિ–ગણ કરશે,
તરવરશે ઉદ્યોગ;
તે જ સમે પડી રહે મૂર્ખ તે
કીયા કર્મના ભોગ ?" હવે તું० ૧૦

રાત્રિ અધી જગત ગાઈ રહ્યું'તું ગાન,
ભૂતે દીધો નહીં જ તેપર નિજ કાન;
રાત્રિસમે ભૂત-પ્રભાવ વિકાસ પામ્યો,
રાત્રિસમે કીધ ભૂતે સઉની અવજ્ઞા. ૧૧

નિશાન્ત થાય, પલટાય ભૂત–સ્વરૂપ,
પામે પ્રવેશ ઉરમાંહીં પ્રબોધ-સ્પર્શ;
તે સ્પર્શથી ચમકતું અકળાતું ભૂત,
એ રીત રાત્રિસમયે પ્રકટે પ્રભાત. ૧૨

---

# ૯૮. ઉદાસીનતા.

ભૂત:—"પ્રિય! પ્રિય! શું જ હુંય કરું? વિરહદુઃખ ના જ જાય સહ્યું!
હરિ! હરિ! શું જ હુંય કરું? રાખ્યું જ્ઞાન ના જ રહ્યું! ૧
વીંનવતું વિશ્વ તે ન શુંણું, મુને એ લાગતું જ સુનું;
ઘણું ઘણું જાણતો જ સઉ, થયું ના જાણીયાની સમું. ૨
ગયે રવિ દૃષ્ટિથી બ્હાર, જુઉં રવિબિમ્બ નભમાંય
પડે તે લાગતું જેવું, મને જગ ભાસતું તેવું. ૩
નિકટ નિદ્રાતણે ખોળે જતાં, **ખગ,** માળને ઝોળે,
તરુપર આવતાં સાંઝે, થયો દિનેશ દીન **ભાળે.** ૪
ધરે મન તે ઉદાસીન, બની તેવું ઉદાસીન,
જુવે આ વિશ્વને તેમ હૃદય નિર્વૈર નિષ્પ્રેમ. ૫
ઝીણું ઝીણું વાગતું વાજું ટપકતું નીર નલમાંનું,
કરી રહી વીજ ચમકારા, ઘણું ઘણું મેઘ પણ ગાજ્યા: ૬

(કલાપક. ૭–૮)

નહી કંઇ જોતી તે આંખે, નહી કંઈ શુણતી કાને,
ઘણું ઘણું રાતમાં રોતી, સરે આંસુ–ન તે લ્હોતી. ૭
**સી**તા દશગ્રીવની પાસ; જપે મન **રા**મના જાપ,
અશોક શું કમ્પતો શિરે? સમીર શું વાય આ ધીરે? ૮
વદે દશજીભ શું વાણી?–સતીએ વાત ના જાણી!
રહ્યા ઉર મધ્ય જે **રા**મ, કરે એ સાથ સતી વાતઃ ૯
ત્યમ જ અગણિત જીભવાળા ઉભો હું વિશ્વ પાસે આ,
શુણું શું? કમ્પતું આજે ઉરદ્રુમ વ્હાલીમય-વાતે." ૧૦

અનંત દિનના નિર્ઝર અગણિત સૂર્યસમા કંઈ તારા,
ધરતી વીંશે રજનિસમયે દૂર દૃશ્ય દિવસ રચનારા,
ધરતીનેત્રમાં તેજ રવિનું દૂરથી જોઈ ભરાતું,
મ્લાનતેજ થઈ જતા હોય ત્યમ જન–નયને જ જણાતું. ૧૧

તેનો અવસ્થા સમી ભૂતની થતી દશા દેખાતી !
ઉદાસીનને જાગૃત કરવા તારકસેના ચાલી !
ચાલી જતી એ તારકસેના દીનવદન થઈ જાતી !
ચાલી જતી ખેંચતી પાછળ ભૂત, હાથ ભૂતના ઝાલી ! ૧૨

---

## ૯૯. નિશાન્તે એક પછી એક અદૃશ્ય થતા તારાઓનું વન.

[1] "થાય આ પ્રભાત સૂર્યકાજ આજ વ્યોમમાં !
થાય અસ્તકાળ આપણો જ આજ વ્યોમમાં ! ૧

( યુગ્મકલાપક. ૨–૩ )

અંધ કેશપાશમાં ગુંથેલ પુષ્પવાડીને,
ઢાંકતું પ્રકાશવસ્ત્ર ! શિર વ્યોમનારીને. ૨

---

૧. રાગ પ્રભાત.

અનંત તેજમય દિવસનો પ્રવાહ વિશ્વમાં સ્ફુરી રહ્યો છે. તે પ્રવાહના અગણિત ઝર જેવા તારાઓ રાત્રિસમયે માણસને દૃષ્ટિગોચર થાય છે. દરેક તારો તે એકેકો સ્વયંપ્રકાશ સૂર્ય છે અને આપણો સૂર્ય પણ તેવો જ તારો હોઇને પોતાને સ્થાનકે અને પોતાને સમયે આપણને કામ લાગે છે તે પ્રસંગે તેના તેજ આગળ રાત્રિના દૂરસ્થ તારાઓ પોતાનો સમય વીતતાં અદૃશ્ય થઇ જાય છે અને નિકટના સૂર્યનો સમય સઉને ઢાંકી નાંખે છે.

વ્યંગ્યાર્થ: જીવન એ એક રાત્રિ છે અને તેની આશપાશ અનંત તેજનો ભરેલો દિવસ છે. અનિર્વચનીય અને અજ્ઞેય સ્વરૂપવાળા કોઇક જાતના અગણિત સંસારમાંથી એ તેજ સદાકાળ ઝર્યા કરે છે. એ અગણિત તેજની છાયા જીવનઅંધકારને સમયે વત્સલતા, મમતા, સ્નેહ અને એવાં અનેક તારાજેવાં સૂક્ષ્મરૂપે આપણને દેખાય છે અને ગ્રહોની પેઠે આપણા ભાગ્યને ભમાવતાં લાગે છે. મૃત્યુની મનપર પડતી છાયા પણ આ સૂક્ષ્મરૂપ જેવી જ એક છાયા છે પરંતુ તેને સમયબળે તે મહારૂપ લાગે છે ને તેના તેજમાં બીજાં સૂક્ષ્મરૂપ કેવળ લીન અને અદૃશ્ય થાય છે, પરંતુ સર્વ છાયાઓ સરખી રીતે અનન્ત અને તેજસ્વી છે. આ અને પછીના બે કાંડમાં આ સર્વ વ્યંગ્યવિષય છે.

જનમંડળોને અંધકારસમયે વિવિધ સ્થળે કામ લાગેલા પ્રાચીન શાસ્ત્રકારો, કવિયો, ધર્મપ્રચારકો, અને હૃદયપ્રેરકો, તારાઓનું એક ધ્વનિત ઉપમેય છે. તેજના આ સર્વ ઝરાઓ હજી પણ પોતાની કૃતિસ્વરૂપે અમર છે. સામાન્ય મનુષ્યોને તે રાત્રિચર (જનમંડળની અજ્ઞાની અવસ્થામાં જ ઉપયોગી) લાગે છે અને પોતાના સમયમાં દેખાતો તેજનિર્ઝર સૂર્ય તો મનુષ્યોની દૃષ્ટિમાંથી આ બીજા જ્યોતિને અદૃશ્ય કરેછે. તે છતાં તેજનો અનંત પ્રવાહ જોનારને તો તેમની તુલના હજી પૂર્વવત્ જ છે. આ જ્યોતિઓનો અસ્તાભાસ અત્ર ધ્વનિત છે.

કોઇ નવા માણસના ઉદય આગળ થતો જુના વખતથી મ્હોટાઈ ભોગવનાર મનુષ્યોનો અસ્ત પણ આ કાંડમાં ધ્વનિત છે.

---

આવતું! ક્ષિતિજસેંથીમાંહીંયે પૂરાતું એ!
એકનું પ્રભાત અસ્ત અન્યકેરું થાતું તે. ૩
ભાત એ પ્રભાતની પડે જ જુદી અસ્તથી,
દીન અસ્ત હારી જાય સ્હેજમાંહીં મસ્તથી. ૪
સૂર્યથી લઘુ નહી! ન સૂર્યથી પ્રભા કમી!
સૂર્યની પ્રભા અમે જ દીધી સૂર્યમાં વહી! ૫
સૂર્યને ટકાવનાર હસ્ત કંઈક આપણા!
સૂર્યને નચાવનાર દૃષ્ટિપાત આપણા! ૬
સર્વ એવું વ્યર્થ આજ, સૂર્યનો સમો થતાં,–
અસ્ત આપણે, રવિ વિહાયના લલાટમાં! ૭
વ્યોમમાં સમાય એ નહી, તસુ ન આપણો,
સૃષ્ટિ દેખી ર્‌હેતી તે પ્રકાશ એક ભાનુનો!!! ૮
નાવમાંનું સૈન્ય, નાવ ડુબતાં ધીમે ધીમે,
જાય ડુબી, ડુબવાનું તેમ આજ આપણે. ૯
અગ્નિઅસ્ત્રવીંધ્યું નાવ ડુબતાં ધીમે ધીમે,
નાવવાસી સૈન્ય પેઠ ડુબવાનું આપણે." ૧૦

## ૧૦૦. પ્રભાતમાં થતો લય.

ચેતનમિત્ર—"ઓછું ન આણો, ધૈર્ય મુકો ના પડતું, મહા તારા!
મ્હોટા ન્હાના મનુને ક્‌હેવે બનો નહી, વ્હાલા. ૧
અંધ ઘુવડ સમ ક્ષુદ્ર મનુ ના દેખી શકે, ત્હોયે
[1]દિગ્વિજયી ગતિ સદા તમારી અપ્રતિહત હોયે. ૨
નહી અસ્ત, નહીં ઉદય તમારો, સદા પ્રભા પૂરી;
અસ્ત ઉદય જોનારી તે તો મનુદૃષ્ટિ ભુલી. ૩
જડ-ચેતનનો આદિ ન, અંત ન, ન જરા જુવાની;
એકતણો વિલાસ એકમાં લય જાયે પામી. ૪

૧. દિવસે પણ તારાઓ પ્રકાશમાન છે અને જે ગ્રહમાં રાત્રિ હોય ત્યાં દેખાય છે; સ્નેહાદિછાયાના પ્રભવ પણ સનાતન છે અને તેની છાયા મરનારપરથી ખસે છે તો અગણિત જીવનારાપર એમની એમ જ આણ વર્તાવે છે.

એક તણી માયાની સંસ્રુતિ લીન એકમાં થાયે;
એક કહો કે વિશ્વ કહો પણ બીજું ન દેખાયે. ૫

તે તારા મુજ વ્હાલા જેવા વ્હાલીમાં ભળતા !
પ્રભાતકાળે પ્રમોદ પામો, મટો ન જળહળતા." ૬

## ૧૦૧. પ્રિયસંસારની અવસાનસમયે વાસના.

ભૂત—"અરે ઓ વ્હાલી ! વ્હાલી રે !
અરે ઓ ભાઈ ! ભાઈ રે !

સુઝે શું તારકો બોલે ?
અધીરા કેમ એ ડોલે ? ૧

મહામસ્તાન ભાનુ આ
જીતી લે દેશ આવો આ !
મહાપ્રાચીન લોકોનો
કરે છે અસ્ત એ, જો જો. ૨

[1]અહો આ દેશ મ્હોટા રે !
સઉ આ લોક ખોટા રે
તુને જીતે, કરે અસ્ત
પડેલાને જનો મસ્ત. ૩

અહો ઓ વ્હાલી મ્હારી રે !

બુઝાતું તે જગાવીને
કરી દે ઉર આ જેવું
જનપ્રેમી હતું તેવું. ૪

'ઉંચું આકાશ ચુમ્બે ને
રમે મ્હોટા ઘનો શું, તે
રહે શીતળ આ સાનુ,
ન લેઈ લેખાવીશે ભાનુ. ૫

---

૧. આ દેશ તે ઐહિક સ્નેહાદિમય જીવન.

નિશા આખી રહ્યો અંધ
વિયોગી વ્યોમની મધ્ય;
દશા એના સમી મ્હારી,
ભુલાતી તું નહી વ્હાલી. ૬

મુકી હાથેલીમાં મેંદી,
ગિરિને બાથમાં ભેટી,
ઉષા વિલાસની ઘેલી
હસાવે ને હસે કેવી? ૭

ઉષા જેવી સુકુમાર
પ્રિયા ઉષા સમો ખ્યાલ
કરે, તો એ ગિરિ જેવો
બનું હું યે હતો તેવો. ૮

ગતિ ગિરિતણી ન્યારી,
ગઈ ના'વે ઉષા મ્હારી!
મરે અંધારમાંહે જે
સુઝે ના દેશ કંઈ તેને. ૯

ઉત્તર દેતું હતું ન ભૂત તે ઉત્તર દેવા લાગે,
સૂર્યોદય સૂચવતી રજનિ જેમ ચળકવા માંડે;
ઉત્તર દેતું પણ ન પ્રિયાની ભૂત વાસના મુકે,
"પ્રિયા! પ્રિયા!" કરતું જ નિશાચર હજી નીશો ધરી ઝુકે;
તે નીશો છોડવતી લ્હેરો મીઠી પવનની આવે,
મધુર મધુર બની શિશુસમું ભૂતને ગણી ફાવ્યું સમજાવે. ૧૦

---

## ૧૦૨. પવનલહરી.[1]

"અદૃશ્ય કાયા અદૃશ્ય છાયા ધરી ધરી હું વાતી,
અંધકાર-ને-પ્રકાશકાળે સમાન વૃત્તિ રાખી. અ૦ ૧

---

૧. જગતમાં કોઇક જાતની આશા વગેરે રૂપ ધરનારી આશ્વાસક શક્તિ છે. તે પવન જેવી અદૃશ્ય પણ જગદ્વ્યાપી અને સર્વાનુકૂલ છે. તે શક્તિ પવનલહરીનું વ્યંગ્ય અને ઉપમેય છે, "પ્રિયા" માંથી હૃદયને છુટું કરી "પ્રિયા" ની વાસનાના અધિષ્ઠાન સંસાર ઉપર ભૂતની દૃષ્ટિ કરાવવા આ આશ્વાસક શક્તિનો પ્રયત્ન છે.

જગત જગતનો નાશ ઇચ્છતું કંઈ કંઈ ક્રૂરતા ધારે;
કરે લોક પરમાર્થ તેય નિજ સ્વાર્થ સારવા કાજે. અ૦ ૨
તે સઉ વચ્ચે સર્વ ભૂતને જીવાડવા હું વ્હેતી,
નિદ્રાસમોં બેભાન પ્રાણને સુસ્થપણું ઘણું દેતી. અ૦ ૩
જનગણની પોષણ પામી, નિજ ગુણની કીર્તિ પામી,
અન્ય વિષય ઇન્દ્રિયને પોષે તેમાં શી જ નવાઈ? અ૦ ૪
દેતી–નહીં લેતી–પોષણ, નહીં કીર્તિ કમાવા ધાતી,
તન મન પોષતી રંજતી, દેતી ધારતી હું સુખ શાન્તિ. ૫
અધરમધ્ય સ્મિત–શ્વાસ સમી તરુપલ્લવને કંપાવું,
નિશાકુસુમ–અભિષિક્ત કુસુમને વિકસાવતી હસાવું. ૬
સમુદ્રશીકરકણનાં જાલક ખેંચી જગતપર આણું,
ગૌર ગાલપર ખંજન સમ નદીવદને લ્હેરો પાડું. ૭
ફરફર વાતી મૃદુ મૃદુ ગાતી મનુને નીશો ચ્હડાવું,
માનિનીપટપલ્લવમાં સરતી મદનની આણ જગાડું. ૮
જેને જેવું તેને તેવું–ઇષ્ટ સર્વને–દેતી,
અદૃશ્ય રહેતી વ્હેતી વાતી, સઉને ગમતું કહેતી. ૯
વિજન પુલિન, ગિરિગહ્વરશિખર, વળી વનકુંજની માંહિ,
ઘોર અરણ્યે, વનચરવાસે, ઝાડઝુંડની છાયે. ૧૦
તાપ તપે, સહતા અતિ શીત, સહે ઘનવૃષ્ટિની ધારા,
રંક કંઈ, કંઈ દુઃખી, કંઈ મુનિ, ને કંઈ મનના રાજા. ૧૧
તે સઉને નિશદિન હું દેતી ઇષ્ટ જુજવાં સઉનાં,–
શાન્તિ કોઈને, ક્ષોભ કોઈને,–મનાવતી મન બહુનાં. ૧૨
એમ જન્મ નિજ સફળ કરતી હું આશિષ સઉની લેતી,
અન્ધકાર ને પ્રકાશકાળે સમાનવૃત્તિ વ્હેતી. ૧૩
પ્રકાશકાળે હતું, તું તેવું થાની આજે, ઉર!
મનાવતું જગ, મના તું, જગને કાજ આજ પણ ઝુર. ૧૪
અંધકાર ને વિયોગ આંખો આજ બીડતા ત્હારી,
કરી નિષ્ફળ બળ તે એનાં દૃઢ થાય તું તો! બલીહારી. ૧૫

બલીહારી ત્યારે જ તુજ પુરુષાર્થ તણી, ઓ ભાઈ!
સુખદુઃખે ધરી સરખી વૃત્તિ રહેનો પર-ઉપકારી. ૧૬
વ્હાલી ગઈ તોપણ વ્હાલીના અભિલાષ કર પૂરા,
વ્હાલી ગઈ તોપણ વ્હાલીના જાળવજે ગુણ,[1] શૂરા! ૧૭
કુસુમવનોથી પડું હું જુદી, ત્હોય વાસના એની
અકુસુમ જગમાં પ્રસારતી હું રીતિ સ્નેહની એવી." ૧૮
રજનિપટની કોરે પુણ્ય શ્લોક પ્રિયાના
પવનલહરીહસ્તે ચિત્રપેઠે ભરેલા
નીરખી નીરખી, ચિત્તે વ્હાલીની વાસનાઓ
સ્મરતું ભૂત પ્રભાતે તેજમાં લીન થાતું. ૧૯
જતો જતો રવિ કમળને પંપાળે દીનતેજ,
અસ્ત થતું ભૂત વિશ્વશું બોલતું તેમ દીન મુખે જ!—
વ્હાલીયે વિશ્વ સુતસમું માન્યું!
વ્હાલીની રહી વાસના એમાં! ૨૦

## ૧૦૩. વિશ્વની સુપ્રત.

ભૂત—વિશ્વ! ઉભું તું તો ચોપાસ, દીસે ન તુજ પાર રે,
ત્હારાં ઉંડાં આદિ ને અન્ત બોળે કોણ આજ તે? વિશ્વ૦ ૧
વ્હાલું તુંયે થયું'તું તે દિન કળે કળે અમતણું,
શોધી શોધી અમે તુજ ઉર ચાંપ્યું'તું ઉરશું ઘણું. વિશ્વ૦ ૨
તને દેવા રતિસંયોગ અજંપો ધર્યો ઘણો,
વિધિને હાથ પણ સઉ વાત–એણે તેને અવગણ્યો. વિશ્વ૦ ૩
ઝુરી ઝુરી વ્હાલી ત્હારે કાજ ભમી સુખદુઃખમાં!
રંગભોગના કીધા ત્યાગ! રમી રણ-ખેલમાં. વિશ્વ૦ ૪
કરતી દુષ્ટ તણો સંહાર, ઘવાતી હતી ઉરે,
મરતા સુધી સુકાયું ન નીર નયનથી એને! ખરે. વિશ્વ૦ ૫

---

૧. નિષ્ફળ સ્નેહશોકના કારણરૂપ "પ્રિયા" ભુલાવવાનો એક પ્રયત્ન આશ્વાસકશક્તિ કરે છે તે એવો કે "પ્રિયા" ઉપર સ્નેહ હોય તો તેની વાસનાઓ તૃપ્ત કરવી. આ પ્રયત્ન સફળ થાય તો એ ફળ થાય કે પ્રિયાને ઠેકાણે આ વાસનાતર્પણમાં એટલે સાંસારિક કાર્યોમાં ચિત્ત પાછું પરોવાય અને ધીમે ધીમે નિષ્ફળ સ્નેહશોક જતો રહે.

મુજ ઉર પ્રેરતી તુજ કાજ મ્હાવત મ્હારા ઉરની!
એને ઉરાડી પતંગ પેઠ દોડતી દોરને ગ્રહી! વિશ્વ૦ ૬
વિશ્વ! એ સઉ ત્હારે કાજ હતું તે તું જાણજે!
એની ખોટ પડ્યે ચોધાર રોઈને સંભારજે! વિશ્વ૦ ૭
ત્હારી સુખદુઃખમાં સંભાળ લેવા ઈશ એકલો;
મનુ હારી ગયાં હવે આજ, અહંકાર ના રહ્યો! વિશ્વ૦ ૮
રહ્યો ના, તો ભલે ગયો; શોક નથી એનો કંઈ મને;
ઈશ એ અને તું એનું બાળ, કરે એ ગમે તે તને! વિશ્વ૦ ૯
સગપણ મ્હારું ને ત્હારું નહી જ! આખર એવું છે ઠર્યું;
એક નાવમાં બેઠાનું હેત સમો આવ્યે સરી ગયું! વિશ્વ૦ ૧૦
અમો જઈશું અમારે દેશ, વીતી તું વીસારજે,
દુઃખે સ્મરજે ભલો ભગવાન, તને એ સંભાળશે. વિશ્વ૦ ૧૧
તુંને નીભાવવું એ ન્હોય ગજું બીજા કો તણું;
પામર માનવ મથશે વ્યર્થ! ધાર્યું થશે દૈવનું! વિશ્વ૦ ૧૨
ત્હારી સુપ્રત એને હાથ હવેથી મ્હેં તો કરી,
ક્હેવું હોય તે ક્હેજે એને જ, સાંભળશે શ્રીહરિ! વિશ્વ૦ ૧૩
છુટી પ્રીતતણી ગઈ ગાંઠ અમારી આજે, પ્રભુ!
ત્હોય ઉરમાં રહ્યા સંસ્કાર હજી તેથી હું કથું. વિશ્વ૦ ૧૪
ત્હારા રાજ્યમાં છે અંધેર, વ્યવસ્થા કંઈ નથી,
ક્રૂર ખેલ રમ્યાની ટેવ તુંને દીસે છે પડી! વિશ્વ૦ ૧૫
દયાપાત્ર અધો સંસાર પીડાય એથી ઘણો,
કહ્યે થોડું, ઘણું કરી માન, અક્ષર ખોટો નથી કહ્યો. વિશ્વ૦ ૧૬
એનું જોખમ ત્હારે શિર, તને ન પુછનાર કો,
ત્હારા ઉરમાં વસે દયા એ જ ઉપાય હવે રહ્યો. વિશ્વ૦ ૧૭
દુઃખમય રચ્યો ત્હેં જ સંસાર, વીસામો તેમાં મળ્યે,
ત્હારો માને જનો ઉપકાર, વેઠ્યાં દુઃખ ના કથે! વિશ્વ૦ ૧૮
તુંને ખોટું લાગે રખે એમ બ્હીની, લોક બાપડા
કંઈક દુઃખને ક્હેતા સુખ, તુંથી ત્રાસી રહ્યા. વિશ્વ૦ ૧૯

સ્વપ્નસરખું લાધ્યું હાથે સુખ છાજશે કે ન? શંકી એ,
કંઈક રંક ગણે નિજ જાતઃ ત્હારો જ પ્રતાપ એ. વિશ્વ૦ ૨૦
મ્હારે સાચું બોલ્યાનો નીમ, માટે કહ્યું આ તને,
ત્હારું સુધાર આવું રાજ્ય, નીકર કર જે ગમે. વિશ્વ૦ ૨૧
દુઃખ દેશે ત્હોયે તું દેનાર, દઈશ સુખ ત્હોય તું!
ત્હારું ચાલે જગતમાં, નાથ! કરે તું તે ફાવતું. વિશ્વ૦ ૨૨
મ્હારે વિશ્વ સાથે કંઈ હેત, માટે કહ્યું આટલું,
એનાં ભાગ્ય રહ્યાં તુજ હાથ, ભુંડું કર કે ભલું!" વિશ્વ૦ ૨૩

---

## ૧૦૪. પ્રિયવાસનાપ્રતર્પણઃ ઉદ્ધાર.

**ભૂત**—"ત્હારું ભાળવ્યું વિશ્વ મ્હેં આમ, હોં,
પ્રભુપાદે રહેવા આઠ જામ! હોં!
એને પોષશે ભુવનપાળ હોં!
મ્હારી વ્હાલી! હવે. ૧
આર્યલોકને દીધ ત્હેં શાપ! હોં
પણ એ તો છે પશુસમાન, હોં!
એને ન મળે પોતાનું ય ભાન, હોં!
એમ નાદાન એ. ૨
શાપ ત્હારો યે મિથ્યા ન થાય, હોં,
અંતે હીન્દુઓ બનશે દાસ, હોં,
પીડા પામશે વિવિધપ્રકાર, હોં,
પરદેશી થકી. ૩
શાપ જે એ ભમે હીન્દશિર, હોં,
તે તો પૂરશે નેત્રમાં નીર, હોં,
નીર ખુટ્યે નીકળશે રુધિર, હોં,
હીન્દુઉર તણું! ૪
પીશે તે જ રુધિર પરદેશ, હોં,
સુશે મરવાને હીન્દુનો દેશ! હોં,
એને એ જ દેશે વિધિ વેશ, હોં.
બની મત્ત ઘણો! ૫

"પડશે સાચો શાપ આ, નહીં વ્યર્થ એ થાય,
પણ રતિ વ્હેતી વ્હેતી તુજ-પુઠ જ એની-જાય. ૬
શાપથકી ઢંકાયલી, સુગુપ્તગંગા પેઠ,
ચિર-અનુગ્રહ ધારતી રતિ વ્હેતી તુજ ઠેઠ. ૭
તે રતિ ત્હારા શાપમાં મુકશે સુખનું બીજ,
જેમ માત સુતપર ખીજી આખર ધરતી રીઝ. ૮
ઘોર અંધારી રાતમાં કાળાં વાદળ હોય,
ત્યાં જ અચિન્તી ઝબુકતી રમ્ય વીજળી સ્હોય. ૯
તેમ કૃષ્ણરૂપ[1] સ્નેહ તુજ અંત સમે ઉદ્ધાર
ભ્રષ્ટ થયેલા હીન્દુને દેશે આખર સાર. ૧૦
આર્યદેશમાં વ્યાપશે હડહડતો કળિકાળ,
થશે લોક નિર્વીર્ય, ને થશે ક્ષત્રિયો દાસ. ૧૧
પૂજાશે પાખંડ, ને પૂજાશે અજ્ઞાન,
મૂર્ખ ધૂર્ત બની બ્રાહ્મણો બનશે અસુર સમાન. ૧૨
તે જ સમે પશ્ચિમતણા અંબુધિમાં અવતાર,
વિજયી વિદ્યા-કલ્પિકનો થશે રમ્ય સાકાર.[2] ૧૩
ભમશે આખી અવનિમાં, અપૂર્વ કરશે કામ,
પગલે પગલે હર્ષથી કરશે જન-ઉદ્ધાર. ૧૪
હીન્દભૂમિમાં આખરે વર્ષાવતો આનન્દ,
એ હયની ખરી વાગશે કરતી દુઃખનિકન્દ. ૧૫
પડઘા એનો શુણતાં તજશે નિદ્રા લોક,
ખળભળશે જનસંઘ ને ધરશે સર્વ ક્ષોભ. ૧૬

---

૧. સ્નેહનું રૂપ અત્રે કૃષ્ણ કલ્પ્યું છે કારણ શાપના ભયંકર પરિણામને અન્તે સ્નેહ જણાય છે. કૃષ્ણરૂપનો બીજો અર્થ કૃષ્ણાવતાર જેવા રૂપવાળો સ્નેહ.

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।
अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥

એમાં કૃષ્ણાવતારનું રૂપ છે તેવા જ રૂપવાળો અર્થાત્ અધર્માદિનો નાશ કરવા થતો સ્નેહાવતાર.

૨. મુદ્રાંકિત પુસ્તકાદિ રૂપવડે સાકાર.

અસુરજનો સઉ ત્રાસથી કરશે ન્હાસાન્હાશ,
અબળાના સુખભાનુનો નભમાં થશે પ્રકાશ! ૧૭
હે સતી! ત્હારા શાપનું એ જ રમ્ય અવસાન,
એક આપણે તેથી મ્હેં વર્ત્યું એ, મુજ પ્રાણ. ૧૮

"સુતનુસૃષ્ટિના સુખનો ભાનુ એમ ઉગશે નભમાં,
રતિ અવતરશે હીન્દુ દેશમાં મલકાતી પળપળમાં. ૧૯
રહી ગયો જોવાનો તે એ દેશ ફરીથી જોવા,
મુજ વ્હાલી અવતરશે ત્યારે ત્યાં જ હર્ષથી રોવા. ૨૦
એ અવતરશે ત્યારે હું યે આવીશ સાથ ફરીથી,
ફરે લક્ષ્મી ને સ્નેહ ભવોભવ અભિન્ન રહી–એ રીતિ. ૨૧
પણ હમણાં તો જીવહીન જે જીવ્યો મિત્રને કાજે,
તે હું મિત્રનું અહીં આલિંગન જઉં પ્રિયાની પાસે. ૨૨
એ આલિંગન મળ્યું મને, જન! જુવો જ જો જોવાય;
આંસુ ગયાં ઉડી, મળું પ્રિયાને, ધરી સ્નિગ્ધ વૈરાગ્ય. ૨૩
અમર હવે મુજ પ્રિયાશું સંગતિ નહીં વિધિયે તોડાય,
પળે પળે ઉર ઉરશું ભેટી નિર્ભય "જય જય" ગાય. ૨૪
"રાત્રિ પુરી થઈ, જુવો! જન! સૂર્યચક્ર
પૃથ્વી તણાં અરુણ દ્વાર ઉઘાડવાને
ખંતી થયું, કર પણે જ દીસે છ એના!
વ્હાલી તણા ઉર વીશે હુંય પેસું ત્યારે! ૨૫

---

## ૧૦૫. સ્નેહ–સાયુજ્યનું સંસારદૃષ્ટિમાં પ્રતિબિમ્બ.

**સખીમંડળી—**

"રતિ–પ્રવાહિની[1] ઉપર પરસ્પર વણ બીજું કાંઈ ન જોતી
હંસજોડ રમતી થઈ ખંડિત; આંખ વિરહીની રોતી. ૧
શોધતી શોધતી સહચરીને, નિજ પ્રતિબિમ્બને જુવે
ઉંડે જળે; તે સખી નિજ જડી ગણી રહ્યું ભાન પણ ખુવે. ૨

---

૧. રતિરૂપી નદી.

'પદ્મવને ચરીયે, ચલ! ચરીયે કન્દ, પ્રાણ, ક્યાં ગઈતી?'
અકતી એમ ચઞ્ચૂ, જગ જોતાં, નીર ઉશડી રહ્હોતી! ૩
એ વર્ષાગૃહમાં[1] રમતાં ગઈ પાંખ ફફડતી થાકી,
ડુબી, બિમ્બ પ્રતિબિમ્બઉરે ડુબ્યું—

રતિ રહી નહી વહીં જાતી
સલિલ[2] સંસારની જાતિ!
ગયું ડુબીનેય ઘસડાઈ!" ૪

---

## ૧૦૬. હૃદયપ્રત્યાઘાત; ઇન્દ્રજાલશાન્તિ.

(અનુષ્ટુપ્) અન્ત્યોચ્ચાર કર્યો ભૂતે ત્યાં જ આકાશકોશમાં
નવી સૃષ્ટિ સમું કાંક દેખાવા લાગ્યું અદ્‌ભુત. ૧
ન વ્યોમે કોકિલા કૂજે, તથાપિ તે સમા સ્વરો
દિવ્ય દુન્દુભિયો પેઠે ગજાવે ગ્રહમાત્રને. ૨
ચંદ્રહીન હતી રાત્રિ, તહોય સોમ પ્રભા ધરી
નિષ્કલંક અને શુક્લ તેજબિમ્બ ઉગ્યું નભે. ૩
તેના પ્રકાશમાં ન્હાતી ભાસી સૃષ્ટિ અનુપમ
રમ્ય એ કૌતુકે વ્યોમે વિલાસો ચિત્ર માંડીયા. ૪
નીચે અદ્રિશિરે ક્રીડા જે ભૂત કરતું હતું
તેયે પૂરી થવા આવ્યે ધારતી ભિન્ન રૂપને. ૫
ભિન્ન ભિન્ન મનોવૃત્તિ ધારી ધારી કથી કથી
રોઈ રોઈ થાકી પેઠું ઉરભૂત સ્વજ્યોતિમાં. ૬
સુન્દરીઉર એને તો શુણી શુણી દ્રવી દ્રવી
ઓગળ્યું, રેલ તે ચાલી પતિ–ચેતનને ઉરે. ૭
અદૃશ્ય સુન્દરી–ઉર થતાં એમ જ આખરે
સ્તબ્ધ તેનું સખીવૃન્દ ઉભું પાષાણમૂર્તિવત્. ૮
રચી અભિત્તિ ચિત્રોને તન્ત્રીવાદ્ય વગાડતું
અક્ષરાકાર જ્યોતિ જે નિરાધાર ઉભું હતું. ૯

---

૧. ફુવારાની જગા, Fountain-house, Shower-house.

૨. 'સરે' તે 'સરિલ' અથવા 'સલિલ'.

છાનું રહી ગયું તે, ને ચિત્રપટ સંકલ્યિો,
ભુસાયા અક્ષરો સર્વે, રહ્યું જ્યોતિ જ એકલું. ૧૦

ડોલતું ડોલતું શુભ્ર એ જ્યોતિ રંગીલું બની,
આકાશતેજશું ભેટ લેવા ઉંચું ઉંચું જતું. ૧૧

વ્યોમતેજ વીંશે તેવે થઈ આ દિવ્ય ભારતી,
થઈ તે શુણી ભૂતે ને ચેતને બેય એકલે. ૧૨

---

## ૧૦૭. આકાશવાણી; સાયુજ્યદૂત.

“ચાલ પ્રિય! હું હજી જીવું,
“જીવું ત્હારે કાજ!
“બળી ચિતામાં ત્હોય હું
“રાખરૂપ રહી ધીકું આજ!
“નહી, પ્રિય, તુંથી જુદી હું રહું! ૧

“બની ગઈ શવરૂપ જે
“પદ્માવતી રતિધામ,
“જીવી તે ફરી જયદેવનો
“શુણી અષ્ટપદીમય રાગ,
“તેમ જીવું, આવી જાની! તું મુને બાઝ!
“મ્હારે ઉર રહેવા અમર, પ્રિય! બાઝ!
“હોય બળ તુંમાં તે ક્હાડી આજ બાઝ!
“મારી લાત વિધિને આવી જા હુંમાં!!!” ૨

ઝંઝાવાત[1] તણે તોફાને આખી રાત ગજાવી,
પ્રાતસમે સઉ શાંત થતાં મીઠી કોયલ કંઈક શુણાઈ
હોય: તેમ આ સમે ખવાણી ભૂતપ્રિયાની વાણી–
સમી લીન કરી દેતી ભૂતને શાન્ત ગીત રહી ગાઈ. ૩

[2]જાતવેદ નભકેરાકેરી વેદિથી ત્યાં અવતરતી,

---

૧. તોફાની પવન. ૨. “નભકેરી જાતવેદ કેરી વેદિથી” એ અન્વય. જાતવેદ=અગ્નિ.

પગ અરકાડી તિમિરતતિ[1]ને જવા સૂચના કરતી,
જગલક્ષ્મીનાં આકળઆંસુ હળવે હળવે હરતી,
પવનનિસરણિ ઉપર ઉતરતી ઉષા શાંત સ્મિત કરતી. ૪

## ૧૦૮. ઉષા.[2]

" જતી તિમિર-તતિ! જગ છોડી જતી! (ધ્રુવ.)
છોડી જતી! સંતાઈ જતી! જતી૦ ૧

દુઃખવૃષ્ટિ બધે વરસાવી રહી
તિમિરતતિ શરમાઈ જતી! જતી૦ ૨

ગિરિગહ્વરમાંહીં ભરાઈ જતી
તિમિરતતિ શરમાઈ જતી! જતી૦ ૩

વડશિખ તળે જઈ ઉતરતી
છતી થતી થતી વળી શરમાઈ જતી! જતી૦ ૪

[3]"તિમિરતતિનો પાલવ સાહી ઉભી થઈ વ્હાલી
લ્હેર પવનની[4] કમલની સાથે સુતેલી જાગી! તિ૦ ૫

તિમિરતતિ તો નાશી ગઈ ને લ્હેર રહી વાઈ,
લ્હેર કમળનો વાસ ભરીને પાલવમાં લાવી. તિ૦ ૬

---

૧. તિમિર=અન્ધકાર, તતિ=હાર; તિમિરતતિ, અંધકારની હાર, હારોહાર ઉભેલો અંધકાર. ૨. મનુષ્યની ન્હાની અથવા મ્હોટી વિપત્તિને અન્તે, પ્રલયાદિક સંહારકશક્તિના વિકાસને અંતે, મૃત્યુઆદિ અવસાનદર્શક શક્તિને અંતે, દૃશ્ય અથવા અનુમેય ઉત્સાહકશક્તિ સ્ફુરવા માંડે છે અને નીચે ગયેલા સંસારચક્રનું પુનરુદ્વર્તન કરેછે. नीचैर्गच्छत्युपरि च दशा चक्रनेमिक्रमेण એ મહાકવિનું વાક્ય 'અવસાદક' અને 'ઉત્સાહક' શક્તિનો સંસાર સૂચવે છે. આ ઉત્સાહક શક્તિ ઉષાનું વ્યંગ્ય ઉપમેય છે.

૨. દૃષ્ટિની અંધકારસીમા–માયાઉપાધિ–ખસેડનાર, 'इदं सर्वम्' આ સર્વ અનન્તને દૃષ્ટિગોચર કરાવનાર, સંપૂર્ણ પ્રકાશમય જ્યોતિના ઉપમાન દિવસમાં લીન થનાર અને લીન કરનાર, આશ્વાસક શક્તિની સહચારિણી, " અનન્તતા" અથવા જેને આર્યોએ " વિશ્વરૂપ" નામ આપેલું છે તે દેખાડનારી, કોઇક ઉત્સાહક શક્તિ ઉષાનો બીજો વ્યંગ્યાર્થ છે."

૩. જાગોરે જશોદાના જીવન! વ્હાણલડું વાયું—એ દેશીય પ્રભાતરાગ.

૪. કાંઠ ૧૦૨ માં જે આશા વગેરે રૂપ ધરનારી આશ્વાસક શક્તિ પવનનું વ્યંગ છે તે જ અત્રે છે, પરંતુ અત્રે તેનો પ્રયત્ન ઉત્સાહકશક્તિના પ્રયત્નને અનુકૂલ છે.

રમણીય એનો સ્પર્શ જગતને આનન્દ દે આજે,
ફરફર કરતો કલાપ પેલો મોર[1] જુવો નાચે! તિ૦ ૭
ઉતરી રસદથી, લ્હેરને ભેટી, મોરલડો મ્હારો,
[2]તેના રંગોથી રંગેલો દઉં વનને વાગો. તિ૦ ૮
બ્હાર નીકળ! માનવ, અત્યારે, કર ત્હાડી આંખો!
મોરલીયાના કંઠનો રંગી પર્વત આ ઝાંખ્યો? તિ૦ ૯
સૂર્ય વિના આ તેજ તણો પટ કોમળ જો મ્હારો,
દુધભર્યા બાળકના દાંતની તુલ્ય ન એ લાગ્યો? તિ૦ ૧૦
બાલકના કર સમ રમતી આ છોડતણી હારો,
બાળકસમ વેલીયો નાચે ગ્રહી પવનની આંગળીયો! તિ૦ ૧૧
વન આખામાં રમવા મ્હારે રમકડાં મુક્યાં,
ઉપર પડી પડી મ્હારાં ઉડાડ્યાં, પંખીયો ઉડ્યાં! તિ૦ ૧૨
કોમળ તેજતણું ઝભલું આ પ્હેરાયું મુને,
નદીપટપર ને રણની રેતમાં આળોટું હું તે. તિ૦ ૧૩
વિમળ દશા આ બાળસુખની અમર ન ર્‌હેવાની,
તાત–રવિએ ઉંચે મુને લેવા હવે માંડી! તિ૦ ૧૪
કોર કુસુંબીનું નભ–પાનેતર સૂર્ય મને આપે!
એ પ્હેરવું–એ લ્હાવો લેવો–સિદ્ધ એ તો મ્હારે. તિ૦ ૧૫
કન્યાવય મુજ ચાલ્યું જતું, આ ધમક ઉરે આવી!
[3]પતિ–દિન મ્હારો ઉર ચાંપે તે જોઈ હું શરમાઈ. તિ૦ ૧૬

---

૧. પ્રભાતમાં પ્રથમ ઉત્સાહિત પ્રાણિનું ઉદાહરણ મોર મુક્યો છે. ઉત્સાહક શક્તિની નવી સ્ફુર્તિનું ઉપમાન 'કલાપ કરતો મોર.'

૨. 'મ્હારો મોરલડો' તેના એટલે મોરના રંગોથી ઇ૦

૩. દિવસમાં ઉષા લીન થવા છતાં હયાત ર્‌હેછે અને મધ્યાહ્નસમયે પણ ઉષા અદૃશ્યરૂપે ર્‌હેછે. આ સંબન્ધનો વ્યંગ્ય વિષય મહાકવિ વર્ડ્‌ઝવર્થના નીચેના પ્રસિદ્ધ શ્લોકના વિષય જેવો કંઇક અંશે છેઃ

"The youth who daily farther from the east
Must travel, still is Nature's Priest,
And by the vision splendid
Is on his way attended,"

એમાં vision અગેની ઉત્સાહશક્તિનો એક અર્થ સાધે છે.

રંગભવનમાં હું તો મુગ્ધા સંતાઈ શરમાતી,
ગત દેખાતી પણ પતિ સન્મુખ પ્રત્યંગ રહી બાઝી. તિ૦ ૧૭

અભેદ–અનુભવ ઉર–આલિંગન દેતું મને આજે,
રસિક પીયુના અંકમાં ઉરમાં સમાઈ હું સાચે ! તિ૦ ૧૮

પીયુની પ્રભામાં મળી પ્રભા ગઈ કોમળ આ મ્હારી,
સુરત મને મનગમતું રુચે એ ! પ્રત્યંગ રહું બાઝી." તિ૦ ૧૯

---

## ૧૦૯. સાયુજ્ય અરુણોદય.

પુરી થઈ નથી ખન્વાણી હજીય એવે,
ઓચિંતી ઉછળી ગ્રહી લીધ ચેતનને જે,
જ્યોતિની સાથ દૃઢ બાથ, ન કોઈ જાણે,
ક્યાં તેની સાથ ગયું ચેતન દૃષ્ટિબ્હાર. ૧

પુરી થઈ નથી જ વાણી હજીય એવે,
આલિંગી મિત્ર નથી દૃશ્ય રહ્યો ન એવે,
આકાશતેજ ઉતર્યું નીચું, ને નીચેથી,
ઉંચું અહળ્યું પથિકઉરનું જ્યોતિ ઝાઝું. ૨

જોતી જોતી રહી જ સખીયો, વાર ના લાગી કાંઇ,
એવી રીતે ઝટ થઈ ગયું બે તણું એક જ્યોતિ,
તે આ જોતી રમણીય ઘણું દૃશ્ય દૃષ્ટાની આંખો,
રોતી રોતી ધરતી પર એ સારતી મોતી–માળા. ૩

વીજળીસમ દિગન્તો વ્યાપી એ ઉભું પ્હેલું,
ખરરર પછી ઉંચે ઉડવા લાગ્યું જ્યોતિ,
લઘુ લઘુ નીરખાતું અભ્રને બાઝ્યું અંતે,
અધર લટક્યું જાણે હોય વાયુ વિમાન.[1] ૪

રવિ પણ જળરાશિને તજી તે જ કાળે,
તિમિરદળ વિદારી વ્યોમને દ્વાર આવ્યો,

---

૧. 'બલૂન.'

કર બહુ જ પ્રસારી જાતું જ્યોતિ ટકાવી,
દીન બની બની ક્હેતો "ભાઈ, તું જાછ શાને?" ૫

કહ્યું ન માન્યું એ દિનનાથનું,
ગયું જ ક્યાં હશે જ્યોતિ એકલું?
મન વીમાસતી અમે સઉ સખી
ધરતી મૌન ને આંસુ ઢાળતી. ૬

નિ:શ્વાસ ઊંડા મુકતી વ્યથાથી,
થઈ ગયું તેનો જ કીર્તિ ગાતી,
વેરાઈ સર્વે સખીયો ગઈ એ,
જ્યાં ફાવ્યું જેને ગઈ તે જ ત્યાંય. ૭

મૃત્યુ સુધી સર્વે ભુલી ન એક,
સંભારી રોઈ બીજી વર્ષદિન,
ત્રીજી સખી ખિન્ન રહી છ રાત્રિ,
ચોથી ભુલી ઘેર જઈ સઉયે. ૮

બાહ્ય દૃષ્ટિ ઉઘડાવી, તિમિર વિદારી, સ્વકાર્યમાં જોડી,
વિસ્મૃતિતિમિરે નાંખી રવિએ સઉનું મીંચાવ્યું સ્મૃતિ-નેત્ર. ૯

અંધ બની એ રીતે જગત્ ચાલતું ભુલી જઈ હતું તે,
જે છે તેને લેખે, થયું શું તેનું ન સ્વપ્ન પણ દેખે. ૧૦

પ્રસંગથી કદી જાગે જો સંસ્કારો કંઈ ખુણે સુતા,
તો કોઈ સાક્ષી પૂરે "હા, હતું એવું થયુંતું કંઈ આમ!" ૧૧

પર્વતતળ આગળ ઝંકારભરી નદી કેરે તીરે,
પ્રિયથી વિખુટી આખી રાત રહેલી હતી તે રીસે. ૧૨

જોઈ પ્રિયને બીજે તીરે, ત્યાં ઉડી પાંખને વેગે,
પ્રિયચંચૂ ચંચૂમાં ભરતી ચક્રી[1] પ્રેમથી બ્હેકે. ૧૩

પ્રભાત સળગતું જોતી દશે દિશ ઉંચી ઉંચી કરી કીકી,
નાજુક પાંખ ઉભી કરી રસિકશું ક્હેતી રસે રસરીતિ. ૧૪

## ૧૧૦. ચક્રવાકી.[1]

“ રજનિ અર્ધાય ગાળી ! શોકની સીમ ભાળી !
તિમિરનોં તતિ થાકી દૃષ્ટિથી જાતોં આઘી !
અરુણ ઘણોં કોંનારીવાળોં આ સાડોં ધારી,
ઉભીં શિશુ રવિ ધારી કેડમાં, વ્યોમનારી. ૧

રમત બહુ રમાડે, ઘેલોં ઘેલું લડાવે,
શિર ઉપર ચ્હડાવે, ઉંચ ઉંચો કુદાવે;
નીરખોં ધરતોં બાળા ફ્હાડતી રાગ કાલા,
ઉંચોં ઉંચોં કરા દૃષ્ટિ સારતી હર્ષવૃષ્ટિ. ૨

નિકટ, તું રહોંયાળા, આવ, ઓ ચક્ર વ્હાલા !
ભુલોં જઈ ક્ષણું પાછા દુઃખમાં પ્હોર ફ્હાડ્યા;
થયું ન થયું ન પુછે, જાગતું ત્હોય ઉંઘે,
ઉર્ઘો ગયું જગ એ ! છે આપણે આપણુંયે ! ૩
ઉંચું, ઉંચું, પ્રિય, જોની ! તેજ જોઈ હુ મોહી !
ચલ ચલ ઉડોંયે ત્યાં, પંખોં બીજાંય છે જ્યાં. ૪

“ ઉડે મેઘ, તેની પાંખોમાં પુરે રંગ રવિ તાજા !
ચાલ ! ચાલ ! આપણ પણ જઇએ રંગ આપણા લ્હાવા !
પુરે ઉપરથી તેજ સુનેરી રવિ, પોંયળ સમ ફ્રેલે,
તે, તે સળગતોં પુલિનવાલુકા જગત ઉડતું દેખે. ૫

લલાટપટપર હોય રક્ત સૌભાગ્યચિહ્ન, તે જેવાં,
ચાલ, ચાલ, પુલિને થઈ રહોંશું ! તું જ કહેનોં તે કેવાં?
રુપેરોં જળભર્યો નદી આંખસમોં ભુવનનોં ઉઘડોં પ્રકાશે,
તેની કીકીયો સમ થઈયે, પ્રિય, ઉડ, સલિલમાં ન્હાતે. ૬


ચાલ ! ચાલ ! નભશું નભબિન્દુ સમો ઉદધિ પણ સ્પર્ધા
કરે, તો શું આપણ કંઇ જઇએ ? એ જ રંગના રસ્તાઃ—

---

૧. ચક્ર અથવા ચક્રવાક, અને ચક્રી અથવા ચક્રવાકીઃ એ પક્ષીની નરમાદા દિવસે એકઠાં રહે, રાત્રે જુદાં પડે અને એક જણ નદીની આ તીરે અને બીજું પેલે તીરે રહે. આખી રાત એકબીજાને બોલાવ્યાં કરે, અને સવારે પાછાં મળેઃ એવી 'દંતકથા છે. ચક્રવાકી ઉત્સાહક શક્તિની પ્રેરણાનું દૃષ્ટાન્ત છે અને એ પ્રેરણાનો અજરામર પ્રયોગ વર્ણવે છે.

इदानीं दुःखानां प्रसरतु ततिर्मे किमहती
स्मृत्वा सा तोषा तां शमयतु सुतप्रापिव शुचम्
तयो रन्तर्मार्गे स्त्वपि न हि कहू स्मृति शते :
[blot]दृशै तस्या अनवरत बोधाति दहनैः ॥ ९६
जगत्यासीन्मैत्र्यं विनिमय वितीर्णं सहृदयम्
असापत्न्यं स्थानं किमपि च तदासीद् कालतम्
मनस्मर्पितानां हृदय वन विश्वालेख विरपी
वहत्युग्रं सम्प्रत्य निशमपि चिरं स्फुटतु मे ॥ ९७
गतिः पुंसामेषां मरणमिति सर्वत्र नियता
वयं पान्था आसिन् जगति सकलो याम्यति जनः
ततो मे नद्वातं बहुविधामिवैनदपि हा
नवीनाकिं मे वा हृद्गत सहचरत्वं स्मरति भुवि ॥ ९८
भवतु भुवनमेतच्छून्यमात्रं सदैव
वहतु विधिरिदानीं क्रूरतां काममेव
स्तन इव स मदद्द्योम्नेर्याते ध्रोऽधुनादृशे
अतिपद्मथियिवं वर्षाणि प्राप्यतम ॥ ९९

हृदयरुदितशतकम् ।
ગોવર્ધનરામના સંસ્કૃત હસ્તાક્ષરો.




हृदयरुदितशतकम् ।

ગોવર્ધનરામના સંસ્કૃત હસ્તાક્ષરો.

Manoranjan Press, Bombay.

સ્નેહમુદ્રાની પ્હેલી આવૃત્તિની એક પ્રત ગો. મા. ત્રિ. એ કોરાં પાનાં મુકીને બંધાવેલી તેમાં એને લગતી કેટલીક ઇંગ્રેજી ગુજરાતી નોંધ એમણે કરી રાખેલી છે. આ નોંધમાંથી નીચેના ફકરા સ્નેહમુદ્રાના અભ્યાસીને ઉપયોગી ધારીને અહીં છાપીએ છીએ.

'Several pieces in the book are taken from my Sanskrit हृदयरुदितशतक which was written upon the death of my first wife......It is this circumstance that is noted in the introductory lines.'

અહીં "introductory lines" એટલે **સ્નેહમુદ્રા**માંનું **નિવાપાંજલિ** કાવ્ય.

**નિવાપાંજલિ**ની ૩ જી કડીના આરંભ "જેનું જે તેને તે દેવું—"

વિશે પણ છપલી નકલમાં એમણે નોંધ્યું છે:—

'(these words) refer to the nucleus of the book being derived from हृदयरुदितशतक.'

આગળ આ ચોપડીમાં કર્તાએ નોંધ્યા પ્રમાણે ખંડ ૨૨ (હૃદયગંધ), ખંડ ૨૩ (પ્રમાદ, મદનગંધ), ખંડ ૨૪ (સંસ્કાર વિરોધ), ખંડ ૨૫ (પ્રગલ્ભમદન), ખંડ ૩૮ (હૃદયદંશ), ખંડ ૩૯ (ચિત્તભ્રમ), ખંડ ૪૨ (નવીન પ્રયોગ), ખંડ ૪૫ (અનુશય), ખંડ ૪૭ (શોક સ્વીકાર), ખંડ ૫૪ (સ્નેહસંસારનું દર્શન), ખંડ ૫૮ (નિરાશ વિરહ), ખંડ ૬૩ (પરિચિત વિપર્યય), ખંડ ૯૧ (જડગ્રંથિનો છેદ) અને ખંડ ૯૫ (અતીંદ્રિય સાથે ઐક્ય),—એમ એકંદર **સ્નેહમુદ્રા**માંના ૧૪ ખંડ વત્તેઓછે અંશે हृदयरुदितशतक ઉપરથી લખાયલા છે, અને તેથી કરીને આ આખું સંસ્કૃત કાવ્ય આ આવૃત્તિમાં પરિશિષ્ટ રૂપે છાપીયે છીયે.

"આ शतकમાં જે કંઇ લખ્યું છે તે લેખકે કેવળ પોતાને માટે લખ્યું છે. બીજાઓને તે વાંચતાં શોક શિવાય કશો લાભ થનાર નથી,–તેમનો શ્રમ છૂટી જ પડશે. આ પ્રમાણે આ કૃતિ નિર્ગુણ હોઇ સામાન્ય માણસના દૃષ્ટિપાતને યોગ્ય પણ નથી, તો મહાપુરુષોની વાત જ શાને? અને તોપણ માણસ માત્ર કુતૂહલી હોય છે, તો આ વિશેનું વાંચનૌત્સુક્ય કોનું નિવારવું એમ પૂછો તો કહેવું પ્રાપ્ત થાય છે કે આ આખું યે "પર"થી ગુહ્ય છે અને એ કારણથી સત્પુરુષોને તો એ તરફ જોવાનું જ પ્રયોજન નથી. દુર્જન હોય છે તેને સાધુ અસાધુ, કામનું કામ વગરનું, ગુહ્ય પ્રગટ, કર્તવ્ય અકર્તવ્ય, બધું યે સમાન, તો એવો કોઇ આ વાંચવાને તૈયાર થાય કદાચ—તો? એવા માણસ પ્રતિ હું મૂકીભૂત જ છું!

વળી, કોઇ મ્હારૂં હૃદય જાણનાર આ વાંચવા ઉદ્યત થાય,—તો તેવાથી તો મ્હારે ગુહ્ય કશું જ હોઇ ન શકે."

—આ મતલબની ગદ્ય વિજ્ઞપ્તિથી કર્તાએ हृदयरुदितशतकનો આરંભ કર્યો છે.

ર. ગો. ત્રિ.

# निवेदनम् ।

अथ मुद्रयित्वा प्रकाश्यत इदं तत्रभवतां गोवर्धनरामत्रिपाठिनां हृदयरुदितशतकं सटिप्पणीकम् । यथा जगन्नाथकवेः करुणाविलासो यथा च रङ्गाचार्यसूरेः पत्नीविरहस्तथैवेदम् । एतच्च पञ्चसप्तत्यधिकाष्टादशशततमे ख्रिस्ताब्दे फेब्रुआरीमासे प्राणायीति हस्तलिखितमूलपुस्तकचरमपृष्ठादनुमीयते । एवमेकोनविंशतिवर्षाणां त्रिपाठिनां समीचीनोयं प्रयास इत्यलं विस्तरेण ।

अपरञ्च । प्रातःस्मरणीयस्वपितृचरणविरचितग्रन्थप्रकाशनोद्यतानां विद्याविलासिरमणीयरामाणामेतत्काव्यप्रकाशनसदाग्रहेण तत्संशोधने तत्संक्षिप्तटिप्पणीलिखने चाहं प्रावर्ते । तत्र प्रोफेसर बलवन्तराय ठाकोरेत्येतैः प्रोफेसर मन्नलालशास्त्रीत्येतैश्च साहाय्यदानेनानुगृहीतोस्मीत्येतेषामुपकारभारं सानन्दं वहामि । काव्यमेतद्यथामति संशोधितं परं विद्वांसो विमर्शिनो विमत्सरा उपलभ्यमानं मानुषबुद्धिसुलभं शास्त्राव्युत्पत्तिजन्यं वा प्रमादं कृपया दर्शयेयुस्तेन कृतकृत्यमात्मानं मंस्य इति विज्ञापयति—

पुण्यपत्तने भाद्रपद-<br>शुक्लैकादशी १९८०<br>वैक्रमसंवत्सरे.

विद्वद्वशंवदो भट्टोपाह्वो<br>हरिगोविन्दात्मजो गोविन्दशर्मा.

# हृदयरुदितशतकम् ।

## विज्ञप्तिः ।

अस्मिन् पुस्तके हि यत्किञ्चिल्लिखितं वर्तते तत्तु तल्लेखकस्यात्मन एव प्रयोजनाय । अन्येषां तु तद्वाचनेन शोकाध्यासावर्ते निष्किञ्चन एव लाभो भविता निष्फलश्च श्रमः । इत्थं निर्गुणत्वादयं ग्रन्थो दृष्टिपातमपि नार्हति सामान्यानामपि पुंसां, किमुत महताम् । तथापि कुतूहलिन्यो हि पुंसां चित्तवृत्तयः । वर्तते च चेत् कस्यचिदप्येतद्वाचनौत्सुक्यं निवारयितव्यं तदेतत् । येनात्र सर्वमपि परेभ्यो गुह्यार्थम् । एवं हि सतां निष्प्रयोजनमेतत् पुस्तकम् । दुर्जनस्य तु साध्वसाधु वा प्रयोजनवत्तदभाववद्वा गुह्यमपि वा । कर्तव्याकर्तव्ये च समाने । तेन यदि ह्येतादृशः कश्चिदेतद्वाचन उद्यतो भवति तं प्रति मूकीभूतोस्मि । हृदयं च यदि जानाति मम कश्चित् तं प्रति तु किं मे गुह्यं भविष्यतीति

**गोवर्धनस्य त्रिपाठिनः ।**

दलति हृदयं गाढोद्वेगं द्विधा तु न भिद्यते
वहति विकलः कायो मोहं न मुञ्चति चेतनाम् ।
ज्वलयति तनूमन्तर्दाहः करोति न भस्मसात्
प्रहरति विधिर्मर्मच्छेदी न कृन्तति जीवितम् ॥
( उत्तररामचरितम् ३-३१ )

न नान्दी मङ्गलं नैव यत्र देवः स्वयं विभुः ।
विधाता वा निदानं मे विपत्तेः प्रेरकोभवत् ॥ १ ॥
दृष्टकालत्रया बुद्धिः परिज्ञाताखिलांशदिक् ।
धातुः पातुश्च संहर्तुर्विश्वस्यैकात्मनो विभोः ॥ २ ॥
तत्प्रयुक्तं हि सकलं विश्वार्थं स्यादनुत्तमम् ।
अमुक्तन्यायमार्गं च सम्यक्परिणतिस्थितम् ॥ ३ ॥
इत्थं व्यवसिता बुद्धी रोदिम्येव तथापि यत् ।
औषधं पाययत्यम्बा कटुस्वादं तथापि तत् ॥ ४ ॥

# अथ हृदयरुदितशतकम् ।

गता ह्याशा नाशं दिवसमुखलक्ष्मीरिव रवौ
विलीने क्षाराब्धौ हसितमिव पत्यौ विरहिते ।
अगाधस्नेहाया अहह! विषमोयं ननु विधिः
परेषां दुःखेभ्यः सुखमिव नृशंसो हि लभते ॥ १ ॥

हा! हा! प्रिये क नु गता त्वमिमं विहाय
त्वद्रक्तचित्तमपि कान्तजनं नृशंसे ।
किं वा निशावृतशरीरवधूरिवैवं
चक्राख्यमेव ननु मामसि रोदयित्री ॥ २ ॥

मया सार्धं दृष्टो न खलु सुखलेशो ननु हरे?
त्वया किं तेनासि प्रणयिनि मयि त्वं हि कुपिता ।
अपूर्वान्तर्धानं यदिदमिह संजातमयि ते
ह्यनुक्रोशं कुर्याः प्रणयिनि वराके मयि सखि ॥ ३ ॥

अनुनयस्य न दत्त इहास्ति ते
ह्यवसरः प्रियकान्तजने प्रिये ।
नयनगोचरचारि न चारु मे
चरणयुग्ममहो! नखचारु ते ॥ ४ ॥

---

टिप्पणी.

१. प्राणप्रियाया मरणे श्रीगोवर्धनकवेरिदं काव्यम् । दिवसमुखलक्ष्मीः प्रकाशः । विलीने क्षाराब्धौ अस्तमिते । नृशंसः निर्दयः ॥

२. नृशंसे हे निर्दये । निशावृतशरीरवधूः निशया आवृतशरीरा चक्रवाकवधूः । रात्रौ चक्रवाको विरहमनुभवतीति प्रसिद्धिः । तथा चोक्तं मेघदूते–दूरीभूते मयि सहचरे चक्रवाकीमिवैकामिति ॥

३. हरे हे हरिलक्ष्मि । हरिलक्ष्मीति कवेर्भार्यानाम । अनुक्रोशं दयाम् । वराके तपस्विनि ॥

४. अनुनयस्य सान्त्वनस्य । प्रियकान्तजने इति सम्बुद्धिः सप्तमी वा । नयनगोचरचारि दृग्विषयवर्ति । नखचारु नखैः रमणीयम् ॥

सुरतकेलिकृतोन्नमनं नमल्-
ललितपार्ष्णियुगं ह्यभिमृष्टकम्।
मम विलोलकरद्वितयेन ते
क नु तदूर्ध्वकृतोन्नतवर्तनम्॥ ५॥

स्फुटितदाडिमबीजरुचिं वहं-
स्तव पुरारुणपादरुहां गणः।
नयनचुम्बनतत्परचेतसा
न गणितो मृदितस्तव वा मया॥ ६॥

हृदयहारिणी शान्तिदायका
हृदयवासिनी नेत्रसायका।
हृदयधारिणी पोपटी प्रिया
क खलु मे गता केलिवाटिका॥ ७॥

मम रतिरसस्रोतस्तस्यां प्रियाङ्घ्रिनखोद्भवं
द्विपथगतिकं दृष्ट्वा पुण्यं झषाङ्कनिकेतनम्।
स्फटिकजघने संगत्योढं कुचाद्रिविरूढकं
लपनकरगं मय्याक्रान्तं सचुम्बनकुस्यनैः॥ ८॥

---

५. **सुरतकेलिकृतोन्नमनं** सम्भोगक्रीडायां कृतमूर्ध्वं नमनं यस्य तत् पार्ष्णियुगम्। **ललितं** रमणीयम्। पार्ष्णिः गुल्फयोरधःप्रदेशः। **अभिमृष्टकम्** स्पृष्टकाख्या—लिङ्गानविशेषः। **विलोलम्** स्फुरत्॥

६. **स्फुटितदाडिमबीजरुचिं वहन्** विकसितदाडिमबीजशोभावान् रक्तिमवानित्यर्थः। **पादरुहाम्** पदनखानाम्। **मृदितः** क्षुण्णः॥

७. **नेत्रसायका** नेत्रे एव सायकौ बाणौ यस्याः सा। **पोपटीति** श्रीगोवर्धनकवेर्भार्यायाः स्नेहाभिधानम्। **केलिवाटिका** क्रीडाकाननम्॥

८. **रतिरसस्रोतः** स्मरजलम्। **अङ्घ्रिः** चरणः। **द्विपथगतिकम्** मार्गद्वयगामिनम्। **झषाङ्कनिकेतनम्** झषो मकरः, झषाङ्को मदनः, तस्य निकेतनं स्मरमन्दिरं, वराङ्गं गुह्यमित्यर्थः। **लपनः** शब्दायमानः। **कुस्यनैः** परिष्वंगैः॥

मदगजगतिके ते मत्कराक्रान्ततुङ्ग-
स्तनि करिकटभागात् केशरिक्रूरघातैः ।
पतित इव मणीनां भात्यसौ कुट्टिमे स्म
रुचिरनखरुचीनां राशिरेवं पुरा हा ! ॥ ९ ॥

स हि दिवस इतो मे मन्दभाग्यस्य हा ! हा !
यदि तव चरणे मे दक्षिणं न्यस्य वामे ।
अधरमवचुचुम्बोन्नामितत्वन्मुखोऽहं
करधृतकुचगोलः पाणिनैवेतरेण ॥ १० ॥

सोपानमार्गं यदध्यरोहः
शिञ्जारवैर्निन्युर्नूपुरस्थाः ।
हंसानिवात्मोद्गतरीतिचोरान्
सस्वधतस्ते हा किंकिणीकाः ॥ ११ ॥

सुरतपिशुनशिञ्जानूपुरौ स्वेदितं ते
जनितजडिमरोमं पाणियुग्मं ह्यवेक्ष्य ।
श्वसनगलितवाचा दूरमेतौ विधेहि
स्वयमिह निजकर्मापह्नुताविल्यवादीः ॥ १२ ॥

---

९. मदगजगतिके गजगामिनि । मत्कराक्रान्ततुङ्गस्तनि मम करेण आक्रान्तौ तुङ्गौ उन्नतौ स्तनौ यस्याः सा तस्याः संबुद्धिः । केशरिक्रूरघातैः करिकटभागात् हस्तिगण्डस्थलात् पतितो मणीनां राशिरिव ते रुचिरनखरुचीनां भास्वरनखकान्तीनां राशिः कुट्टिमे निबद्धभूमौ भाति । 'कटो गण्डः' इत्यमरः । 'कुट्टिमोऽस्त्री निबद्धा भूः' इति कोशान्तरम् ॥

१०. इतो गतः । मन्दभाग्यस्य हतभाग्यस्य । तव वामे चरणे मे दक्षिणं चरणं न्यस्येत्यन्वयः । उन्नामितत्वन्मुखः उन्नामितं तव मुखं येन सः । करधृतकुचगोलः करेण धृतः कुच एव गोलो येन सः ॥

११. हंसगामिन्यास्तव नूपुरस्थाः किङ्किणीका हंसानात्मोद्गतरीतिचोरानिव निन्युरित्यन्वयः । शिञ्जारवैः किङ्किणीकृतशब्दविशेषैः । किङ्किणीकाः क्षुद्रघण्टिकाः । नूपुरः पादाभरणविशेषः, 'मञ्जीरो नूपुरोऽस्त्रियाम्' इत्यमरः ॥

१२. सुरतपिशुनशिञ्जानूपुरौ सम्भोगक्रीडासूचकक्वनितवन्नूपुरौ । जडिमा जाड्यम् । निजकर्मापह्नुतौ निमित्तसप्तमी रतिक्रीडारूपं यन्निजकर्म तस्यापह्नुतौ गुप्तौ गुप्तय इत्यर्थः । एतौ दूरं विधेहीत्यवादीरित्यन्वयः ॥

सुरतमेव तदा तव याचतो
 ह्यपगतत्रपकस्मितमेव मे ।
वसनबन्धनकृष्टिपरस्य च
 ददिथ निर्दयवेष्टितमेव हा ! ॥ १३ ॥

अयि मनसि चितं तेपश्यमौत्सुक्यमेतत्
 कथमिव मम चासीत् प्रेमनिष्पीडनं तत् ।
द्विगुणितकरबन्धग्रन्थिगाढं सुगाढं
 जघनजनितरोमं जानुपीडाधिकं तत् ॥ १४ ॥

निविष्टायाः पश्चान्निभृतपदसंचारगति ते
 ह्यचिन्त्योत्क्षिप्तोरःस्थलचरपतत्रिद्वयमहम् ।
परावृत्तोद्वक्त्रां मम चरणसंदानितकटिं
 कपोलेचुम्बं त्वां चकितमृगनारीमिव पुरा ॥ १५ ॥

अङ्कस्थस्ते प्रियसखि कुचस्रस्तधम्मिल्लकांशां-
 श्चित्वा कण्ठेकरवमपि मे त्वत्तनूस्पर्शभेत्तॄन् ।
वक्षोडिम्बस्तनतटतताभोगदूरीकृतं ते
 मध्यं देवि प्रणयजविना स्पृष्टवान् रम्भणेन ॥ १६ ॥

---

१३. सुरतं संभोगम् । याचतः प्रार्थयमानस्य । अपगतत्रपकस्मितं निर्लज्जस्मितं यस्मिन् कर्मणि यथा स्यात्तथा । वसनबन्धनकृष्टिपरस्य परिधेयवस्त्रग्रन्थिकर्षणोद्यतस्य । वेष्टितं वात्स्यायनादिप्रसिद्ध आलिङ्गनविशेषः । ददिथपदेन वदान्यता ध्वन्यते ॥

१४. चितं सम्भृतम् ॥

१५. अहं त्वां कपोलेऽचुम्बमित्यन्वयः । निभृतपदसंचारगति निभृता गुप्ता पदसंचारगतिर्यस्मिन् कर्मणि यथा स्यात्तथा । अचिन्त्योत्क्षिप्तोरःस्थलचरपतत्रिद्वयम् अचिन्त्यमुक्षिप्तमुरःस्थलचरं वक्षःस्थलचरं पतत्रिद्वयं पक्षिद्वयं यस्मिन् कर्मणि यथा स्यात्तथा; गृहीतस्तनमित्यर्थः । परावृत्तोद्वक्त्राम् परावृत्तमुद्वक्त्रं यस्यास्ताम् । चरणसंदानितकटिम् चरणलग्नकटिं त्वाम् ॥

१६. धम्मिल्लकः मौक्तिकदामादिसंयतकचसमूहः । 'धम्मिलः संयताः कचाः' इत्यमरः । चित्वा एकीकृत्य । डिम्बः उन्नतप्रान्तः । रम्भणेन परिष्वङ्गेण ॥

सखि पुरा स्वपुरात् स्वयमागता
मम गवाक्षगतोदकलाक्षिका।
समतया मुदमेव सगद्गदा
तदधुनासि मृता किमृता तदा ॥ १७ ॥
समय एव तदा सखि शारदे
त्वमसि सन्नतशीर्षमनुत्तरा।
अभिहिमांशुकृताक्षमलं मया
विनयवारितयोषिदिवोदिता ॥ १८ ॥
उषसि सूर्यकरारुणसानुभाक्
कुरबकावलिमेरुनितम्बरुक्।
अरुणिमात्तवलक्षनखाङ्गुलिः
कमलकोमलरागसुकोमलः ॥ १९ ॥
निकटदीपकृताधिकरक्तकः
सपदि पीडनलुब्धहिमांशुकरः।
प्रसरजातसुहाससितांशुकको
ललितपङ्क्तिविचित्रितशिष्टतलः ॥ २० ॥
सुलघुनागलतादलमानको
मम महोत्सवसाधनमात्रभृत्।
करटिदन्तभिदार्जुनपर्वकः
स्फटिककंकणशिञ्जितशोभनः ॥ २१ ॥

---

१७. उदकलम् साश्रु। मुदम् आनन्दम्। ऋता गता सत्या वा ॥

१८. सन्नतशीर्षं प्रणतशीर्षम्। अभिहिमांशुकृताक्षम् हिमांशोश्चन्द्रस्याभिमुखं कृते अक्षिणी यस्मिन् कर्मणि यथा स्यात्तथा। अलम् सुपुष्कलम् ॥

१९. उषसीतिश्लोकादारभ्य प्रमीतपत्नीपाणिप्रशस्त्यात्मकं भुवनमात्रेतिश्लोकपर्यन्तं श्लोकचतुष्टयं कलापकम्। तदुक्तं "द्वाभ्यां युग्ममिति प्रोक्तं त्रिभिः श्लोकैर्विशेषकम्। कलापकं चतुर्भिः स्यात्तदूर्ध्वं कुलकं स्मृतमिति। करः किरणः। सानुः प्रस्थः। नितम्बः मध्यभागः। कुरबकस्तरुविशेषः पुष्पं वा। वलक्षो धवलः। वष्टि भागुरिरित्यल्लोपः ॥

२०. हिमांशुकरः चन्द्रकरः। सपदि पीडने लुब्धो यो हिमांशुकरस्तस्य प्रसरेण जातः सुहासस्तेन सितमंशुकं यस्य स करः। अंशुकं वसनम्। स्वार्थे कप्रत्ययः।

२१. करटिदन्तभिदा हस्तिदन्तनिर्मितहस्ताभरणेन। पर्व सन्धिः ॥

भुवनमात्रजयैकसुमङ्गलो
जगति मङ्गलमङ्गलचर्षकः ।
मम सुदीर्घकरे च कृतः कर-
स्तव कथं ह्यकरोन्मम विस्मयम् ॥ २२ ॥

(कलापकम्)

कविजनर्षभलोलमुखेषु य-
च्छशिमुखोपमया तृणतुल्यताम् ।
गतमतो न सितांशुविशेषमु-
ज्ज्वलकमाननमर्हति तत्स्पृहाम् ॥ २३ ॥

प्रतिगृहीतरसं खलु बिम्बकं
भवति नीरसमेतदनन्तरम् ।
स्वरसदानविशेषितमद्रसौ
तदुपमौ हि कथं दशनच्छदौ ॥ २४ ॥

अभिमुखं मम मुक्तनिमेषिते
अतिसितांशुरुचिस्मितहर्षदे ।
मदवलोकनशीलदृशौ कथं
मृगदृशौ चकिते हि सदैव ते ॥ २५ ॥

---

२३. कविजनर्षभलोलमुखेषु श्रेष्ठकवीनां चलमुखेषु मुखं चन्द्र इवेति योपमा, तया तवाननं तिरस्कृतम् । कथम् । तव मुखं चन्द्रापेक्षयाधिकतरमानन्दं ददाति । तस्मान्न तदर्हत्युपमानमिति भावः ॥

२४. अस्मिन् श्लोके अधरोत्कर्षः प्रतिपाद्यते । दशनच्छदौ अधरौ । बिम्बकं किञ्चिद्रक्तफलं येन सहाधरा उपमीयेते । एवमेव मेघदूतेपि—पक्वबिम्बाधरोष्ठीति । बिम्बफलं रसग्रहणानन्तरं नीरसम् । न त्वेवमधरौ । तौ तु रसदानानन्तरमपि सरसौ । तस्मात्तौ बिम्बोपमानं न सहेते ॥

२५. मुक्तनिमेषिते द्विवचनान्तत्वान्न सन्धिः । तव नेत्रे मामनिमेषं पश्यतो हर्षं च यच्छत इति भावः ॥

स खलु सत्यमजानन् जल्पते
 सरसिजं हि य आह मुखं स्त्रियः।
विकसितं नु निशीथमहेष्वपि
 ह्यभिमुखे रमणे मयि तन्मुखम् ॥ २६ ॥

मदनकेतनपट्टललाटखे
 निजपदं प्रविधित्सुरिवानिशम्।
कुसुमबाणविविद्धशरीरभृ-
 दरुणितो विरराज विधुर्विधेः ॥ २७ ॥

दन्तांशुतप्तं हि कपोलयुग्मं
 रत्युत्सवारम्भविशेषरक्तम्।
जाम्बूनदं तप्तमिवाभ्यषिञ्चं
 सच्चुम्बनैः शीत्कृतिशीकरैर्हा ॥ २८ ॥

तस्या वाचः श्रुतिसुखकरी रम्यभावायुतान्ताः
 श्रुत्वा श्रुत्वा प्रतिपलमहो चित्तकाठिन्यभेत्रीः।
कीदृश्यो मे मनसि हृदि वा जज्ञिरे वृत्तयस्ताः
 स्मृत्वेदानीमपि परिचिताया ममायं विकारः ॥ २९ ॥

---

२६. अत्र मुखोत्कर्षः स्थापितः। यो मुखं कमलमिवेति वदति स खलु मूढः। यतः कमलं दिनकरोदय एव विकसति न त्वन्यदा, किन्तु तव मुखं मयि हृदयनाथे सन्निहिते सर्वदा विकसितं दृश्यत इति भावः ॥

२७. अस्मिन् श्लोके ललाटे विराजमानश्चन्द्राकारः कुंकुममयो वर्ण्यते। खम् आकाशम्। प्रविधित्सुः प्रकर्षेण कर्तुमिच्छुः। कुसुमबाणविविद्धशरीरभृत् मदनाभिभूतस्वभार्याशरीरवर्ती। विधुश्चन्द्रः, लक्षणया कुंकुमाकृतिः। विधेः ब्रह्मणः सौभाग्यदर्शकाचारस्य वा ॥

२८. कपोलचुम्बनं वर्णयति। अंशुः किरणः। संभोगारंभे रक्तिमातिशयः प्रसिद्धः। जाम्बूनदं सुवर्णम्। शीत्कृतिः संभोगक्रीडायां जायमानः शब्दः, अत्र तु चुम्बने जायमानः शब्दः। शीकरो जलबिन्दुः ॥

२९. श्रुतिसुखकरीः श्रवणसुभगाः। त्वद्वाणीश्रवणजातवृत्तिस्मरणेन विकारो जायत इति भावः ॥

सायं सायं प्रियसखि पुरा पाठशालानिवृत्तं
दृष्ट्वा मध्यात् प्रहसितमना मां सखीनां शनैश्च ।
उत्थायोर्ध्वं झटिति हसिता संवृतद्वारमेत्य
कण्ठे लग्ना ह्यनुदितवती हासपूर्वं मुखे मे ॥ ३० ॥

विलीने चन्द्रेऽब्धिर्भवति यदि शान्तो भवतु यद्
उदेतायं भूयः, कथमिव पुनर्मे तु हृदयम् ।
प्रशान्तिं प्रैत्वेतद्गतवति गवां मे ह्यविषयं
मृगाक्ष्याः स्मेरेस्याः प्रगुणरमणीये शशिमुखे ॥ ३१ ॥

स्मृत्वा स्मृत्वा चिरपरिचितान् रम्यचेष्टाविशेषान्
सर्वाङ्गीणं तव च लसितं बोधितो मे प्रमूर्च्छन् ।
अन्तर्गूढो विगतकरणे कोपि चेतोविकारः
प्रत्यानेता सुहृदिव तव प्रादुरास्ते हि मूर्तेः ॥ ३२ ॥

उरसि मम पुरा त्वं न्यस्तशीर्षा सुतन्वि
जनयसि मम हस्तं न्यस्य साध्व्योष्ठयोस्ते ।
सरसि कमलकोशे गुञ्जतः शीत्कृतैस्ते
समुपचितपरागे भृङ्गसार्थस्य शोभाम् ॥ ३३ ॥

---

३०. संवृतद्वारं पिहितद्वारम् ।

३१. चन्द्रे विलीने अंतर्हिते अब्धिः समुद्रः यदि शान्तो भवति, भवतु तत्, यद् यस्मादयं चन्द्रः भूयः पुनरपि उदेता उदेष्यति । किन्तु मे हृदयं कथमिव प्रशान्तिं प्रैतु । गवाम् इन्द्रियाणाम् । स्मेरे स्मितवति ॥

३२. कोपि चेतोविकारः सुहृदिव तव मूर्तेः प्रत्यानेता प्रादुरास्त इत्यन्वयः । प्रादुरास्ते प्रादुर्भवति । त्वया सह अनुभूतान् क्रीडाविशेषान् स्मृत्वा मयि कोपि अनिर्वचनीयो विकार उत्पद्यते, स च तव मूर्तेः स्मारक इति भावः ॥

३३. हे सुतन्वि, हे साध्वि, त्वं भृङ्गसार्थस्य शोभां जनयसीत्यन्वयः । सुतन्वि शोभनाङ्गि । न्यस्तं निहितं । ओष्ठयोर्हस्तं न्यस्येति सम्बन्धः । गुञ्जतः अव्यक्तमधुररवं कुर्वतः, भृङ्गसार्थस्य भ्रमरसमूहस्य ॥

तव तदनु कुचाग्रे स्वेदितं मत्करात्ते
समगमदयि कश्चिद्रोमवर्षः शरीरम् ।
दशशतकरबिम्बे ग्रस्यमाने सतारम्
खमिव शरसमूहः कोप्यपूर्वो हि राहोः ॥ ३४ ॥

अस्मिन्नेव मया यया सह कृता वर्षत्रयं व्याप्य हा
संसारे कुविपत्कशाहतसुखे प्राणप्रयात्रा सुखम् ।
अन्योन्योद्धृतचित्तशल्यसुभगा दुःखेपि चित्तस्मितैः
सा नष्टा मम हृद्ह्रदोदकभरादात्र्येष पार्श्वे दवः ॥ ३५॥

उद्यानं तेङ्गयष्टिर्वदनसरसिजे मूर्धजा भृङ्गमालाः
कम्पद्बिम्बोष्ठकुञ्जे परभृतविरुतं हस्यते त्वत्स्वरैश्च ।
वक्षोजौ दीर्घगोलौ करचरणवने पुष्पिताः पञ्चशाखा
उष्णांशुर्यौवनं ते तपति खरतरं मारवायुः प्रवाति ॥ ३६ ॥

त्रिवलिपटपताके नाभिकूपं समारान्
मदनजयनिकुञ्जे श्यामलोद्रोमयष्टौ ।
ललितगुणरसस्य स्रोतसः सीमवर्ति-
जघनसर उपान्ते केभवन् नौ विलासाः ॥ ३७ ॥

---

३४. मत्करात्ते मम करेण आत्ते गृहीते । दशशतकरबिम्बे सहस्रकिरणबिम्बे सूर्यबिम्ब इति यावत् ॥

३५. अस्मिन्नेव संसारे त्वया सह वर्षत्रयं व्याप्य प्राणप्रयात्रा कृतेत्यन्वयः । वर्षत्रयं व्याप्य वर्षत्रयपर्यन्तम् । कुविपत्कशाहतसुखे कुविपदेव कशा ताडिनी तया हृतं सुखं यस्मिन् संसारे । 'कशा तुरगघातिनी' इति कोषः । अन्योन्योद्धृत-चित्तशल्यसुभगा परस्परदूरीकृतहृदयशङ्कुः सुभगा च । हृद्ह्रदोदकभरादात्री हृदेव ह्रदः जलाशयः, तद्गतमुदकं, तस्य भरः अतिशयः, तस्य आदात्री दूरीकर्त्री । दवः विरहानलः ॥

३६. यष्टिर्दण्डः । पञ्चशाखा गजाः । उष्णांशुः सूर्यः । मारवायुः मदन-जनको वायुः ॥

३७. नौ आवयोः के अनिर्वाच्या विलासा अभवन् । कुत्रेत्याशङ्कायां त्रिव-लिपटपताक इत्यादि । त्रिवलिपटः पताका यस्मिन् । त्रिवलिपटशब्देनैतस्याः पद्मि-नीत्वं सूच्यते, त्रिवलिललितमध्येत्यादिपद्मिनीलक्षणत्वात् । आरात् समीपे । मद-नजयनिकुञ्जे मदनस्य जयः यत्र स मदनजयः स्मरमन्दिरमिति यावत्, स एव निकुञ्जो यस्मिन् । श्यामलोद्रोमयष्टौ श्यामला उद्रोमा एव यष्टयो यस्मिन् ॥

बाल्ये प्रौढप्रणयनरचित-
मैक्यं जातं रतिपतिवयसि ।
कोटिं नीतं तव मम महतीं
तत् किं दीर्णं स्वयमनुमरणम् ॥ ३८ ॥
गुणगणभावे रतिमतिरम्ये
प्रसमतया मे हतस्मृतितिके ॥ ३९ ॥
वियोगे ते तस्मिन् हृतहिमगुणानुष्णकिरणाः
निशा दीर्घीभूताः कथमपि वियातं च दिवसैः ।
वियोगे तेमुष्मिन् हृततपनतेजस्तिमिरिता
निराशं मे गच्छन्त्यनिशरुदितच्छन्नदिवसाः ॥ ४० ॥
तदा लोकं धृष्टः किमपि तृणतुल्यं गणितवान्
महापत्स्थायित्वं तडित इति मत्वा हसितवान् ।
क्रियन्ते तत्सम्प्रत्यवमतजगत्सत्त्वविपदा
मया सत्त्वा भोगा अनिशरुदितैस्त्वत्त्वमयिना ॥ ४१ ॥
हा ! हा ! प्रिये स्मरसि शैत्यदिनेषु यत्त्वं
मद्वक्षसा दृढनिरन्तरितस्तनी हा ।
मद्दन्तमध्यगतमेक्ष्य निजाधरोष्ठं
रे ! निःस्पृहा भवसि चुम्बनयो रते च ॥ ४२ ॥
दशनवसने स्वादुस्पर्शे नवाङ्कुरकोमले
सुतनु तव ते शान्त्यास्यर्थं व्रणाङ्कुरुजस्तदा ।
विनिहतवती दन्ताभोगच्छदे स्फुटिते मम
सुखमपि तथा सा मे तेने स्वरुक्छमनच्छलैः ॥ ४३ ॥

---

३८. प्रौढं प्रवृद्धम् । प्रणयनम् प्रणयः प्रेमार्थकः । रतिपतिवयसि यौवने ॥

३९. अस्पष्टार्थकोयं श्लोकः ॥

४०. हृतहिमगुणानुष्णकिरणा निशाः अनुष्णकिरणश्चन्द्रः, स त्यक्तशीतगुणोऽभवत्, तापकारीत्यर्थः । हृततपनतेजस्तिमिरिताः नष्टप्रकाशत्वात्तमिस्रापूर्णाः ॥

४१. तडित इति यथा विद्युच्चञ्चला तथा महापदस्थितिरपि । सत्त्वाः सात्त्विकाः । सत्त्वोत्कटे मनसि ये प्रभवन्ति ते सात्त्विका भावाः । त्वत्त्वमयिना त्वद्गता ॥

४२. दृढनिरन्तरितस्तनी दृढौ पीनौ निरन्तरितौ अतिसमीपौ स्तनौ यस्याः सा । निःस्पृहा निरपेक्षा ॥

४३. दशनवसने अधरौ । दन्ताभोगच्छदे अधरे । स्वरुक्छमनच्छलैः स्वपीडाशान्तिमिषैः । सा मे सुखं तेन इत्यन्वयः ॥

अंसव्याकीर्णभारैर्व्यवहिततपनैः साम्बुचूर्णाम्बुदैर्वा
केशैस्त्वं स्नानशीता रहसि यददयं पीडनायैव कृष्टा ।
यच्छैत्योत्सारकार्यं निपुणमपि बलात् क्षौममुत्सारितं ते
यद्वा दष्टौष्ठयोस्तत्स्मृतिपथगमनं ते निदानं हि मृत्योः ॥ ४४ ॥

हेमन्तेशिशिरानिलैः सुरभिभिः प्रातर्गवाक्षागतै-
र्निद्रावृद्धिमिता तथापि सुभगैर्मित्रस्य मित्रायितैः ।
पद्मिन्यामिव कोमलातपकरैः प्रोत्थाप्यमानापि या
नोद्बुद्धा वदने करैर्दशशतैर्लीनैर्हि शैत्यच्छिदः ॥ ४५ ॥

एकेनैव निमीलिताक्षिकमला व्याकीर्णकेशाभितः
शीर्षाधोनिहितैकमद्भुजभरा पद्भ्यां च मां बध्नती ।
मद्वक्षःस्थलकृष्टिसंकुलकरा वक्षोजपीडामिषैः
सा शीतेन करेण मे सुवदने स्पृष्टोत्थिता चुम्बिता ॥ ४६ ॥

एवंविधैः क्षणमिव क्षणदाः क्षणैर्या
नीतास्त्वया सह तथैव च वासराणि ।
ता एव तानि च हरे बत संस्मृतानि
हेमन्तमन्तकसमं मम कुर्वते हा ॥ ४७ ॥

शिशिरसमयः कृत्वानुष्णं दिवामणिहस्तिनं
यदि समतनोत् प्रालेयौघान् मणीनिव गण्डजान् ।
विकलहरिणीवाकम्पन्ती सदागतिगर्जितैः
शयनविवरे लीनाश्लिष्यः पतिं तव हर्षितम् ॥ ४८ ॥

---

४४. **अंसः** स्कन्धः । **तपनः** सूर्यः । **उत्सारः** दूरीकरणम् । **क्षौमम्** पट्टवस्त्रम् । **निदानं** हेतुः ॥

४५. **गवाक्षः** वातायनम् । **शैत्यच्छिदः** सूर्यस्य ॥

४६. एकेनेत्यस्य करेणेत्यनेन सह सम्बन्धः । **वक्षोजौ** स्तनौ ॥

४७. **क्षणदाः** निशाः । 'त्रियामा क्षणदा क्षपा' इत्यमरः । **हरे** हे हरिलक्ष्मि । **अन्तकः** यमो मृत्युरित्यर्थः ॥

४८. **दिवामणिः** सूर्यः । **प्रालेयं** नीहारः । 'प्रालेयं मिहिका चाथ' इत्यमरः । **सदागतिः** वायुः । "मातरिश्वा सदागतिः" इत्यमरः ॥

घनतिमिरवृतायां जालवातायनेभ्यः
सुखकलरुतवाही दम्पतीनां नभस्वान्।
अभिसृत इव रात्र्यां शीत्कृतान्यादधानः
कमयि स तव चक्रे शैशिरस्तं विकारम्॥ ४९॥

गृहशिखरगता त्वं नायके व्योमनार्या
विलसति तरलेस्मिन् ज्योतिषामावलीनाम्।
शिशिरपवनषिङ्गैश्चुम्ब्यमाना श्रिता क-
मगणितपरदृष्टिर्मा प्रतीकारमारात्॥ ५०॥

वसन्ते लोकानामतिशयितशृङ्गाररसिके
ममान्तेवासिन्या उपगतवर्ती कोटिमधिकाम्।
हरे लक्ष्मीं दृष्ट्वा पिहितहरिलक्ष्मीस्मितमुखीं
स हर्षः कोप्यासीदपगत इदानीं तु सकलः॥ ५१॥

मदनमित्रित एव मधुः सदा
चरति सर्वदिशास्वभिनन्दितः।
तमधुना मधुना सह निर्गतं
किमभिनन्दयितास्मि कदाप्यहो॥ ५२॥

अयि किं न हि पश्यसि मन्मुखे
भ्रमति किञ्चिदिति प्रणयोचिते।
त्वदुदिते प्रसमुन्नतनेत्रयो-
र्मम विकासितसम्पुटयोः पुरा॥ ५३॥

---

४९. कलः अव्यक्तमधुरो ध्वनिः। रुतं शब्दः। नभस्वान् वायुः। शैशिरः शिशिरे भवः॥

५०. गृहशिखरं गृहोर्ध्वभागो भाषायामगाशीति ख्यातः। व्योमनार्या व्योम एव नारी तया सह। ज्योतिषामावलीनां नायके चन्द्रे। षिङ्गः जारः॥

५१. अन्तेवासिन्याः शिष्याया अधिकां कोटिमुपगतवर्ती प्रापिताम्। पिहितहरिलक्ष्मीस्मितमुखीं न्यक्कृतरमास्मिताननाम्। कोपि अनिर्वचनीयः॥

५२. मदनमित्रितः मदनसहायः। मधुः वसन्तसमयः॥

५३. श्लोकत्रयात्मकं विशेषकम्। तल्लक्षणं प्रागेवोक्तम्॥

भृतवती पटवासमिवाञ्जन-
मुदितकोपविशेषितरक्ततम् ।
अतिशयेन तथा हसिता सती
कुपितवागिषुभिर्मम ताडिता ॥ ५४ ॥

नयनधर्षणकर्मपरस्य मे
सलिलसेकपरा सखि नेत्रयोः ।
अरुणिमानमहो पटवासजं
त्वमपसारितवत्यसि हा प्रिये ॥ ५५ ॥
(विशेषकम्)

स्मितसुधासमितैर्मम चुम्बनै-
स्तदनुकोपविपाटलिमा त्वया ।
विगमितश्च रतोत्सवमङ्गलं
प्रकुरुषे किमपि प्रगुणं मम ॥ ५६ ॥

यदि च कुचतटे ते शृङ्गको मत्करस्थो
ह्यरुणितरसधारा वान्तवान् किंशुकानाम् ।
हिमवसन इवाद्रिः कृष्टचापं हरिं माम्
प्रतिगत इव रेजे त्वच्छरीरं घनौघैः ॥ ५७ ॥

इत्थं मधौ सफलकामिजनोत्सवान्ते
ये मे त्वया सह पुरा ह्यभवन् विलासाः ।
तेषां कथास्मरणशेषितसर्वसत्त्वे
रे मे वसन्तसमयोपि दुनोति चित्तम् ॥ ५८ ॥

खरतमकरधूतं धूतमेघारिवृन्दं
भ्रमति यदि तमोऽरेर्विश्वलोकेषु तेजः ।
दरदलित इवापां स्वेदबिन्दुच्छलेन
तव शरणमितोयं पल्वलस्थः समूहः ॥ ५९ ॥

---

५६. विपाटलिमा ईषद्रक्तिमा ॥

५७. शृङ्गकः शृङ्गः पीचकारीति ख्यातः । काञ्चनशृङ्गमुक्तैरिति रघुवंशे पाताлमुद्यतफणाकृतिशृङ्गकोयमिति रत्नावल्यां च प्रयोगः । वान्तवान् निषिक्तवान् । हिमवसन इवाद्रिः हिमाचल इव । हरिं सिंहम् ॥

५८. मधौ वसन्ते । कथास्मरणशेषितसर्वसत्त्वे स्मरणावशेषे ॥

५९. मेघारिः पवनः । तमोऽरेः दिनकरस्य । पल्वलः अल्पसरः ॥

विफल इतरकाले नेत्ररागोऽभवत्ते
मम च सफल एव प्राभवत् कर्षतो यत्।
तदपि कृतवती त्वं स्वल्पवाते हि दूरं
स्वयमधरदुकूलं स्वेदिता हा निशीथे ॥ ६० ॥
मध्याह्नेपि प्रगुणविजनां जालभूमिं हि रूढा
चित्तोत्तप्ता सलिलपृषतामुक्षिता जालकैर्या।
उष्णे वायौ वहति विविधव्याधिवाहे जगत्सु
भग्नस्कन्धद्रुमवररुतैः सूचितक्रूरमार्गे ॥ ६१ ॥
ह्रीग्रस्तापि प्रखरकरिणा ज्योतिषा तापिताङ्ग्यः
शीतं मत्वा सरसवसनं मुक्तशैत्यं जलञ्च।
स्वेदार्द्रेपि प्रहितनयना मय्यहो स्वीचकार
वैयात्यं मामपि च सुभगं सा मृता किं करोमि ॥ ६२ ॥
(युग्मम्)

शुचि रहोऽशौचं तस्याः श्रियां परभागतो
नयनविषयस्थं तच्चक्रे य एव सखेव सः।
धृतवते हा! श्यामायाः सदुष्मगुणं पुरा
प्रगुणगुणिनेऽप्यङ्गायास्याः सुशैत्यगुणं ददौ ॥ ६३ ॥
जलमयवसनं निरीक्ष्य मां त्वं
घनबहुले दिवि वर्षति प्रसह्य।
मदनरसमयी तदाऽकरोः किं
स्मर सखि कृष्टमदार्द्रवस्त्रमात्रा ॥ ६४ ॥
शशिरहितरजनिवध्वाः
सवारिधारान् मुखादिव स्मरसि।
मेघावरणादगलत्
तडित्स्मितं नौ सुसङ्गमाक्षमया ॥ ६५ ॥
स्मितगलनं न हि यदि त-
द्धृदयप्रहिताक्षमावहिर्भावः।
नो चेत्तत्कोपाग्निः
स एव यद्गर्जनं तदाभूत्तत् ॥ ६६ ॥

---

६१–६२. पृषतः (जल) बिन्दवः। उक्षिता निषिक्ता। रुतैः शब्दैः। वैयात्यं धृष्टताम् ॥

६३. रहोऽशौचम् रहसो गुह्यस्याशौचं मलिनता। परभागतः अतिशयतः ॥

मयि प्रिये जलागमे तदा
ह्युच्चकैर्धृताप्ययोधरा
तत्क्षणोद्भवेव सान्ध्यरुक्
सुरक्तचन्द्रचन्दितानना
रसार्द्रसत्तरङ्गिहृद्धरा
श्वासकम्पमानकेशशाद्
उत्तरागबीजमुद्धरा
सुनिःसपत्नमेव या स्थिता
क्व सा गतासि हा ।
ऋतेऽनृते मृते ॥ ६७ ॥

लसत्ताराहारा धवलघनराज्यंशुकधरा
शरत्सख्या दक्षं सदुपकरणैर्भूषिततनुः ।
विधूतागैर्वातैर्मनसिजसखैरेव बलवत्
सदीर्घोच्छ्वासा वा सुरतरुतभारिण्यपि तदा ॥ ६८ ॥

करैर्वा पादैर्वा सकलकलचन्द्रेण कलिता
नवोढा राका सा मनसिजरसौत्सुक्यविकलाम् ।
स्मरेस्त्वं त्वां चक्रे प्रियसखि तदा तत्रभवती
किमूचे त्वद्रक्तं सहचरमिमं प्रत्यकरुणे ॥ ६९ ॥

(युग्मम्)

स्वपिषि नाथ कथं शरदुत्सवे
मनसि मे भुवि चैव सुसम्भृते ।
न च कदापि गतो विनिवर्तते
ह्यवसरः प्रगुणः शुभयौवनः ॥ ७० ॥

---

६७. सान्ध्यरुक् सन्ध्याकालीनप्रभा । चन्दितम् भास्वरम् । सपत्नः विपक्षः ॥

६८-६९. श्लोकद्वयात्मकं युग्मम् । प्रथमश्लोके राकावर्णनम् । तत्रभवती राका त्वां मनसिजरसौत्सुक्यविकलां चक्रे तत् त्वं स्मरेरित्यन्वयः । राजिः पङ्क्तिः । अंशुकम् वसनम् । अगः वृक्षः पर्वतो वा । मनसिजसखैः मदनमित्रैर्वसन्तकालीनैरित्यर्थः । भारिणी वाहिनी । विकलाम् विह्वलाम् ॥

स्वयमहो सुरिरंसुमना यदा
  भवसि कर्षसि मामबलां तदा ।
किमिव कार्यमलं कथयेर्मया
  त्वमसि धूर्तनिजार्थपरः सदा ॥ ७१ ॥

इति भृशं रुदिता कथयस्यहो
  मयि निपातितचारुतनूलता ।
स्पृशसि कर्षसि कुस्यसि चुम्बसि
  चरणपाणिमुखानि मुहुर्मुहुः ॥ ७२ ॥

ललितभावगणैः सखि तादृशै-
  र्नयसि चन्द्रकरैः सुमनोहरम् ।
विजनसौधसुपृष्ठमलङ्कृतं
  तव शरीररुचा स्मर मां तथा ॥ ७३ ॥

तदनु तव शरीरस्पर्शयोगेन हा ! हा !
  विगतसकलनिद्रः कैश्च कैस्तैर्विलासैः ।
क्षणमिव सुनिशीथं नीतवान् हा ! तदानीं
  प्रगुणनियतिनाशाद्दुर्णिशीथोऽधुनाऽस्मि ॥ ७४ ॥

विजयामहे हि मम जन्मवासरे
  शुभदीपकालिदिवसोत्सवे च नौ ।
अतियाचितं हि तव मन्दभाग्ययो-
  र्न कदापि दृष्टमिह संगतं स्मितम् ॥ ७५ ॥

भविता यदीह नववत्सरोत्सवे
  नव भोगमग्नहृदयो जनः प्रिये ।
तव मृत्युकालमवधारयन् हृदि
  भविताऽस्म्यशुष्कनयनोदकैः स्नुतः ॥ ७६ ॥

---

७१. रिरंसुः रन्तुमिच्छुः । कुस्यसि आश्लिष्यसि ॥

७३. तव शरीररुचालङ्कृतं विजनसौधसुपृष्ठं प्रति मां नयसीत्यन्वयः । विजनः विविक्तः सौधः राजसदनम् ॥

७५. विजयामहे विजयादशमीमहोत्सवे आश्विनशुक्लदशम्याः श्रीगोवर्धनकवेर्जन्मदिवसत्वेन महोत्सवत्वं दम्पत्योः । अस्मिन्महोत्सवद्वये त्वत्प्रार्थितसमागमो न भूत इति भावः ॥

७६. आश्विनस्यामावास्यां 'दीवाली'ति प्रसिद्धे महोत्सवदिवसे हरिलक्ष्म्या मरणम् । अधुना तु तव मरणदिवस आनन्दस्थानीयं शोकाश्रुजलधौ स्नानमिति भावः ॥

दुःखेष्वहो बहुविधेष्वतिनिष्ठुरेषु
यद्दुःसहेषु गमिता सखि जन्मतस्त्वम् ।
यत् क्षालितं न च तदेव सुखौघवर्षै-
स्तन्मे मनो दहति पापिन एव तावत् ॥ ७७ ॥

मत्कारणादयि गतास्यपवादमात्रं
पीतं मया तव नु शोणितमेव नित्यम् ।
स्नेहो मया यदपि दत्त इवान्तकाले
पापस्य मे न खलु निष्कृतिरत्र काचित् ॥ ७८ ॥

यन्निष्ठुरेण हि मया सखि भर्त्स्यमाना
शब्दं न दुर्विनयमात्थ कदापि साध्वि ।
यद्दुर्नये मयि तथाविधमेव रक्ता
तत् त्वत्सुजातचरितं न हि विस्मरामि ॥ ७९ ॥

तत् तत् त्वया सह दुराचरितं हि येन
सोऽहं बिरोदिमि मृतास्ययि कुत्र पापः ।
त्वत्सङ्गतो यदिह सेवितवान् रहोऽहं
तन्मेऽधुना प्ररुदतः सखि साक्षिमात्रम् ॥ ८० ॥

इतरमित्रगणस्य न सन्निधौ
मम महाधिवितानमजानतः ।
हृदयदुःखमिदं कथयाम्यहं
विलपनं वरमेव रहःकृतम् ॥ ८१ ॥

मदनरागमयं सखि पुस्तकं
किमपि वाचयितुं न समुत्सहे ।
स्मरविलासकथास्मरणानि मे
पिपुरतीक्ष्णके जलजालकैः ॥ ८२ ॥

---

७८. शोणितम् रक्तम् । निष्कृतिः प्रायश्चित्तम् ॥

७९. भर्त्स्यमाना अधिक्षिप्ता तिरस्कृतेत्यर्थः ॥

८०. तत् रहःस्थानं साक्षिमात्रमस्ति ॥

८१. आधिः मानसी व्यथा ॥

८२. जलजालकैः अश्रुजलबिन्दुभिः ॥

कुविधिना मरणं यदि निश्चितं
तव समं किमनाहरता हि माम्।
न बत दत्तमपश्चिमदर्शनं
तव हृतेन मृतौ वदनस्य मे ॥ ८३ ॥
अयि मृते मम जीवितधारणे
भुवि न किञ्चिदपि प्रभवत्यहो।
तदपि मेऽपसरन्ति न पापिनो
वितथदक्षिणभावभृतोऽसवः ॥ ८४ ॥
बहुविधं तव हृद्यविचेष्टितं
स्मृतिपथं गमितं हि मुहुर्मुहुः।
हृदयके मम तीक्ष्णकृपाणवत्
प्रविशतीव विना रुधिरोद्गमम् ॥ ८५ ॥
विजनदेशगतोऽपि शृणोम्यहं
परिचितं मधुरं तव तद्वचः।
प्रतिवचोऽभिमुखस्तु सुवञ्चितो
न हि शृणोमि हरे तदनन्तरम् ॥ ८६ ॥
मम चित्तलये प्रियपोपटि ए
हरिलक्ष्मि हरे प्रियवादिनि ए।
सहचरं हि समुज्झ्य गता क नु त्वं
गतदयः क्रम एष कुतस्तव हा! ॥ ८७ ॥
पुरोप्तबीजो रागश्चिरपिहितो यदि कुपापतोऽसौ मे।
स्वाविर्भूतो भूयस्तदासि नष्टा स्वयं त्वमेवैवम् ॥ ८८ ॥
जिगीषोर्मृत्योस्ते स्रुतमिव यदेतत् सखि पुरो
विपत्तीनां यूथैर्निशि निशि च चारायितमपि।
सुदुःस्वप्नैस्तत्तद्धृतसकलसत्तो नृप इव
स्मरन् भूयो भूयो वियति हि करोम्येष नयने ॥ ८९ ॥

---

८३. अपश्चिमम् न विद्यते पश्चिमं यस्मात्, चरममित्यर्थः ॥

८४. वितथः अनृतः ॥

८७. समुज्झ्य त्यक्त्वा ॥

८९. जिगीषोः जेतुमिच्छोः। चारायितम् चार इवाचरितम् । हृतसकलसत्तः निःसत्ताकः ॥

रुदत्याः शीर्षं ते मदुरसि गृहीत्वा सखि मुहुः
सुखं स्रष्टा दद्यादितिकरुणवाक्ये समुदिते।
सखे नैवायुष्यं तदवधि ममेत्यार्द्रनयना
ह्यवोचस्तत् स्मृत्वा स्फुटति हृदयं मेऽतिविकलम्॥९० ॥
कटे वक्षोजे वा कुरु करमयीत्येव करुणं
गदित्वा कृत्वा तत् स्वयमथ निमील्य्य नयने।
स्तृते पाणौ किञ्चित् सपदि हि विबुद्धा च कुपिता
न्यरोदीस्तच्चेतो दहति मम दग्धेऽतिवलवत् ॥ ९१ ॥
दुःखोर्मिसंकटविपत्तिसमुद्रमध्ये
ह्यन्योन्यरागभरवर्जसुखार्थशून्ये।
त्वत्सख्यमात्रजनिताद्भुतहर्षभून्ति
नौ वर्तनान्ययि दहन्त्यधुना सुखं माम् ॥ ९२ ॥
त्वत्सङ्गतिप्रणयनन्दितबाणवर्षं
कामं सकाममदनं मम चित्तदेशात्।
निर्वासयामि विगतासि च देवि कामं
संसारतस्तु न मरिष्यसि मे सुचित्तात् ॥ ९३ ॥
नष्टासि काममयि सात्त्विकवस्तुतस्त्वं
सङ्कल्पयामि बहुसंस्तुतभावहृद्यम्।
शून्येऽपि ते सखि पुनस्तु मुखादिदेशे
तुष्टश्च रोदिमि रहस्ययि तारमेव ॥ ९४ ॥
स्वप्नानि मे बहुविधानि भवन्ति नूनं
संसार एष बहुसत्त्वविमर्दपूर्णः।
शून्यश्च साररहितश्च ममाखिलं तत्
त्वत्स्वप्नसङ्गतिपलेषु हि सत्त्वसारौ ॥ ९५ ॥
इदानीं दुःखानां प्रसरतु ततिर्मेरुमहती
सुखासारो वा तां शमयतु सुतप्तामिव भुवम्।
तयोरन्तर्मार्गोऽयमपि न हि रुद्धे स्मृतिशतै-
र्मनोदेशे तस्या अनवरतबोधातिदहनैः ॥ ९६ ॥

---

९१. करं कुर्विति सम्बन्धः ॥

९३. निर्वासयामि बहिष्करोमि ॥

९४. तारम् उच्चैः ॥

९६. ततिः पङ्क्तिः। आसारः मेघधाराणां निरन्तरपतनम्। तयोः सुखदुःखयोः ॥

जगत्यस्मिन्मैत्र्यं विनिमयवितीर्णं सहृदय-
मसापत्न्यं हा ! नौ किमपि च तदासीदकलितम् ।
अनन्यच्चित्तानां हृदयखगविश्रान्तिविटपी
वहद्भारं सम्प्रत्यनिशमपि चित्तं स्फुटतु मे ॥ ९७ ॥

गतिः पुंसामेषा मरणमिति सर्वत्र नियता
वयं पान्था अस्मिञ्जगति सकलो यास्यति जनः ।
न तन्मे न ज्ञातं बहुविधमिवैतत्तदपि हा !
न शक्तिर्मे सोढुं गतसहचरत्वं सखि भुवि ॥ ९८ ॥

भवतु भुवनमेतच्छून्यमात्रं सदैव
वहतु विधिरिदानीं क्रूरतां काममेव ।
रज इव स मदङ्घ्र्योर्मृग्यतेऽधोऽधुनाय-
ममरपदमयि त्वं वक्षसि प्राप्तुया मे ॥ ९९ ॥

मरणमवधिरस्तत्सङ्गमस्यास्य भूयाद्
यदि सुखमनुयातस्त्वां चिरादेव दग्धः ।
करणवसनमेतत् त्वद्धदुद्धूय दूरं
कमपि परिचितं ते मङ्गलं देशमाप्स्ये ॥ १०० ॥

त्वन्मृत्युशोकपरिपूरितचित्तकस्य
संसारमात्रविरसस्य हि राधिकैषा ।
त्वत्स्नेहसंस्मरणसंस्करणात्मिका मे
ह्यायुष्मती प्रगुणभाग्यमयी सदास्ताम् ॥ १०१ ॥

अत्र श्रीगोवर्धनकवेर्हृदयरुदितशतकं समाप्तम् ।

---

९७. विटपी वृक्षः ॥

१००. करणम् शरीरम् । उद्धूय दूरीकृत्य ॥

१०१. राधिका कविपुत्रीनाम ॥